
# શ્રી કર્મસ્તવનામા
# બંધસ્વામિત્વનામા
# દ્વિતીય-તૃતીય કર્મગ્રંથ




: સંપાદક :

પં. રસિકલાલ શાંતિલાલ મહેતા

# મુખ્ય પૃષ્ઠનો ચિત્ર પરિચય

પરમાત્મા મહાવીરદેવે ગુણસ્થાનકોને વિશે પ્રાપ્ત થયેલ કર્મોને ખપાવ્યા તેમજ બંધના ભેદથી એવા મહાવીર પરમાત્માને નમસ્કાર આ ગ્રંથમાં કરેલ છે. તેથી તેમના મુખ્ય ભવોનું મુખ્ય પૃષ્ઠ ઉપર ચિત્ર મૂકવામાં આવ્યું છે, તે આ પ્રમાણે...

(૧) **પહેલો ભવ- નયસાર** : મુનિભગવંતની દેશના સાંભળે છે.

(૨) **ત્રીજો ભવ- મરીચી** : તેમની પાસે રાજકુમાર દેશના સાંભળવા આવે છે.

(૩) **અઢારમો ભવ- ત્રિપૃષ્ઠવાસુદેવ** : આ ભવમાં અત્યંત પાપ કરી સાતમી નરકમાં જાય છે.

(૪) **ઓગણીસમો ભવ-સાતમી નારક**

(૫) **વીસમો ભવ- સિંહ** : અહીં પણ પાપ કરી નરકમાં જાય છે.

(૬) **ત્રેવીસમો ભવ- પ્રિયમિત્ર ચક્વર્તી** : આ ભવમાં દીક્ષા ગ્રહણ કરી મહાશુક્ર દેવલોકને પામે છે.

(૭) **પચ્ચીસમો ભવ- નંદનઋષિ** : (સંયમી) આ ભવમાં જિનનામ કર્મબાંધે છે.

(૮) **છવ્વીસમો ભવ- પ્રાણત દેવલોક**

(૯) **સત્તાવીસમો ભવ- પરમાત્મા મહાવીરદેવનો ભવ**

ચિત્રમાં વચ્ચે પરમાત્મા મહાવીરદેવ છે.

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ

પૂ. આચાર્યશ્રી દેવેન્દ્રસૂરીશ્વરજી મહારાજા વિરચિત

# શ્રી કર્મસ્તવ કર્મગ્રંથ
# તથા
# બંધસ્વામિત્વ કર્મગ્રંથ

(દ્વિતીય-તૃતીય કર્મગ્રંથ)

-: મૂખ્ય દ્રવ્યસહાયક :-

શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ શ્વે. મૂર્તિપૂજક સંઘ

સાંઘાણી એસ્ટેટ, ઘાટકોપર (વેસ્ટ)

-: સંપાદક :-

પં. રસિકલાલ શાન્તિલાલ મહેતા

(સુઈગામવાળા)

-: પ્રકાશક :-

શ્રી આગમોદ્ધારક પ્રતિષ્ઠાન (સુરત)

C/o, શ્રેયસ કે. મર્ચન્ટ, નિશા.૧, ૧લે માળે,

કાજીનું મેદાન, તીનબત્તી, ગોપીપુરા, સુરત-૧.

## પ્રાપ્તિસ્થાન

**આગમોદ્ધારક પ્રતિષ્ઠાન**
C/o, શ્રેયસ કે. મર્ચન્ટ, નિશા.૧,
૧લે માળે, કાજીનું મેદાન, તીનબત્તી,
ગોપીપુરા, સુરત-૧.

**પં. રસીકલાલ શાન્તિલાલ**
૩૦૧, કુમુદચંદ્રકૃપા, સોની ફળીયા,
હિન્દુમિલન મંદિર પાસે,
સુરત-૩૯૫૦૦૧

**શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ જૈન પેઢી**
સાંધાણી એસ્ટેટ, ઘાટકોપર (વેસ્ટ)

| વિક્રમ સં. | વીર.સં. | સને |
|---|---|---|
| ૨૦૬૦ | ૨૫૩૦ | ૨૦૦૪ |

**અષાડ સુદ ૩, તા. ૨૦-૬-૨૦૦૪**

**પ્રકાશન - આવૃત્તિ પહેલી**

પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતને અધ્યયનાર્થે ભેટ...

કિંમત રૂા. ૭૫-૦૦

: મુદ્રક :
ભરત ગ્રાફિક્સ
ન્યુ માર્કેટ, પાંજરાપોળ, રીલિફ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧.
ફોન : ૨૨૧૩૪૧૭૬, ૨૨૧૨૪૭૨૩



## દર્ભાવતીમંડન શ્રી લોઢણપાર્શ્વનાથ પ્રભુ

અંજન સમા વર્ણે રસ્યા પદ્માસનાર્ધે રાજતા,
જે સપ્ત ફણથી શોભતા ને સપ્ત ભય ઓગળતા;
દર્ભાવતીમંડન બની ભક્તોતણી ભીડ ભાંગતા,
તે પાર્શ્વપ્રભુ લોઢણ તણા પદકમલમાં પ્રેમે નમું,

- શ્રી લોઢણપાર્શ્વનાથ સ્તુતિ અષ્ટક. ગાથા-૬

# સંપાદકીય નિવેદન

અનાદિ સંસારમાં જીવોના પરિભ્રમણના કારણરૂપ કર્મનું સ્વરૂપ અકળ અને અગમ્ય છે છતાં સર્વજ્ઞ પરમાત્માઓએ કેવલજ્ઞાન દ્વારા જોયેલા અને વર્ણવેલા તે કર્મોનું વિશદ વર્ણન ગણધરભગવંતોએ આગમગ્રંથોમાં ગુંથ્યું છે.

આ અગાધ જ્ઞાનના સમુદ્રરૂપ શાસ્ત્રોમાં અલ્પબુદ્ધિ અને અલ્પાયુષ્યવાળા જીવો અવગાહી ન શકે તે હેતુથી કર્મના સ્વરૂપને જાણવાની જિજ્ઞાસાવાળા જીવોના ઉપકાર માટે પૂર્વાચાર્યો-મહર્ષિઓએ કર્મવિષયક અનેક ગ્રંથો બનાવ્યા છે.

તે પૂર્વાચાર્યોમાંના તપસ્વી હીરલા પૂ. આ. ભ. જગચ્ચંદ્રસૂરીશ્વરજીના શિષ્ય પૂ. આ. ભ. દેવેન્દ્રસૂરીશ્વરજી મહારાજાએ નવ્ય પાંચ કર્મગ્રંથો બનાવ્યા છે.

જો કે પ્રાચીન કર્મગ્રંથો પણ પૂર્વાચાર્યોના બનાવેલ છે. તે હમણા ગાથાર્થ સાથે પ્રકાશિત થયેલ છે. તેમજ નવ્ય કર્મગ્રંથો વિવેચન સાથે મહેસાણા-જૈન શ્રેયસ્કર મંડળ-પં. ભગવાનદાસભાઈ તરફથી, પં. અમૃતલાલ પુરુષોત્તમ તરફથી પ્રકાશિત થયેલાના આધારે અભ્યાસકવર્ગ અભ્યાસ કરે છે.

વળી આ નવ્ય કર્મગ્રંથો સવિસ્તૃતવર્ણન સાથે પં. ધીરૂભાઈ તથા પૂ. રમ્યગુણાશ્રીજી મ.ના ઉપદેશથી પ્રકાશિત થયેલ છે.

આ કર્મગ્રંથોમાં સપ્તતિકા કર્મગ્રંથ મહેસાણા સંસ્થા સિવાય કોઈનો પ્રકાશિત થયેલ નહી હોવાથી અને ભાંગાની સંખ્યા અને તેના ઉપર સત્તાસ્થાનો અભ્યાસકવર્ગને સરળતાથી સમજાય તો અધ્યયન કરવામાં સુલભતા રહે તે ઉદ્દેશથી મેં **પ્રથમ સપ્તતિકા ગ્રંથનું સંપાદન** કર્યું અને પ્રકાશિત કરવામાં આવ્યો.

ત્યારબાદ અભ્યાસ કરતા પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતોની વારંવાર માંગણીથી **શતકનામા પંચમ કર્મગ્રંથના** તે તે વિષયોને મુખપાઠ કરી શકાય, અને સરળતાથી સમજાય તે અપેક્ષા રાખી તેનું પણ સંપાદન અને પ્રકાશન કરાયું. ત્યારબાદ કર્મગ્રંથના વિષયોનો અભ્યાસ કરાવતાં સં. ૨૦૫૮ના ચાતુર્માસમાં સાહિત્યરત્ન પ. પૂ. આ. ભ. શ્રી યશોદેવસૂરીશ્વરજી મ.નાં આજ્ઞાવર્તિની પૂ. **સ્નેહલત્તા શ્રી મ. સાહેબ**, પૂ. **યશોધર્માશ્રીજી મ. સાહેબ** આદિ અજબાણી ઉપાશ્રયમાં ચાતુર્માસ હતાં ત્યારે કર્મગ્રંથનો અભ્યાસ કરતી વખતે **પૂ. જિનયશાશ્રીજી મ.** સાહેબે બીજા કર્મગ્રંથ અને ત્રીજા કર્મગ્રંથની નોટ બનાવી ત્યારબાદ અભ્યાસ દરમ્યાન તેમાં અનેક સુધારા વધારા કરાવી વ્યવસ્થિત લખાણ કરાવ્યું. પછી તે સંપૂર્ણ સુધારા વધારા કરાવી વ્યવસ્થિત લખાણ કરાવ્યું. પછી તે સંપૂર્ણ લખાણને વાંચી તેમાં જરૂરી પાઠો ઉમેરી પ્રેસ મેટર તૈયાર કરાવ્યું. આ રીતે **પૂ. જિનયશાશ્રીજી મ.**ની મહેનતથી જ આ ગ્રંથ તૈયાર થયેલ છે.

આ તૈયાર લખાણ ભણનાર વર્ગ સમજી શકે કે કેમ ?તે વિષય સમજવામાં ક્યાં સુધારો વધારો કરવાની જરૂર છે તે આશયથી આ વિષયનું ઉંડાણથી અભ્યાસ કરતા પૂ. અશોકચંદ્રસૂરીશ્વરજી મ.સા.ના સમુદાયના પૂ. સંયમચંદ્રવિજયજી મ. તથા પૂ. જયશિલાશ્રીજીના શિષ્યા પૂ. **મંગલવર્ધનાશ્રીજી** મ.સા., પૂ. **હીતદર્શિતાશ્રીજી** મ.સા., પૂ. **સુયશેન્દ્રાશ્રીજી** મ.સા.ની સૂચના મુજબ સુધારા-વધારા પણ કરેલ છે.

આ રીતે આ લખાણ તૈયાર કરવામાં તે સર્વેનો અત્યંત ઋણી અને આભારી છું.

આ મેટરની પ્રેસ કોપી કરવામાં હેતલબહેન મનુભાઈ ઝોટા-વારાહીવાળાના સહકાર બદલ આભાર માનવામાં આવે છે.

આ રીતે અભ્યાસ કરતા અનેક પૂજ્ય સાધુ-સાધ્વીજી ભ.ના સહકારથી આ ગ્રંથ તૈયાર થયેલ છે.

આ ગ્રંથનું લખાણ તૈયાર થયા પછી પણ જલ્દીથી પ્રકાશિત થાય તે માટે પૂ. સ્નેહલતાશ્રીજી મ.સા. તથા પૂ. યશોધર્માશ્રીજી મ.ના ઉપદેશથી મહદ્અંશે આર્થિક સહકાર **શ્રી ચિંતામણિ શ્વે. મૂ. સંઘ સંઘાણી એસ્ટેટ-ઘાટકોપર**નો મળવાથી તેમજ અન્ય પૂજ્યોના ઉપદેશથી સહકાર મળવાથી આ ગ્રંથ પ્રકાશિત થઈ રહેલ છે. તેથી પ્રેરણા કરનારા તે પૂજ્યોનો અત્યંત આભારી છું.

આ ગ્રંથને પ્રકાસિત કરવામાં પ્રકાશન અંગેની અન્ય વ્યવસ્થા પૂ. પૂર્ણચંદ્રસાગરજી મ. સાહેબના ઉપદેશથી આગમોદ્ધારક સંસ્થાએ સ્વીકારી હોવાથી ગ્રંથ પ્રકાશિત કરવામાં સુલભતા પ્રાપ્ત થઈ છે. તેથી પૂજ્યશ્રીનો અને સંસ્થાનો આભારી છું.

કર્મ સાહિત્યનું અધ્યયન અને ચિંતવન શ્રાવકવર્ગ - ગૃહસ્થવર્ગ પણ કરી શકે તે રીતે આ ગ્રંથ તૈયાર કરવામાં આવેલ છે. તો શ્રાવક-શ્રાવિકાવર્ગ પણ આ ગ્રંથ ભણે તેવી ખાસ અપેક્ષા છે.


આ રીતે આ પુસ્તકનું લખાણ તૈયાર કરવામાં, આર્થિક સહકારમાં અને પ્રકાશન કરવામાં જે કોઈનો પ્રત્યક્ષ કે પરોક્ષ સહકાર પ્રાપ્ત થયો છે. તે સર્વનો આ ક્ષણે અંતઃકરણ પૂર્વક ઉપકાર અને આભાર વ્યક્ત કરું છું.

આ ગ્રંથના લખાણમાં જિનાજ્ઞા વિરૂદ્ધ થયેલ ક્ષતિની ક્ષમા યાચના પૂર્વક અભ્યાસકવર્ગને તે ક્ષતિ તરફ સંપાદકનું ધ્યાન દોરવા અથવા કંઈ પણ સુધારો-વધારો કરવા જેવું જણાય તો તે જણાવવા આગ્રહપૂર્વક વિનંતિ છે.
सुज्ञेषु किं बहुना

૩૦૧, કુમુદચંદ્ર કૃપા, સોની ફળીયા,
હિન્દુમિલન મંદિર પાસે, સુરત.
વીર સં. ૨૫૩૦
વિ. સં. ૨૦૬૦ અ. સુ. ૩

**રસિકલાલ શાન્તિલાલ મહેતા**

## બીજા કર્મગ્રંથની પ્રસ્તાવના



કર્મની વાત આવે એટલે વિશ્વની એક અજાયબી હોય તેવું લાગે. જગતમાં જુદા જુદા મતોએ જુદી જુદી માન્યતાઓ બતાવેલ છે જ્યારે જૈન ધર્મમાં જીવમાત્રના સુખદુઃખના કારણરૂપ કર્મને માનેલ છે એટલે જ કહેવામાં આવ્યું છે કે **कर्मसत्ता बलीयसी** કર્મસત્તા બળવાન છે અને આને કારણે જીવે સંસારમાં પરિભ્રમણ કરવું પડે છે. જીવ જો કર્મથી મુક્ત હોત તો કોઈ વાંધો ન્હોતો, જીવ પોતાના સ્થાયી સ્વભાવમાં જ બિરાજીત હોત, પણ એવું ન હોવાના કારણે જીવોનું સંસારમાં પરિભ્રમણ ચાલ્યા કરે છે, જીવો આમથી તેમ ભટક્યા કરે છે ક્યારેક ઉપરના સ્થાનમાં, ક્યારેક નીચેના સ્થાનમાં તો ક્યારેક મધ્ય સ્થાનમાં જીવના જન્મ-મરણ થયા કરે છે જ્યાં સુધી જીવોનો મોક્ષ થતો નથી ત્યાં સુધી આ પ્રક્રિયા સતત ચાલુ રહેવાની છે. આ પ્રક્રિયાનો અંત લાવવા માટે જીવ ક્યાં ક્યાં ગુણસ્થાને કયા કયા કર્મો બાંધે અને કયા કયા કર્મોથી મુક્ત થાય છે તે બતાવ્યું છે.

બીજા કર્મગ્રન્થમાં વીર પ્રભુની સ્તુતી કરવા સાથે ગુણસ્થાનકોની જે પદ્ધતિ બતાવી છે તે વિશિષ્ટ કોટીની છે.

આપણા આત્માની સાથે આટલા કર્મો બંધાતા હોય છે અને તેને કેવી રીતે મુક્ત કરવા તે હકીકત બીજા કર્મગ્રન્થમાં બતાવવામાં આવી છે.

જીવોની ગુણસ્થાનકની અપેક્ષાએ યોગ્યતા બતાવીને તેને કરવા યોગ્ય પ્રવૃત્તિઓનો નિર્દેશ કરવામાં આવ્યો છે.

પહેલા ગુણસ્થાનકથી ચોથા ગુણસ્થાનકની પ્રાપ્તિ, ત્યારબાદ પાંચમું ગુણસ્થાનક અને છટ્ઠા-સાતમાને બતાવી જીવને જણાવવામાં આવે છે.

અનાદિ કાળના મિથ્યાત્વનો ત્યાગ કરી તું ભાવ સમ્યક્ત્વને પામ્યો. હવે એ ભાવને તારે પ્રવૃત્તિમાં લગાવવાનો છે તેથી દેશવિરતિનો નિર્દેશ પાંચમા ગુણસ્થાનકે બતાવ્યો. સંયમના ગુણસ્થાનકે પ્રાપ્ત થયેલા એવા સર્વવિરતિધર આત્માની બે અવસ્થા બતાવી, પ્રમત્ત અને અપ્રમત્ત બતાવવા દ્વારા જણાવવામાં આવે છે કે અનાદિકાલીન સંસ્કારોને કારણે પ્રમાદ સેવાતો હોય તો પણ તુ જાગ્રત થા. પ્રયત્ન કર, પુરુષાર્થ કર, પ્રયત્ન અને પુરુષાર્થ દ્વારા તું અપ્રમત્તભાવને પામ.

આ રીતે અપ્રમત્તભાવને પામેલો આત્મા આગળ ગુણસ્થાનકોને પ્રાપ્ત કરી ઘાતી કર્મોનો ક્ષય કરી કેવળજ્ઞાન અને કેવળદર્શન પામે છે. કેવળજ્ઞાન અને કેવળદર્શન પામી ઉત્કૃષ્ટથી દેશોનપૂર્વક્રોડ વર્ષ સુધી વિચરી અને બાકી રહેલા સર્વ અઘાતી કર્મોનો ક્ષય કરી અને શાશ્વત સ્થાનને પામે છે.

આ બીજા કર્મગ્રન્થ દ્વારા જીવે મોક્ષ પ્રાપ્તિ કેમ કરવી તેનો અમોઘ ઉપાય બનાવ્યો છે.

વીરપ્રભુની સ્તુતિ દ્વારા કર્મોની પ્રક્રિયા આવી વિશિષ્ટ કોટીએ બતાવવી એ એક આશ્ચર્યજનક વાત લાગે છે.

કર્મો અને કર્મોનું બંધ-ઉદય-ઉદીરણા અને સત્તાનું સ્વરૂપ દેખાડીને ખરેખર જ અનંત ઉપકારી તીર્થંકર ભગવંતોએ અને પૂર્વાચાર્યોએ આપણી ઉપર અનંતો ઉપકાર કર્યો છે.

કર્મગ્રન્થ અભ્યાસ દ્વારા કર્મનો ક્ષય કરી જીવો આત્મકલ્યાણ સાધે એવી શુભકામના સાથે...

લી.

સાહિત્યકલારત્ન પ. પૂ. આચાર્ય ભગવંત
**શ્રી યશોદેવસૂરીશ્વરજી મ.સા.** ના શિષ્યરત્ન
મુનિરાજશ્રી **જયભદ્રવિજય મ.સા.**

એસ.પી.એપાર્ટમેન્ટ,
તીનબત્તી, વાલકેશ્વર,
મુંબઈ.

# કરકમલમાં સમર્પણ

વિપુલજ્ઞાન શક્તિવાળા, જૈન સંઘમાં સુપ્રસિદ્ધ, વિશિષ્ટ વ્યાખ્યાતા, કર્મશાસ્ત્રના વેત્તા, અજોડદેશનાલબ્ધિ આદિ આદરણીય ગુણવાન્ જૈનશાસનના જ્વલંત જ્યોતિર્ધર, યુગદિવાકર, પરમ પૂજ્યપાદ આચાર્ય ભગવંતના જન્મ શતાબ્દિવર્ષના પુનિત પ્રસંગે **ધર્મસૂરીશ્વરજી મહારાજા**ના અનેક ઉપકારોની સ્મૃતિરૂપે તેમના કરકમલમાં આ ગ્રંથ સમર્પણ કરી કૃતાર્થતા અનુભવું છું.



ચરણોપાસિકા
પૂ. સ્નેહલત્તાશ્રીજી મ.ના
કોટિ કોટિ વંદના...



જૈન શાસનના જ્વલંત જ્યોતિર્ધર યુગદિવાકર પૂજ્યપાદ આચાર્ય ભગવંત

## શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજા

જેની વચનલબ્ધિ થકી જિનમંદિરો શતશઃ થયા,
અદ્‌ભુત શાસન કાર્ય જેના પુણ્ય ઉપદેશે થયા;
બની સંઘમાં સૂરજ સમા જે 'યુગદિવાકર' પદ વર્યા,
તે ધર્મસૂરીશ્વર-ચરણમાં ભાવથી કરું વન્દના.

**શ્રી પાર્શ્વનાથ જૈન શ્વે. મૂ. સંઘ સંઘાણી એસ્ટેટ**
**ઘાટકોપર તરફથી**

# આ ગ્રંથ પ્રકાશનમાં પ્રાપ્ત થયેલ દ્રવ્ય સહાયતા

| | |
|---|---|
| ૬૧૦૦૦/- | યુગદિવાકર, દ્રવ્યાનુયોગના અજોડજ્ઞાતા, સંઘનાયક પ. પૂ. ધર્મસૂરીશ્વરજી મ૦ સાહેબના પટ્ટપ્રભાવક, સાહિત્યકલારત્ન પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રી યશોદેવસૂરીશ્વરજી મ. સાહેબના આજ્ઞાવર્તિની દીર્ઘસંયમી પ. પૂ. સા. મ. શ્રી કમળાશ્રીજી મ. સાહેબના શિષ્યરત્ના પ. પૂ. **શ્રી સ્નેહલતાશ્રીજી** મ. સાહેબ, પૂ. સા. **શ્રી યશોધર્માશ્રીજી** મ. સાહેબ, પૂ. સા. **શ્રી શાશ્વતયશાશ્રીજી** મ. સાહેબ પૂ. સા. **શ્રી શાશ્વતધર્માશ્રીજી** મ. સા, પૂ. સા. **શ્રી જિનયશાશ્રીજી** મ. સાહેબ આદિની પ્રેરણાથી..... **શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ જૈન શ્વે. મૂર્તિપૂજક સંઘ-ઘાટકોપર** |
| ૫૦૦૦/- | પૂ. આ. દેવ શ્રી મહાનંદસૂરીશ્વરજી મ. સાહેબના શિષ્યરત્ન પૂ. પૂ. આ. દેવશ્રી મહાબલસૂરીશ્વરજી મ. સાહેબના ઉપકારની સ્મૃતિમાં પૂ. સા. **શ્રી યશોધર્માશ્રીજી** મ. સાહેબની પ્રેરણાથી..... |
| ૨૦૦૦/- | પ. પૂ. આગમોદ્ધારકના સમુદાયના પરમ પૂજ્ય સંવેગશ્રીજી મ. સા. ના શિષ્યા પૂજ્ય સાધ્વી શ્રી ધર્મપ્રજ્ઞાશ્રીજી મ. સા. ના ઉપદેશથી **શ્રી વાસુપૂજ્યસ્વામી જૈન શ્વે. મૂર્તિ૦ સંઘ-સુરત** |


૧૧૦૦/- પૂ. નીતિસૂરીશ્વરજી મ. સાહેબના સમુદાયના પૂ. આ. ભ. શ્રી અરિહંતસિદ્ધસૂરીશ્વરજી મ. સાહેબનાં આજ્ઞાવર્તિની પૂ. સા. શ્રી વસંતશ્રીજી મ. સાહેબના પ્રશિષ્યા **પૂ. સા. શ્રી જયશીલાશ્રીજી** મ.ની પ્રેરણાથી **આરાધક બહેનો તરફથી... સુરત**

૧૦૦૦/- પૂ. સા. શ્રી જયશીલાશ્રીજી મ. સાહેબની પ્રેરણાથી **નયનાબહેન નરેન્દ્રકુમાર શાહ (સુરત)**

૧૦૦૦/- પૂ. નીતિસૂરીશ્વરજી મ.ના સમુદાયના ગચ્છા. પૂ. આ. શ્રી અરિહંતસિદ્ધસૂરીશ્વરજી મ. સા.ના આજ્ઞાનુવર્તીની પ. પૂ. સા. શ્રી કૈવલ્યરત્નાશ્રીજી મ. ના શિષ્યા **પૂ. સા. શ્રી મૌનરત્નાશ્રીજી** મ. ની પ્રેરણાથી..... **હિના કિરણભાઈ દોશી (પુત્ર વૃષભ-પ્રિયાંક)** તરફથી... તથા

૧૦૦૦/- **માતૃ આશિષ ઉપાશ્રયની બહેનો તરફથી.....**

૧૦૦૦/- નાકોડાતીર્થોદ્ધારક પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી હીમાચલસૂરીશ્વર મ. સા.ના સમુદાયના પૂ. **સા. શ્રી જયશીલાશ્રીજી મ.**ની પ્રેરણાથી પૂ. સા. શ્રી સુધીરેન્દ્રાશ્રીજી મ. સા.ની સ્મૃતિ નિમિત્તે



# કર્મસ્તવ નામના
# દ્વિતીય કર્મગ્રંથની મૂળગાથાઓ

तह थुणिमो वीरजिणं, जह गुणठाणेसु सयलकम्माइं ।
बंधुदओदीरणया, सत्तापत्ताणि खवियाणि ॥ १ ॥
मिच्छे सासणमीसे, अविरयदेसे पमत्त अपमत्ते ।
नियट्टि अनियट्टि, सुहुमुवसम खीण सजोगिअजोगि गुणा । ॥ २ ॥
अभिनवकम्मग्गहणं, बंधो ओहेण तत्थ वीससयं ।
तित्थयराहारगदुगवज्जं, मिच्छंमि सतरसयं ॥ ३ ॥
नरयतिग जाइथावर चउ, हुंडायवछिवट्ठनपुमिच्छं ।
सोलंतो इगहियसय, सासणि तिरिथीणदुहगतिगं ॥ ४ ॥
अणमज्झागिइसंघयणचउ, निउज्जोअ कुखगइत्थित्ति ।
पणवीसंतो मीसे, चउसयरि दुआउयअबंधा ॥ ५ ॥
सम्मे सगसयरि जिणाउबंधि, वइरनरतिअबियकसाया ।
उरलदुगंतो देसे, सत्तट्ठि तियकसायंतो ॥ ६ ॥
तेवट्ठि पमत्ते सोग, अरइ अथिरदुग अजस अस्सायं ।
वुच्छिज्ज छच्च सत्त व, नेइ सुराउं जया निट्ठं ॥ ७ ॥
गुणसट्ठि अपमत्ते, सुराउ बंधंतु जइ इहागच्छे ।
अन्नह अट्ठावन्ना, जं आहारगदुगं बंधे ॥ ८ ॥
अडवन्न अपुव्वाइंमि, निद्दुगंतो छपन्न पणभागे ।
सुरदुगपणिंदि सुखगइ, तसनवउरलविणुतणुवंगा ॥ ९ ॥
समचउरनिमिणजिणवन्न, अगुरुलहुचउ छलंसि तीसंतो ।
चरमे छवीसबंधो हासरईकुच्छभयभेओ ॥ १० ॥

अनियट्टि भागपणगे, इगेगहीणो दुवीसविहबंधो ।
पुमसंजलणचउण्हं, कमेण छेओ सतर सुहुमे ॥ ११ ॥
चउदंसणुच्चजसनाणविग्घदसगंति सोलसुच्छेओ ।
तिसु सायबंधछेओ, सजोगिबंधंतुणंतो अ ॥ १२ ॥
उदओ विवागवेयणमुदीरणमपत्ति इह दुवीससयं ।
सतरसयं मिच्छे मीस-सम्मआहारजिणणुदया ॥ १३ ॥
सुहूमतिगायवमिच्छं, मिच्छंतं सासणे इगारसयं ।
निरयाणुपुव्विणुदया, अणथावरइगविगलअंतो ॥ १४ ॥
मीसे सयमणुपुव्वी-णुदया मीसोदएण मीसंतो ।
चउसयमजए सम्मा-णुपुव्विखेवा बियकसाया ॥ १५ ॥
मणुतिरिणुपुव्वि विउवट्ठ, दुहग अणाइज्जदुग सतरछेओ ।
सगसीइ देसि तिरिगइ, आउ निउज्जोय तिकसाया ॥ १६ ॥
अट्ठच्छेओ इगसी, पमत्ति आहारजुगलपक्खेवा ।
थीणतिगाहारगदुगछेओ, छस्सयरि अपमत्ते ॥ १७ ॥
सम्मत्तंतिमसंघयणतियगच्छेओ बिसत्तरि अपुव्वे ।
हासाइछक्कअंतो, छसट्ठि अनियट्टिवेयतिगं ॥ १८ ॥
संजलणतिगं छछेओ, सट्ठि सुहुमंमि तुरियलोभंतो ।
उवसंतगुणे गुणसट्ठि, रिसहनारायदुगअंतो ॥ १९ ॥
सगवन्न खीण दुचरिम निद्ददुगंतो अ चरिंम पणपन्ना ।
नाणंतरायदंसणचउ, छेओ सजोगि बायाला ॥ २० ॥
तित्थुदया उरलाथिर-खगइदुग-परित्ततिग-छ-संठाणा ।
अगुरुलहुवन्नचउ-निमिण-तेयकम्माइसंघयणं ॥ २१ ॥
दुसर सुसर साया-साएगयरं च तीस वुच्छेओ ।
बारस अजोगि सुभगा-इज्ज जसन्नयरवेयणीयं ॥ २२ ॥

तसतिग पणिंदि मणुआउ-गई जिणुच्चं ति चरमसमयंतो ।
उदउव्वुदीरणा परमपमत्ताई सगगुणेसु ॥ २३ ॥
एसा पयडितिगुणा वेयणीयाहारजुगल थीणतिगं ।
मणुआउ पमत्तंता, अजोगि अणुदीरगो भगवं ( भयवं ) ॥ २४ ॥
सत्ता कम्माण ठिई, बन्धाईलद्धअत्तलाभाणं ।
संते अडयालसयं, जा उवसमु विजिणु बियतइए ॥ २५ ॥
अपुव्वाइचउक्के, अण तिरिनिरयाउ विणु बिआलसयं ।
सम्माइचउसु सत्तग-खयंमि इगचत्तसयमहवा ॥ २६ ॥
खवगं तु पप्प चउसु वि, पणयालं निरयतिरिसुराउ विणा ।
सत्तग विणु अडतीसं, जा अनियट्टी पढमभागो ॥ २७ ॥
थावरतिरिनिरयायव-दुग थीणतीगेग विगल साहारं ।
सोलखओ दुवीससयं, बीअंसि बिअतियकसायंतो ॥ २८ ॥
तइयाइसु चउदसतेर-बारछपणचउतिहियसय कमसो ।
नपुइत्थिहासछगपुंस-तुरियकोहमयमायखओ ॥ २९ ॥
सुहुमि दुसय लोहंतो, खीणदुचरिमेगसयो दुनिद्दखओ ।
नवनवइ चरमसमये, चउदंसणनाणविग्घंतो ॥ ३० ॥
पणसीइ सजोगि अजोगि, दुचरिमे देवखगइगंधदुगं ।
फासट्ठ वन्नरसतणु-बंधण-संघायणपण निमिणं ॥ ३१ ॥
संघयण अथिर संठाण, छक्क अगुरुलहु चउ अपज्जत्तं ।
सायं व असायं वा, परित्तुवंगतिग सुसर नियं ॥ ३२ ॥
बिसयरिखओ य चरिमे, तेरस मणुयतसतिग जसाइज्जं ।
सुभगजिणुच्चपणिंदिय, सायासाएगयरछेओ ॥ ३३ ॥
नर अणुपुव्वि विणा वा, बारस चरिमसमयंमि जो खविउं ।
पत्तो सिद्धिं देविंदवंदियं नमह तं वीरं ॥ ३४ ॥

# શ્રી બંધસ્વામિત્વનામા તૃતીય કર્મગ્રંથની મૂળગાથાઓ

बंधविहाण विमुक्कं, वंदिय सिरिवद्धमाण जिणचंदं ।
गइआइसु वुच्छं, समासओ बंधसामित्तं ॥१॥
गइ इंदिए य काए, जोए वेए कसायनाणे य ।
संजम दंसण लेसा, भव सम्मे सन्नि आहारे ॥२॥
जिण सुरविउव्वाहारदु, देवाउ य निरयसुहुम विगलतिगं ।
एगिंदि थावरायव, नपु-मिच्छं हुंडछेवट्ठं ॥३॥
अणमज्झागिइसंघयण कुखगइनियइत्थिदुहगथीणतिगं ।
उज्जोय तिरिदुगंतिरि नराउनरउरलदुगरिसहं ॥४॥
सुरइगुणवीसवज्जं, इगसउ ओहेण बंधहिं निरया ।
तित्थविणा मिच्छिसयं, सासणि नपु चउ विणा छन्नुई ॥५॥
विणु अणछवीस मीसे, बिसयरि सम्मंमि जिणनराउ जुआ ।
इय रयणाइसु भंगो, पंकाइसु तित्थयरहीणो ॥६॥
अजिणमणुआउ ओहे, सत्तमिए नरदुगुच्चविणु मिच्छे ।
इगनवइ सासाणे, तिरिआउ नपुंसचउवज्जं ॥७॥
अणचउवीसविरहिआ, सनरदुगुच्चा य सयरि मीसदुगे ।
सत्तरसओ ओहि मिच्छे, पज्जतिरिया विणु जिणाहारं ॥८॥
विणु निरयसोल सासणि सुराउअणएगतीस विणुमीसे ।
ससुराउ सयरि सम्मे, बीयकसाए विणा देसे ॥९॥
इय चउगुणेसुवि नरा, परमजया सजिण ओहु देसाई ।
जिणइक्कारसहीणं नवसय अपज्जत्त तिरियनरा ॥ १० ॥
निरयव्व सुरा नवरं, ओहे मिच्छे इगिंदितिगसहिया ।
कप्पदुगे विय एवं, जिणहीणो जोइ—भवण-वणे ॥११॥

रयणुव्व सणंकुमाराइ, आणयाई उज्जोय चउरहिया ।
अपज्ज तिरियव्व नवसयमिगिंदि पुढविजलतरुविगले ॥१२॥
छनवइ सासणि विणु सुहुम तेर केइ पुण बिंति चउनवइ ।
तिरियनराऊहिं विणा, तणुपज्जतिं न जंति जओ ॥१३॥
ओहु पणिंदितसे गइतसे जिणिक्कार नरतिगुच्चविणा ।
मणवयजोगे ओहो उरले नरभंगुतम्मिस्से ॥१४॥
आहारछगविणोहे चउदससउमिच्छिजिणपणगहीणं ।
सासणि चउनवइ विणा, तिरिअनराउ सुहुमतेर ॥१५॥
अण चउवीसाइ विणा, जिणपणजुय सम्मि जोगिणो सायं ।
विणु तिरिनराउ कम्मे वि, एवमाहार दुगि ओहो ॥१६॥
सुरओहो वेउव्वे, तिरिय नराउ रहिओ अ तम्मिस्से ।
वेयतिगाइम बियतिय कसाय नवदुचउपंचगुणा ॥१७॥
संजलणतिगे नवदस, लोभे चउ अजइ दुति अनाणतिगे ।
बारस अचक्खु-चक्खुसु, पढमा अहक्खाय चरिमचउ ॥१८॥
मणनाणि सगजयाई समइय छेय चउदुन्नि परिहारे ।
केवलदुगि दो चरमाऽजयाई नव मइसुओहिदुगे ॥१९॥
अड उवसमि चउ वेअगि, खइए इक्कार मिच्छतिगि देसे ।
सुहुमि सठाणंतेरस, आहारगि नियनियगुणोहो ॥२०॥
परमुवसमि वट्टंता, आउ न बंधंति तेण अजयगुणे ।
देवमणुआउ हीणो, देसाईसु पुण सुराउ विणा ॥२१॥
ओहे अट्ठारसयं, आहारदुगूणमाइलेसतिगे ।
तं तित्थोणं मिच्छे, साणाइसु सव्वहिंओहो ॥२२॥
तेउ निरयनवूणा उज्जोयचउनिरयबार विणुसुक्का ।
विणु निरयबार पम्हा, अजिणाहारा इमा मिच्छे ॥२३॥
सव्वगुणभव्वसन्निसु, ओहु अभव्वा असन्निमिच्छिसमा ।
सासणि असन्नि सन्निव्व, कम्मणभंगो अणाहारे ॥२४॥
तिसु दुसु सुक्काइ, गुणा, चउ सग तेरत्ति बंधसामित्तं ।
देविंदसूरिरइअं नेयं कम्मत्थयं सोउं ॥२५॥

# કર્મસ્તવનામા
# દ્વિતીય કર્મગ્રંથ

શ્રી મહાવીરાય નમઃ ॐ હ્રીં નમો નાણસ્સ

॥ શ્રી શંખેશ્વરપાર્શ્વનાથાય નમઃ ॥

## પૂર્વાચાર્યશ્રી દેવેન્દ્રસૂરીશ્વરજી મહારાજા કૃત

# શ્રી કર્મસ્તવનામા દ્વિતીય કર્મગ્રંથ

કર્મના વર્ણનપૂર્વક શ્રી મહાવીર સ્વામીના સ્તવનનું મંગળાચરણ–

**तह थुणिमो वीरजिणं, जह गुणठाणेसु सयलकम्माइं ।**
**बंधुदओदीरणया, - सत्तापत्ताणि खवियाणि ॥१॥**

तह = તેમ
थुणिमो = સ્તવીશું
जह = જેમ
गुणठाणेसु = ગુણઠાણાઓને વિષે
सयल-कम्माइं = સઘળાં કર્મોને
पत्ताणि = પ્રાપ્ત થયેલાં
खवियाणि = ખપાવ્યાં છે.

**ગાથાર્થ–** જે પ્રકારે શ્રી મહાવીર દેવે ગુણઠાણાઓને વિષે બંધ, ઉદય, ઉદીરણા અને સત્તામાં પ્રાપ્ત થયેલ સઘળાં કર્મોને ખપાવ્યાં છે. તે પ્રકારે વર્ણન કરતાં કરતાં શ્રી મહાવીર દેવને અમે સ્તવીએ છીએ. ॥૧॥

**કર્મનું વિવેચન–** 'કર્મવિપાક' નામના પ્રથમ કર્મગ્રંથમાં કર્મનું ફળ બતાવ્યા પછી 'કર્મસ્તવ' નામના દ્વિતીય કર્મગ્રંથમાં કર્મપ્રકૃતિઓના બંધ, ઉદય-ઉદીરણા અને સત્તા કહેવાય છે.

કોઈ પણ ગ્રંથ શરૂ કરતી વખતે ગ્રંથકારો નિર્વિઘ્નપણે ગ્રંથ પૂર્ણ થાય તે માટે અને શિષ્ટ પુરુષો તેને જાણવાની પ્રવૃત્તિ કરે એટલા માટે પ્રથમ ગાથામાં (૧) મંગલાચરણ (૨) વિષય (૩) સંબંધ (૪) પ્રયોજન આ

ચાર (અનુબંધ ચતુષ્ટય) કહે છે. આ શિષ્ટ પુરુષોનો આચાર છે. અને તે આચારોનું પાલન કરવા માટે આ ગ્રંથના કર્તા પૂજ્ય શ્રી દેવેન્દ્રસૂરીશ્વરજી મહારાજાએ પણ પ્રથમગાથામાં મંગલાચરણ, વિષય વિગેરે કહેલ છે.

તેમાં (૧) तह थुणिमो वीरजिणं પદથી મંગલાચરણ બતાવેલ છે. અહીં મહાવીર પરમાત્માની સ્તુતિ-વંદના કરી છે. તેથી આ ગ્રંથ ભગવાન મહાવીરનું સ્તવન પણ કહેવાય.

(૨) बंधुदओदीरणया सत्ता-पत्ताणि सयल कम्माइं બંધ-ઉદય-ઉદીરણા અને સત્તામાં આવેલા સર્વકર્મો એ પદોથી વિષય બતાવેલ છે. સંબંધ અને પ્રયોજન ગાથામાં સ્પષ્ટપણે નથી. તેથી તે ઉપલક્ષણથી સમજવા. એટલે (૧) ઉપાય ઉપેય સંબંધમાં આ ગ્રંથ ઉપાય અને તેમાં રહેલ વિષય તે ઉપેય છે. અને તે આગમ ગ્રંથો પ્રમાણે વર્ણન કરેલ હોવાથી આ ગ્રંથનો સંબંધ આગમ ગ્રંથો સાથે છે.

તથા પ્રયોજન બે પ્રકારે હોય છે. (૧) ગ્રંથકારનું (૨) ભણનારનું. તે બંનેના પ્રયોજન પણ બે પ્રકારે છે. અનંતર અને પરંપર. તેમાં (૧) ગ્રંથકર્તાનું અનંતર પ્રયોજન બાળજીવોનો ઉપકાર અને (૨) પરંપર પ્રયોજન મોક્ષપ્રાપ્તિ છે. ભણનારનું (૧) અનંતર પ્રયોજન-ગ્રંથનું જ્ઞાન મેળવવું, કર્મના બંધ-ઉદય-ઉદીરણા- અને સત્તાનું જ્ઞાન પ્રાપ્ત કરવું અને (૨) પરંપર પ્રયોજન મોક્ષપ્રાપ્તિ છે.

આ રીતે મંગલાચરણાદિ અનુબંધ ચતુષ્ટય જાણવા. હવે બંધાદિમાં પ્રાપ્ત થયેલ કર્મોને ભગવાન્ મહાવીરે ખપાવ્યા એમ કહેલ છે. તો બંધાદિ ચાર શબ્દોની પ્રથમ વ્યાખ્યા કહેવાય છે.

**બંધ–** મિથ્યાત્વાદિ અભ્યંતર હેતુઓ અને પ્રત્યનીક વિગેરે બાહ્ય હેતુઓ વડે અંજનચૂર્ણના ડાબડાની પેઠે નિરંતર પુદ્ગલોથી ભર્યા એવા લોકને વિશે કાર્મણ વર્ગણાનો આત્માની સાથે ક્ષીર-નીરની જેમ, અથવા લોહાગ્નિની જેમ એકાકાર સંબંધ થવો તે **બંધ કહેવાય.**

**ઉદય**– પોત પોતાની સ્થિતિને અનુસરીને બંધાયેલ એવા કર્મોનો અબાધાકાળનો ક્ષય થયે છતે વિપાક વડે-સ્વાભાવિક રીતે ભોગવવું તે **ઉદય.**

**ઉદીરણા**– ઉદયકાળને નહીં પામેલા ઉદયાવલિકાની બહાર રહેલા કર્મ દલિકને યોગ વડે ખેંચીને ઉદયાવલિકામાં નાખીને ભોગવવાં તે **ઉદીરણા.**

**સત્તા**-બંધ-સંક્રમાદિ વડે પ્રાપ્ત કર્યું છે કર્મ સ્વરૂપ જેણે એવા કર્મો ભોગવવા વડે અથવા સંક્રમ વડે નાશ ન થાય ત્યાં સુધી હોવાપણું તે **સત્તા.**

આ બંધાદિ ગુણસ્થાનકમાં કહેવાના હોવાથી પ્રથમ ગુણસ્થાનકનું વર્ણન કરે છે.

**ચૌદ ગુણસ્થાનક**–

**मिच्छे सासणमीसे, अविरयदेसे पमत्त अपमत्ते ।**
**नियट्टि अनियट्टि, सुहुमुवसम-खीण-सजोगिअजोगि गुणा । ॥ २ ॥**

| | |
|---|---|
| मिच्छे = મિથ્યાત્વ ગુણસ્થાનક | निअट्टि = નિવૃત્તિ, અપૂર્વકરણ |
| अनिअट्टि = અનિવૃત્તિ-બાદર સંપરાય | अजोगि = અયોગિ કેવલી |
| सासण = સાસ્વાદન સમ્યગ્દૃષ્ટિ | गुणा = ગુણસ્થાનકો [છે.] |

**ગાથાર્થ**– મિથ્યાદૃષ્ટિ, સાસ્વાદન સમ્યગ્દૃષ્ટિ, મિશ્રદૃષ્ટિ, અવિરત સમ્યગ્દૃષ્ટિ, દેશવિરતિ, પ્રમત્તસંયત, અપ્રમત્તસંયત, નિવૃત્તિ-અપૂર્વકરણ, અનિવૃત્તિકરણ, સૂક્ષ્મસંપરાય, ઉપશાન્તમોહવીતરાગ છદ્મસ્થ, ક્ષીણમોહવીતરાગ છદ્મસ્થ, સયોગી કેવલિ, અયોગી કેવલી (ચૌદ) ગુણસ્થાનકો છે. ॥૨॥

કર્મનું સ્વરૂપ વિસ્તારથી સમજવા માટે ક્યાં અને ક્યારે કેટલી પ્રકૃતિ બંધમાં-ઉદયમાં-ઉદીરણામાં અને સત્તામાં હોય તે પહેલાં જાણવું જોઈએ માટે આ ગ્રંથમાં બંધાદિમાં કયા ગુણસ્થાનકે કેટલી પ્રકૃતિ હોય તે જણાવેલ છે.

ગુણસ્થાનકને વિશે બંધ-ઉદય-ઉદીરણા અને સત્તાનું વર્ણન કરવાનું હોવાથી પ્રથમ ગુણસ્થાનકોનું વર્ણન કરે છે.

**ગુણસ્થાનક**– જ્ઞાનાદિ ગુણોનું સ્થાન, ગુણોની તરતમતાના કારણે એટલે શુદ્ધિ-અશુદ્ધિનાં પ્રકર્ષે-અપકર્ષે કરીને જ્ઞાનાદિ ગુણોના ભેદ પાડવા-કરવા તે ગુણસ્થાનક કહેવાય છે.

હવે આપણે ગુણસ્થાનકનું સ્વરૂપ જોઈએ. તેમાં જ્ઞાનાદિ ગુણોના સંસારી જીવોમાં વિભાગ કરીએ, તો અસંખ્યાતા ભેદ થાય. કારણકે બધા જીવોમાં સમાન-સરખા ગુણો હોતા નથી. એટલે વાસ્તવિક રીતે વિચારીએ તો ગુણસ્થાનક અસંખ્યાતા છે.

**પ્રશ્ન**– જીવો અનંતા છે. દરેકને સમયે સમયે ગુણસ્થાનક હોય તો ગુણસ્થાનક અનંતા હોવા જોઈએ ?

**જવાબ**– બરાબર છે. દરેક જીવને દરેક સમયે ગુણસ્થાનક હોય જ તેથી અનંતા જીવો હોવાથી ગુણસ્થાનક અનંતા હોવા જોઈએ. પરંતુ સ્થાવરમાં કેટલાક અનંતા અનંતા જીવોને એકસરખા ગુણસ્થાનક હોય છે. તેમજ ત્રસ જીવોમાં પણ સંખ્યાતા કે અસંખ્યાતા જીવોને સમાન સમાન ગુણસ્થાનક હોઈ શકે. તેથી ગુણસ્થાનક અનંતા નથી પણ અસંખ્યાતા છે.

**પ્રશ્ન**– ગુણસ્થાનક અસંખ્યાતા હોય તો ૧૪ ભેદ જ કેમ કહ્યાં ?

**જવાબ**– જો કે ગુણસ્થાનકના એક-બે-ત્રણ-ચાર વિગેરે જેટલા ભેદ કરવા હોય તેટલા વિવક્ષાથી ભેદ કરી શકાય. પરંતુ શાસ્ત્રકારોએ મુખ્ય મુખ્ય ગુણની વિવક્ષા કરી ૧૪ ગુણસ્થાનક કહ્યાં છે. ગુણોના મુખ્ય વિભાગ કરીએ તો ચૌદ થાય છે. માટે ગુણસ્થાનક ચૌદ કહ્યાં છે.

## ચૌદ ગુણસ્થાનકનું વર્ણન

[૧] **મિથ્યાદષ્ટિ ગુણસ્થાનક**– વિપરીત દષ્ટિ એટલે વસ્તુનો અન્યથા બોધ-સમજણ તે મિથ્યાદષ્ટિ, એવા દષ્ટિવાળા જીવોનું જે ગુણસ્થાનક તે મિથ્યાદષ્ટિ ગુણસ્થાનક.

જે પદાર્થો જે સ્વરૂપે હોય તે પદાર્થોને તે સ્વરૂપે ન માને તે મિથ્યાત્વ. જેમ ધતુરાનું પાન કરેલાને સફેદ વસ્તુમાં પીળાની ભ્રાન્તિ થાય તેમ.

જીવાદિ નવ તત્ત્વોને ન માને અથવા જીવાદિ આઠ તત્ત્વોને માને પણ મોક્ષ-તત્ત્વને ન માને, શ્રદ્ધા ન હોય તે મિથ્યાત્વ કહેવાય. સર્વજ્ઞએ કહેલા વચનોને ન માને તે મિથ્યાત્વ. એટલે સર્વજ્ઞએ કહેલાં વચનોને જે ગુરૂ ભગવંતો કહે છે તે વચનોમાં શ્રદ્ધા ન રાખે તે મિથ્યાત્વ.

એટલે સુદેવ-સુગુરુના વચનની શ્રદ્ધા ન થાય તે મિથ્યાત્વ. સુદેવ-સુગુરુ-સુધર્મને કુદેવાદિરૂપે માને, કુદેવ-કુગુરુ-કુધર્મને સુદેવાદિરૂપે માને, હેય ભાવોને ઉપાદેયરૂપે માને અને ઉપાદેય ભાવોને હેય માને, સર્વજ્ઞ વીતરાગ પરમાત્મા પ્રત્યે, તેમની આજ્ઞા પ્રમાણે વર્તનારા ત્યાગી, પંચમહાવ્રતધારી ગુરુ પ્રત્યે અને તેમણે બતાવેલ ધર્મ પ્રત્યે રૂચિ ન થાય તેવા જીવોનું જે ગુણસ્થાનક તે પ્રથમ **મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનક** કહેવાય.

જિનેશ્વર ભગવંતના બધા વચનોને માને પરંતુ એક પણ અક્ષરની અશ્રદ્ધા કરે તો પણ તે મિથ્યાત્વી કહેવાય છે. કારણકે તે પોતાની બુદ્ધિમાં સમજાય તેટલું જ માને છે. પરંતુ સર્વજ્ઞના વચન ઉપર શ્રદ્ધા નથી.

મિથ્યાત્વ મોહનીય કર્મના ઉદયથી જીવની આવી વિપરીત દૃષ્ટિ બને છે. તત્ત્વને અતત્ત્વ માને. અતત્ત્વને તત્ત્વ માને. આમાં દૃષ્ટિદોષ જ કારણ છે. મિથ્યાત્વ મોહનીયના ઉદયથી સુદેવાદિ ઉપર જીવની દૃષ્ટિ કુદેવાદિરૂપ અને કુદેવાદિ ઉપર સુદેવાદિરૂપ બની જાય છે.

આ મિથ્યાત્વના જુદી જુદી રીતે અનેક પ્રકારો છે. જે નીચે મુજબ છે.

મિથ્યાત્વના બે પ્રકાર છે

[૧.] (૧) લૌકિક મિથ્યાત્વ
(૨) લોકોત્તર મિથ્યાત્વ

(૧) **લૌકિક મિથ્યાત્વ**– સાંસારિક પદાર્થો-સુખો મેળવવા માટે, મળેલાને સાચવવા માટે અથવા તેની વૃદ્ધિ માટે દેવ-દેવીઓની ઉપાસના કરવી તે લૌકિક મિથ્યાત્વ અથવા સંસારી દેવ-દેવીઓને વીતરાગ દેવ તરીકે માને તે.

(૨) **લોકોત્તર મિથ્યાત્વ**– તીવ્ર આસક્તિથી સાંસારિક ભોગ-સુખો મેળવવા માટે અને તેના રક્ષણ માટે કે તેની વૃદ્ધિ માટે વીતરાગ પરમાત્માની કે ત્યાગી સુગુરુ આદિની ઉપાસના ભક્તિ કરવી-માનવી તે લોકોત્તર મિથ્યાત્વ.

**મિથ્યાત્વના બીજી રીતે બે ભેદ**– (૧) ચરમાવર્ત મિથ્યાત્વ– એક પુદ્‌ગલ પરાવર્તથી ઓછા સંસારવાળો જીવ. (૨) અચરમાવર્ત– એક પુદ્‌ગલ પરાવર્ત કરતાં વધારે સંસારવાળો જીવ.

[૩.] (૧) વ્યક્ત મિથ્યાત્વ (૨) અવ્યક્ત મિથ્યાત્વ

(૧) **વ્યક્ત મિથ્યાત્વ**– સાચા ધર્મને ખોટો ધર્મ, ખોટા ધર્મને સાચો ધર્મ માને અને તે પ્રમાણે વીતરાગ દેવને સંસાર માટે માનવા. આમ સમજપૂર્વક અયથાર્થ બોધ તે સંજ્ઞીજીવોને હોય.

(૨) **અવ્યક્ત મિથ્યાત્વ**– સમજપૂર્વકનું જ્ઞાન ન હોય તેવા એકેન્દ્રિય-વિકલેન્દ્રિય અને અસંજ્ઞી પંચે૦નું અયથાર્થજ્ઞાન-બોધ તે અથવા અનાદિ સૂક્ષ્મનિગોદને હોય તે.

મિથ્યાત્વ બીજી રીતે બે ભેદ.

(૧) ગાઢ મિથ્યાત્વ (૨) મંદમિથ્યાત્વ.

(૧) **ગાઢ મિથ્યાત્વ**– આ અભવ્યજીવોનું તથા અચરમાવર્તમાં રહેલા ભવ્ય જીવોનું ગાઢ મિથ્યાત્વ કહેવાય છે. આ જીવ ધર્મ કરે- ધર્મની પ્રવૃત્તિ કરે તો પણ સાંસારિક સુખ માટે- માન મેળવવા માટે કરે છે.

(૨) **મંદ મિથ્યાત્વ**– ચરમાવર્તમાં પ્રવેશેલા જીવોને જ્યારે આત્મા માટે ધર્મશબ્દની રૂચિ થાય. આત્મકલ્યાણ માટે ખોટો પણ ધર્મ કરે તે મંદ મિથ્યાત્વ.

કાળને આશ્રયી મિથ્યાત્વના ૩ ભેદ છે. એટલે મિથ્યાત્વનો કાળ આ પ્રમાણે છે.

(૧) અનાદિ અનંત (૨) અનાદિ સાન્ત (૩) સાદિ સાન્ત.

(૧) **અનાદિ અનંત–** અભવ્ય જીવોને આ ગુણસ્થાનક અનાદિ કાળથી છે જ અને તે જીવો કદાપિ મોક્ષે ન જવાના હોવાથી અનંતકાળ મિથ્યાત્ત્વ રહેવાનું છે માટે અનાદિ અનંત.

(૨) **અનાદિ સાન્ત–** સંસારમાં અનાદિથી મિથ્યાત્વે રહેલાં જે ભવ્યજીવો છે તેઓને પણ મિથ્યાત્વ અનાદિકાળથી છે અને જ્યારે ઉપરના ગુણસ્થાનકમાં ચડે ત્યારે આ મિથ્યાત્વનો અંત આવે માટે અનાદિ સાન્ત.

(૩) **સાદિ સાન્ત–** પતિતને આશ્રયી, જે જીવો આ ગુણસ્થાનકથી આગળના ગુણસ્થાનકમાં સમ્યક્ત્વ પ્રાપ્ત કરી પુનઃ પાછા મિથ્યાત્વે આવે ત્યારે તેઓને મિથ્યાત્વનો ફરી પ્રારંભ થતો હોવાથી સાદિ અને આવા સમ્યક્ત્વ પામેલા જીવો ફરી પડે તો પણ જ૦ અંત૦ પછી અને વધુમાં વધુ દેશોન અર્ધપુદ્ગલ પરાવર્તકાળે મોક્ષે જવાના હોવાથી મિથ્યાત્વનો અંત થવાનો છે માટે સાન્ત એટલે સાદિસાન્ત.

કાળ-જ૦- અંતર્મુહૂર્ત

ઉત્કૃષ્ટ- દેશોન અર્ધપુદ્ગલ પરા૦

મિથ્યાત્વના ૪ ભેદ નીચે મુજબ છે–

(૧) પ્રરૂપણા મિથ્યાત્વ (૨) પ્રવર્તન મિથ્યાત્વ (૩) પરિણામ મિથ્યાત્વ (૪) પ્રદેશ મિથ્યાત્વ.

(૧) **પ્રરૂપણા મિથ્યાત્વ–** જે પદાર્થ જે સ્વરૂપે હોય તેનાથી વિપરીત પ્રકારે મોક્ષનો હેતુ ન બને તેવા ધર્મને સાચા ધર્મરૂપે મરિચિની જેમ કહે તે.

(૨) **પ્રવર્તન મિથ્યાત્વ–** ખોટા ધર્મને સાચો ધર્મ છે એમ સમજાવી તેમાં જોડે. યજ્ઞાદિને ધર્મ કહે અને કરાવે તે.

(૩) **પરિણામ મિથ્યાત્વ–** એકાન્ત નયનો આશ્રય કરે, મનમાં અસત્-કુત્સિત આગ્રહ રાખે, પોતાના ખોટા બોધને સાચારૂપે માને તે.

(૪) **પ્રદેશ મિથ્યાત્વ–** મિથ્યાત્વ મોહનીયના મંદ રસવાળા અલ્પ રસવાળા બનાવેલ એટલે સમ્યક્ત્વ મોહ૦ના જે શુદ્ધ કરેલ પુદ્ગલોનો ઉદય હોય ત્યારે પ્રદેશ મિથ્યાત્વ કહેવાય.

અને તેથી જ શંકા આદિ અતિચાર તેના ઉદય વખતે થાય છે. તેમજ (૧) લૌકિક દેવગત મિથ્યાત્વ (૨) લોકોત્તર દેવગત મિથ્યાત્વ (૩) લૌકિક ગુરુગત મિથ્યાત્વ (૪) લોકોત્તર ગુરુગત મિથ્યાત્વ એમ બીજી રીતે પણ ચાર પ્રકાર છે.

મિથ્યાત્વનાં પાંચ પ્રકાર–

(૧) અભિગ્રહિક (૨) અનભિગ્રહિક (૩) આભિનિવેશિક (૪) સાંશયિક (૫) અનાભોગીક.

આ પાંચ ભેદના અર્થ આગળ ચતુર્થ કર્મગ્રંથમાં આવશે. મિથ્યાત્વના સાત-દશ એમ અનેક રીતે ભેદો કહ્યા છે.

મિથ્યાત્વના અસંખ્ય ભેદ પણ થઇ શકે છે. આ પ્રમાણે મિથ્યાત્વના જુદી જુદી રીતે અનેક ભેદો થઇ શકે છે.

તેવા મિથ્યાત્વી જીવને પણ કંઇક અંશે જ્ઞાનાદિ ગુણો હોય છે. તેથી તેને મિથ્યાદૃષ્ટિ હોવા છતાં ગુણસ્થાનક કહેવાય છે.

**પ્રશ્ન–** અહીં વિપરીત દૃષ્ટિ છે તો ગુણસ્થાનક કેમ કહેવાય ?

**જવાબ–** જો કે અહીં વીતરાગના વચન ઉપર શ્રદ્ધા ન હોવા છતાં આ મનુષ્ય છે, આ પશુ છે ઈત્યાદિ કંઇક જ્ઞાન હોય છે.

છેવટે નિગોદના જીવોને અક્ષરનો અનંતમો ભાગ ખુલ્લો હોય છે.

જો થોડો પણ ગુણ ખુલ્લો ન હોય તો જીવ અજીવપણું પામે.

જેમ ગાઢ મેઘ હોવા છતાં દિવસ અને રાત્રિનો ભેદ જણાઈ આવે છે. કારણકે દિવસે વાદળાંથી ઢંકાયેલ છતાં સૂર્યની પ્રભા કંઇક દેખાય છે તેથી દિવસ-રાત્રિનો ભેદ સમજાય છે.

તેવી રીતે થોડો પણ જ્ઞાનાદિ ગુણ ખુલ્લો હોવાથી મિથ્યાદ્રષ્ટિને ગુણસ્થાનક કહેવાય છે.

**પ્રશ્ન**– જો થોડો પણ ગુણ છે. તો મિથ્યાદષ્ટિ કેમ કહો છો, સમ્યગ્દષ્ટિ કેમ ન કહેવાય ?

**જવાબ**– જ્ઞાનાદિ ગુણ હોવા છતાં દષ્ટિ (શ્રદ્ધા) યથાર્થ નથી માટે મિથ્યાદષ્ટિ કહેવાય.

**પ્રશ્ન**– જો આ મનુષ્ય છે આ પશુ છે એવું વ્યવહારિક જ્ઞાન યથાર્થ છે અને આધ્યાત્મિક જ્ઞાન યથાર્થ નથી તો તે મિશ્રદષ્ટિ કેમ ન કહેવાય ?

**જવાબ**– મિશ્રદષ્ટિ તેને કહેવાય કે જેને જિનેશ્વર ભગ૦ના વચન ઉપર રાગ કે દ્વેષ એકેય ન હોય. માધ્યસ્થ વૃત્તિ હોય.

અહીં વિપરીત જ દષ્ટિ હોવાથી મિશ્રદષ્ટિ ન કહેવાય. પરંતુ મિથ્યાદષ્ટિ જ કહેવાય.

**મિથ્યાત્વ ગુણ૦નો કાળ**

(૧) અનાદિ અનંત-અભવ્યને

(૨) અનાદિ સાન્ત-ભવ્યને

(૩) સાદિસાન્ત- સમ્યક્ત્વથી પડેલા મિથ્યાત્વે ગયેલા ભવ્યને કાળ–જઘન્ય– અંતર્મુહૂર્ત ઉત્કૃષ્ટ-દેશોન અર્ધપુદ્ગલ પરાવર્ત

**સાસ્વાદન ગુણસ્થાનક**– આ ગુણસ્થાનકનાં બે નામ છે.

(૧) સાસાદન સમ્યગ્દષ્ટિ ગુ. (૨) સાસ્વાદન સમ્યગ્દષ્ટિ ગુ. ઉપશમ સમ્યક્ત્વનો જે લાભ તેને આય કહેવાય છે. તેનો જે નાશ કરે તે સાસાદન.

स+आय+सादन– અહીં य નો લોપ થવાથી સાસાદન શબ્દ બને છે.

आसादनेन सह वर्तते यः सः = सासादनः એટલે અનંતાનુબંધી કષાયના ઉદયથી ઉપશમ સમ્યક્ત્વના લાભનો જયાં નાશ થઇ જાય તે વખતનું ગુણ૦

બીજું નામ सास्वादन છે. અહીં स+आस्वादन શબ્દ છે.

મિથ્યાત્વનો ઉદય હજુ થયો નથી. તેથી સમ્યક્ત્વ ગયું નથી અને અનંતાનુબંધીનો ઉદય થયો છે તેથી સમ્યક્ત્વનો કંઈક સ્વાદ હોય તેથી તે વખતનું ગુણ૦ સાસ્વાદન ગુણ૦ કહેવાય છે અર્થાત્

સમ્યક્ત્વના સ્વાદ સહિતનું ગુણસ્થાનક તે સાસ્વાદન ગુણ૦

**સાસ્વાદન ગુણસ્થાનકની પ્રાપ્તિ–** મિથ્યાત્વમાં વર્તતો જીવ ત્રણ કરણ કરીને ઉપશમ સમ્યક્ત્વ પામી ત્યાંથી પડી અથવા ઉપશમશ્રેણીમાંથી પડી આ ગુણસ્થાનકને પામે છે. તેથી પ્રથમ ત્રણ કરણપૂર્વક ઉપશમ સમ્ય૦નું વર્ણન આ પ્રમાણે છે.

કરણ એટલે અધ્યવસાય-આત્માના પરિણામ તેને કરણ કહેવાય છે. ત્રણ કરણ (૧) યથાપ્રવૃતકરણ (૨) અપૂર્વકરણ (૩) અનિવૃત્તિકરણ.

ઉપશમ સમ્યક્ત્વ બે પ્રકારે છે. (૧) નવું (પ્રથમ ગુણ૦થી પામે તે) (૨) ઉપશમ શ્રેણી ચડતી વખતનું (૪ થી ૭ ગુણ૦માં પામે તે.)

**પ્રથમ (નવું) ઉપશમ સમ્યક્ત્વ–**

અનાદિ સંસારમાં પરિભ્રમણ કરતો જીવ

(૧) કરણકાળ પહેલા અંતર્મુહૂર્ત પૂર્વે પ્રતિસમયે અનંતગુણ વિશુદ્ધિવાળો હોય તે પ્રથમ યથાપ્રવૃત્ત કરણ કરે.

(૨) પર્યાપ્ત, સંજ્ઞી, પંચેન્દ્રિય આ ત્રણ લબ્ધિવાળા ચારે ગતિના જીવ આ સમ્યક્ત્વ પ્રાપ્ત કરી શકે.

(૩) સાકારોપયોગવંત-જ્ઞાનોપયોગવાળો.

(૪) ત્રણ યોગમાંથી કોઈપણ એક યોગના વ્યાપારવાળો.

(૫) તેજો, પદ્મ અને શુક્લ એ ત્રણમાંથી કોઈપણ એક શુભ લેશ્યાવાળો.

(૬) પરાવર્તમાન શુભપ્રકૃતિનો બંધક.

(૭) અશુભ પ્રકૃતિઓના ચાર ઠાણીયાના બદલે બે ઠાણીયો રસ બાંધતો.

(૮) શુભપ્રકૃતિઓનો બેઠાણીયાને બદલે ચાર ઠાણીયો રસ બાંધતો.

(૯) સત્તામાં પણ બંધની જેમ અશુભનો બે ઠાણીયો અને શુભનો ચાર ઠાણીયો રસ કરતો.

(૧૦) આયુષ્ય સિવાય સાતે કર્મની સત્તા અને સાતે કર્મનો સ્થિતિબંધ અંતઃ કોડાકોડી સાગ. પ્રમાણ કરતો.

(૧૧) અભવ્ય પ્રાયોગ્ય વિશુદ્ધિથી અનંતગુણ વિશુદ્ધિવાળો.

(૧૨) ઉપશમ-ઉપદેશ, શ્રવણ-પ્રયોગ એ ત્રણ લબ્ધિવાળો આવા પ્રકારનો જીવ અંતર્મુહૂર્ત કાળે ચરમ યથાપ્રવૃત્તકરણ કરે.

(૧૩) અપુનર્બંધક- સિદ્ધાંતના મતે અપુનર્બંધક એટલે હવે મોહનીયની ઉત્કૃષ્ટ સ્થિતિ નહીં બાંધનાર. જો કે કર્મગ્રંથકારના મતે સમ્યક્ત્વ પામ્યા પછી પણ પુનઃ મિથ્યાત્વપણું પામી કર્મનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ કરે. પરંતુ ઉત્કૃષ્ટ રસબંધ ન કરે.

આવા પ્રકારનો આત્મા ત્રણ કરણ કરે તે આ પ્રમાણે—


**[૧.] યથાપ્રવૃત્તકરણ—**

અનાદિકાળથી સંસારમાં પરિભ્રમણ કરતાં પૂર્વોક્ત પ્રકારનાં જીવને તથાભવ્યત્વના પરિપાકના વશથી અનાયાસે સારા પરિણામ પ્રાપ્ત થાય તે યથાપ્રવૃત્તકરણ કહેવાય. કીડીની સ્વાભાવિક ગતિની જેમ સહજ શુભ આવેલ પરિણામ.

નદીના પાષાણના ગોળઘોલ ન્યાયે સંસારમાં અનેક યાતનાઓને (કષ્ટોને) ભોગવતાં સહજ રીતે પરિણામની વિશુદ્ધિ થાય છે. તેને યથાપ્રવૃત્તકરણ કહેવાય છે.

૧. આ કરણમાં પ્રતિ સમયે ત્રિકાળવર્તી જીવોના અધ્યવસાયો અસંખ્યાતા હોય એટલે આ કરણને પામનારા ત્રિકાળવર્તી અનંતા જીવોમાં કેટલાક કેટલાકને પરસ્પર સરખા અધ્યવસાયો હોય છે. અને કેટલાક કેટલાકને ભિન્ન ભિન્ન અધ્યવસાય હોય છે. એમ અનંતા જીવોના અસંખ્યાતા અધ્યવસાયસ્થાનો થાય છે.

૨. યથાપ્રવૃત્તકરણમાં ઉત્તરોત્તર પ્રતિસમયે તે અધ્યવસાયસ્થાનોની સંખ્યા વિશેષાધિક-વિશેષાધિક હોય છે. એટલે કે પહેલાં સમયના અસંખ્ય અધ્યવસાયસ્થાનો કરતાં બીજા સમયે વિશેષ અધિક અસંખ્યાતા હોય છે. ત્રીજા સમયે તેનાથી પણ વિશેષ અધિક અસંખ્યાતા હોય છે. તેની આકૃતિ વિષમ ચતુરસ્ર થાય છે. તે આ પ્રમાણે.




૩. ષટ્સ્થાન (છઠાણવડીયા) (હાનિ-વૃદ્ધિ)– દરેક સમયનાં અસંખ્યાતા અધ્યવસાય સ્થાનો ષટ્સ્થાન પતિત (છઠાણવડીયા) હોય છે એટલે કે દરેક સમયે સર્વથી જઘન્ય વિશુદ્ધિવાળા કરતાં બીજા વિગેરે શરૂઆતનાં કેટલાક અસંખ્યાતા અધ્યવસાયસ્થાનો અનંતભાગ અધિક વિશુદ્ધિવાળા હોય છે. તે પછીનાં કેટલાક અસંખ્યાતા અધ્યવસાયો અસંખ્યાત ભાગ અધિક વિશુદ્ધિવાળા હોય છે. એમ સંખ્યાતભાગ, સંખ્યાતગુણ અધિક, અસંખ્યગુણ અધિક અને અનંતગુણ અધિક વિશુદ્ધિવાળા અધ્યવસાયસ્થાનો પછી પછીનાં સમજવા.

આ અસંખ્ય અધ્યવસાયસ્થાનોમાં સર્વથી અધિક વિશુદ્ધિવાળા સ્થાનની અપેક્ષાએ વિચારીએ તો છ પ્રકારની હાનિ ઘટે છે. એટલે કે દરેક સમયના અધ્યવસાયોમાં જે સર્વથી અધિક વિશુદ્ધિવાળું છે તેની અપેક્ષાએ તેની નીચેનાં શરૂઆતનાં કેટલાક અસંખ્યાતા અધ્યવસાયો અનંત ભાગહીન વિશુદ્ધિવાળા, તેમજ પછીના નીચેના કેટલાક અસંખ્યાતા અધ્યવસાયો અસંખ્યાત ભાગહીન એમ સંખ્યાતભાગહીન, સંખ્યાતગુણહીન, અસંખ્યગુણહીન અને અનંત ગુણહીનવિશુદ્ધિવાળા સમજવા.

આ રીતે દરેક સમયનાં અધ્યવસાયસ્થાનોને છ વિભાગમાં વહેંચી શકાય છે. છ ભાગ પડે છે. તેથી તેને ષટ્સ્થાન પતિત કહેવાય છે. એટલે દરેક સમયના અધ્યવસાયસ્થાનોમાં છ જાતની હાનિ અને છ જાતની વૃદ્ધિ ઘટે છે.

૪. અહીં દરેક સમયે પૂર્વના સમયનાં શરૂઆતનાં કેટલાક અધ્યવસાય સ્થાનો પછીના સમયે હોય નહીં અને ઉત્કૃષ્ટ વિશુદ્ધિવાળા અધ્યવસાયથી વધારે વિશુદ્ધિવાળા નવા કેટલાક અધ્યવસાયસ્થાનો પછીના સમયે હોય છે અને મધ્યમ સ્થાનો પણ હોય છે.

૫. તેથી યથાપ્રવૃત્તકરણમાં પ્રથમ સમયે જઘન્ય વિશુદ્ધિ સર્વથી થોડી, તેના કરતાં બીજા સમયની જઘન્ય વિશુદ્ધિ અનંતગુણ, તેના કરતાં ત્રીજા સમયની જઘન્ય વિશુદ્ધિ અનંતગુણ એમ યાવત્ યથાપ્રવૃત્તકરણના એક સંખ્યાતમા ભાગ સુધી સમજવી. ત્યારપછી સંખ્યાતમા ભાગના (કંડકના*) છેલ્લા સમયની જઘન્ય વિશુદ્ધિ કરતાં યથાપ્રવૃત્તકરણના પ્રથમ સમયની ઉત્કૃષ્ટ વિશુદ્ધિ અનંતગુણ હોય છે. તેનાથી કંડકના ઉપર (પછીના) સમયની જઘન્ય વિશુદ્ધિ અનંતગુણ તેના કરતાં યથાપ્રવૃત્તકરણના બીજા સમયની ઉત્કૃષ્ટ વિશુદ્ધિ અનંતગુણ. એમ ઉપરના એક સમયની જઘન્ય અને નીચેના એક સમયની ઉત્કૃષ્ટ વિશુદ્ધિ અનંતગુણ ત્યાં સુધી કહેવી કે યથાપ્રવૃત્તકરણના છેલ્લા સમયની જઘન્ય વિશુદ્ધિ સુધી. હવે એક સંખ્યાતમા ભાગની ઉત્કૃષ્ટ વિશુદ્ધિ કહેવાની બાકી રહે તે અનુક્રમે અનંતગુણ સમજવી.

૬. અહીં કરણકાળ પૂર્વેની કહેલ કેટલીક હકીકતો પણ હોય છે. સંભવે છે.

૭. યથાપ્રવૃત્તકરણનો કાળ અંતર્મુહૂર્ત હોય છે. પરંતુ અપૂર્વકરણાદિ કરતાં તેનો કાળ મોટા અંતર્મુહૂર્ત પ્રમાણ હોય છે.

*યથાપ્રવૃત્તકરણનો એક સંખ્યાતમો ભાગ તેને અહીં કંડક સંજ્ઞા આપવામાં આવી છે.

૮. અનાદિમિથ્યાત્વી યથાપ્રવૃત્તકરણ અનેકવાર પણ કરે છે.

૯. આ કરણ ભવ્ય કરે છે અને અભવ્ય પણ કરે છે. પરંતુ ચરમ યથાપ્રવૃત્તકરણ ભવ્ય જ કરે છે.

૧૦. યથાપ્રવૃત્તકરણથી શ્રુત સામાયિકનો લાભ પણ થાય છે.

૧૧. યથાપ્રવૃત્તકરણ કરનાર દ્વિર્બંધક- સકૃતર્બંધક, અપુનર્બંધક આદિ અનેક જીવો જાણવા. આ પ્રમાણે ચરમ યથાપ્રવૃત્તકરણ કરનાર અપુનર્બંધક જીવ અપૂર્વકરણ કરે તે આ પ્રમાણે–

**[૨.] અપૂર્વકરણ–**

પૂર્વે ક્યારેય ન આવ્યો હોય તેવો અપૂર્વ વિશુદ્ધ અધ્યવસાય તે અપૂર્વકરણ કહેવાય છે. આસન્નભવી જીવ જ ચરમ યથાપ્રવૃત્તકરણ પછી અપૂર્વકરણ કરે છે.

૧. આ કરણનો કાળ અંતર્મુહૂર્ત, અનિવૃત્તિકરણના કાળ કરતાં સંખ્યાત ગુણ મોટું અંતર્મુહૂર્ત હોય છે. (ઉપશમનાકરણ ગા.૮)
૨. પ્રતિ સમયે અનંતગુણ વિશુદ્ધિ હોય છે. તેથી યથાપ્રવૃત્તકરણના છેલ્લા સમયની ઉત્કૃષ્ટ વિશુદ્ધિ કરતાં અપૂર્વકરણના પ્રથમ સમયની જઘન્ય વિશુદ્ધિ અનંતગુણ. તેનાથી પ્રથમ સમયની ઉત્કૃષ્ટ વિશુદ્ધિ અનંતગુણ. તેનાથી બીજા સમયની જઘન્ય વિશુદ્ધિ અનંતગુણ. તેનાથી બીજા સમયની ઉત્કૃષ્ટ વિશુદ્ધિં અનંતગુણ. એમ યાવત્ અપૂર્વકરણના ચરમ સમય સુધી જાણવું.
૩. યથાપ્રવૃતકરણની જેમ અહીં પણ ત્રિકાળવર્તી જીવોના અધ્યવસાયો અસંખ્યાતા-અસંખ્યાત લોકાકાશ પ્રદેશ પ્રમાણ હોય છે અને તે યથાપ્રવૃત્તકરણની જેમ ષટ્સ્થાન પતિત હોય છે.
૪. પ્રતિ સમયે વિશેષાધિક-વિશેષાધિક અસંખ્યાતા અધ્યવસાયો હોય છે.
૫. અહીં પણ શુભ પ્રકૃતિઓનો ચાર ઠાણીયો રસ બાંધે અને અશુભનો બે ઠાણીયો રસ બાંધે વિગેરે કરણકાળ પૂર્વેની હકીકત પણ અહીં સંભવે.

આ અપૂર્વકરણની વિશુદ્ધિથી પાંચ અપૂર્વ કાર્યો કરે છે તો પણ અહીં મિથ્યાત્વ બધ્યમાન હોવાથી ગુણસંક્રમ થાય નહીં. તેથી મિથ્યાત્વે અપૂર્વકરણમાં ચાર અપૂર્વ કાર્યો થાય છે. ઉપરનાં ગુણસ્થાનકમાં અપૂર્વકરણમાં પાંચ અપૂર્વ કાર્યો કરે છે તે આ પ્રમાણે.

પાંચ અપૂર્વકાર્યો અપૂર્વ અધ્યવસાયથી થાય છે, તેથી તે અપૂર્વ કાર્યો કહેવાય છે.

(૧) **સ્થિતિઘાત**– સત્તામાં રહેલી કર્મસ્થિતિના અગ્રીમ ભાગ થકી પ્રથમ સ્થિતિખંડ જઘન્યથી પલ્યોપમનો (અ) સંખ્યાતમો ભાગ ઉત્કૃષ્ટથી સેંકડો સાગરોપમ પ્રમાણ સ્થિતિનો અંતર્મુહૂર્તમાં ઘાત કરે છે. જોકે બીજા વિગેરે સ્થિતિખંડો પલ્યોપમના (અ)સંખ્યાતમા ભાગ પ્રમાણ હોય છે. દરેક સ્થિતિખંડ અંતર્મુહુર્તે ઘાત કરે છે.

ઘાત કરાતા સ્થિતિખંડમાંથી પ્રથમ સમયે દલિક સર્વથી થોડું, બીજા સમયે અસંખ્યગુણ એમ ચરમ સમય સુધી અસંખ્ય ગુણ ઉપાડે છે. ઉકેરે છે.

તે ઉકેરાતું દલિક નહીં ખંડન કરાતી નીચેની સ્થિતિઓમાં ગોઠવે છે. આ રીતે અપૂર્વકરણના કાળમાં હજારો સ્થિતિઘાત થાય છે.

તેથી અપૂર્વકરણના પ્રથમ સમયે જે સ્થિતિસત્તા હોય તેના કરતાં ચરમ સમયે સંખ્યાત ગુણહીન સાત કર્મની સ્થિતિસત્તા બને છે.

(૨) **રસઘાત**– સત્તામાં રહેલી અશુભ પ્રકૃતિઓના રસના અનંતા ભાગ કરી એક અનંતમો ભાગ બાકી રાખી બીજા અનંતા ભાગોનો અંતર્મુહૂર્તે નાશ કરે છે. વળી બાકી રહેલા અનંતમા ભાગના રસના અનંતા ભાગ કરી એક અનંતમો ભાગ બાકી રાખી બીજા અનંતા ભાગોનો નાશ કરે છે. આવા રસઘાત એક સ્થિતિઘાતના કાળમાં હજારો થાય છે. અને અપૂર્વકરણના કાળમાં હજારોવાર હજારો રસઘાત થાય છે.

(૩) **ગુણશ્રેણિ**– ઉપરની ખંડન કરાતી સ્થિતિના દલિકને નીચે ઉતારી ઉદય સમયથી અસંખ્ય ગુણાકારે અંતર્મુહૂર્તની સ્થિતિમાં ગોઠવવા તે. આ ગુણશ્રેણિનું અંતર્મુહૂર્ત અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણના બંનેના કાળ કરતાં થોડું મોટું જાણવું.

ગુણશ્રેણિની રચનામાં અંતર્મુહૂર્તના છેલ્લા સમયને ગુણશ્રેણિનું શીર્ષ કહેવાય છે. ગુણશ્રેણિના પ્રથમ સમયથી ગુણશ્રેણિના મસ્તક સુધીમાં અસંખ્ય ગુણાકારે દલિયા ગોઠવે છે. એટલે કે ઉદય સમયમાં થોડું, બીજા સમયમાં અસંખ્ય ગુણ. ત્રીજા સમયમાં અસંખ્ય ગુણ- એમ ગુણશ્રેણિના શીર્ષ સુધી સમજવું.

વળી જે ઉપરની સ્થિતિમાંથી દલિયા ઉકેરે છે. તે પણ અસંખ્ય ગુણાકારે ઉપાડે છે. એટલે પ્રથમ સમયે થોડા, બીજા સમયે અસંખ્યગુણ, ત્રીજા સમયે અસંખ્યગુણ એમ યાવત્ અંતર્મુહૂર્તનાં ચરમ સમય સુધી અસંખ્યગુણા ઉકેરે છે.

ગુણશ્રેણિની રચના શેષ-શેષ સમયોમાં થાય છે. એટલે પ્રથમ સમયે અંતર્મુહૂર્ત સુધી. બીજા સમયે પ્રથમ સમય જવાથી બીજા સમયથી અંતર્મુહૂર્ત સુધી એટલે પ્રથમ સમયે ગોઠવ્યાં છે ત્યાં સુધી ગોઠવે છે. અર્થાત્ અહીં ગુણશ્રેણિનું મસ્તક આગળ વધતું નથી. સ્થિર હોય છે.

| | | |
|---|---|---|
| જેમ | પ્રથમ સમયે | ૧ થી ૧૦૦ સમયમાં |
| | બીજા સમયે | ૨ થી ૧૦૦ સમયમાં |
| | ત્રીજા સમયે | ૩ થી ૧૦૦ સમયમાં |
| | ચોથા સમયે | ૪ થી ૧૦૦ સમયમાં |

(૪) **અપૂર્વસ્થિતિબંધ**– અપૂર્વકરણના પ્રથમ સમયથી નવો સ્થિતિબંધ શરૂ થાય. તેટલો તેટલો સ્થિતિબંધ એક અંતર્મુહૂર્ત સુધી થાય. પછીના અંતર્મુહૂર્તમાં પલ્યોપમનો (અ)સંખ્યાતમો ભાગ ન્યૂન નવો

સ્થિતિબંધ થાય. તેટલો તેટલો સ્થિતિબંધ બીજા અંતર્મુહૂર્ત સુધી થાય છે. આ રીતે અંતર્મુહૂર્તે અંતર્મુહૂર્તે પલ્યો. નો (અ) સંખ્યાતમો ભાગ હીન હીન સ્થિતિબંધ કરે તે.

સ્થિતિબંધ અને સ્થિતિઘાત સાથે શરૂ થાય છે અને સાથે પૂર્ણ થાય છે.

અહીં મિથ્યાત્વ મોહનીય બધ્યમાન હોવાથી ગુણસંક્રમ ન થાય.

આ રીતે અહીં ચાર અપૂર્વ કાર્યો કરે છે.

ગ્રંથીદેશ સુધી આવનાર કેટલાક જીવો છે તેમાં જે અતિદીર્ઘસંસારી છે તે રાગ દ્વેષરૂપી ચોરને પામીને ગ્રંથીદેશથી પાછા ફરે છે. એટલે તીવ્રરાગ દ્વેષવાળા થાય છે. અચરમાવર્તી બીજા કેટલાંક જીવો રાગદ્વેષને વશ થઈ ત્યાં જ રહે છે. ગ્રંથીભેદ કરતા નથી તેવા કષાયવાળા રહે છે* અને આસન્નભવી જીવ રાગદ્વેષરૂપી ચોરોને હણીને આગળ વધે છે.

અહીં આસન્નભવી જીવ ગ્રંથીભેદ કરે છે.

**ગ્રંથીભેદ**– અપૂર્વકરણની વિશુદ્ધિથી ગ્રંથીભેદ થાય છે. અહીં ગ્રંથી (ગાંઠ) એટલે તીવ્ર એવો રાગ-દ્વેષ રૂપ પરિણામ, આ ગ્રંથી ચિરકાળથી ઉત્પન્ન થયેલી કઠણ વાંસના મૂળની જેમ દુર્ભેદ્ય હોય છે.

ગ્રંથીભેદ એકવાર જ કરવાનો હોય છે. એટલે એકવાર સમ્યક્ત્વ પામેલ જીવ જો મિથ્યાત્વમાં નિરંતર પલ્યો. નો અસં. ભાગ કાળ-ચિરકાળ રહે તો સમક્તિ મોહનીય અને મિશ્ર મોહનીયની ઉદ્વલના કરે છે. જો તે બંનેની ઉદ્વલના થઈ જાય તો ફરી ઉપશમ સમ્યક્ત્વ પામતી વખતે ત્રણ કરણ કરવા પડે, પરંતુ ગ્રંથીભેદ કરવો પડે નહીં-કરે નહીં.

ભવ્યજીવ જ સંસારમાં ગ્રંથીભેદ **એકવાર** જ કરે છે. મિથ્યાત્વમાંથી ઉપશમ સમ્યક્ત્વ આમ કોઈક જીવને અનેકવાર પ્રાપ્ત થાય છે. છતાં તે જાતિભેદથી એક ગણાય છે.

* આવા દુર્લભબોધિ જીવ ગ્રંથદેશમાં અનંતકાળ પણ રહે છે.

શ્રેણિનું ઉપશમ સમ્યક્ત્વ સંસાર ચક્રમાં વધારેમાં વધારે ચારવાર પમાય છે. તેથી અનાદિ મિથ્યાત્વીનું એક અને શ્રેણિનું ચારવાર મળીને કુલ પાંચવાર ઉપશમ સમ્યક્ત્વ પમાય છે.

યથાપ્રવૃત્તકરણ કરતાં અપૂર્વકરણ જુદુ પાડવાનાં ત્રણ કારણો છે

(૧) અહીં અધ્યવસાયની **અનુકૃષ્ટિ** ન હોય.
દરેક સમયે નવા અધ્યવસાયો હોય.

(૨) અહીં પાંચ અપૂર્વ કાર્યો કરે. યથાપ્રવૃત્તકરણે તે ન હોય.

(૩) આ અધ્યવસાયથી ગ્રંથીભેદ થાય. યથાપ્રવૃત્તકરણથી નહી.

[૩.] **અનિવૃત્તિકરણ**– અપૂર્વકરણ પછી અનિવૃત્તિકરણ કરે છે.

આ કરણમાં પ્રતિ સમયે ત્રિકાળવર્તી જીવોના અધ્યવસાય પરસ્પર સરખા હોય. અ-નહિ નિવૃત્તિકરણ-વિશુદ્ધિ અર્થાત્ પરસ્પર અધ્યવસાયમાં ફેરફાર ન હોય.

દરેક સમયે એકસરખી વિશુદ્ધિ હોય. પરસ્પર સમાન અધ્યવસાય-પરિણામ હોય તે ફેરફારવાળા ન હોય તેથી અનિવૃત્તિકરણ. અથવા

અનિવૃત્તિકરણ-સમ્યક્ત્વ (ઈષ્ટગુણ) પામ્યા પહેલાં જીવ પાછો ન ફરે તેવો ઉત્તરોત્તર ચઢતો પરિણામ.

(૧) આ કરણમાં પ્રતિસમયે ત્રિકાળવર્તી જીવોનો એક-એક (સમાન-સરખો) અધ્યવસાય હોય છે. તેથી અધ્યવસાયોની શ્રેણીને મુક્તાવલીની ઉપમા આપી શકાય. ઉત્તરોત્તર ચડતો પરિણામ. આ કરણના જેટલા સમયો-તેટલાં અધ્યવસાય સ્થાનો હોય.

(૨) ઉત્તરોત્તર દરેક સમયે અનંતગુણ વિશુદ્ધિ હોય છે. એટલે પ્રથમ સમયની વિશુદ્ધિથી બીજા સમયની અનંતગુણ, તેથી ત્રીજા સમયની અનંતગુણ એમ ચરમ સમય સુધી જાણવું. (દરેક સમયે જીવોની પરસ્પર સમાનવિશુદ્ધિ)

(૩) અહીં પણ અપૂર્વકરણની જેમ ચાર અપૂર્વ કાર્યો થાય છે.

(૪) અહીં દરેક સમયે એક-એક જ અધ્યવસાય સ્થાન છે. તેથી ષટ્સ્થાન થાય નહીં.

(૫) અનિવૃત્તિકરણનો ઘણો સંખ્યાતો કાળ જાય. એક સંખ્યાતમો ભાગ કાળ બાકી હોય ત્યારે અંતરકરણ કરે છે. **અંતર-વચમાં, કરણ ખાલી કરવું** તે. એટલે ઉદય સમયથી એક અંતર્મુહૂર્ત કાળ છોડી વચ્ચે અંતર્મુહૂર્તના દલિકોને ખાલી કરે છે. અંતર્મુહૂર્તની જગ્યાના દલિકોને ખાલી કરવા તે અંતરકરણ કહેવાય છે. એમ સમજવું. એટલે

| પ્રથમસ્થિતિ | અંતરકરણ | બીજીસ્થિતિ |
|---|---|---|
| ______ | . . . . . . . . . . . . | ______ |

(૬) ઉદય સમયથી અંતર્મુહૂર્તના કાળમાં જે દલિકો છે જેને ખાલી કરતો નથી. પરંતુ ભોગવીને નાશ કરશે, તે પ્રથમ સ્થિતિ અથવા નીચેની સ્થિતિ કહેવાય છે અથવા નાની સ્થિતિ કહેવાય છે.

(૭) વચ્ચે અંતર્મુહૂર્તની સ્થિતિનાં દળિયા ખાલી કરવા તે અંતરકરણ. તે પ્રથમ સ્થિતિ કરતાં મોટા અન્તર્મુહૂર્ત પ્રમાણ છે.

(૮) અંતરકરણની પછીની સ્થિતિ-અંતઃકોડાકોડી સાગરોપમ પ્રમાણ છે તે બીજી સ્થિતિ ઉપરની સ્થિતિ કહેવાય છે અથવા મોટી સ્થિતિ કહેવાય છે.

(૯) અંતરકરણની ક્રિયા એક સ્થિતિઘાત-એક સ્થિતિબંધના કાળમાં થઈ જાય છે.

(૧૦) સ્થિતિઘાત, સ્થિતિબંધ અને અંતરકરણની ક્રિયા આ ત્રણે સાથે શરૂ થાય છે અને સાથે પૂર્ણ થાય છે.

(૧૧) અંતરકરણના દલિક મિથ્યાત્વની પ્રથમ અને દ્વિતીય બંને સ્થિતિમાં પ્રતિસમયે અસંખ્ય ગુણાકારે નાંખે છે કારણકે સામાન્યથી નિયમ એવો છે કે– જેનો બંધ અને ઉદય હોય તેના અંતરકરણના દલિયા બંને

સ્થિતિમાં નાખવાના હોય છે. જો ઉદય હોય અને બંધ ન હોય તો પ્રથમ સ્થિતિમાં નાંખે. જો બંધ હોય અને ઉદય ન હોય તો બીજી સ્થિતિમાં નાંખે, અને બંધ અને ઉદય બંને ન હોય તો પરપ્રકૃતિમાં નાંખે. અહીં મિથ્યાત્વનો બંધ-ઉદય બંને છે માટે બંને સ્થિતિમાં નાંખે છે.

(૧૨) મિથ્યાત્વની પ્રથમ સ્થિતિને ભોગવતાં ભોગવતાં અંતર્મુહૂર્તકાળે અંતરકરણની ક્રિયા પૂર્ણ થાય છે હજુ પ્રથમ સ્થિતિનો અંત૦સુધી ઉદય હોય છે.

(૧૩) અંતરકરણની ક્રિયા પૂર્ણ થયા પછી મિથ્યાત્વની બીજી સ્થિતિમાં રહેલ દલિકને ઉપશમાવવા માંડે છે. પ્રથમ સમયે થોડું, બીજા સમયે અસંખ્યગુણ એમ પ્રથમ સ્થિતિને ભોગવવાના ચરમ સમય સુધી જાણવું.

(૧૪) પ્રથમ સ્થિતિને ઉદય અને ઉદીરણા વડે ભોગવતાં ભોગવતાં બે આવલિકા જેટલી સ્થિતિ બાકી રહે ત્યારે આગાલ વિચ્છેદ થાય છે. એક આવલિકા સ્થિતિ બાકી રહે ત્યારે ઉદીરણા અટકે છે. પ્રથમ સ્થિતિની છેલ્લી આવલિકાને માત્ર ઉદય વડે જ ભોગવે છે.

(૧૫) આગાલ એટલે બીજી સ્થિતિમાંથી દલિયા આકર્ષી ઉદયાવલિકામાં નાંખવા તે, ઉદીરણાનું જ વિશેષ નામ છે.

(૧૬) પ્રથમ સ્થિતિના ચરમ સમયે વર્તતો જીવ અંતરકરણની ઉપરની બીજી સ્થિતિના દરેક સમયના દલિકના ત્રણ પુંજ કરે છે. એટલે મિથ્યાત્વની અંતઃકોડાકોડીની બીજી સ્થિતિના ત્રણ ભાગ– એટલે અંતઃકોડાકોડી જેટલાં લાંબા ત્રણ ભાગ (ઉભા ત્રણ ટુકડા) થાય છે. ત્રણ ભાગ તે ૧ શુદ્ધ, ૨ અર્ધશુદ્ધ અને ૩ અશુદ્ધ તેમાં (૧) શુદ્ધ પુંજનું નામ સમક્તિ મોહનીય (૨) અર્ધશુદ્ધ પુંજનું નામ મિશ્ર મોહનીય (૩) અશુદ્ધ પુંજનું નામ મિથ્યાત્વ મોહનીય.

| | | |
|---|---|---|
| પ્રથમ સ્થિતિનો | અંતરકરણ | સમ્યક્ત્વ મોહનીય (અંતઃકોડાકોડી) |
| ચરમ સમય | | મિશ્ર મોહનીય (અંતઃકોડાકોડી) |
| | | મિથ્યાત્વ મોહનીય (અંતઃકોડાકોડી) |

(૧૭) ત્રણ પુંજ કરવાથી મોહનીયની ૨૬ના બદલે ૨૮ની સત્તા થાય છે. દરેકની અંતઃકોડાકોડી સાગરોપમની સ્થિતિ સત્તા હોય છે.

(અહીં કેટલાકના મતે ઉપશમ સમ્યક્ત્વની વિશુદ્ધિથી ત્રણ પુંજ થાય તેમ કહેવાય છે.) એટલેકે અંતરકરણમાં પ્રવેશે ત્યારથી ત્રણ પુંજ કરે છે.*

**ઉપશમ સમ્યક્ત્વ**– અંતરકરણમાં પ્રવેશ

(૧) મિથ્યાત્વની પ્રથમ સ્થિતિ ભોગવાયે છતે જીવ ખાલી જગ્યા (અંતરકરણ)માં પ્રવેશે છે. જેમ વન દાવાનળ ઉષર (ઉખર) ભૂમિને પામીને ઓલવાઇ જાય છે તેમ મિથ્યાત્વ મોહનીયના દલિયાના વેદનના અભાવથી શુદ્ધ અપૌદ્ગલિક એવું ઉપશમ સમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે.

આ પ્રથમ સમ્યક્ત્વ, નવું સમ્યક્ત્વ, ઔપશમિક સમ્યક્ત્વ કહેવાય. ઉપશમ સમ્યક્ત્વની સાથે કોઇ જીવ દેશવિરતિગુણ૦ને અને કોઇ જીવ સર્વવિરતિગુણ૦ને પણ પામે છે. સમ્યક્ત્વની પ્રાપ્તિકાળથી અનંતાનુબંધીકષાયનો પણ ક્ષયોપશમ થાય છે એટલે તેનો રસોદય હોય નહીં.

(૨) ઉપશમ સમ્યક્ત્વનો કાળ અંતર્મુહૂર્તનો છે. તે કાળમાં મિથ્યાત્વના જાતિના ત્રણે પ્રકારના દલિયા (સમક્તિ મોહનીયના પણ) ઉદયમાં નથી તેથી સમકિતમાં અતિચાર લાગતા નથી.

(૩) ઉપશમ સમ્યક્ત્વના પ્રથમ સમયથી મિથ્યાત્વના દલિયા સમક્તિ મોહનીય અને મિશ્ર મોહનીયમાં ગુણસંક્રમ વડે અંતર્મુહૂર્ત સુધી સંક્રમાવે છે એટલે કે હવે ગુણસંક્રમણ શરૂ થાય છે.

---

★ ચાર ઠાણીયા, ત્રણ ઠાણીયા અને ઉત્કૃષ્ટ બે ઠાણીયા રસવાળા પુદ્ગલો તે મિથ્યાત્વ મોહ૦, મધ્યમ બે ઠાણીયા રસવાળા પુદ્ગલો તે મિશ્ર મોહનીય અને જઘન્ય બે ઠાણીયા અને એક ઠાણીયા રસવાળા પુદ્ગલો તે સમ્યક્ત્વ મોહનીય કહેવાય.

(૪) અંતર્મુહૂર્ત પછી તેનો વિધ્યાત સંક્રમ પ્રવર્તે છે.

(૫) ઉપશમ સમ્યક્ત્વનો (અંતરકરણનો) સમયાધિક આવલિકા કાળ બાકી રહે એટલે બીજી સ્થિતિમાં રહેલાં ત્રણ પુંજમાંથી દળિયા આકર્ષી અંતરકરણની છેલ્લી આવલિકામાં ગોપુચ્છાકારે ગોઠવે છે.

(૬) અંતરકરણની એક આવલિકા બાકી રહે એટલે ગોઠવાયેલા ૩ પુંજમાંથી પરિણામના અનુસારે કોઇ પણ એક પુંજ ઉદયમાં આવે છે.

(૭) શુદ્ધ પુંજ ઉદયમાં આવે તો **ક્ષાયોપશમ સમ્યક્ત્વ** પ્રાપ્ત કરે છે. અર્ધશુદ્ધ પુંજ ઉદયમાં આવે તો **મિશ્રપણું** પામે છે અને અશુદ્ધ પુંજ ઉદયમાં આવે તો **મિથ્યાત્વ** પામે છે.

(૮) અંતરકરણમાંથી મિથ્યાત્વે જનાર કોઇ મહાભીરૂ જીવને મિથ્યાત્વના ઉદયની પહેલાં ઉપશમસમ્યકત્વનો જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી છ આવલિકા કાળ શેષ હોય ત્યારે અનંતાનુબંધીના દળિયા ઉદયમાં આવી જાય તો તે જીવ **સાસ્વાદનપણું** પામે છે.

(૯) મિથ્યાત્વનો ઉદય હજુ થયો નથી તેથી સમ્યક્ત્વ ગયું નથી અને અનંતાનુબંધીનો ઉદય થયો છે. તેથી સમ્યક્ત્વનો કંઇક સ્વાદ હોય મલિન સમ્યક્ત્વ છે. તેથી તેને (સાસ્વાદન સમ્યક્ત્વ) **સાસ્વાદન ગુણસ્થાનક** કહેવાય છે.

(૧૦) સાસ્વાદનનો કાળ પૂર્ણ થયે જીવ નિયમા મિથ્યાત્વે જ જાય છે.

(૧૧) અન્ય કોઇ જીવ ઉપશમ સમ્યક્ત્વથી પડી ક્ષાયોપશમ સમ્યક્ત્વ, મિશ્ર, કે મિથ્યાત્વપણું પામે.

(૧૨) આ રીતે અનાદિ મિથ્યાત્વી જીવ ઉપશમ સમ્યક્ત્વ પામી ઉપશમ સમ્યક્ત્વની સાથે દેશવિરતિ કે સર્વવિરતિ પણ પામે.

**[૩.] મિશ્રદૃષ્ટિ ગુણસ્થાનક–**

મિશ્ર મોહનીયકર્મના ઉદય વખતે સમ્યક્ત્વની શુદ્ધિ અને મિથ્યાત્વની મલીનતાનો મિશ્રભાવે અનુભવ થાય છે. તેથી તે સમ્યગ્ મિથ્યાદૃષ્ટિ અર્થાત્ મિશ્રદૃષ્ટિ કહેવાય છે. તેઓનું જે ગુણસ્થાનક તે મિશ્રદૃષ્ટિ ગુણસ્થાનક કહેવાય છે.

અનાદિ મિથ્યાત્વી જીવ ઉપર જણાવ્યું તે મુજબ ત્રણ કરણ કરી ઉપશમ સમ્યક્ત્વ પ્રાપ્ત કરી ઉપશમ સમ્યક્ત્વની વિશુદ્ધિ વડે જ મિથ્યાત્વ મોહનીયના પુંજના ત્રણ ભાગ કરી અંતરકરણનો કાળ પૂર્ણ થયે ત્રણ પુંજમાંથી મિશ્ર મોહનીયપુંજનો ઉદય શરૂ થાય તે વખતનું ત્રીજુ ગુણસ્થાનક **તે મિશ્રદૃષ્ટિ ગુણસ્થાનક કહેવાય છે.** મિશ્ર મોહનીયના ઉદયકાળે જીવને જિનેશ્વર પરમાત્માના (વચનો પર) ધર્મ ઉપર રુચિ પણ હોય નહી અને અરૂચિ પણ હોય નહી. જેમ નાલિયેર દ્વીપનાં મનુષ્યોને ધાન્ય ઉપર રુચિ-અરુચિ હોય નહી તેમ.

આ ગુણસ્થાનક જેમ સમ્યક્ત્વથી પડતાં ત્રણ પુંજમાંથી મિશ્રપુંજ ઉદયમાં આવવાથી આવે છે તેમજ સમ્યક્ત્વી જીવ મિથ્યાત્વે ગયા પછી મોહ૦ની ૨૮ની સત્તાવાળાને પણ આવે છે સમ્યક્ત્વ મોહ. અને મિશ્ર મોહ.ની ઉદ્વલનાં કરતો હોય સમ્યક્ત્વ મોહ૦ની ઉદ્વલના થઇ ગઇ હોય અને મિશ્ર મોહ૦ની ઉદ્વલના પૂર્ણ ન થઇ હોય અને તેની જઘન્યથી એકેન્દ્રિય સમાન સ્થિતિસત્તાવાળો હોય તો તે કાળે મોહનીયની ૨૭ની સત્તાવાળાને પણ મિશ્ર મોહ૦નો ઉદય કોઇક વખત આવી જાય છે ત્યારે ૧લા ગુણઠાણેથી પણ આ જીવ મિશ્ર ગુણસ્થાનકે આવે છે. આ પ્રમાણે મિશ્ર ગુણસ્થાનક-સમ્યક્ત્વથી પડતાં તથા મિથ્યાત્વથી તેમજ મિશ્રની ઉદ્વલના કરતો એવો મિથ્યાત્વીજીવ પ્રાપ્ત કરી શકે છે. પરંતુ અનાદિ મિથ્યાત્વીને સીધું આ ગુણઠાણું આવતું નથી કારણકે તેની પાસે મિશ્ર મોહનીય સત્તામાં હોતું નથી માટે તેનો ઉદય થઇ શકે નહિ.

મોહનીયની ૨૮ની સત્તાવાળો અને ૨૪ની સત્તાવાળો ૪થાથી મિશ્રે આવે-મોહનીયની ૨૮ની અને ૨૭ની સત્તાવાળો ૧લા ગુણ૦થી મિશ્રે આવી શકે છે. મોહનીયની ૨૮, ૨૪ની સત્તાવાળો મિશ્રથી ૧લે અને ૪થે જઇ શકે છે અને ૨૭ની સત્તાવાળો મિથ્યાત્વે જ જાય છે.

**મિશ્રગુણ૦નો કાળ** કાળ- જઘન્ય-ઉત્કૃષ્ટ-અંતર્મુહૂર્ત

## [૪.] અવિરત સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાન–

જિનેશ્વર પરમાત્માના વચન ઉપર શ્રદ્ધા થવાથી વ્રત-સંયમ-વિરતિ ગ્રહણ કરવાથી કર્મનિર્જરા થશે એમ જાણવા છતાં મોક્ષ મહેલની નિસરણી સમાન વિરતિને ન ગ્રહણ કરી શકે એવા જીવોનું જે ગુણ૦ તે અવિરત સમ્યગ્દષ્ટિ ગુણસ્થાનક કહેવાય છે.

સમક્તિ હોવા છતાં વિરતિના પરિણામ ન આવે તે અવિરત સમ્યગ્દષ્ટિ ગુણસ્થાનક કહેવાય છે.

ચોથા ગુણસ્થાનકે રહેલા જીવો ત્રણ પ્રકારનાં સમ્યક્ત્વવાળા હોય છે. (૧) ઔપશમિક સમ્ય૦વાળા (૨) ક્ષાયોપશમિક સમ્ય૦વાળા (૩) ક્ષાયિક સમ્યક્ત્વ વાળા.

### (૧) ઔપશમિક સમ્યક્ત્વ–

પૂર્વે જેનું સ્વરૂપ બતાવ્યું તે નવું ઉપશમ તથા જ્યાં અનંતાનુબંધી ૪ અને મિથ્યાત્વ મોહનીયાદિ દર્શનત્રિક(૩) એમ કુલ ૭ કર્મપ્રકૃતિઓ એવી ઉપશાન્ત કરી હોય કે જે આ સાતમાંથી કોઇ એક પણ પ્રકૃતિનો રસોદય કે પ્રદેશોદય ન હોય એવી ઉપશાન્તવાળી જે અવસ્થા તે ઔપશમિક સમ્યક્ત્વ. આ ઉપશમ સમ્યકત્વ આખા સંસારમાં પાંચવાર પ્રાપ્ત થઇ શકે છે. પ્રથમ ગુણ૦થી પમાય તે જાતિભેદની અપેક્ષાએ એકવાર અને શ્રેણીનું ઉપશમ સમ્યક્ત્વ ચારવાર એમ કુલ પાંચવાર પમાય છે. ઉપશમ સમ્યક્ત્વ ૪ થી ૧૧ ગુણઠાણા સુધી હોય છે.

કાળ-જઘન્ય અંત૦, ઉત્કૃષ્ટ-અંતર્મુહૂર્ત

**(૨) ક્ષાયોપશમિક સમ્યક્ત્વ–**

જ્યાં અનંતાનુબંધી ૪ કષાય. મિથ્યાત્વ મોહનીય અને મિશ્ર મોહનીય આ ૬ પ્રકૃતિઓનો પ્રદેશોદય હોય અથવા ક્ષય હોય અને સમ્યક્ત્વ મોહનીયનો રસોદય હોય તેને ક્ષાયોપશમિક સમ્યક્ત્વ કહેવાય છે. જે એક ભવમાં હજારોવાર અને સંસારમાં અસંખ્યવાર પામી શકાય છે. આ સમ્યક્ત્વ ૪ ગુણઠાણાથી ૭ ગુણઠાણા સુધી હોય છે.

**ક્ષય**-ઉદયમાં આવતા સમ્યક્ત્વ મોહ૦ના પુદ્ગલોને ભોગવીને ક્ષય કરે અને ઉપશમ-ઉદયમાં નહી આવતા અને સત્તામાં રહેલા મિથ્યા૦મોહ મિશ્ર૦મોહ૦ અને સમ્યક્ત્વ મોહ૦ના દલિયાના રસને મંદ કરવારૂપ ઉપશમ કરે છે. તેથી તે વખતે પ્રગટ થતો દર્શન-શ્રદ્ધારૂપ ગુણ ક્ષાયોપશમિક ભાવનો ગણાય છે.

કાળ-જઘન્યથી-અંતર્મુહૂર્ત

ઉત્કૃષ્ટથી-સાધિક ૬૬ સાગરોપમ હોય છે.

વિજ્યાદિ અનુત્તરનાં ૩૩+૩૩નાં બે ભવો અથવા અચ્યુત દેવલોકના ત્રણભવ તથા વચ્ચેના મનુષ્ય ભવ વડે અધિક આ કાળ જાણવો. કારણકે ત્યાં સુધી આ સમ્યક્ત્વ સતત રહી શકે છે. આ સમ્યક્ત્વ એક ભવમાં હજારોવાર અને અનંતા ભવોમાં અસંખ્યવાર આવે છે અને જાય છે. માટે શુભ નિમિત્તો વારંવાર સેવવા જોઈએ. જેથી આ સમ્યક્ત્વની પ્રાપ્તિ સુલભ બને.

**(૩) ક્ષાયિક સમ્યક્ત્વ–**

દર્શન સપ્તકનો સર્વથા ક્ષય થવાથી જે સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે તે ક્ષાયિક સમ્યક્ત્વ કહેવાય. આ સમ્યક્ત્વમાં દર્શન સપ્તકનો બિલકુલ ઉદય-સત્તા હોતી જ નથી. ૪ થી ૧૪ સુધી ક્ષાયિક સમ્યક્ત્વ હોય છે. આ પ્રમાણે આ ગુણઠાણે ૩ સમ્યક્ત્વ હોઈ શકે.

આવા સમ્યકત્વ ગુણવાળો જીવ મોક્ષ સુખને ઈચ્છે પરંતુ મોક્ષના કારણરૂપ વિરતિ લેવાને અસમર્થ હોય. તેથી સાવદ્ય વ્યાપારનો ત્યાગ ન હોવાથી અવિરત સમ્યગ્દષ્ટિ કહેવાય છે.

**કાળ- સાદિ અનંત.**

ક્ષાયિક સમ્યક્ત્વ પામ્યા પછી જીવને એક-ત્રણ-ચાર અથવા ક્વચિત પાંચમા ભવે મોક્ષ પ્રાપ્ત થાય છે. એમ કહેલ છે. અહીં વિરતિ અને અવિરતિનું વર્ણન આઠ ભાંગાથી સમજાવવામાં આવે છે.

ભગવંતનાં વચનને યથાર્થપણે જાણવા તે- **જાણે**, દેવ-ગુરુ સમક્ષ પૂર્ણપણે સમજીને ગ્રહણ કરવાં તે- **આદરે**, અને ગ્રહણ કર્યા પછી યથાર્થપણે પાલન કરવા તે- **પાળે**, તે જ સર્વવિરતિ છે. જેને સમજવા ૮ ભાંગા છે. તે આ પ્રમાણે છે.

## -: ૮ ભાંગા :-

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧. | ભગવાનના વચનને યથાર્થપણે | ન જાણે | ન આદરે | ન પાળે | સામાન્ય મિથ્યાત્વી જીવો |
| ૨. | " | " | " | પાળે | તાપસ વગેરે |
| ૩. | " | " | આદરે | ન પાળે | પાર્શ્વસ્થાદિ |
| ૪. | " | " | " | પાળે | બાળ-અજ્ઞાની તપસ્વી |
| ૫. | " | જાણે | ન આદરે | ન પાળે | શ્રેણિકમહારાજાદિ |
| ૬. | " | જાણે | " | પાળે | ઈન્દ્રાદિ-અનુત્તરદેવાદિ |
| ૭. | " | જાણે | આદરે | ન પાળે | સંવિજ્ઞપાક્ષિકાદિ |
| ૮. | " | જાણે | " | પાળે | દેશવિરતિ, સર્વવિરતિવાળા |

આ આઠ ભાંગામાંથી ૧ થી ૪ ભાંગા મિથ્યાત્વીને ૫, ૬, ૭ ભાંગા અવિરત સમ્યગ્દષ્ટિને અને ૮મો ભાંગો દેશવિરતિ-સર્વવિરતિધરને ઘટે છે. એટલે **આ ચોથા ગુણઠાણાવાળા ૫ થી ૭ એમ ત્રણ ભાંગાવાળા** જીવો હોય છે.

અવિરત સમ્યક્દ્રષ્ટિ ગુણ૦નો કાળ- જઘન્ય-**અંતર્મુહૂર્ત**

અંત૦ પછી સમ્યક્ત્વથી પતિત થાય તે અપેક્ષાએ

ઉત્કૃષ્ટ- **સાધિક ૩૩ સાગરોપમ**– અનુત્તરમાં ૩૩ સાગ૦સુધી સમ્યકત્વમાં રહી. મનુષ્યના ભવમાં આવે તેને ૮વર્ષ પછી દેશવિરતિ, સર્વવિરતિનો પરિણામ આવે તે અપેક્ષાએ

અહીં સમ્યક્ત્વના વિવક્ષા ભેદે બે-ત્રણ-ચાર-પાંચ આદિ ભેદો શાસ્ત્રોમાં બતાવ્યા છે. તે આ પ્રમાણે–

**બે પ્રકાર–**

(૧) **નિસર્ગ**– ગુરુ ઉપદેશ-જિનપ્રતિમા દર્શન આદિ બાહ્ય નિમિત્ત વિના તથાભવ્યત્વના પરિપાકના વશથી સહજ રીતે જિનેશ્વર ભગવંતના વચનો પર શ્રદ્ધા થવી, તત્ત્વરુચિ થવી તે.

(૨) **અધિગમ**– સુગુરુના ઉપદેશથી-પરમાત્માના દર્શનથી અથવા સંધ્યારાગ-આદિના નિમિત્તથી તત્ત્વરુચિ તે.

બીજી રીતે બે પ્રકાર (૧) વ્યવહાર સમ્યકત્વ (૨) નિશ્ચય સમ્યકત્વ

(૧) **વ્યવહાર સમ્યક્ત્વ**– દેવ-ગુરુની સાક્ષીએ સમ્યક્ત્વ વ્રત ઉચરવું તે, વ્યવહારથી એટલે બોલવામાં જિનેશ્વરે કહેલાં તત્ત્વો સાચાં છે તેમ બોલવું- સમજાવવું. આદરવું તે.

(૨) **નિશ્ચય સમ્યક્ત્વ**– ભાવથી-હૃદયથી જિનેશ્વર ભગવાનના વચનોની શ્રદ્ધા કરવી, જીવાદિ તત્ત્વોની અને મોક્ષતત્ત્વની શ્રદ્ધા કરવી, તે જ મેળવવા જેવું છે તેમ માનવું.

અથવા (૧) દ્રવ્યસમ્યક્ત્વ (૨) ભાવસમ્યક્ત્વ.

(૧) **દ્રવ્ય સમ્યકત્વ**– જીવાદિ તત્ત્વોના સમ્યગ્ પ્રકારના જ્ઞાનવિના જિનેશ્વર ભગવાનના વચનોની શ્રદ્ધા કરવી, યથાર્થ માનવા.

(૨) **ભાવ સમ્યક્ત્વ–** જીવાદિ તત્ત્વોનું નય-નિક્ષેપા પૂર્વક સમ્યગ્ પ્રકારે જ્ઞાન મેળવી-મોક્ષમાં પૂર્ણ અને કાયમીસુખ છે તેવી સમજપૂર્વક તત્ત્વોની શ્રદ્ધા કરવી તે.

અથવા (૧) પૌદ્ગલિક (૨) અપૌદ્ગલિક

(૧) **પૌદ્ગલિક–** મિથ્યાત્વ મોહનીયના શુદ્ધ કરેલા મંદ બે ઠાણીયા રસવાળા (સમ્યક્ત્વ મોહ૦રૂપ) પુદ્ગલોના ઉદય વખતે જે જિનેશ્વર ભગવાનના વચનોની જીવાદિ તત્ત્વની શ્રદ્ધા થાય તે.

આ સમ્યક્ત્વમાં શંકાદિ પાંચ અતિચારોનો સંભવ છે. કારણકે સમ્યક્ત્વને કંઇક મલિન કરનાર એવા દર્શન મોહનીયના પુદ્ગલનો ઉદય છે. પુદ્ગલને વેદે છે. તેથી તેનું બીજું નામ વેદક અથવા ક્ષાયોપશમિક સમ્યક્ત્વ કહેવાય છે.

(૨) **અપૌદ્ગલિક–** ક્ષાયિક અથવા ઉપશમ સમ્યક્ત્વમાં દર્શન મોહનીયના પુદ્ગલોનો ઉદય હોતો નથી તેથી તે ઉદયના અભાવની અપેક્ષાએ અપૌદ્ગલિક સમ્યક્ત્વ કહેવાય.

આ સમ્યક્ત્વમાં શંકાદિ અતિચાર લાગે નહીં.

હવે સમ્યક્ત્વના ત્રણ પ્રકાર આ પ્રમાણે–

(૧) **રોચક–** તીર્થંકર ભગવંતે કહેલા તત્ત્વો પ્રત્યે દઢરુચિ-મજબુત શ્રદ્ધાવાળો, અને આચાર ઉપર અતિરુચિવાળો.

(૨) **દીપક–** દિપકની નીચે અંધારાની જેમ પોતાનામાં રુચિ ન હોય પરંતુ બીજાને શ્રદ્ધા-રુચિ ઉત્પન્ન કરાવે તે.

(૩) **કારક–** પોતાનામાં અરિહંત ભગવંતોએ કરેલો આચાર તપ-સંયમ વિગેરેને લાવે તે. દ્રઢપણે વ્રતનિયમાદિ કરે તે.

અથવા ક્ષાયિક-ઉપશમ અને ક્ષયોપશમ એમ પણ ત્રણ પ્રકારે, ઉપર વર્ણન કર્યું તે. (જુઓ પેજ. ૨૪, ૨૫)

**સમ્યક્ત્વના ચાર પ્રકાર–**

(૧) ક્ષાયિક (૨) ઉપશમ (૩) ક્ષાયોપશમ (૪) વેદક

અહીં ચોથો ભેદ વેદક સમ્યક્ત્વનું વર્ણન આ પ્રમાણે–

**વેદક–** માત્ર દર્શનમોહનીયના શુદ્ધ કરેલા-એટલે મંદ બે અને એક ઠાણીયા રસવાળા દલિકો વેદાય પંરતુ ઉપશમપણું ન હોય એટલે સમ્યક્ત્વ મોહનીયના ક્ષય વખતે છેલ્લી એક આવલિકાના વેદનકાળે ફક્ત ઉદય-વેદન હોય છે. તેથી તેને વેદક સમ્યક્ત્વ કહેવાય.

જો કે કેટલાક ગ્રંથકારો ક્ષયોપશમ સમ્યક્ત્વને પણ વેદક કહે છે.

**પાંચ પ્રકાર–** સમ્યક્ત્વના પાંચ પ્રકાર આ પ્રમાણે છે. (૧) ક્ષાયિક (૨) ઉપશમ (૩) ક્ષાયોપશમ (૪) સાસ્વાદન (૫) મિશ્ર.

આ રીતે ક્ષાયિક-ઉપશમ કે ક્ષાયોપશમ સમ્યકત્વ સહિત વિરતિ વિનાના જીવનું ગુણસ્થાનક તે અવિરત સમ્યગ્દષ્ટિગુણ૦ કહેવાય છે.

**[૫] દેશવિરતિ ગુણસ્થાનક–**

(૧) દેશથી વિરતિ જ્યાં હોય તે દેશવિરતિ ગુણ૦ કહેવાય.

(૨) જ્યાં સંપૂર્ણ વિરતિ ન હોય પણ આંશિક વિરતિ હોય તે.

(૩) નવકારસી, અભિગ્રહ આદિનું પણ પચ્ચક્ખાણ કરે તે જઘન્ય દેશવિરતિ.

(૪) દેવ-ગુરુની સાક્ષીએ જઘન્યથી ૧ વ્રત અને ઉત્કૃષ્ટથી ૧૨ વ્રત ધારણ કરવા તે દેશવિરતિ શ્રાવક કહેવાય.

(૫) ઉપશમ– ક્ષયોપશમ-ક્ષાયિક આ ૩માંથી કોઈપણ એક પ્રકારનું સમ્યક્ત્વ હોતે છતે સર્વવિરતિ ગ્રહણ કરવાની ઈચ્છા હોવા છતાં પણ પ્રત્યાખ્યાનાવરણ કષાયના ઉદયથી તે ન સ્વીકારી શકવાના કારણે અપ્રત્યાખ્યાની કષાયના ક્ષયોપશમથી એક વ્રત-બે વ્રત આદિ દ્વારા આંશિક

વિષયોનો ત્યાગ કરવા પૂર્વકના જે જીવોનું ગુણ૦ તે દેશવિરતિ ગુણસ્થાનક કહેવાય છે.

(૬) અહીં મન-વચન-કાયાના ત્રણ કરણના નવ ભાંગા થાય તેમાં જઘન્યથી એક ભાંગે અને ઉત્કૃષ્ટથી આઠ ભાંગે વિરતિ હોય. પરંતુ નવે ભાંગે વિરતિ હોય નહીં, તેથી **દેશથી વિરતિ માટે દેશવિરતિ** કહેવાય છે.

(૭) આ ગુણસ્થાનક સંખ્યાત વર્ષના (ઉત્કૃષ્ટથી પૂર્વ કોડ વર્ષ) આયુષ્યવાળા મનુષ્ય તિર્યંચોને હોય છે.

(૮) અહીં ક્ષાયિક-ઉપશમ અને ક્ષાયોપશમ સમ્યક્ત્વ હોય છે. પરંતુ તિર્યંચને ઉપશમ અને ક્ષાયોપશમ સમ્યક્ત્વ હોય, કારણકે તિર્યંચોને ક્ષાયિક સમ્યક્ત્વ યુગલિકમાં સંભવે અને યુગલિક તિર્યંચને દેશવિરતિ હોય નહીં.

(૯) દેશવિરતિવાળા ભાવશ્રાવકનાં છ લક્ષણો આ પ્રમાણે છે. (૧) વ્રતધારી (૨) શીલવંત (સદાચારી) (૩) ગુણવાન્ (૪) વ્યવહારી (૫) ગુરુશુશ્રુષક (૬) પ્રવચન-સિદ્ધાન્તને સમજવામાં કુશળ

અહીં નવભાંગાની વિરતિમાંથી મનની અનુમોદના વિના આઠ ભાંગે સાવદ્ય વ્યાપારની વિરતિ હોય છે.

તે નવ ભાંગા આ પ્રમાણે છે. સાવદ્યકાર્યને
(૧) કાયાથી કરવું નહીં. (૨) કાયાથી કરાવવું નહીં. (૩) કાયાથી અનુમોદવું નહીં.
(૪) વચનથી કરવું નહીં. (૫) વચનથી કરાવવું નહીં. (૬) વચનથી અનુમોદવું નહીં.
(૭) મનથી કરવું નહીં. (૮) મનથી કરાવવું નહીં. (૯) મનથી અનુમોદવું નહીં.

અહીં નવમો ભાંગો-મનથી અનુમોદવારૂપ સાવદ્યક્રિયાનો ત્યાગ ન હોય. અહીં મનની અનુમોદના પણ ત્રણ પ્રકારે છે તે આ પ્રમાણે–

(૧) પ્રતિસેવનાનુમતિ–

પોતાના, પરના-ઉભયના માટે હિંસાદિથી કરાયેલા ભોજન આદિનો જે ઉપયોગ કરે તે પ્રતિસેવનાનુમતિ કહેવાય છે.

(૨) પ્રતિશ્રવણાનુમતિ–

પુત્ર-પત્ની આદિ સગા-સંબંધીઓ કુટુંબીજનો દ્વારા કરાયેલાં પાપકર્મને કેવળ સાંભળે-સાંભળવા છતાં તે કાર્યોથી પુત્રાદિને ન રોકે અર્થાત્ મનથી અનુમતિ છે તે પ્રતિશ્રવણાનુમતિ કહેવાય છે. કારણ કે

न निषिद्धं अनुमतम् । નિષેધ ન કરાયેલ હોય તેમાં અનુમતિ છે માટે.

(૩) સંવાસાનુમતિ–

પુત્રાદિ પરિવાર વડે કરાતા પાપને ન સાંભળે, મનથી સારું છે એમ પણ ન માને, માત્ર પોતાના પુત્ર આદિ છે એવી મમતા જ હોય તે સંવાસાનુમતિ કહેવાય છે.

ઉત્કૃષ્ટથી દેશવિરતિ ગુણ૦વાળો શ્રાવક આત્મા પ્રથમની બે અનુમોદનાનો ત્યાગ કરી શકે છે. પરંતુ સંવાસાનુમતિનો ત્યાગ કરી શકતો નથી. તેથી તે સર્વવિરતિવાળો કહેવાય નહીં.

આ રીતે ઉત્કૃષ્ટથી બાર વ્રત ધારણ કરે, ૧૧ પ્રતિમા વહન કરી શકે, ૩ અનુમતિમાંથી બે અનુમતિ ત્યજી શકે છે. પણ ૩જા ભાંગાનો ત્યાગ ન કરી શકે, તેથી વીસવસામાંથી સવા વસાની જ દયા પાળી શકે છે.

**સવા-વસાની દયા–**

**શ્રાવકને ૧। (સવા) વસાની દયા હોય તે આ પ્રમાણે**

સંયમીની ૨૦ વસાની દયાની અપેક્ષાએ શ્રાવકને ૧। વસાની દયા (અહિંસા) હોય છે. કારણકે–

સંયમીને ત્રસ અને સ્થાવર બન્ને જીવોની સંપૂર્ણ અહિંસા હોય તેથી તેમને વીશવસા દયા હોય. પરંતુ

શ્રાવકને ત્રસની દયા હોય પરંતુ સ્થાવરની દયા ન પાળી શકે તેથી સ્થાવરની દશ વસા ન હોય.

તેમાં પણ ત્રસની દયા (૧) સંકલ્પથી (૨) આરંભથી, તેમાં આરંભથી દયા ન પાળી શકે, માટે સંકલ્પની ૫ વસા દયા હોય. આરંભની ૫ વસાદયા

ન હોય. તેમાં સંકલ્પથી વધ બે પ્રકારે (૧) અપરાધી (૨) નિરપરાધી તેમાં અપરાધીની દયા ન પાળી શકે એટલે અપરાધીનો વધ કરે તેથી ૨॥ વસા દયા ન હોય. તેમાં વળી (૧) સાપેક્ષથી અને (૨) નિરપેક્ષથી એમ બે પ્રકારે દયા તેમાં સાપેક્ષથી દયા ન પાળી શકે તેથી ૧॥ વસાની દયા હોય. એટલે શ્રાવકને ૧ નિરપરાધી ત્રસ જીવની નિરપેક્ષપણે સંકલ્પીને દયા (અહિંસા) હોય. આ રીતે સ્થુલ પ્રાણાતિપાત વિરમણવ્રત સંભવે.

જિનપ્રભસૂરિ વિરચિત આત્મપ્રબોધમાં કહ્યું છે કે–

साहू वीसं सड्ढे, तससंकप्पावराहसाविक्खे
अद्धद्धेओ सवाओ, विसोअओ पाणअइवाए ॥१॥

સાધુને વીશ વસાની અને શ્રાવકને અપરાધી ત્રસની સાપેક્ષપણે સંકલ્પીને દયા ન હોવાથી અર્ધી-અર્ધી કરવાથી સવા વસા દયા હોય.

જો કે સ્થાવરાદિ અને અપરાધી ત્રસાદિ જીવો પ્રત્યે પણ યતના (જયણા) હોય. નિર્દયપણું ન હોય. એટલે નિઃશંકપણે તે જીવોની વિરાધના ન કરે.

દેશવિરતિગૃહસ્થ શ્રાવક ત્રણ પ્રકારના મનોરથવાળો હોય છે એમ રત્નસંચય નામના ગ્રંથમાં કહ્યું છે.

૧. ક્યારે હું બાહ્ય અને અભ્યન્તર પરિગ્રહનો ત્યાગ કરીશ
૨. ક્યારે હું ગૃહસ્થવાસને છોડી અણગારપણું અંગીકાર કરીશ
૩. ક્યારે હું અંતકાલે આરાધનાપૂર્વક સમાધિ મરણ પ્રાપ્ત કરીશ

કેટલાક સ્થાનકવાસીઓ શ્રાવકને ૬ કોટિ અને કેટલાક ૮ કોટિનું પચ્ચક્ખાણ માને છે.

(૧) ૬ કોટિવાળા ત્રણ યોગની અનુમોદનાના ભાંગે વિરતિ ન પાળી શકે એમ માને છે. માટે ૬ કોટિ.

(૨) ૮ કોટિવાળા મનની અનુમોદનારૂપ ભાંગો ન પાળી શકે એમ માને છે માટે ૮ કોટિ.

શ્વે૦મૂર્તિપૂજકો શ્રાવકને ઉત્કૃષ્ટથી આઠ કોટિનું પચ્ચક્ખાણ માને છે.

આ ગુણસ્થાનક પર્યા૦સંખ્યાત વર્ષના આયુષ્યવાળા સંજ્ઞી-પં૦ તિર્યંચ મનુષ્યને હોય છે. દેવ-નારકી અને યુગલિકને આ ગુણસ્થાનક હોય નહીં. તેઓને ચાર સુધીના ગુણસ્થાનક હોય છે.

**દેશવિરતિ ગુણ૦નો કાળ**

જઘન્યથી - અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી - દેશોન પૂર્વક્રોડ વર્ષ

જઘન્યથી પ્રત્યાખ્યાનનો પરિણામ અંત૦ રહી ચાલ્યો જાય અગર મરણ પામી દેવગતિમાં જાય. એટલે દેશવિરતિપણું હોય નહીં. તે અપેક્ષાએ અંતર્મુહૂર્ત કાળ ઘટે.

ઉત્કૃષ્ટથી આ પ્રમાણે- સંખ્યાત વર્ષના (પૂર્વક્રોડ વર્ષના) આયુષ્યવાળા ગ૦ પ૦ તિર્યંચ અને મનુષ્યો દેશવિરતિ પામી શકે. તે જીવને ગર્ભકાળ જ૦ થી સાત માસ અને જન્મ પછી આઠ વર્ષે દેશવિરતિનો પરિણામ આવે તો તે અપેક્ષાએ સાત માસ આઠ વર્ષ એટલે (કંઈક) ન્યુન દેશોન પૂર્વક્રોડ વર્ષ કાળ ઉત્કૃષ્ટથી સંભવે.

**[૬.] પ્રમત્તસંયત ગુણસ્થાનક–**

શ્રદ્ધા અને જ્ઞાનપૂર્વક સાવદ્યક્રિયાનો ત્યાગ એટલે ઉપર જણાવેલ નવ ભાંગાથી જ્યાં વિરતિ હોવા છતાં જ્યાં નિદ્રા આદિ પ્રમાદ વર્તતા હોય તે પ્રમત્તસંયત ગુણ૦ કહેવાય છે.

ઈન્દ્રિયોના વિષયોમાં રાગ તે પ્રમાદ કહેવાય.

ઈન્દ્રિયોના વિષયોમાં રાગ નહિ તે અપ્રમાદ.

પ્રમાદ ચાર અથવા પાંચ પ્રકારે–

(૧) નિદ્રા– ચૈતન્યને અસ્પષ્ટ કરે તે નિદ્રા
નિદ્રામાં આસક્તિ તે પ્રમાદ.

(૨) વિકથા– જેનાથી આત્મલાભ ન થાય અને રાગદ્વેષ વધે તેવી કથા (વાર્તા) કરવી તે વિકથા

(૩) વિષય– ૫ ઇન્દ્રિયોના વિષયમાં આસક્તિ. ઇન્દ્રિયોના વિષયમાં રમણતા-આનંદ તે.

(૪) કષાય– જેનાથી સંસારની વૃદ્ધિ થાય તે.

કેટલાક મદ્યને જુદો પ્રમાદ ગણે તો પ્રમાદ પાંચ પ્રકારે થાય.

(૫) મદ્ય– જેનાથી અભિમાનપણું, ઉન્મત્તપણુ થાય તે.

**કાળ– જ. એક સમય**-ભવક્ષયની અપેક્ષાએ એટલે દેશવિરતિથી અથવા અપ્રમત્તથી આ ગુણ.માં આવે અને એક સમયમાં-બે આદિ સમયમાં આયુષ્ય પૂર્ણ થાય તો ભવાન્તરના પ્રથમ સમયે દેવના ભવમાં અવિરત સમ્યગ્દષ્ટિ ગુણ૦ આવે તેથી જઘન્ય એક સમય ઘટે.

મધ્યમ બે-ત્રણ-ચાર આદિ અસંખ્ય સમયો ઘટે.

ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્તકાળ એટલે અંત૦ કરતાં વધારે પ્રમાદ અવસ્થાના ઉપયોગવાળો રહે તો પ્રમત્તથી પણ નીચે જાય માટે. પ્રમત્તસંયત ગુણ૦ના કાળ ઉ૦થી અંતર્મુહૂર્ત.

**[૭] અપ્રમત્ત સંયત ગુણસ્થાનક–**

જ્યાં નિદ્રા વગેરે પ્રમાદ ન હોય અને નવે ભાંગે વિરતિ હોય તે અપ્રમત્ત સંયત ગુણસ્થાનક કહેવાય છે.

ઇન્દ્રિયના વિષયથી રહિત ન હોવા છતાં-અનાસક્ત ભાવ થી રહે તેથી કુરગડુઋષિ આદિની જેમ વાપરતાં છતાં પણ અપ્રમત્ત કહેવાય.

મુનિને નિદ્રા તો અંત૦ કરતાં પણ સતત વધારે હોય તો

નિદ્રામાં અપ્રમત ગુણસ્થાનક કેવી રીતે ?

નિદ્રામાં તત્ત્વચિંતન ચાલતું હોય, પ્રમાર્જના આદિના ઉપયોગના સંસ્કાર હોય તેથી **ઇન્દ્રિયોના વિષયમાં વર્તતો હોવા છતાં જેમ અપ્રમત્ત કહેવાય છે તેમ નિદ્રામાં પણ અપ્રમત્ત ગુણસ્થાનક હોય છે.** એટલે તત્ત્વચિંતન કરતાં કરતાં નિદ્રા આવે તો નિદ્રાવસ્થામાં પણ વારંવાર જ્ઞાનના ઉપયોગવાળો થવાથી અપ્રમત્ત કહેવાય.

કાળ– જ. ૧ સમય. ઉત્કૃષ્ટ - અંતર્મુહૂર્ત

અહીં પણ પ્રમત્ત ગુણ૦ની જેમ કાળ જાણવો. આ બંને ગુણસ્થાનકમાં જીવ પરાવર્તમાન કરતો સેંકડો વખત પ્રાપ્ત કરે છે. તેથી બંનેનો સંયુક્ત કાળ પણ જ. **અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ દેશોન પૂર્વક્રોડ વર્ષ.**

જો કે ઉપયોગવંત આત્મા પ્રમત્ત ગુણ૦માં થોડો ટાઇમ (નાનું અંત૦) રહે અને અપ્રમત્તમાં ઘણો ટાઇમ (મોટું અંત૦) રહે. પ્રમાદવંત આત્માને તે ઉલ્ટા ક્રમ વડે જાણવું, જેથી ઉત્કૃ૦ દેશોન પૂર્વક્રોડવર્ષ કુલ પ્રમત્તનો કાળ જ અંત૦, તેમજ અપ્રમત્તનો કાળ જ અંત૦ અને અપ્રમત્તનો કાળ ઉત્કૃ૦ દેશોન પૂર્વક્રોડ વર્ષ હોય એમ પણ બને.

અહીં ઉપશમશ્રેણી અથવા ક્ષપકશ્રેણી ચડનાર આત્મા યથાપ્રવૃત્તકરણ કરે છે. ત્યારબાદ ઉત્તરોત્તર ચડતા પરિણામવાળો હોય તો અપૂ૦ગુણ૦માં અપૂર્વકરણ કરે છે. નહી તો સ્થિર અથવા પતિત પરિણામી હોય તો શ્રેણી ચડે નહી. તેથી શ્રેણી અપૂર્વકરણથી કહેવાય છે.

### [૮.] અપૂર્વકરણ ગુણસ્થાનક–

પૂર્વે ક્યારેય ન આવ્યો હોય એવો વિશુદ્ધ, અપૂર્વ અધ્યવસાય જ્યાં વર્તે છે તેવા જીવોનું જે ગુણ૦ તે અપૂર્વકરણ ગુણસ્થાનક કહેવાય છે. ઉપશમ શ્રેણીવાળો અને ક્ષપકશ્રેણીવાળો જીવ યથાપ્રવૃત્તકરણ પછી અપૂર્વકરણ કરે છે. તેથી જ શ્રેણીમાં અપૂર્વકરણ કરે તે વખતનું ગુણસ્થાનક તે અપૂર્વકરણ ગુણસ્થાનક કહેવાય.

આ ગુણસ્થાનકમાં અપૂર્વ અધ્યવસાયથી પાંચ અપૂર્વ કાર્યો થાય છે.

(૧) સ્થિતિઘાત (૨) રસઘાત (૩) ગુણશ્રેણિ (૪) ગુણસંક્રમ (૫) અપૂર્વ સ્થિતિબંધ.

અપૂર્વકરણાદિ ગુણસ્થાનક શ્રેણિમાં જ પ્રાપ્ત થાય છે. શ્રેણિ બે પ્રકારે છે. (૧) ઉપશમશ્રેણિ (૨) ક્ષપકશ્રેણિ.

આ ગુણસ્થાનકમાં વર્તતા ત્રિકાળવર્તી જીવોનાં અધ્યવસાયો અસંખ્યાતા (અસંખ્ય લોકાકાશ પ્રદેશ પ્રમાણ) હોય છે. અને તે ષટ્સ્થાન પતિત છે.

આ ગુણસ્થાનકમાં બે પ્રકારનાં જીવો હોય છે. (૧) ઉપશામક (૨) ક્ષપક.

(૧) ઉપશમ શ્રેણિ– ચારિત્ર મોહનીયને ઉપશમ કરવાની ક્રિયા અથવા જે અધ્યવસાય - પરિણામથી ચારિત્ર મોહનીયનો ઉપશમ થાય તે ઉપશમશ્રેણિ.

(૨) ક્ષપક શ્રેણિ– ચારિત્ર મોહનીયને ક્ષય કરવાની ક્રિયા એટલે જે પરિણામ - અધ્યવસાયથી ચારિત્ર મોહનીય આદિ ઘાતીકર્મનો ક્ષય થાય છે તે પરિણામથી ઉત્તરોત્તર ચડતી લાઇન તે ક્ષપકશ્રેણી.

જો કે અહીં આઠમા ગુણ૦માં મોહનીયની એકેય પ્રકૃતિનો ઉપશમ કે ક્ષય કરતો નથી. પરંતુ નવમા ગુણ૦માં ઉપશમ અને ક્ષય કરવાની પૂર્વ તૈયારીરૂપ વિશુદ્ધિ હોય છે. તેથી અહીં પણ ઉપશામક અને ક્ષપક એમ બે પ્રકારના જીવો કહેવાય છે.

વર્તમાનની સમીપમાં વર્તતો ભવિષ્યકાળ તેમાં વર્તમાનનો ઉપચાર થાય છે. માટે નજીકના ભવિષ્યમાં ક્ષય કે ઉપશમ કરવાનો હોવાથી અને તેના યોગ્ય વિશુદ્ધિ તરફ જતો હોવાથી ક્ષપક અથવા ઉપશામક કહેવાય છે.

અપૂર્વકરણમાં પ્રતિસમયે અનંતગુણ વિશુદ્ધિ હોય છે. તેથી યથાપ્રવૃત્તકરણના છેલ્લા સમયની ઉત્કૃષ્ટ વિશુદ્ધિ કરતાં અપૂર્વકરણના પ્રથમ

સમયની જઘન્ય વિશુદ્ધિ અનંતગુણ. તેથી પ્રથમ સમયની ઉત્કૃષ્ટ વિશુદ્ધિ અનંતગુણ. તેથી બીજા સમયની જઘન્ય વિશુદ્ધિ અનંતગુણ. તેથી બીજા સમયની ઉત્કૃષ્ટ વિશુદ્ધિ અનંતગુણ એમ યાવત્ અપૂર્વકરણ ગુણસ્થાનકના ચરમ સમય સુધી જાણવું.

પ્રતિસમયે વિશેષાધિક-વિશેષાધિક અસંખ્યાતા અધ્યવસાયો હોય છે. અહીં દરેક સમયે નવા અસંખ્યાતા અધ્યવસાયો હોય છે. પૂર્વના સમયના એકે અધ્યવસાય પછીના સમયમાં ન હોય.

આ અપૂર્વકરણની વિશુદ્ધિથી પાંચ અપૂર્વ કાર્યો કરે છે. (૧) સ્થિતિઘાત (૨) રસઘાત (૩) ગુણશ્રેણિ (૪) ગુણસંક્રમ (૫) અપૂર્વસ્થિતિબંધ.

(૧) સ્થિતિઘાત–

સત્તામાં રહેલી સ્થિતિના અગ્રીમભાગ થકી પ્રથમ સ્થિતિખંડ જઘન્યથી પલ્યોપમનો (અ) સંખ્યાતમો ભાગ ઉત્કૃષ્ટથી પ્રથમ સ્થિતિઘાત સેંકડો સાગરોપમ પ્રમાણ સ્થિતિનો અંતર્મુહૂર્તમાં ઘાત કરે છે. બીજા વિગેરે સ્થિતિખંડો પલ્યોપમના (અ) સંખ્યાતમો ભાગ પ્રમાણ હોય છે. દરેક સ્થિતિખંડ અંતર્મુહૂર્તે અંતર્મુહૂર્તે ઘાત કરે છે.

ઘાત કરાતા સ્થિતિખંડમાંથી પ્રથમ સમયે દલિક સર્વથી થોડું, બીજા સમયે અસંખ્યગુણ એમ ચરમ સમય સુધી અસંખ્ય ગુણ ઉપાડે છે-ઉકેરે છે.

તે ઉકેરાતું દલિક નહીં ખંડન કરાતી નીચેની સ્થિતિઓમાં ગોઠવે છે.

આવા અપૂર્વકરણના કાળમાં હજારો સ્થિતિઘાત થાય છે.

તેથી અપૂર્વકરણના પ્રથમ સમયે જે સ્થિતિસત્તા હોય તેનાં કરતાં ચરમ સમયે સંખ્યાત ગુણહીન સત્તા બને છે.

(૨) રસઘાત–

સત્તામાં રહેલી અશુભ પ્રકૃતિઓના રસના અનંતા ભાગ કરી એક અનંતમો ભાગ બાકી રાખી બીજા અનંતા ભાગોનો અંતર્મુહૂર્તે નાશ કરે છે.

વળી બાકી રહેલા અનંતમા ભાગના રસના અનંતા ભાગ કરી એક અનંતમો ભાગ બાકી રાખી બીજા અનંતા ભાગોનો નાશ કરે છે. આવા રસઘાત એક સ્થિતિઘાતના કાળમાં હજારો થાય છે અને અપૂર્વકરણના કાળમાં હજારોવાર હજારો રસઘાત થાય છે. આ રસઘાત ત્રુટિત અને અત્રુટિત એમ બંને સ્થિતિઓમાં રહેલા રસનો થાય છે.

(૩) ગુણશ્રેણિ–

ઉપરની ખંડન કરાતી સ્થિતિના દલિયાને નીચે ઉતારી ઉદયવતીના ઉદય સમયથી, અને અનુદયવતીના ઉદયાવલિકાની બહારથી અસંખ્ય ગુણાકારે અંતર્મુહૂર્તની સ્થિતિમાં ગોઠવવા તે. આ ગુણશ્રેણિનું અંતર્મુહૂર્ત અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણના બંનેના કાળ કરતાં થોડું મોટું જાણવું.

ગુણશ્રેણિના અંતમુહૂર્તના છેલ્લા સમયને ગુણશ્રેણિનું શીર્ષ કહેવાય છે. ગુણશ્રેણિના પ્રથમ સમયથી ગુણશ્રેણિના મસ્તક સુધીમાં અસંખ્ય ગુણાકારે દલિયા ગોઠવે છે એટલેકે ઉદય સમયમાં થોડું, બીજા સમયમાં અસંખ્ય ગુણ, પછીના ત્રીજા સમયમાં અસંખ્યગુણ એમ શ્રેણિના શીર્ષ સુધી સમજવું.

વળી જે ઉપરની સ્થિતિમાંથી દલિયા ઉકેરે છે તે પણ અસંખ્ય ગુણાકારે ઉપાડે છે એટલે પ્રથમ સમયે થોડા, બીજા સમયે અસંખ્ય ગુણ, ત્રીજા સમયે અસંખ્ય ગુણ એમ યાવત્ અંતર્મુહૂર્તના ચરમ સમય સુધી.

ગુણશ્રેણિની રચના શેષ શેષ સમયમાં થાય છે. એટલે પ્રથમ સમયે અંતર્મુહૂર્ત સુધી, બીજા સમયે પ્રથમ સમય જવાથી બીજા સમયથી અંતર્મુહૂર્ત એટલે પ્રથમ સમયે ગોઠવ્યાં છે ત્યાં સુધી અર્થાત્ ગુણશ્રેણિનું મસ્તક આગળ વધતું નથી.

| | |
|---|---|
| જેમ પ્રથમ સમયે | ૧ થી ૧૦૦ સમયમાં |
| બીજા સમયે | ૨ થી ૧૦૦ સમયમાં |
| ત્રીજા સમયે | ૩ થી ૧૦૦ સમયમાં |

(૪) ગુણસંક્રમ–

અબધ્યમાન અશુભ પ્રકૃતિના દલિયા બધ્યમાન સ્વજાતીય પ્રકૃતિમાં પ્રતિસમયે અસંખ્ય ગુણાકારે નાંખવા તે.

અહીં પ્રથમ સમયથી જ પહેલા ગુણસ્થાનકના અંતે બંધવિચ્છેદ થતી અશુભ ૧૩ પ્રકૃતિઓ, બીજા ગુણસ્થાનકના અંતે બંધવિચ્છેદ થતી અશુભ ૧૯ પ્રકૃતિઓ, ૪ થા ગુણ૦ના અંતે બંધવિચ્છેદ થતી અપ્રત્યા. ૪ તથા ૫મા ગુણસ્થાનકના અંતે બંધવિચ્છેદ થતા પ્રત્યાખ્યા. ૪ તેમજ ૬ઠ્ઠાના અંતે બંધવિચ્છેદ થતી અરતિ-શોક વિગેરે ૬ એમ કુલ ૪૬ પ્રકૃતિઓનો ગુણસંક્રમ થાય છે. તેમજ આ ગુણસ્થાનકમાં બંધવિચ્છેદ થતી નિદ્રાદ્વિક, અશુભ વર્ણાદિ ૯ અને ઉપઘાતનો બંધવિચ્છેદ પછીના સમયથી ગુણસંક્રમ થાય એમ કુલ-૫૮નો ગુણસંક્રમ થાય છે અને નવમા ગુણસ્થાનકથી હાસ્યાદિ-૪ સહિત ૬૨ પ્રકૃતિઓનો ગુણસંક્રમ થાય.

(૫) અપૂર્વ સ્થિતિબંધ–

અહીં પરિણામની વિશુદ્ધિ પ્રતિસમયે અનંત ગુણ હોવાથી અપૂર્વકરણના પ્રથમ સમયથી ઘણો નાનો નવો સ્થિતિબંધ શરૂ થાય છે. અને તેટલો તેટલો સ્થિતિબંધ એક અંતર્મુહૂર્ત સુધી થાય. પછીના અંતર્મુહૂતમાં પલ્યો૦નો સંખ્યાતમો ભાગ ન્યૂન નવો સ્થિતિબંધ થાય. એક સ્થિતિબંધ અસંખ્ય અધ્યવસાયોથી થતો હોવાથી અંત૦ સુધી એક સરખો સ્થિતિબંધ હોય છે. તે પ્રમાણે બીજો સ્થિતિબંધ બીજા અંતર્મુહૂર્ત સુધી થાય છે.

અંતર્મુહૂર્તે - અંતર્મુહૂર્તે પલ્યો૦નો (અ) સંખ્યાતમો ભાગ હીન હીન સ્થિતિબંધ કરે તેથી. આવો હીન હીન સ્થિતિબંધ પહેલાં ક્યારેય કર્યો નથી માટે અપૂર્વસ્થિતિબંધ કહેવાય છે.

સ્થિતિબંધ અને સ્થિતિઘાત સાથે શરૂ થાય છે અને સાથે પૂર્ણ થાય છે.

આ ગુણસ્થાનકનું બીજું નામ 'નિવૃત્તિકરણ' છે નિવૃત્તિ એટલે ફેરફાર, તરતમતા-અસમાનતા અહીં પરસ્પર અધ્યવસાયની વિષમતા હોય

છે. તેથી નિવૃત્તિકરણ કહેવાય છે. અહીં દરેક સમયના અધ્યવસાયો પ્રતિસમયે ષટ્સ્થાન પતિત હોય છે.

અહીં ષટ્સ્થાનનું વર્ણન પ્રથમ સમ્યક્ત્વ પામતી વખતે સમજાવ્યું તેમ જાણવું (જૂઓ પેઈજ-૧૨)

**અપૂર્વકરણ ગુણ૦નો કાળ**

**જઘન્ય - એક સમય, ઉત્કૃષ્ટ - અંતર્મુહૂર્ત**

જઘન્યથી કાળ-ભવક્ષયની અપેક્ષાએ પ્રમત ગુણ૦માં જણાવ્યું તેમ સમજવો.

ઉત્કૃષ્ટથી-અંતર્મુહૂર્ત, અર્થાત્ મરણ ન પામે તો અંત૦ પછી જ અન્ય ગુણ૦ પામે છે એટલે શ્રેણી ચડતા ઉપરના ગુણ૦માં જાય અને ઉપ૦ શ્રેણીમાં પડતાં નીચેના ગુણ૦માં અંત૦ પછી અપ્રમત્તને પામે. એટલે અંતર્મુહૂર્ત પછી જ અન્યગુણ૦ પામે માટે.

**[૯.] અનિવૃત્તિકરણ ગુણસ્થાનક–**

આ ગુણસ્થાનકમાં પ્રતિસમયે ત્રિકાળવર્તી જીવોના અધ્યવસાય પરસ્પર સરખા હોય.

અ-નહિ નિવૃત્તિકરણ–ફેરફારવાળી વિશુદ્ધિ અર્થાત્ પરસ્પર અધ્યવસાયમાં ફેરફાર ન હોય. દરેકને એક સરખી વિશુદ્ધિ હોય. પરસ્પર સમાન અધ્યવસાય-પરિણામ હોય તે અનિવૃત્તિકરણ ગુણસ્થાનક કહેવાય.

આ ગુણસ્થાનકમાં પ્રતિસમયે ત્રિકાળવર્તી જીવોના એક-એક (સમાન-સરખા) અધ્યવસાય હોય છે. તેથી અધ્યવસાયોને મુક્તાવલીની ઉપમા આપી શકાય. ઉત્તરોત્તર ચડતો પરિણામ.

ઉત્તરોત્તર દરેક સમયે અનંતગુણ વિશુદ્ધિ હોય છે. એટલે પ્રથમ સમયની વિશુદ્ધિથી બીજા સમયની અનંતગુણ, તેથી ત્રીજા સમયની અનંતગુણ

એમ ચરમ સુધી જાણવું (દરેક સમયે જીવોની વિશુદ્ધિ પરસ્પર સમાન) તેથી ષટ્સ્થાનપતિત (છઠાણવડિયા) ન હોય.

અહીં પણ વધારે વિશુદ્ધિ હોવાથી સ્થિતિઘાતાદિ પાંચ અપૂર્વકાર્યો વિશેષ પ્રકારે થાય છે. અહીં ક્ષપકશ્રેણીવાળા આત્માને ઉદ્વલના સહિત ગુણસંક્રમ થાય છે. તેથી ઉદ્વલનાનુવિદ્ધ ગુણસંક્રમ વડે કર્મની સ્થિતિસત્તાને ઉકેરતો હજારો સ્થિતિઘાત વડે નાશ કરે છે.

અહીં ઉપશામક અને ક્ષપક એમ બે પ્રકારના જીવો જાણવા.

**કાળ- જઘન્ય - એક સમય, ઉત્કૃષ્ટ - અંતર્મુહૂર્ત** (અપૂર્વકરણ ગુણ૦ની જેમ)

આ ગુણસ્થાનકમાં ચારિત્ર મોહનીયની ૨૦ પ્રકૃતિઓને ઉપશમાવે અથવા ક્ષય કરે. તેનું વિસ્તારથી વર્ણન ઉપશમશ્રેણી અને ક્ષપકશ્રેણીમાંથી જાણવુ. સંક્ષિપ્ત વર્ણન આગળ આપેલ છે.

### [૧૦.] સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનક–

સૂક્ષ્મ એટલે ચૂર્ણરૂપ, અંશરૂપ સંપરાય=કષાય. સંજ્વલન લોભ જ્યાં ઉદયમાં હોય છે. બાકીની મોહનીય કર્મની સર્વ પ્રકૃતિઓ જ્યાં ઉપશાન્ત અથવા ક્ષીણ થઈ ગઇ છે એવા આત્માનું જે ગુણસ્થાનક તે સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનક કહેવાય છે.

પ્રથમ સ્થિતિરૂપે ગોઠવેલ સૂક્ષ્મ કિટ્ટીઓને ઉદય-ઉદીરણા વડે ભોગવતો જીવ **સૂક્ષ્મ સંપરાય** કહેવાય છે.

સૂક્ષ્મ સંપરાયમાં વર્તતો જીવ દ્વિતીય સ્થિતિમાં રહેલ સમય ન્યૂન બે આવલિકા કાળમાં બંધાયેલ બાદર લોભને તેટલા કાળે તથા ઉદયમાં ન આવવાની હોય તે સૂક્ષ્મ કિટ્ટીઓને પણ સમયે સમયે સાથે ઉપશમાવે છે. અને ક્ષપકશ્રેણીમાં ઉપશમાવવાને બદલે ક્ષય કરે છે. વળી બાદર સંપરાય લોભની પ્રથમ સ્થિતિની શેષ રહેલ એક આવલિકાને સ્તિબુક સંક્રમ વડે સૂક્ષ્મ કિટ્ટીઓમાં સંક્રમાવી નાશ કરે છે.

સૂક્ષ્મ કિટ્ટીઓને ભોગવતો અને શેષ સં. લોભને ઉપશમાવતો અથવા ક્ષય કરતો સૂક્ષ્મ સંપરાય ગુણ૦ના ચરમ સમય સુધી જાય છે.

અનંતર સમયે સૂ. લોભનો ઉદય-ઉદીરણા વિચ્છેદ થવાથી ઉપશાન્ત મોહ૦ ગુણ૦ને પ્રાપ્ત કરે છે. અને ક્ષપક શ્રેણિવાળો જીવ સૂક્ષ્મ લોભનો ક્ષય કરી ક્ષીણમોહગુણ૦ને પામે છે.

અહીં પણ અનિવૃત્તિ ગુણ૦ની જેમ દરેક સમયે એક-એક જ અધ્યવસાય સ્થાન છે. તેથી ષટ્સ્થાન હોય નહીં.

**કાળ– જઘન્ય - એક સમય, ઉત્કૃષ્ટ - અંતર્મુહૂર્ત**

ઉપશમશ્રેણિમાં અનં૦બંધીની ઉપશમના માને તે મતે પ્રથમ દર્શન સપ્તકનો ઉપશમ ૪ થી ૭ ગુણ૦માં કરે તેને મોહ૦ની ૨૮ની સત્તા હોય. કેટલાકના મતે અનં૦ની વિસંયોજના કરીને જ ઉપશમશ્રેણી ચડે તેને મોહ૦ની ૨૪ની સત્તા હોય. અને ક્ષાયિક સમ્યકત્વ પામી ચડે તેને ૨૧ની સત્તા હોય. **અહીં ઉપશમાવવાનો ક્રમ આ પ્રમાણે–**

નવમા ગુણ૦ના સંખ્યાતા ભાગ કાળ જાય અને એક સંખ્યાતમો ભાગ કાળ બાકી રહે ત્યારે ચારિત્ર મોહનીયની ૨૧ પ્રકૃતિઓનું અંતરકરણ કરે છે. ત્યારપછી અંતર્મુહૂર્ત-અંતર્મુહૂર્ત અનુક્રમે આ પ્રમાણે પ્રકૃતિઓ ઉપશમાવે છે.

અનુક્રમે ૧. નપુસંકવેદ પછી ૨. સ્રીવેદ ૩. હાસ્યષટ્ક ૪. પુરુષવેદ ૫. અપ્ર૦-પ્રત્યા૦ બે ક્રોધ ૬. સં. ક્રોધ ૭. અપ્ર-પ્રત્યા.માન ૮. સં. માન ૯. અપ્ર. પ્રત્યા.માયા ૧૦. સં. માયા ૧૧. અપ્ર-પ્રત્યા. લોભ.

આ રીતે ૨૦ પ્રકૃતિઓ નવમે ઉપશમ થાય છે.

૧૨. સં. લોભ દશમે ઉપશમાવે છે.

ક્ષપકશ્રેણીમાં - દર્શન સપ્તકનો ક્ષય કરીને જ ક્ષપકશ્રેણી ચડે તેને મોહનીયની ૨૧ની સત્તા હોય. પછી

**નવમા ગુણ૦માં ક્ષયનો ક્રમ આ પ્રમાણે**

૧. નામકર્મની ૧૩ અને થિણદ્ધિત્રિક

૨. અપ્ર૦ - પ્રત્યા૦ આઠ કષાય.

ત્યારપછી મોહનીયની ૧૩ પ્રકૃતિનું અંતરકરણ કરે પછી

૧. નપુસંકવેદનો અંતર્મુહૂર્ત કાળે ક્ષય કરે ત્યાર પછી

૨. સ્ત્રીવેદ " " "

૩. હાસ્યાદિષટ્કનો " " "

તે જ વખતે પુરુષવેદનો બંધવિચ્છેદ થાય પછી

૪. પુરુષવેદનો સમય ન્યૂન બે આવલિકાકાળે ક્ષય થાય.

૫. સં. ક્રોધનો અંતર્મુહૂર્તકાળે ક્ષય થાય ત્યાર પછી

૬. સં. માન " " "

૭. સં. માયા " " "

સંજ્વલન લોભનો ક્ષય કરતો તેની સૂક્ષ્મી કિટ્ટિઓ કરે પછી, નવમા ગુણ૦ના અંતે સં૦લોભનો બંધવિચ્છેદ, બાદર લોભનો ઉદય-ઉદીરણા વિચ્છેદ, નવમું ગુણ૦ પૂર્ણ થાય પછી

દશમા ગુણ૦માં - સં. લોભની કેટલીક સૂક્ષ્મ કિટ્ટિઓ વેદતો લોભનો ક્ષય કરે. દશમા ગુણ૦ના અંતે સં. લોભનો ક્ષય થાય. પછી ક્ષપક જીવ બારમું ગુણસ્થાનક પ્રાપ્ત કરે.

બારમા ગુણ૦ના દ્વિચરમ સમયે (છેલ્લા સમયની પૂર્વેના સમયે) નિદ્રા-૨ની સત્તાનો ક્ષય થાય છે. ત્યાર પછી બારમા ગુણ૦ના ચરમ સમયે જ્ઞાના-૫, અંત-૫ દર્શના-૪ કુલ ૧૪ પ્રકૃતિનો ક્ષય થાય છે. એટલે તેરમે ૮૫ પ્રકૃતિઓની સત્તા હોય.

ત્યારપછી ૧૪મા ગુણ૦ના દ્વિચરમ સમયે ૭૨ (મતાન્તરે ૭૩) પ્રકૃતિઓનો ક્ષય થાય છે અને ચરમ સમયે તેર-મતાન્તરે બાર પ્રકૃતિઓનો ક્ષય થાય છે.

આ પ્રમાણે સંક્ષેપમાં ઉપશમ અને ક્ષયનો ક્રમ અહીં જણાવ્યો છે.

**[૧૧.] ઉપશાન્તમોહ વીતરાગ છદ્મસ્થ ગુણસ્થાનક–**

અહીં મોહનીયનો સંપૂર્ણ ઉપશમ થઈ ગયો છે. માટે ઉપશાન્ત, રાગાદિકષાયનો ઉદય નથી તેથી વીતરાગ તેમજ હજુ ઘાતિકર્મનો ઉદય છે ક્ષય થયો નથી તેથી છદ્મસ્થ આ રીતે આ નામ છે.

આ ગુણસ્થાનક ઉપશમ શ્રેણિવાળા જ જીવો પામે છે. ક્ષપક શ્રેણિવાળા પામતા નથી. તેઓને મોહનીય કર્મનો ક્ષય થયો હોવાથી દશમાથી સીધા બારમા ગુણસ્થાનકે જાય છે. મોહનીય કર્મની અનુક્રમે ૭ + ૨૦ + ૧ = ૨૮ એમ સર્વ પ્રકૃતિઓ ઉપશમાવીને પછી જ ૧૧ મા ગુણસ્થાનકને પામે છે. મોહનીય કર્મની સર્વ પ્રકૃતિઓ ઉપશાન્ત થયેલી હોવાથી, તેથી એક પણ ઉદયમાં ન હોવાથી વીતરાગ કહેવાય છે. શેષઘાતિ કર્મની પ્રકૃતિઓ ઉદયમાં હોવાથી છદ્મસ્થ કહેવાય છે.

અથવા વીતરાગ છે. પરંતુ કેવલી નથી માટે છદ્મસ્થ શબ્દ છે.

જો કે ૧૨મા ગુણઠાણાવાળા જીવો પણ વીતરાગ છદ્મસ્થ કહેવાય છે. એટલે તેનાથી ભિન્ન સમજવા ઉપશાન્ત મોહ શબ્દ મૂકેલ છે. આ ગુણઠાણે મોહનીય કર્મની ૨૮ પ્રકૃતિઓની સત્તા અથવા અનંતાનુબંધીની વિસંયોજના કરેલાને ૨૪ની સત્તા હોય છે. અને ક્ષાયિક સમ્યક્ત્વીની અપેક્ષાએ ૨૧ની સત્તા પણ હોય છે.

કર્મપ્રકૃતિ-પંચસંગ્રહ આદિના મતે અનં.ની ઉપશમના કરી ઉપશમ શ્રેણી ચડે નહી તેથી ૨૮ની સત્તા ન હોય પરંતુ ૨૪-૨૧ની સત્તા હોય એમ કહ્યું છે. **(જુઓ ઉપશમના કરણ ગા. ૩૩)**

**કાળ– જ. એક સમય - ભવક્ષયની અપેક્ષાએ**

**ઉ. અંતર્મુહૂર્ત - કાળક્ષયની અપેક્ષાએ.**

ઉપશમ શ્રેણી એક ભવમાં બે વાર થાય અને સંપૂર્ણ સંસાર ચક્રમાં ચાર વાર થાય. આ પ્રમાણે કર્મગ્રંથકારો કહે છે.

સિદ્ધાન્તના મતે એક ભવમાં એક વાર ઉપશમ શ્રેણી કરે તે ભવમાં ક્ષપક શ્રેણિ ન કરે અર્થાત્ એક ભવમાં એક જ શ્રેણિ કરે.

જો કે એક ભવમાં ઉપશમ શ્રેણિ બેવાર થાય. પરંતુ એકવાર ઉપશમ શ્રેણી અને બીજીવાર ક્ષપક શ્રેણી-એમ બે શ્રેણિ થાય નહીં (એમ પણ મત છે.) **(જુઓ કર્મ૦ ઉપશમનાકરણ ગા.૬૪)**

**[૧૨.] ક્ષીણમોહવીતરાગ છદ્મસ્થ ગુણસ્થાનક–**

મોહનીય કર્મની સર્વ પ્રકૃતિનો જેણે સર્વથા ક્ષય કર્યો છે તેથી ક્ષીણ મોહ૦ તેમજ મોહ સર્વથા ક્ષય થયેલ હોવાથી રાગ-દ્વેષ વિનાના છે તેથી વીતરાગ કહેવાય છે. તેરમા-ચૌદમા ગુણસ્થાનકવાળાની જેમ ક્ષીણમોહ વીતરાગ છે. પરંતુ ઘાતીકર્મ ક્ષય ન હોવાથી છદ્મસ્થ કહેવાય. અર્થાત્ મોહનીય કર્મ ક્ષીણ થવા છતાં જે આત્માના જ્ઞાનાવરણીયાદિ ઘાતિકર્મો ક્ષીણ થયા નથી તેવા આત્માનું જે ગુણસ્થાનક તે **ક્ષીણમોહ વીતરાગ છદ્મસ્થ** ગુણસ્થાનક.

જો અહીં વીતરાગ છદ્મસ્થ એટલું નામ રાખીએ તો ૧૧મા ગુણઠાણાવાળા પણ મોહના ઉદય રહિત હોવાથી વીતરાગ છે અને જ્ઞાનાવરણીયાદિના ઉદય સહિત હોવાથી છદ્મસ્થ છે. માટે ૧૧મા ગુણસ્થાનકથી જુદું પાડવા ક્ષીણમોહ અને ૧૩-૧૪ થી ભિન્ન કરવા છદ્મસ્થ શબ્દ ૧૨મા ગુણઠાણામાં મૂકેલ છે. તેમજ ૯-૧૦થી ભિન્ન કરવા વીતરાગ મૂકેલ છે. એટલે **ક્ષીણમોહ વીતરાગ છદ્મસ્થ** નામ યથાર્થ છે.

આ ગુણસ્થાનક ક્ષપક શ્રેણિવાળા જ પ્રાપ્ત કરે છે. ૪ થી ૧૦મા ગુણસ્થાનક સુધી મોહનીય કર્મની પ્રકૃતિઓનો સત્તામાંથી સર્વથા ક્ષય કરી ૧૨મા ગુણસ્થાનકને પામે છે. આ ગુણઠાણે મૃત્યુ પામે નહીં. તેમજ ક્ષપક અહીંથી આગળ જ જાય છે.

આ ગુણઠાણે આવેલ જીવ મોહનીય કર્મનો સર્વથા ક્ષય કરેલ હોવાથી જ્ઞાનાવરણીયાદિ શેષ ૩ ઘાતિકર્મોને ક્ષય કરવા માટે સવિશેષ પ્રયત્ન કરે છે તેથી સ્થિતિઘાતાદિ વડે અંતર્મુહૂર્તમાં ક્ષય કરે છે. આ ગુણસ્થાનક સંસારમાં એક જ વાર પમાય છે.

**કાળ– જઘન્ય - અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ - અંતર્મુહૂર્ત**

અહીં અંતર્મુહૂર્તમાં શેષઘાતિ કર્મનો ક્ષય કરી ૧૩મું ગુણ૦ પ્રાપ્ત કરે છે.

**[૧૩.] સયોગી કેવલી ગુણસ્થાનક–**

ચાર ઘાતીકર્મોનો સર્વથા ક્ષય થવાથી કેવળજ્ઞાન-કેવળદર્શન-અનંતચારિત્ર-અનંત વીર્ય ગુણો પ્રાપ્ત કર્યા છે તેવા આત્માનું જે ગુણસ્થાનક તે સયોગી કેવલી ગુણસ્થાનક કહેવાય છે. અહીં કેવલીભગવંતોને યોગ વ્યાપાર આ પ્રમાણે હોય છે.

કેવલજ્ઞાની ભગવંતોને મનયોગનો વ્યાપાર- અન્ય ક્ષેત્રમાં રહેલાં મનઃપર્યવજ્ઞાની મુનિ અથવા ગ્રૈવેયક-અનુત્તરવાસી દેવો મનથી જ પ્રશ્ન પૂછે છે ત્યારે તેનો ઉત્તર કેવલી ભગવંતો દ્રવ્યમનથી જ આપે છે એટલે પ્રશ્નના ઉત્તરને અનુરૂપ મનોવર્ગણાના પુદ્ગલને ગ્રહણકરી મનરૂપે ગોઠવે છે. જેને મનઃપર્યવજ્ઞાની મુનિ મનઃપર્યવજ્ઞાનથી અથવા ગ્રૈવેયક-અનુત્તર વાસી દેવો અવધિજ્ઞાનથી દેખે છે. તે મનોવર્ગણાને જોઈને આકૃતિ તથા વર્ણાદિના આધારે પોતાના પ્રશ્નના ઉત્તરનો જવાબ જાણી લે છે. આ રીતે મનથી પૂછાએલાં પ્રશ્નોનો જવાબ આપવામાં કેવલી ભગવંતોને મનોયોગ હોય છે અને તે દ્રવ્યમન કહેવાય છે. કેવલીને ભાવમન હોય નહી.

દેશનાદિ વખતે વચનયોગ હોય છે અને આહાર-નિહાર-વિહારાદિ તથા મેષોન્મેષાદિમાં કાયયોગનો વ્યાપાર હોય છે.

આ રીતે ત્રણયોગના વ્યાપારવાળા કેવલી ભગવંતોનું જે ગુણસ્થાનક તે સયોગી કેવલી ગુણસ્થાનક કહેવાય. આ ગુણસ્થાનક સંખ્યાત વર્ષના

(૭૦ પૂર્વકોડવર્ષના) આયુષ્યવાળા મનુષ્યને જ પ્રાપ્ત થાય છે અને નવ વર્ષની વયે કેવળજ્ઞાન થાય છે. તેથી ઉત્કૃષ્ટથી કંઇક (નવવર્ષ) ન્યુન પૂર્વકોડ વર્ષ કેવલીપણાનો કાળ છે.

ક્ષપકશ્રેણિએ ચડતો આત્મા ૮-૯-૧૦-૧૨ ગુણ૦ અંતર્મુહૂર્તે અંતર્મુહૂર્તે પ્રાપ્ત કરીને આ ગુણસ્થાનકમાં શેષ આયુષ્ય પ્રમાણે રહે છે.

જ્યારે તેરમા ગુણસ્થાનકનો કાળ અંતર્મુહૂર્ત જ માત્ર બાકી હોય ત્યારે કેવલી ભગવંતો 'આયોજિકાકરણ' કરે છે. તેનું બીજું નામ 'આવશ્યકકરણ' અથવા આવર્જિતકરણ પણ છે. દરેક કેવલી ભગવંતો અવશ્ય કરે જ છે માટે તેનું બીજું નામ આવશ્યકકરણ છે. આવર્જિતકરણ જેના વડે આત્મા મોક્ષ સન્મુખ કરાય તેવો વિશિષ્ટ વ્યાપાર તે. આયોજિકાકરણ– પ્રશસ્ત મન-વચન--કાયાનો વિશિષ્ટ વ્યાપાર તે આયોજિકાકરણ કહેવાય.

કેવલી સમુદ્ઘાત કેટલાક કેવલી કરે, કેટલાક કેવલી ન પણ કરે પરંતુ આયોજિકાકરણ દરેક કેવલી કરે જ, તેથી આવશ્યકકરણ કહેવાય છે.

આ આયોજિકાકરણ કર્યા બાદ જે કેવલી ભગવાનને છ મહિના કે તેથી અધિક શેષ આયુષ્ય હોય અને કેવળજ્ઞાન પ્રાપ્ત કરે તે કેવલી ભગવંતો કેવલીસમુદ્ઘાત નિશ્ચે કરે, બીજા કરે અથવા ન કરે.

વેદનીયાદિ કર્મ આયુષ્યકર્મથી અધિક સ્થિતિવાળા હોય તો તે સમાન કરવા માટે કેવલી સમુદ્ઘાત કરે. આ સમુદ્ઘાતનો કાળ આઠ સમયનો હોય છે.

## –: કેવલી સમુદ્ઘાતનું વર્ણન :–

સમ- એક સાથે, ઉદ્-પ્રબલતાથી, ઘાત-કર્મનો નાશ.

એકી સાથે પ્રબલતાથી કર્મોનો નાશ કરવાની જે વિશિષ્ટ ક્રિયા તેને કેવલી સમુદ્ઘાત કહેવાય છે. તે આઠ સમયનો હોય છે. પ્રથમ સમયે આત્મપ્રદેશોને શરીરથી બહાર કાઢી ઉર્ધ્વ અને અધોલોકના છેડા સુધી

૧૪ રાજ ઉંચો સ્વદેહ પ્રમાણ જાડો-પહોળો દંડ કરે. બીજે સમયે પૂર્વાપર અથવા દક્ષિણોત્તર લોકાન્ત સુધી કપાટ કરે. ત્રીજા સમયે, શેષ દક્ષિણોત્તર અથવા પૂર્વ-પશ્ચિમ લોકાંત સુધી આત્મપ્રદેશો વિસ્તારીને મંથાનદંડરૂપે કરે. ચોથા સમયે આંતરા પૂરીને સમગ્ર લોકવ્યાપી થાય. પાંચમા સમયે આંતરા સંહરે. છઠ્ઠા સમયે મંથાન સંહરે. સાતમા સમયે કપાટ સંહરે અને આઠમે સમયે દંડ પણ સંહરીને શરીરસ્થ થાય. તેમાં પહેલા-આઠમા સમયે ઔદારિક કાયયોગવાળો હોય છે. બીજે-છઠ્ઠે-સાતમે સમયે ઔ. મિશ્રયોગવાળો હોય છે અને ત્રીજે-ચોથે-પાંચમે સમયે કાર્મણ કાયયોગના વ્યાપારવાળો હોય છે અને આ ત્રણ સમયે અણાહારીપણું હોય છે.

કેવલી સમુદ્ઘાત કર્યા પછી સયોગી કેવલી ભગવાન ભવોપગ્રાહી (સંસારના કારણરૂપ) કર્મક્ષય કરવાને માટે લેશ્યાતીત (પરમનિર્જરાના કારણભૂત) ધ્યાન સ્વીકારવા ઇચ્છતા યોગનિરોધ કરે તે આ પ્રમાણે.

પ્રથમ બાદર કાયયોગ વડે અંતર્મુહૂર્તમાં બાદર મનોયોગને રૂંધે. તે પછી અંતર્મુહૂર્ત રહીને બાદર કાયયોગ વડે બાદર વચનયોગને રૂંધે. ત્યારબાદ અંતર્મુ૦ રહીને ત્યાર પછી તે પ્રમાણે સૂક્ષ્મ કાયયોગ વડે બાદર કાયયોગને રૂંધે. ત્યાર પછી સૂક્ષ્મ કાયયોગ વડે જ સૂક્ષ્મ મનયોગને રૂંધે, પછી સૂક્ષ્મ કાયયોગ વડે જ સૂક્ષ્મ વચનયોગને રૂંધે. સૌથી છેલ્લે જેમ કાર્પટિક (લાકડું વેરનાર) લાકડા પર બેસીને તે જ લાકડાને વેરે તેમ સૂક્ષ્મ કાયયોગના આલંબન વડે સૂક્ષ્મ કાયયોગને રૂંધે. સૂક્ષ્મ કાયયોગ વડે જ સૂક્ષ્મ કાયયોગને પણ રૂંધતો સૂક્ષ્મ ક્રિયા અપ્રતિપતિ નામનું ત્રીજું શુક્લધ્યાન ધ્યાવે. આ ધ્યાનના સામર્થ્યથી મુખ-નાસિકા-ઉદર વિગેરે શરીરના સર્વપોલાણ ભાગોને પૂરીને દેહનો ત્રીજો ભાગ સંકોચીને સ્વશરીરના ૨/૩ ભાગ પ્રમાણ આત્મા બને. આ ધ્યાનમાં વર્તતો થકો સ્થિતિઘાતાદિક વડે આયુઃ વિનાનાં ત્રણ કર્મને સયોગી કેવલીના ચરમ સમય લગે અપવર્તાવે. ચરમસમયે સર્વ અપવર્તના વડે અપવર્તાવીને સર્વકર્મ અયોગી અવસ્થા સમાન સ્થિતિવાળાં કરે. એમાં પણ જે કર્મનો અયોગી અવસ્થાએ ઉદય નથી તેની સ્થિતિ એક

સમય ઉણી કરે અને જે કર્મનો અયોગી ગુણ૦માં ઉદય છે તેની સ્થિતિ અયોગી ગુણ૦ના કાળ સમાન કરે છે. પછી

## સયોગી ગુણસ્થાનકના અંતે

૧. યોગ-વ્યાપાર વિચ્છેદ
૨. શાતા વેદનીયનો બંધ વિચ્છેદ
૩. ઉદીરણા વિચ્છેદ
૪. લેશ્યા વિચ્છેદ
૫. ૩૦ પ્રકૃતિઓનો ઉદય વિચ્છેદ
૬. આત્મ પ્રદેશો સંકોચી સ્વદેહના ૨/૩ ભાગ પ્રમાણ ઘન આત્મા બને.
૭. સૂક્ષ્મક્રિયા અપ્રતિપાતિ ધ્યાન વિચ્છેદ

અનન્તર સમયે અયોગી કેવલી ગુણ૦ પ્રાપ્ત કરે.

**સયોગી કેવલી ગુણ૦નો કાળ– જ. અંતર્મુહૂર્ત**

જે આત્મા કેવલજ્ઞાન પામી, ખંધકમુનિના ૫૦૦ શિષ્યોની જેમ, મરુદેવા માતાની જેમ અંતર્મુહૂર્તમાં મોક્ષે જાય તેની અપેક્ષાએ અંતર્મુહૂર્ત કાળ જાણવો.

કેવળજ્ઞાન પામી અંતર્મુહૂર્તમાં મોક્ષે જાય તે **અંતગડ કેવલી (અંતકૃત્ કેવલી)** કહેવાય છે.

**ઉ.કાળ-દેશોન પૂર્વકોડ વર્ષ**

પૂર્વકોડ વર્ષના આયુષ્યવાળાને નવમા વર્ષે કેવલજ્ઞાન થાય તે અપેક્ષાએ દેશોન (કંઈક ન્યૂન) પૂર્વક્રોડ વર્ષ કહેલ છે.

કેવલજ્ઞાનની પ્રાપ્તિ વહેલામાં વહેલી કેટલાકના મતે

(૧) જન્મ પછી નવ વર્ષ પૂર્ણ થયે થાય.
(૨) ઉત્પત્તિકાળથી નવ વર્ષ પૂર્ણ થયે થાય.
(૩) ગર્ભકાળ જઘન્યથી સાતમાસ અને જન્મ પછી નવ વર્ષ પૂર્ણ થયે થાય.

આ રીતે ત્રણે મત પ્રમાણે દેશોન- (૧) નવમાસ અને નવ વર્ષ ન્યૂન (૨) નવ વર્ષ ન્યૂન (૩) સાતમાસ નવ વર્ષ ન્યૂન પૂર્વક્રોડ વર્ષ છે.

## [૧૪.] અયોગી કેવલી ગુણસ્થાનક–

જ્યાં મન-વચન-કાયાના યોગોનો વ્યાપાર પ્રવર્તતો નથી એવા કેવલી ભગવંતનું ગુણસ્થાનક તે અયોગી કેવલી ગુણસ્થાનક.

આ ગુણસ્થાનકે "વ્યુચ્છિન્ન ક્રિયા અપ્રતિપાત્તિ" નામનું ચોથું શુક્લધ્યાન હોય છે. અહીં યોગનો વ્યાપાર ન હોવાથી આત્મપ્રદેશો મેરૂપર્વતની જેમ અત્યંત સ્થિર હોય છે. તેથી તેને "શૈલેશીકરણ" કહેવાય છે. અહીં મિથ્યાત્વાદિ ચારે પ્રકારના બંધ હેતુઓ નથી. તેથી કર્મબંધ પણ નથી.

અહીં સ્થિતિઘાતાદિ ન હોવાથી અનુદયવતી કર્મ પ્રકૃતિઓને વેદ્યમાન પ્રકૃતિમાં સ્તિબુક સંક્રમ વડે સંક્રમાવીને વેદે છે. દ્વિચરમ સમયે અનુદયવતી પ્રકૃતિઓની સત્તાનો સ્વરૂપે નાશ થાય છે. એટલે અયોગીના દ્વિચરમ સમયે ૭૩ પ્રકૃતિઓ સત્તામાંથી ક્ષય પામે છે. પર રૂપે એટલે ઉદયવતીમાં સંક્રમાવેલ હોય છે. તેને પરરૂપે વેદે છે. અહીં વ્યુચ્છિન્ન ક્રિયા અપ્રતિપાતી (ચોથું શુક્લધ્યાન) ધ્યાન હોય છે. એટલે મન-વચન-કાયાની સર્વક્રિયાથી રહિત હોવાથી વ્યુચ્છિન્ન (વ્યુપરત)ક્રિયા અનિવૃત્તિ ધ્યાન હોય છે. મન-વચન-કાયાની કોઈપણ ક્રિયા હોય નહીં માટે અયોગી કહેવાય છે.

અયોગી ગુણઠાણાના ચરમ સમયે ૧૨ પ્રકૃતિઓ ભોગવીને સત્તામાંથી ક્ષય કરે છે અને અનંતર સમયે જ પૂર્વ પ્રયોગાદિથી અથવા તથાસ્વભાવે જીવ ઉર્ધ્વગતિ કરે છે અને સાતરાજ ઉપર સિદ્ધશિલાની ઉપર લોકાંતે સ્થિર થાય છે એટલે મોક્ષ પામે છે.

જીવને મોક્ષે જતાં શરીર કે કર્મ ન હોવા છતાં અશરીરી પણ આ જીવ ચાર હેતુના કારણે સાત-રાજ જેટલી ઉર્ધ્વગતિ કરે છે અને ઉર્ધ્વલોકને અંતે જાય છે તે આ પ્રમાણે–

**(૧) પૂર્વપ્રયોગ–**

બાણ, હીંડોળો અથવા કુંભારનું ચક્ર જેમ પૂર્વપ્રયોગથી ચાલે છે તેમ જીવ પૂર્વે સંસારમાં કર્મજન્યગતિવાળો હોવાથી પૂર્વસંસ્કારથી કર્મરહિત થયો એવો જીવ એક સમય સુધી ઉર્ધ્વગતિ કરે છે.

**(૨) બંધચ્છેદ–**

એરંડાનું બીજ પોતાના બંધનમાંથી મુક્ત થતાં જ જેમ ઉછળે છે તેમ જીવ પણ કર્મનાં બંધનથી સર્વથા મુક્ત થતાં જ ઉર્ધ્વગતિ કરે છે.

**(૩) અસંગત્વ–**

જેમ માટીના લેપવાળું તુંબડું પાણીમાં બેસી જાય છે. ડુબી જાય છે તેમ શરીરરૂપી લેપવાળો જીવ સંસારમાં ડૂબે છે. પરંતુ કર્મરૂપ પરદ્રવ્યનો સંગ દૂર થતાં જ તુંબડાની જેમ ઉપર આવે છે. ઉર્ધ્વગતિ કરે છે.

**(૪) તથા ઉર્ધ્વગતિ સ્વભાવ–**

જેમ પુદ્ગલ સ્વતંત્ર હોય તો અધોગતિ કરે છે તેમ જીવનો **ઉર્ધ્વગતિ કરવાનો સ્વભાવ** છે. એટલે જીવ કર્મરહિત થવાથી સ્વ સ્વભાવે ઉર્ધ્વગતિ કરે છે. એટલે જેમ પુદ્ગલ જીવને આધિન હોય તો ઉર્ધ્વ-તીર્ચ્છી પણ ગતિ કરે એટલે આપણે પેન-પુસ્તક આદિને નીચેથી ઉપર લઇ જઇએ. પણ મુક્ત કરીએ તો પોતાના સ્વભાવમાં પ્રવર્તે એટલે નીચે જાય છે. તેમ સંસારમાં કર્મને આધીન જીવ કર્મ પ્રમાણે ઉર્ધ્વ-અધો-તીર્ચ્છી ગતિ કરે પરંતુ કર્મરહિત થાય એટલે સ્વતંત્ર થવાથી ઉર્ધ્વગતિ કરે છે. માટે જીવ લોકના છેડે જાય છે.

**ચૌદમા ગુણ૦નો કાળ– જઘન્ય-ઉત્કૃષ્ટ** (મધ્યમથી બોલાયેલ अ-इ-उ-ऋ-लृ પાંચ હ્રસ્વાક્ષર ઉચ્ચારણ પ્રમાણ) **અંતર્મુહૂર્ત** છે.

જો કે પાંચ હ્રસ્વાક્ષર-ધીમે-મધ્યમ-ઝડપથી પણ બોલી શકાય, છતાં અહીં કાળ માનમાં મધ્યમ રીતે બોલાયેલ પાંચ હ્રસ્વાક્ષર પ્રમાણ અંતર્મુહૂર્ત કાળ જાણવો.

**ગુણસ્થાનકનું વર્ણન સમાપ્ત**

## -: ગુણસ્થાનકને વિશે બન્ધ અધિકાર :-

(૧) બન્ધની વ્યાખ્યા અને મિથ્યાત્વે બંધ :-

**अभिनव - कम्म - ग्गहणं, बंधो ओहेण तत्थ विस-सयं ।**
**तित्थयरा - ऽऽहारग - दुग - वज्जं मिच्छंमि सतर -सयं ॥ ३ ॥**

| | |
|---|---|
| अभिनव-कम्म-ग्गहणं = નવા કર્મને ગ્રહણ કરવા | ओहेण = ઓઘે-સામાન્યથી, |
| | मिच्छंमि = મિથ્યાત્વે |
| वीस सयं = એકસોવીશ | सतरसयं = એકસો સત્તર |

**ગાથાર્થ–** નવા કર્મો ગ્રહણ કરવા તે બંધ (કહેવાય છે.) તે બંધમાં સામાન્યથી એકસોવીશ અને મિથ્યાત્વ ગુણસ્થાનકે તીર્થંકર નામકર્મ અને આહારકદ્વિક નામકર્મ વિના બંધમાં એકસોસત્તર પ્રકૃતિઓ [હોય છે.] ૩.

**વિવેચન–** આત્મા નિરંતર કર્મોને-કાર્મણ વર્ગણાને ગ્રહણ કરે છે. **તે બંધ** કહેવાય છે. અંજનચૂર્ણના ડાબડાની પેઠે નિરંતર પુદ્‌ગલે કરીને ભર્યા લોકને વિષે મિથ્યાત્વ-અવિરતિ-કષાય-યોગાદિ અભ્યંતર હેતુઓ વડે અને પ્રત્યનિકાદિ બાહ્ય હેતુઓ વડે લોહાગ્નિના-અથવા ક્ષીરનીરના ન્યાયે કર્મ પુદ્‌ગલને (કાર્મણ વર્ગણાને) આત્મા સાથે એકાકાર કરે તે **બંધ** કહેવાય છે.

બંધમાં ઓઘે (સામાન્યથી) ૧૨૦ કર્મપ્રકૃતિઓ છે. ચૌદે ગુણસ્થાનકમાં મળીને સામાન્યથી કેટલી કર્મ પ્રકૃતિઓ બંધાય ? બંધમાં આવે ? એમ જ્યારે વિચારાય ત્યારે તેને ઓઘે બંધ કહેવાય છે. ત્યાં ૧૨૦ પ્રકૃતિઓ છે. એટલે બંધમાં કુલ ૧૨૦ પ્રકૃતિઓ હોય છે.

સર્વ ગુણસ્થાનકોમાં કોઈ એક જીવાદિની વિવક્ષા કર્યા વિના અનેક જીવોની અપેક્ષાએ બંધને લાયક ૧૨૦ પ્રકૃતિઓ બંધમાં આવે છે તે ઓઘબંધ[1] (સામાન્યબંધ) કહેવાય છે.

૧. ઓઘબંધ– એટલે સંસારના સર્વ જીવો આશ્રયી જે-જે કર્મપ્રકૃતિઓ બંધાય તે સર્વ પ્રકૃતિઓનું કહેવું-જણાવવું-સમજાવવું તે ઓઘબંધ છે.

ઓઘમાં કર્મવાર સંખ્યા આ પ્રમાણે–

| | | | |
|---|---|---|---|
| જ્ઞાનાવરણીય | ૫ | **નામકર્મ** | **૬૭** |
| દર્શનાવરણીય | ૯ | પિંડપ્રકૃતિ | ૩૯ |
| વેદનીય | ૨ | ત્રસાદિ | ૧૦ |
| મોહનીય | ૨૬ | સ્થાવરાદિ | ૧૦ |
| આયુષ્ય | ૪ | પ્રત્યેક | ૮ |
| નામકર્મ | ૬૭ | | ૬૭ |
| ગોત્ર | ૨ | | |
| અંતરાય | ૫ | | |
| | ૧૨૦ | | |

આ પ્રમાણે ૧૨૦ પ્રકૃતિઓ છે.

મોહનીય કર્મની સમ્યક્ત્વ મોહનીય અને મિશ્ર મોહનીય આ બે કર્મપ્રકૃતિ મિથ્યાત્વ મોહનીયના ત્રણ પુંજ કરવાથી (મંદરસવાળા કરવાથી) થાય છે. પણ તે સ્વરૂપે બંધાતી નથી. તેથી બંધમાં ગણાતી નથી. તેમજ નામકર્મમાં પણ ૫ બંધન, ૫ સંઘાતનને પોતાના શરીર સાથે બંધ-ઉદય થતો હોવાથી શરીરમાં અંતર્ગત ગણવામાં આવે છે અને વર્ણાદિ ૪ના ઉત્તરભેદો જુદા જુદા ન ગણતાં સામાન્યથી વર્ણ-ગંધ-રસ-સ્પર્શ એમ ચાર જ પ્રકાર ગણ્યા છે એટલે નામકર્મના બંધમાં ૬૭ ભેદ કહ્યા છે. આ વિષય કર્મવિપાકમાં સમજાવેલ છે એટલે ચૌદે ગુણઠાણે થઈને સામાન્યથી (ઓઘે) આઠ કર્મની ૧૨૦ પ્રકૃતિ બંધાય છે.

જો કે જે શરીરનામકર્મનો બંધ હોય તેના બંધન અને સંઘાતન પણ બંધાતા હોય, પરંતુ જે શરીર નામ હોય તે જ બંધન અને તે જ સંઘાતન એમ સમાન જ હોવાથી ભિન્ન સંખ્યાની વિવક્ષા કરવામાં આવતી નથી.

-: ગુણસ્થાનકો પર ભિન્ન-ભિન્ન બંધ :-

**મિથ્યાત્વે ૧૧૭ કર્મપ્રકૃતિનો બંધ–**

મિથ્યાત્વ ગુણસ્થાનકે તીર્થંકર નામકર્મ અને આહારકદ્વિક (આહારક શરીર નામ અને આહા૦અંગોપાંગ નામ) વિના ૧૧૭ પ્રકૃતિઓનો બંધ છે.

મિથ્યાત્વ ગુણસ્થાનકે તીર્થંકર નામકર્મ અને આહારકદ્વિકનો અબંધ હોય છે.

અબંધ અને બંધવિચ્છેદમાં તફાવત–

**અબંધ**– જે ગુણઠાણે જે કર્મપ્રકૃતિનો અબંધ કહ્યો હોય તે ગુણઠાણે તે પ્રકૃતિ કોઈ કારણે ન બંધાય પરંતુ આગળના ગુણસ્થાનકે તે પ્રકૃતિ બંધાય છે. તે અબંધ કહેવાય.

**બંધવિચ્છેદ**– જે ગુણસ્થાનકે જે કર્મપ્રકૃતિઓનો બંધવિચ્છેદ કહ્યો હોય તે ગુણસ્થાનકથી આગળનાં કોઈ પણ ગુણસ્થાનકે તે કર્મપ્રકૃતિ ન બંધાય. **દા. ત.** મિથ્યાત્વ ગુણઠાણાને અંતે મિથ્યાત્વ મોહનીયનો બંધવિચ્છેદ થાય છે. તેથી તે સાસ્વાદનાદિ ગુણઠાણે ન બંધાય, એટલે તે બંધવિચ્છેદ કહેવાય.

તીર્થંકર નામકર્મનો અબંધ–

તીર્થંકર નામકર્મ તત્પ્રાયોગ્ય સમ્યક્ત્વ[1] હોતે છતે બંધાય છે. તત્પ્રાયોગ્ય સમ્યક્ત્વ ૪થા આદિ ગુણઠાણે છે. પહેલે ગુણઠાણે તત્પ્રાયોગ્ય સમ્યક્ત્વ ન હોવાથી તીર્થંકર નામકર્મ ન બંધાય માટે અબંધ.

૧. જો કે કર્મનો બંધ ગુણથી એટલે સમ્યક્ત્વ અને સંયમથી થાય નહીં અને જો ગુણથી બંધ થાય તો ઉપરના ગુણસ્થાનકોમાં અને મોક્ષમાં સમ્યક્ત્વ અને સંયમ સવિશેષ હોય તો ત્યાં પણ બંધ થવો જોઈએ પરંતુ અમુક પ્રકારનો ગુણ આવે ત્યારે ત્યાં જે પ્રશસ્ત કષાય તે તે પુણ્ય પ્રકૃતિનું કારણ બને. તેવો પ્રશસ્ત કષાય અમુક ગુણની સાથે સંબંધવાળો હોવાથી પ્રશસ્ત કષાયના કારણરૂપ ગુણને ઔપચારિક રીતે બંધહેતુ તરીકે કહ્યો છે એમ જાણવું.

શિવશર્મસૂરિ ભગવંતે શતકમાં કહ્યું છે કે,

सम्मत्तगुणनिमित्तं तित्थयरं, संजमेण आहारं (ગા. ૪૪)

જિનનામકર્મ સમ્યક્ત્વ ગુણ નિમિત્તવાળુ અને આહારકદ્વિક સંયમથી બંધાય છે.

**આહારક દ્વિક–**

આહારક દ્વિકનો બંધ તત્પ્રાયોગ્ય સંયમથી થાય છે. તત્પ્રાયોગ્ય સંયમ ૭મે ૮મે ગુણઠાણે હોય છે મિથ્યાત્વાદિ ગુણઠાણે સંયમ ન હોવાથી આહારક દ્વિકનો બંધ થાય નહી, તેથી અબંધ.

મિથ્યાત્વે ગુણઠાણે બંધમાં ૧૧૭ પ્રકૃતિઓ–

| | | | |
|---|---|---|---|
| જ્ઞાનાવરણીય | ૫ | **નામકર્મ** | **૬૪** |
| દર્શનાવરણીય | ૯ | પિંડપ્રકૃતિ | ૩૭ |
| વેદનીય | ૨ | પ્રત્યેક | ૭ |
| મોહનીય | ૨૬ | ત્રસાદિ | ૧૦ |
| આયુષ્ય | ૪ | સ્થાવરાદિ | ૧૦ |
| નામકર્મ | ૬૪ | | ૬૪ |
| ગોત્ર | ૨ | | |
| અંત | ૫ | | |
| | ૧૧૭ | | |

એટલે કે તીર્થંકર નામકર્મના બંધનું કારણ જગતના જીવોને દુઃખથી મુક્ત કરી દઉં, કર્મથી રહિત કરું. સર્વનું કલ્યાણ કરું આવો કરુણાયુક્ત રાગ તે જિનનામના બંધનું કારણ જાણવું.

અને આહારકદ્વિકના બંધનું કારણ અપ્રમત્તભાવના સંયમ સાથેનો આત્મિક અલ્પ રાગ તે કારણ બને છે.

જિનનામકર્મના બંધ માટે વાચકવર ઉમાસ્વાતિજી મહારાજાએ તત્ત્વાર્થસૂત્રના છઠ્ઠા અધ્યાયમાં કહ્યું છે કે दर्शनविशुद्धिर्विनयसंपन्नता

शीलव्रतेष्वनतिचारोऽभीक्ष्णं ज्ञानोपयोगसंवेगौ शक्तिस्त्यागतपसी संघसाधुसमाधि वैयावृत्यकरणमर्हदाचार्यभक्तिरावश्यकापरिहाणि मार्गप्रभावना प्रवचन वत्सलत्वमिति तीर्थकृत्वस्य

અર્થ– જિનનામના બંધનું કારણ (૧) સમ્યક્ત્વની નિર્મળતા, (૨) વિનયપણુ (૩) અતિચાર રહિત વ્રતનું પાલન, (૪) સતત જ્ઞાનોપયોગ (૫) શક્તિ પ્રમાણે ત્યાગ અને તપ (૬) સંઘ અને સંયમીને સમાધિ થાય તેવી પ્રવૃતિ (૭) તેમનું વૈયાવચ્ચ-સેવા કરવી (૮) અરિહંત પરમાત્મા-આચાર્ય ભગવંતની ભક્તિ (૯) આવશ્યક ક્રિયા બરાબર કરવી (૧૦) જિનેશ્વરના માર્ગની પ્રભાવના (૧૧) જિન પ્રવચન ઉપર અત્યંત વાત્સલ્યતા (પરમાત્માના માર્ગ ઉપર અત્યંત રાગ) છે. (આમાંનું કોઈ એકનું પણ બરાબર પાલન તે તીર્થંકર નામકર્મના બંધનું કારણ બને છે.)

**સાસ્વાદન ગુણસ્થાનકે બંધ–**

**नरय-तिग जाई-थावर-चउ हुंडा-ऽऽयव-छिवट्ठ-नपु-मिच्छं ।**
**सोलंतोइग-हिअ सय सासणि तिरि-थीण-दुहग-तिगं ॥४॥**

| | |
|---|---|
| नरयतिग = નરકત્રિક | जाई-थावरचउ = જાતિચતુષ્ક અને સ્થાવર ચતુષ્ક |
| छिवट्ठ = છેવટ્ઠુ સંઘયણ. | तिरि-थिण-दुहगतिगं = તિર્યંચત્રિક, થિણદ્ધિત્રિક અને દૌર્ભાગ્યત્રિક |
| सोलंतो = સોલના ક્ષયથી | |
| इगहिय = એક અધિક | |

**ગાથાર્થ**– નરકત્રિક : જાતિ ચતુષ્ક અને સ્થાવર ચતુષ્ક : હુંડક : આતપ : છેવટ્ઠું : નપુંસકવેદ મિથ્યાત્વ મોહનીય એ સોળનો અંત થવાથી સાસ્વાદને એકસોથી એક અધિકઃ એટલે એક સો એક બંધમાં હોય. તિર્યંચત્રિક-થિણદ્ધિત્રિક અને દૌર્ભાગ્યત્રિકઃ ॥ ૪ ॥

**વિવેચન**– નરકગતિ-નરકાનુપૂર્વી-નરકાયુષ્ય એમ**નરકત્રિક** એકેન્દ્રિય-બેઈન્દ્રિય-તેઈન્દ્રિય-ચઉરિન્દ્રિય એમ **ચાર જાતિ**, સ્થાવર-સૂક્ષ્મ-અપર્યાપ્ત-સાધારણ એ **સ્થાવર ચતુષ્ક**. હુંડક-આતપ-છેવટ્ઠું-નપુંસકવેદ અને મિથ્યાત્વ મોહનીય એ કુલ ૧૬ પ્રકૃતિઓનો ૧લા ગુણસ્થાનકના અંતે બંધનો અંત (વિચ્છેદ) થવાથી સાસ્વાદન ગુણસ્થાનકે ૧૦૧ પ્રકૃતિઓ બંધાય છે.

નરકાદિ ૧૬ પ્રકૃતિઓનો બંધ મિથ્યાત્વના ઉદયથી થાય છે. મિથ્યાત્વનો ઉદય ૧લા ગુણઠાણે છે. બીજા આદિ ગુણઠાણે મિથ્યાત્વનો ઉદય ન હોવાથી આ ૧૬ પ્રકૃતિઓનો બંધ સાસ્વાદનાદિ ગુણઠાણે થાય નહી. વળી આ ૧૬ પ્રકૃતિઓ નરક-એકેન્દ્રિય-વિકલેન્દ્રિયને યોગ્ય છે. અને તે અત્યંત અશુભ પ્રકૃતિઓ હોવાથી મિથ્યાદષ્ટિ જીવો જ બાંધે છે.

અહીં મોહનીયની બે, આયુષ્યની એક અને નામકર્મની ૧૩ પ્રકૃતિઓનો બંધ વિચ્છેદ[1] થવાથી કર્મવાર ૧૦૧ પ્રકૃતિઓ આ પ્રમાણે બંધમાં રહે છે.

સાસ્વાદન ગુણઠાણે બંધમાં ૧૦૧ પ્રકૃતિ છે. તે આ પ્રમાણે–

| | | | |
|---|---|---|---|
| જ્ઞાનાવરણીય | ૫ | **નામકર્મ** | **૫૧** |
| દર્શનાવરણીય | ૯ | પિંડપ્રકૃતિ | ૨૯ |
| વેદનીય | ૨ | પ્રત્યેક | ૬ |
| મોહનીય | ૨૪ | ત્રસાદિ | ૧૦ |
| આયુષ્ય | ૩ | સ્થાવરાદિ | ૬ |
| નામકર્મ | ૫૧ | | ૫૧ |
| ગોત્રકર્મ | ૨ | | |
| અંતરાય | ૫ | | |
| | ૧૦૧ | | |

હવે ત્રીજા ગુણઠાણે કેટલી બંધાય ? તે આ પ્રમાણે- બીજા ગુણઠાણા સુધી બંધાતી તિર્યંચત્રિક (તિર્યંચગતિ-તિર્યંચાનુપૂર્વી-તિર્યંચાયુષ્ય) થીણદ્ધિત્રિક (નિદ્રાનિદ્રા-પ્રચલાપ્રચલા-થિણદ્ધિ) દૌર્ભાગ્યત્રિક (દુર્ભગ-દુઃસ્વર અનાદેય) તથા (આગળની ગાથામાં કહેવાતી પ્રકૃતિઓ)

**મિશ્રાદિ ગુણસ્થાનકે બંધાતી–બંધ વિચ્છેદ થતી પ્રકૃતિઓ–**

**अण-मज्झागिइ-संघयण, चउनिउज्जोअ कुखगइत्थित्ति ।**
**पणवीसंतो मीसे, चउ-सयरि दु-आयु-अ-बंधा ॥५॥**

---

૧. અહીં બંધનો અંત એટલે તે ગુણસ્થાનક સુધી હોય આગળના ગુણસ્થાનકોમાં ન હોય. तत्र भावः उत्तराभाव એટલે ત્યાં હોય આગળના ગુણસ્થાનકોમાં બંધનો અભાવ એમ સર્વ સ્થાને જાણવું.

| | |
|---|---|
| नि(अ) = નીચગોત્ર | इत्थि = સ્ત્રીવેદ |
| उज्जोअ = ઉદ્યોતનામ | त्ति = એમ |
| कुखगई = અશુભ વિહાયોગતિ | पणवीसंतो = પચીસનો અંત |
| मीसे = મિશ્ર ગુણઠાણે | चउसयरि = ચુમ્મોત્તેર |
| दुआउअ = બે આયુષ્યનો | अ-बंधा = અબંધ હોવાથી. |

**ગાથાર્થ–** અનન્તાનુબન્ધી ચાર, મધ્યમ આકૃતિ ચાર અને મધ્યમ સંઘયણ ચારઃ નીચગોત્રઃ ઉદ્યોતનામઃ અશુભવિહાયોગતિઃ અને સ્ત્રીવેદઃ એમ પચ્ચીશનો અંત કરવાથી અને બે આયુષ્યનો અબંધ થવાથી મિશ્રગુણ૦માં ચુમ્મોતેર પ્રકૃતિ બંધાય છે. ।।૫।।

**વિવેચન–** આગળની ગાથામાં છેલ્લે બતાવેલ ૯ પ્રકૃતિઓ તથા અનંતાનુબંધી ૪ કષાય, મધ્યનાં ૪ સંસ્થાન, મધ્યનાં ૪ સંઘયણ, નીચગોત્ર, ઉદ્યોતનામકર્મ, અશુભ વિહાયોગતિ, સ્ત્રીવેદ એમ ૨૫ પ્રકૃતિઓનો ૨ જા ગુણઠાણાના અંતે બંધવિચ્છેદ થાય છે. એટલે કે ૨ ગુણઠાણા સુધી બંધાય છે. પરંતુ ૩જા આદિ ગુણઠાણે બંધાતી નથી. કારણકે

આ ૨૫ પ્રકૃતિઓનો બંધ અનંતાનુબંધીના ઉદયથી થાય છે. અનંતાનુબંધીનો ઉદય બીજા ગુણઠાણા સુધી છે. ૩જા આદિ ગુણઠાણાઓમાં અનંતાનુબંધીનો ઉદય ન હોય માટે આ ૨૫ પ્રકૃતિઓનો બંધ થાય નહીં.

દર્શનાવરણીયની ત્રણ, મોહનીયની પાંચ, આયુષ્યની એક, નામકર્મની ૧૫, ગોત્રની એક. એમ ૨૫ પ્રકૃતિઓનો બંધવિચ્છેદ થવાથી

બીજે ગુણઠાણે કહેલ ૧૦૧માંથી એમ ૨૫ પ્રકૃતિ બાદ કરીએ તો ૭૬ પ્રકૃતિઓ રહે છે. અને તેમાંથી બે આયુષ્યનો અબંધ થવાથી ૭૪ પ્રકૃતિઓ ત્રીજા ગુણ૦માં બંધાય છે.

કહ્યું છેકે– सम्मामिच्छदिट्ठी आउयबंधं पि न करेइ त्ति ॥

સમ્યગ્‌મિથ્યાદ્રષ્ટિ જીવ આયુષ્યબંધ પણ કરે નહી.

મિશ્ર ગુણસ્થાનકમાં વર્તતો જીવ-તથાસ્વભાવે

(૧) પરભવના આયુષ્યનો બંધ ન કરે.
(૨) મરણ ન પામે.
(૩) પરભવમાં જતાં આ ગુણસ્થાનક ન હોય. એટલે મિશ્ર ગુણ૦ લઈને ભવાન્તરમાં જવાય નહીં.

તેથી આ ગુણઠાણે બે આયુષ્ય બંધાતા નથી, પણ આગળનાં ગુણઠાણે બાંધવાના છે માટે ૨ આયુષ્યનો અહીં અબંધ કહ્યો છે તેથી

મિશ્ર ગુણઠાણે બંધાતી પ્રકૃતિઓ– ૭૪

| | | | |
|---|---|---|---|
| જ્ઞાનાવરણીય | ૫ | **નામકર્મની** | **૩૬** |
| દર્શનાવરણીય | ૬ | પિંડપ્રકૃતિ | ૧૮ |
| વેદનીય | ૨ | પ્રત્યેક | ૫ |
| મોહનીય | ૧૯ | ત્રસાદિ | ૧૦ |
| આયુષ્ય | ૦ | સ્થાવરાદિ | ૩ |
| નામ૦ | ૩૬ | | |
| ગોત્ર | ૧ | | |
| અંતરાય | ૫ | | |
| | ૭૪ | | |

**૪ થે ૫ મે ગુણસ્થાનકે બંધાતી- બંધવિચ્છેદ થતી પ્રકૃતિઓ–**

**सम्मे सग-सयरि जिणा-ऽऽउबंधि, वइर-नर तिअ-बिअ कसाया ।**
**उरल-दुगंतो देसे सत्तट्ठी, तिअ कसायंतो ॥६॥**

| | |
|---|---|
| सम्मे = સમ્યગ્દૃષ્ટિગુણ૦માં | उरल-दुगंतो = ઔદારિકદ્વિકનો અંત કરે |
| सगसयरि = સિત્તોતેર | सत्तट्ठी = સડસઠ |
| नर तिअ = મનુષ્યત્રિક | तिअ = ત્રીજાપ્રત્યાખ્યાનીય |

**ગાથાર્થ–** જિનનામ કર્મ અને બે આયુષ્યોનો બંધ થવાથી અવિરત સમ્યગદ્રષ્ટિ ગુણસ્થાનકે સિત્તોતેર બંધાય. ત્યાં (અવિરત ગુણ૦ના અંતે)

વજ્ર ઋષભનારાચ સંઘયણ, મનુષ્યત્રિક, બીજો કષાય અને ઔદારિકદ્વિકનો અંત થવાથી દેશવિરતિ ગુણસ્થાનકે સડસઠ પ્રકૃતિ બંધાય ત્યાં ત્રીજા અપ્રત્યા૦ કષાયનો અંત થવાથી. ॥૬॥

**વિવેચન–** ૩જે ગુણ૦ બંધાતી ૭૪ પ્રકૃતિઓમાં જિનનામ અને દેવાયુઃ-મનુષ્યાયુષ્ય ઉમેરવાથી ૪થે ગુણ૦ ૭૭ પ્રકૃતિઓ બંધાય છે કારણકે અહીં જિનનામ કર્મનો બંધ તત્પ્રાયોગ્ય સમ્યક્ત્વથી થાય છે અને તત્પ્રાયોગ્ય સમ્યક્ત્વ ૪થા આદિ ગુણઠાણે હોવાથી જિનનામનો બંધ થાય છે.

આયુષ્યનો બંધ ઘોલમાન પરિણામથી થાય છે. તેવા પરિણામથી ચોથા વિગેરે ગુણ૦માં સમ્યગ્દૃષ્ટિ તિર્યંચ મનુષ્યો જો આયુ બાંધે તો દેવાયુષ્ય જ બાંધે છે અને સમ્યગ્દૃષ્ટિ દેવ-નારકો મનુષ્યાયુષ્યનો જ બંધ કરે છે. માટે બે આયુષ્યનો બંધ ૪થા ગુણઠાણે થાય છે. તેથી અહીં ત્રણ પ્રકૃતિ ઉમેરવામાં આવી છે.

ચોથે બંધાતી આઠ કર્મની પ્રકૃતિઓ– ૭૭

| | | | |
|---|---|---|---|
| જ્ઞાનાવરણીય | ૫ | **નામકર્મની** | **૩૭** |
| દર્શનાવરણીય | ૬ | પિંડ૦ | ૧૮ |
| વેદનીય | ૨ | ત્રસાદિ | ૧૦ |
| મોહનીય | ૧૯ | સ્થાવરાદિ | ૩ |
| આયુષ્ય | ૨ | પ્રત્યેક | ૬ |
| નામ૦ | ૩૭ | | |
| ગોત્ર | ૧ | | |
| અંતરાય | ૫ | | |
| | ૭૭ | | |

અવિરત સમ્યગ્દૃષ્ટિ ગુણ૦ના અંતે બંધ વિચ્છેદ થતી પ્રકૃતિઓનાં કારણ-**અપ્રત્યાખ્યાનાવરણ કષાય**- આ કષાયનો બંધ તેના ઉદયથી હોય છે. દેશવિરતિ આદિ ગુણ૦માં દેશવિરતિ ગુણનો ઘાત કરનાર હોવાથી આ

કષાયનો ઉદય નથી માટે બંધ પણ નથી. કારણકે કહ્યું છે કે "जे वेयइ ते बंधइ" જે કષાયનો ઉદય હોય તે બંધાય જો કે આ નિયમ અનં૦ કષાયના બંધ માટે લાગતો નથી.[1]

મનુષ્યત્રિક, ઔદારિકદ્વિક-વજ્રઋષભનારાચ સંઘયણ—આ છ પ્રકૃત્તિ મનુષ્ય પ્રાયોગ્ય છે અને અવિરતિ સમ્યગ્‌દૃષ્ટિ આદિ ગુણસ્થાનકોમાં મનુષ્ય તિર્યંચો દેવ પ્રાયોગ્ય જ બંધ કરે અને દેવ-નારકજીવો મનુષ્ય પ્રાયોગ્ય જ બંધ કરે. પરંતુ તે દેવ-નારકીને દેશવિરતિ આદિ ગુણસ્થાનક નથી. તેથી આ પ્રકૃતિઓ પાંચમા ગુણ૦માં બાંધનાર કોઈ ન હોવાથી બંધાય નહીં.

દેશવિરતિ ગુણ૦માં બંધાતી પ્રકૃતિઓ— ૬૭

| | |
|---|---|
| જ્ઞાનાવરણીય | ૫ |
| દર્શનાવરણીય | ૬ |
| વેદનીય | ૨ |
| મોહનીય | ૧૫ |
| આયુષ્ય | ૧ |
| નામકર્મ | ૩૨ |
| ગોત્ર | ૧ |
| અંતરાય | ૫ |
| | ૬૭ |

| **નામકર્મની પ્રકૃતિઓ** | **૩૨** |
|---|---|
| પિંડપ્રકૃતિ | ૧૩ |
| ત્રસાદિ | ૧૦ |
| સ્થાવરાદિ | ૩ |
| પ્રત્યેક | ૬ |

દેશવિરતિ ગુણ૦ના અંતે પ્રત્યાખ્યાનાવરણ કષાયનો બંધ વિચ્છેદ થાય છે.

**પ્રમત ગુણસ્થાનકે બંધવિચ્છેદ થતી પ્રકૃતિઓ—**

**तेवट्ठि पमत्ते सोग अरइ अथिर-दुग अ-जस अ-स्सायं ।**
**वुच्छिज्ज छच्चा सत्त व नेइ सुराउं जया निट्ठं ॥ ७ ॥**

૧. ૪ થી ૭ માં અનં૦ કષાયની વિસંયોજના કરી મિથ્યાત્વે આવેલાને અનં૦ના ઉદય વિના પણ એક આવલિકા સુધી બંધ હોય છે માટે અનં. કષાયના બંધનું કારણ-મિથ્યાત્વ અને અનં૦કષાય બંને હેતુ છે. એમ સમજવું.

| | |
|---|---|
| तेवट्ठि = ત્રેસઠ | अस्सायं = અસાતા વેદનીય |
| निट्ठं = સંપૂર્ણતાએ | नेइ = બંધ સંપૂર્ણ કરે. |

**ગાથાર્થ–** પ્રમત્તમાં ત્રેસઠ બંધાય. આ ગુણસ્થાનકનાં અંતે શોકઃ અરતિ, અસ્થિરદ્વિક, અપયશ, અસાતા-વેદનીયઃ એ છ નો અથવા દેવાયુઃનો બંધ જો અહીં જ પૂરો કરે, તો સાતનો બંધ વિચ્છેદ થાય. ॥૭॥

**વિવેચન–** ૫મા ગુણઠાણાના અંતે અપ્રત્યા૦કષાયનો બંધવિચ્છેદ થવાથી ૬૩ પ્રકૃતિઓ ૬ઠ્ઠા ગુણ૦માં બંધાય છે.

પ્રત્યાખ્યાનાવરણ કષાયનો બંધ પ્રત્યાખ્યાની કષાયનો ઉદય હોય ત્યાં સુધી જ છે. પ્રત્યાખ્યાની કષાય સર્વવિરતિ ગુણનો ઘાત કરે છે. અને સર્વવિરતિ હોતે છતે પ્રત્યાખ્યાની કષાયનો ઉદય પ્રમત્તાદિ ગુણ૦માં હોય નહી, માટે તેના ઉદયથી બંધાતા પ્રત્યાખ્યાની કષાયનો બંધ પણ થતો નથી માટે પ્રમત્ત ગુણ૦ ૬૩ પ્રકૃતિઓ બંધાય છે.

પ્રમત્તગુણ૦માં બંધાતી પ્રકૃત્તિઓ– ૬૩

| | | | |
|---|---|---|---|
| જ્ઞાનાવરણીય | ૫ | **નામકર્મ** | **૩૨** |
| દર્શનાવરણીય | ૬ | પિંડપ્રકૃતિ | ૧૩ |
| વેદનીય | ૨ | ત્રસદશક | ૧૦ |
| મોહનીય | ૧૧ | સ્થાવરદશક | ૩ |
| આયુષ્ય | ૧ | પ્રત્યેક | ૬ |
| નામ | ૩૨ | | ૩૨ |
| ગોત્ર | ૧ | | |
| અંત૦ | ૫ | | |
| | ૬૩ | | |

પ્રમત્ત ગુણ૦ના અંતે શોક, અરતિ, અસ્થિર, અયશ અને અશાતાવેદનીયનો બંધ વિચ્છેદ થાય છે. કારણ કે આ છ પ્રકૃતિ પ્રમાદથી બંધાય. અપ્રમત્તે પ્રમાદ નથી. તેથી ન બંધાય.

છઠ્ઠા ગુણઠાણાના અંતે ૬ પ્રકૃતિનો બંધ વિચ્છેદ થવાથી અને આહારકદ્વિકનો બંધ થવાથી તથા દેવાયુઃનો બંધ કરતો અપ્રમત્તગુણ૦માં આવે તો અપ્રમત્તે ૫૯નો બંધ થાય છે અને બંધ શરૂ કરેલ દેવાયુષ્યનો બંધ પૂર્ણ કરીને અપ્રમત્તે આવે તો અથવા અહીં નવું આયુષ્ય બાંધવાની શરૂઆત કરતો ન હોવાથી ૬+૧=૭નો બંધવિચ્છેદ થવાથી ૫૮ બાંધે છે.

**गुणसट्ठि अप्पमत्ते, सुराउ बंधंतु जइ इहाऽगच्छे ।**
**अन्नह अट्ठावन्ना, जं आहारग-दुगं बंधे ॥८॥**

| | |
|---|---|
| गुण-सट्ठि = ઓગણસાઠ | इह = અહીં |
| बंधंतु = બાંધતો | आगच्छे = આવે તો |
| जई = જો | जं = જે કારણમાટે |

**ગાથાર્થ–** અહીં અપ્રમત્તે બંધમાં આહારકદ્વિક હોય, તેથી જો દેવનું આયુષ્ય બાંધતો બાંધતો આ અપ્રમત્ત ગુણઠાણે આવે તો અપ્રમત્ત ગુણઠાણે ઓગણસાઠ, નહીંતર અટ્ઠાવન બંધાય છે. ॥૮॥

**વિવેચન–** સાતમું અપ્રમત્ત ગુણસ્થાનક અતિવિશુદ્ધ છે અને આયુષ્યનો બંધ ઘોલમાન પરિણામથી મધ્યમ–પરાવર્તમાન પરિણામથી થાય છે માટે ૭ મે ગુણઠાણે જીવ આયુષ્ય બાંધવાની શરૂઆત કરતો નથી. પરંતુ ૬ટ્ઠે ગુણઠાણે દેવાયુષ્યના બંધનો પ્રારંભ કર્યો હોય અને જીવ જો સાતમે ગુણઠાણે આવે તો તે બંધાતા દેવાયુષ્યનો સાતમે પણ શેષ બંધ ચાલુ રહે છે અને ત્યાં સાતમે બંધ પૂર્ણ કરે છે એટલે જો ૬ટ્ઠે દેવાયુષ્યના બંધની પૂર્ણતા કરી લીધી હોય તો દેવાયુઃ સહિત ૭ પ્રકૃતિઓ સાતમે બંધમાં ન હોય અને જો સાતમે દેવાયુષ્ય બાંધતો આવે તો ૬ પ્રકૃતિઓનો બંધવિચ્છેદ જાણવો.

**આહારકદ્વિકનોબંધ–** અહીં અપ્રમાદઅવસ્થાવાળુ વિશિષ્ટ સંયમ હોવાથી અહીં તદ્‌યોગ્ય મંદ કષાયરૂપ હેતુ હોવાથી આહારકદ્વિકનો બંધ છે. તેથી તે બે પ્રકૃતિ અહીં ઉમેરવાથી અહીં બંધમાં કુલ ૫૮ અથવા ૫૯ પ્રકૃતિઓ બંધાય છે. તે કર્મવાર આ પ્રમાણે–

| | | | |
|---|---|---|---|
| જ્ઞાનાવરણીય | ૫ | **નામકર્મ** | **૩૧** |
| દર્શનાવરણીય | ૬ | પિંડપ્રકૃતિ | ૧૫ |
| વેદનીય | ૧ | ત્રસાદિ | ૧૦ |
| મોહનીય | ૯ | સ્થાવરદિ | ૦ |
| આયુષ્ય | ૧(૦) | પ્રત્યેક | ૬ |
| નામ | ૩૧ | | ૩૧ |
| ગોત્ર | ૧ | | |
| અંત૦ | ૫ | | |
| | ૫૯(૫૮) | | |

**૮મા અપૂર્વકરણ ગુણસ્થાનકે બંધાતી અને બંધવિચ્છેદ થતી પ્રકૃતિઓ–**

**अडवन्न अपुव्वाइम्मि निद्द-दुगंतो छपन्न पण-भागे ।**
**सुर दुग-पणिंदि-सुख-गइ-तस-नव-उरल विणु-तणुवंगा ॥९॥**

निद्द-दुगंतो = નિદ્રાદ્વિકનો અંત કરે
उवंगा = ઉપાંગ-વૈક્રિય અંગોપાંગ તથા આહારક અંગોપાંગ
पण-भागे = પાંચ ભાગે
सुखगई = શુભ વિહાયોગતિ

**ગાથાર્થ–** અપૂર્વકરણના પહેલા ભાગમાં અઠ્ઠાવન તથા નિદ્રાદ્વિકનો અંત થવાથી પાંચ ભાગમાં છપ્પન, દેવદ્વિક પંચેન્દ્રિય જાતિઃ શુભવિહાયોગતિઃ ત્રસનવકઃ ઔદારિક સિવાયના શરીર અને અંગોપાંગ. ॥૯॥

**વિવેચન–** અપૂર્વકરણ ગુણસ્થાનકના પહેલા ભાગે ૫૮ બંધાય છે. ત્યાં પહેલા ભાગને અંતે નિદ્રાદ્વિકનો બંધવિચ્છેદ થવાથી ૨જાથી ૬ઠ્ઠા ભાગ સુધી ૫૬નો બંધ થાય છે.

નિદ્રાદ્વિકનો બંધ તદ્‌યોગ્ય અધ્યવસાય ૮મા ગુણસ્થાનકના પ્રથમ ભાગ સુધી જ હોય છે. આગળ તદ્‌યોગ્ય અધ્યવસાયો હોય નહી તેથી બીજા આદિ ભાગમાં નિદ્રાદ્વિક બંધાય નહીં. એટલે અપૂર્વકરણના બીજા ભાગથી છઠ્ઠા ભાગ (કુલ પાંચ ભાગમાં) સુધી છપ્પન પ્રકૃતિઓ બંધાય છે.

આ ગુણસ્થાનક શ્રેણિમાં હોવાથી પ્રતિસમયે અનંતગુણી વિશુદ્ધિએ આગળ વધે છે. ઉપર ચડે છે, તેથી નિદ્રાદ્વિકના બંધનો યોગ્ય હેતુરૂપ કષાય બીજા આદિ ભાગે ન હોય તેથી બંધાય નહીં તે પ્રમાણે આ ગાથામાં અને આગળની ગાથામાં કહેવાતી કુલ નામકર્મની ૩૦ પ્રકૃતિ અને ચાર પ્રકૃતિના બંધને યોગ્ય કાષાયિક અધ્યવસાય આઠમા ગુણ૦ના છઠ્ઠા અને સાતમા ભાગ સુધી હોય એટલે તે ૩૦ પ્રકૃતિઓનો છઠ્ઠા ભાગે બંધવિચ્છેદ થાય છે. અને સાતમા ભાગે એટલે આઠમા ગુણ૦ના અંતે ચાર પ્રકૃતિઓનો બંધ વિચ્છેદ થાય છે. જે આગળની ગાથામાં કહેલ છે.

**समचउर-निमिण-जिण-वन्न, अगुरुलहु-चउ-छलंसि तीसंतो ।**
**चरमे छ-वीस-बंधो, हास-रइ-कुच्छ-भय-भेओ ॥१०॥**

| | |
|---|---|
| निमिण = નિર્માણ નામ | तीसंतो = ત્રીસનો અંત થવાથી |
| छलंसि = છઠ્ઠે ભાગે | चरमे = છેલ્લે ભાગે |
| भेओ = અંત થવાથી | छव्वीस-बंधो = છવ્વીસનો બંધ |

**ગાથાર્થ**– સમચતુરસ્ર સંસ્થાન, નિર્માણ નામકર્મ, તીર્થંકર નામકર્મ, વર્ણાદિ ચતુષ્ક, અગુરુલઘુ ચતુષ્ક, એ ત્રીશનો છઠ્ઠે ભાગે બંધનો અંત થવાથી, છેલ્લે ભાગે છવ્વીસ બંધાય, ત્યાં હાસ્યઃ, રતિઃ જુગુપ્સાઃ અને ભયનો અંત થવાથી. ॥૧૦॥

**વિવેચન**– દેવગતિ આદિ ૩૦ પ્રકૃતિનો (એટલે ગતિ પ્રાયોગ) બંધ ૮મા ગુણઠાણાના છઠ્ઠા ભાગ સુધી થાય છે. ૭મા આદિ ભાગથી વિશેષ વિશુદ્ધિ હોવાથી તત્પ્રાયોગ્ય અધ્યવસાયનો અભાવ હોવાથી ગતિ પ્રાયોગ્ય બંધ થતો નથી. માટે આ ૩૦ પ્રકૃતિનો બંધ પણ ૬ઠ્ઠા ભાગ સુધી થાય છે.

**પ્રશ્ન**– ૩૦ પ્રકૃતિઓ છઠ્ઠા ભાગ સુધી કેમ બંધાય છે ? આગળ કેમ બંધાતી નથી ?

**જવાબ–** ૮મા ગુણઠાણાના જેટલા સમયો છે એટલા સમયોમાં પ્રતિસમયે અનંતગુણ વિશુદ્ધિ વધતી જાય છે. માટે આઠમાના છઠ્ઠા ભાગ સુધીના અધ્યવસાયો-સાતમા ભાગ જેટલા વિશુદ્ધ નથી. તેથી ૩૦ પ્રકૃતિના બંધના કારણરૂપ બને તેવા કષાયયુક્ત અધ્યવસાયસ્થાનો છઠ્ઠા ભાગ સુધી છે. માટે ત્યાં સુધી જ ૩૦ પ્રકૃતિઓ બંધાય. આગળ બંધને યોગ્ય કાષાયિક પરિણામ વિશેષ વિશુદ્ધિ હોવાથી ન હોય. માટે ન બંધાય.

૧ થી ૭ ગુણસ્થાનક સુધી જ્યારે જીવ એક ગુણસ્થાનક છોડીને બીજા ગુણસ્થાનકને પ્રાપ્ત કરે છે ત્યારે જે જે કર્મપ્રકૃતિનો બંધ વિચ્છેદ થાય છે તે તે કર્મપ્રકૃતિનો બંધ વિચ્છેદ તે તે ગુણઠાણાને અંતે કહ્યો છે, પરંતુ આઠમા ગુણસ્થાનકમાં વચ્ચે વચ્ચે જ વિશુદ્ધિ વધવાથી કેટલીક કર્મપ્રકૃતિનો બંધવિચ્છેદ થાય છે એટલે આઠમા ગુણસ્થાનકમાં ક્યાં કેટલી પ્રકૃતિનો બંધવિચ્છેદ થાય છે તે સમજવા માટે આઠમા ગુણસ્થાનકનો જે અંતર્મુહૂર્તકાળ છે તેના બંધને આશ્રયી ૭ ભાગ કરવામાં આવ્યા છે.

પ્રથમ ભાગે ૫૮ બંધાય છે. પ્રથમ ભાગના અંતે નિદ્રા અને પ્રચલાનો બંધવિચ્છેદ થવાથી ૨ થી ૬ ભાગ સુધી ૫૬ પ્રકૃતિઓ બંધાય છે. કારણકે નિદ્રાદ્વિકના બંધને યોગ્ય અધ્યવસાય આઠમા ગુણઠાણાના પ્રથમ ભાગ સુધી છે. બીજા આદિ ભાગોમાં તત્પ્રાયોગ્ય અધ્યવસાય ન હોવાથી નિદ્રાદ્વિક બંધાય નહીં.

આઠમા ગુણઠાણાના બીજા ભાગથી ૬ઠ્ઠા ભાગ સુધી ૫૬ પ્રકૃતિઓ બંધાય છે. ૬ઠ્ઠા ભાગના ચરમ સમયે દેવદ્વિક (દેવગતિ-દેવાનુપૂર્વી) પંચેન્દ્રિય જાતિ, શુભવિહાયોગતિ, યશનામ વિના ત્રસનવક ઔદારિક શરીર વિના ૪ શરીર અને ૨ અંગોપાંગો, સમચતુરસ્ર સંસ્થાન, નિર્માણનામકર્મ, તીર્થંકર નામકર્મ, વર્ણચતુષ્ક, અગુરૂલઘુ ચતુષ્ક એમ કુલ ૩૦ પ્રકૃતિઓનો બંધ વિચ્છેદ થાય છે. એટલે ૮મા ગુણઠાણાના સાતમા ભાગે ૨૬ પ્રકૃતિઓનો બંધ થાય છે.

આ ૩૦ પ્રકૃતિઓનો બંધ સાતમા આદિ ભાગોમાં થતો નથી. કારણકે ગતિપ્રાયોગ્ય બંધ ૮મા ગુણઠાણાના ૬ઠ્ઠા ભાગ સુધી થાય છે. આગળના ભાગોમાં તત્પ્રાયોગ્ય અધ્યવસાયનો અભાવ હોવાથી સાતમા આદિ ભાગોમાં બંધ થાય નહિં.

ત્યારબાદ ૭મા ભાગના અંતે એટલે આઠમા ગુણઠાણાના અંતે હાસ્ય રતિ, ભય અને જુગુપ્સાનો બંધવિચ્છેદ થવાથી ૯મા ગુણઠાણે ૨૨ પ્રકૃતિઓનો બંધ થાય છે.

**પ્રશ્ન**– ૮મા ગુણઠાણાના પ્રથમ ભાગે ૫૮, બીજાથી છઠ્ઠા ભાગ સુધી ૫૬ અને સાતમા ભાગે ૨૬ પ્રકૃતિઓનો બંધ થાય છે, તો આઠમા ગુણ૦ના ત્રણ જ ભાગ કરવા જોઈએ. સાત ભાગ કરવાનું કારણ શું ? બીજાથી છઠ્ઠા ભાગ સુધીનો એક જ ભાગ કરવો જોઈએ.

**જવાબ**– ૫૮ અને ૨૬ પ્રકૃતિના બંધના કાળ કરતાં ૫૬ પ્રકૃતિના બંધનો કાળ ઘણો વધારે અર્થાત્ પાંચ ગણો છે તે સમજાવવા માટે ૭ ભાગ કરેલ છે.

અહીં અસત્કલ્પનાએ આઠમા ગુણ૦ના ૨૧ સમય કલ્પીએ તો નિદ્રા-પ્રચલાનો બંધ આઠમા ગુણ૦ના ત્રણ સમય સુધી એટલે ૫૮ પ્રકૃતિ ૧ થી ૩ સમય સુધી, નામકર્મની દેવદ્વિક વિગેરે ૩૦પ્રકૃતિ આઠમા ગુણ૦ના ૧૮સમય સુધી એટલે ૫૬ પ્રકૃતિ ૧ થી ૧૮ સમય સુધી અને હાસ્યાદિ ચાર ૧ થી ૨૧ સમય સુધી અર્થાત્ ૨૬નો બંધ ૧ થી ૨૧ સમય સુધી છે.

જો ત્રણ ભાગ કલ્પીએ તો ૫૮નો બંધ ત્રણ સમયને બદલે સાત સમય સુધી, ૫૬નો બંધ ૧૮ સમયના બદલે ૧૪ સમય સુધી માનવો પડે અને તે પ્રમાણે બંધને યોગ્ય પરિણામ ન હોવાથી ઘટતો નથી. માટે સાત ભાગ કર્યા છે એટલે સાત ભાગના બદલે ત્રણ ભાગ કરીએ તો નિદ્રા પ્રચલા તથા નામકર્મની ૩૦ પ્રકૃતિના બંધના કાળમાં સમયોની અપેક્ષાએ બરાબર ન્યાય રહે નહી. માટે સાતભાગ કર્યા છે.

આઠમા ગુણ૦ના પ્રથમ ભાગે ૫૮ પ્રકૃતિઓ તે સાતમા ગુણ૦માં બતાવ્યા પ્રમાણે આયુષ્યવિના જાણવી. બીજા આદિ પાંચ ભાગે ૫૬ પ્રકૃતિઓ આ પ્રમાણે કર્મવાર છે.

| | | | |
|---|---|---|---|
| જ્ઞાનાવરણીય | ૫ | **નામકર્મ** | **૩૧** |
| દર્શનાવરણીય | ૪ | પિંડપ્રકૃતિ | ૧૫ |
| વેદનીય | ૧ | પ્રત્યેક | ૬ |
| મોહનીય | ૯ | ત્રસાદિ | ૧૦ |
| આયુષ્ય | ૦ | સ્થાવરદશક | ૦ |
| નામકર્મ | ૩૧ | | |
| ગોત્ર | ૧ | | |
| અંતરાય | ૫ | | |
| | ૫૬ | | |

આઠમા ગુણ૦ના છઠ્ઠા ભાગના અંતે નામકર્મની ૩૦ પ્રકૃતિનો બંધ વિચ્છેદ થવાથી છેલ્લા ભાગે ૨૬ પ્રકૃતિ બંધાય.

હવે આઠમા ગુણ૦ના છેલ્લા સાતમા ભાગે બંધાતી ૨૬ પ્રકૃતિઓ કર્મવાર આ પ્રમાણે.

| | | | |
|---|---|---|---|
| જ્ઞાનાવરણીય | ૫ | **નામકર્મ** | **૧** |
| દર્શનાવરણીય | ૪ | પિંડપ્રકૃતિ | ૦ |
| વેદનીય | ૧ | ત્રસાદિ | ૧ |
| મોહનીય | ૯ | સ્થાવરદશક | ૦ |
| આયુષ્ય | ૦ | પ્રત્યેક | ૦ |
| નામકર્મ | ૧ | | ૧ |
| ગોત્ર | ૧ | | |
| અંતરાય | ૫ | | |
| | ૨૬ | | |

**૯મે અને ૧૦મે ગુણસ્થાનકે- બંધ**

**अ-निअट्टि-भाग-पणगे, इगेग-हीणो-दुवीस-विह-बंधो ।**
**पुम-संजलण-चउण्हं, कमेण छेओ सत्तर सुहुमे ॥११॥**

| | |
|---|---|
| अनिअट्टि = અનિવૃત્તિ | पुम = પુરુષવેદ |
| भागपणगे = પાંચ ભાગે | चउण्हं = ચતુષ્ક |
| इगेगहीणो = એકેક પ્રકૃત્તિ ઓછી થવાથી | दु-वीस-विह-बंधो = બાવીસ પ્રકૃતિનો બંધ હોય |
| कमेण = અનુક્રમે | सत्तर = સત્તર |
| छेओ = છેદ થવાથી | सुहुमे = સૂક્ષ્મ સંપરાય ગુણઠાણે |

**ગાથાર્થ**– અનિવૃત્તિકરણ ગુણઠાણાના પાંચેય ભાગમાં દરેક ભાગે એક એક પ્રકૃતિનો બંધ-વિચ્છેદ થાય છે. એટલે બાવીશનો બંધ પહેલા ભાગે હોય-પુરુષવેદ અને સંજ્વલન ચતુષ્કમાંથી અનુક્રમે [એક-એક] બંધવિચ્છેદ થવાથી સૂક્ષ્મ સંપરાયે સત્તરનો બંધ હોય. ॥૧૧॥

**વિવેચન**– ૮મા ગુણઠાણાના અંતે હાસ્યાદિ-૪નો બંધ-વિચ્છેદ થવાથી ૯મા ગુણઠાણે ૨૨ પ્રકૃતિનો બંધ થાય છે. પુરુષવેદ અને સંજ્વલન ૪ નો ૯ મા ગુણઠાણાના એક-એક ભાગે તત્પ્રાયોગ્ય અધ્યવસાયના અભાવથી બંધ-વિચ્છેદ થતો જાય છે.

**પુરુષવેદ-તેનો બંધ** વેદ મોહનીયના ઉદયથી થાય છે. વેદનો ઉદય ૯મા ગુ૦ના ૧લા ભાગ સુધી હોય છે. ૯મા ગુણઠાણાના બીજા આદિ ભાગથી વેદનો ઉપશમ કે ક્ષય કરતો હોવાથી ઉદય ન હોવાથી પુરુષવેદનો બંધ થાય નહીં.

તે જ પ્રમાણે, **સંજ્વલન ચતુષ્ક**-૯મા ગુણઠાણાના બીજા ભાગના અંતે સંજ્વલન ક્રોધ, ત્રીજા ભાગે સંજ્વલન માન, ચોથા ભાગે સંજ્વલન માયા અને પાંચમે ભાગે સંજ્વલન લોભનો બંધ વિચ્છેદ થવાથી પહેલા બીજા વિગેરે ભાગે અનુક્રમે ૨૨-૨૧-૨૦-૧૯-૧૮નો બંધ થાય છે.

**નવમા ગુણઠાણામાં ભાગવાર બંધાતી કર્મપ્રકૃતિઓ–**

| | જ્ઞા. | દર્શ. | વે. | મો. | આ. | નામ. | ગોત્ર | અંત. | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| પ્રથમ ભાગે | ૫ | ૪ | ૧ | ૫ | ૦ | ૧ | ૧ | ૫ | ૨૨ |
| દ્વિતીય ભાગે | ૫ | ૪ | ૧ | ૪ | ૦ | ૧ | ૧ | ૫ | ૨૧ |
| તૃતીય ભાગે | ૫ | ૪ | ૧ | ૩ | ૦ | ૧ | ૧ | ૫ | ૨૦ |
| ચોથા ભાગે | ૫ | ૪ | ૧ | ૨ | ૦ | ૧ | ૧ | ૫ | ૧૯ |
| પાંચમા ભાગે | ૫ | ૪ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૫ | ૧૮ |

**દશમા ગુણ૦માં બંધાતી કર્મવાર પ્રકૃતિઓ–**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૪ | ૧ | ૦ | ૦ | ૧ | ૧ | ૫ | ૧૭ |

**चउ-दंसणुच्च-जस-नाण-विग्ध-दसगंति सोलसुच्छेओ ।**
**तिसु-साय-बंध छेओ, सजोगि बंधंतुऽणंतो अ ॥१२॥**

चउदंसणुच्च = ચાર દર્શનાવરણીય તથા ઉચ્ચગોત્ર
दसगं = એ દશક
ति = ઇતિ એ પ્રમાણે
सोलस = સોલનો
बंधंतु = બંધનો અંત
उच्छेओ = વિચ્છેદ હોવાથી
जस = યશ નામકર્મ
तिसु = ત્રણ ગુણઠાણે
छेओ = છેદ થાય
स-जोगि = સયોગિને
अणंतो = અનંતો

**ગાથાર્થ–** દશમા ગુણ૦ના અંતે ચાર દર્શનાવરણ, ઉચ્ચગોત્ર, યશનામકર્મ જ્ઞાનાવરણીય અને અંતરાયનું દશક એમ સોળ પ્રકૃતિઓનો બંધ વિચ્છેદ થાય છે, ત્રણ ગુણ૦માં સાતા વેદનીયનો બંધ હોય છે. સયોગીગુણ૦ અંતે [તેનો પણ] બંધ વિચ્છેદ થવાથી બંધનો અંત અનંતકાળ સુધીનો છે. ॥૧૨॥

**વિવેચન–** પાંચ જ્ઞાનાવરણીય, ચક્ષુદર્શન-અચક્ષુદર્શન-અવધિદર્શન અને કેવલદર્શન એ ચાર દર્શનાવરણીય કર્મ, યશનામ કર્મ, ઉચ્ચગોત્ર, અને

પાંચ અંતરાય કર્મ એમ મળીને કુલ ૧૬ કર્મપ્રકૃતિઓનો બંધવિચ્છેદ ૧૦મા ગુણઠાણાના ચરમ સમયે થાય છે.

જ્ઞાનાવરણીય-૫, દર્શના૦-૪, યશનામ, ઉચ્ચગોત્ર, અંત૦-૫, આ સોળ પ્રકૃતિનો બંધ કષાયના ઉદયથી થાય છે. અગ્યારમા આદિ ગુણ૦માં કષાયનો ઉદય નથી. માટે સોળ પ્રકૃતિનો દશમા ગુણ૦ના અંતે બંધવિચ્છેદ થાય છે. તેથી અગ્યારમા આદિગુણ૦માં ૧ શાતાવેદનીય બંધાય છે.

ફક્ત ૧ શાતાવેદનીયનો બંધ ૧૧-૧૨-૧૩મે ગુણઠાણે હોય છે. અહીં યોગનિમિત્તક શાતા વેદનીયનો જ બંધ થાય છે. તેરમા ગુણ૦ના અંતે યોગનો નિરોધ થતાં યોગનિમિત્તક શાતા વેદનીયનો બંધ પણ વિચ્છેદ થાય છે. અને ૧૪ મા ગુણઠાણે એક પણ પ્રકૃતિનો બંધ હોય નહીં. હવે આ બંધનો અંત અનંતકાળ સુધી રહેવાવાળો છે. આ બંધવિચ્છેદ કદાપિ પાછો જવાનો નથી એટલે કે પુનઃકર્મબંધ શરૂ થવાનો નથી.

૧૧ થી ૧૩ ગુણ૦માં સંપરાય એટલે કષાય ન હોવાથી અસામ્પરાયિક બંધ થાય છે. સંપરાય એટલે કષાય. તે કષાયથી કર્મની સ્થિતિ બંધાય. અગ્યારમા આદિ ગુણ૦માં કાષાયિક બંધ ન હોય. માટે પ્રથમ સમયે બંધાય. બીજા સમયે ઉદયમાં આવે, ત્રીજા સમયે તે કર્મનાં દલિયા સત્તામાંથી પણ નિર્જરે એટલે ન હોય. આ રીતે દ્વિસામયિક (બે સમયવાળો) બંધ સમજવો. કહ્યું છે કે—

उवसंतखीणमोहा, केवलिणो एगविहबंधा
ते पुण दुसमयठिइयस्स, बंधगा न पुण संपरायस्स

ચૌદમા ગુણ૦માં યોગ રહિત થવાથી શૈલેશીકરણ એટલે પર્વતના જેવો નિષ્કંપ થવાથી બંધ ન હોય. કહ્યું છે કે—

सेलेसी पडिवन्ना अबंधगा हुंति नायव्वा ।

તેરમા ગુણ૦ના અંત સમયે જે બંધવિચ્છેદ થયો તે ફરી ક્યારે પણ પુનઃ થવાનો નથી. માટે તે અનંત છે. એટલે અનંતકાળ સુધી બંધનો અંત (બંધનો અભાવ) રહેવાનો છે. ક્યારે પણ ફરી બંધ થવાનો નથી.

***—: બંધ અધિકાર સમાપ્ત :—***

## ઉત્તરપ્રકૃતિના બંધનાં ગુણસ્થાનક

### કઈ પ્રકૃતિ કેટલા ગુણસ્થાનક સુધી બંધાય

| પ્રકૃતિ | ગુણસ્થાનક |
|---|---|
| જ્ઞાના૦૫ દર્શ૦૪ અંતરાય-૫ | ૧થી૧૦ |
| નિદ્રાદ્વિક | ૧થી૮/૧લા ભાગ |
| થિણદ્વિત્રિક | ૧ થી ૨ સુધી |
| શાતાવેદનીય | ૧ થી ૧૩ |
| અશાતાવેદનીય | ૧ થી ૬ |
| મિથ્યાત્વમોહનીય, નપુંસકવેદ | ૧લે |
| અનંતાનુબંધી ૪ કષાય | ૧ થી ૨ |
| અપ્રત્યાખ્યાનીય " | ૧ થી ૪ |
| પ્રત્યાખ્યાનીય " | ૧ થી ૫ |
| સંજ્વલન ક્રોધ | ૧ થી ૯/૨ ભાગ |
| સંજ્વલન માન | ૧ થી ૯/૩ ભાગ |
| સંજ્વલન માયા | ૧ થી ૯/૪ ભાગ |
| સંજ્વલન લોભ | ૧ થી ૯/૫ ભાગ |
| પુ૦વેદ | ૧ થી ૯/૧ ભાગ |
| સ્ત્રીવેદ | ૧/૨ સુધી |
| અરતિ શોક | ૧ થી ૬ |
| હાસ્ય-રતિ-ભય-જુગુપ્સા | ૧ થી ૮ |
| ઉચ્ચગોત્ર | ૧ થી ૧૦ |
| નીચગોત્ર | ૧ થી ૨ |
| મનુષ્યદ્વિક, ઔદા૦દ્વિક, વજ્રઋષભનારાચસંઘયણ | ૧થી૪ |
| તિર્યંચદ્વિક | ૧થી૨ |

| પ્રકૃતિ | ગુણસ્થાનક |
|---|---|
| ઉદ્યોત-દૌભાગ્યત્રિક | ૧ થી ૨ |
| નરકદ્વિક, જાતિચતુષ્ક | ૧લે |
| આહારકદ્વિક | ૭થી૮/૬ ભાગ |
| મધ્યમ ૪ સંઘયણ મધ્યમ ૪ સંસ્થાન | ૧થી૨ સુધી |
| હુંડક સંસ્થાન છેવટ્ઠું સંઘયણ | ૧ લે |
| અશુભવિહાયોગતિ | ૧થી૨ સુધી |
| જિનનામ | ૪થી૮/૬ભાગ |
| આતપ-સ્થાવર ચતુષ્ક | ૧લે |
| અસ્થિર-અશુભ-અયશ | ૧ થી ૬ |
| યશનામ | ૧થી૧૦ |
| દેવદ્વિક, વૈક્રિયદ્વિક, તેજસ, કાર્મણ પંચે૦જાતિ, વર્ણાદિ ૪, શુભવિહા.ત્રસાદિ ૯ સમચતુરસ સંસ્થાન, પરાઘાત, શ્વાસોશ્વાસ અગુરુલઘુ, નિર્માણ અને ઉપઘાત | ૧થી૮/૬ ભાગ સુધી |
| નરકાયુષ્ય | ૧ લે |
| તિર્યંચાયુષ્ય | ૧થી૨ |
| મનુષ્યાયુષ્ય | ત્રીજા વિના ૧થી૪ |
| દેવાયુષ્ય | ત્રીજા વિના ૧થી૭ |

## બંધયંત્રક.

| નં | ગુણસ્થાનકો ના નામ | બધ્યમાન મૂળ કર્મ | બધ્યમાન ઉત્તર પ્રકૃતિ | જ્ઞાનાવરણીય | દર્શનાવરણીય | વેદનીય | મોહનીય | આયુષ્ય | નામ | ગોત્ર | અંતરાય |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ઓઘ | ૮ | ૧૨૦ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૪ | ૬૭ | ૨ | ૫ |
| ૧ | મિથ્યાત્વ | ૮ | ૧૧૭ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૪ | ૬૪ | ૨ | ૫ |
| ૨ | સાસ્વાદન | ૮ | ૧૦૧ | ૫ | ૯ | ૨ | ૨૪ | ૩ | ૫૧ | ૨ | ૫ |
| ૩ | મિશ્ર | ૮ | ૭૪ | ૫ | ૬ | ૨ | ૧૯ | ૦ | ૩૬ | ૧ | ૫ |
| ૪ | અવિરતસમ્યક્ત્વ | ૮ | ૭૭ | ૫ | ૬ | ૨ | ૧૯ | ૨ | ૩૭ | ૧ | ૫ |
| ૫ | દેશવિરત | ૮ | ૬૭ | ૫ | ૬ | ૨ | ૧૫ | ૧ | ૩૨ | ૧ | ૫ |
| ૬ | પ્રમત્તસંયત | ૮ | ૬૩ | ૫ | ૬ | ૨ | ૧૧ | ૧ | ૩૨ | ૧ | ૫ |
| ૭ | અપ્રમત્તસંયત | ૮/૭ | ૫૮/૫૯ | ૫ | ૬ | ૧ | ૯ | ૧/૦ | ૩૧ | ૧ | ૫ |
| ૮ | પહેલો ભાગ | ૭ | ૫૮ | ૫ | ૬ | ૧ | ૯ | ૦ | ૩૧ | ૧ | ૫ |
| અપૂર્વકરણ ગુણસ્થાનક | બીજો ભાગ | ૭ | ૫૬ | ૫ | ૪ | ૧ | ૯ | ૦ | ૩૧ | ૧ | ૫ |
| | ત્રીજો ભાગ | ૭ | ૫૬ | ૫ | ૪ | ૧ | ૯ | ૦ | ૩૧ | ૧ | ૫ |
| | ચોથો ભાગ | ૭ | ૫૬ | ૫ | ૪ | ૧ | ૯ | ૦ | ૩૧ | ૧ | ૫ |
| | પાંચમો ભાગ | ૭ | ૫૬ | ૫ | ૪ | ૧ | ૯ | ૦ | ૩૧ | ૧ | ૫ |
| | છઠ્ઠો ભાગ | ૭ | ૫૬ | ૫ | ૪ | ૧ | ૯ | ૦ | ૩૧ | ૧ | ૫ |
| | સાતમો ભાગ | ૭ | ૨૬ | ૫ | ૪ | ૧ | ૯ | ૦ | | ૧ | ૫ |
| ૯ | પહેલો ભાગ | ૭ | ૨૨ | ૫ | ૪ | ૧ | ૫ | ૦ | | ૧ | ૫ |
| અનિવૃત્તિબાદર | બીજો ભાગ | ૭ | ૨૧ | ૫ | ૪ | ૧ | ૪ | ૦ | | ૧ | ૫ |
| | ત્રીજો ભાગ | ૭ | ૨૦ | ૫ | ૪ | ૧ | ૩ | ૦ | | ૧ | ૫ |
| | ચોથો ભાગ | ૭ | ૧૯ | ૫ | ૪ | ૧ | ૨ | ૦ | | ૧ | ૫ |
| | પાંચમો ભાગ | ૭ | ૧૮ | ૫ | ૪ | ૧ | ૧ | ૦ | | ૧ | ૫ |
| ૧૦ | સૂક્ષ્મ સંપરાય | ૬ | ૧૭ | ૫ | ૪ | ૧ | ૦ | ૦ | ૧ | ૧ | ૫ |
| ૧૧ | ઉપશાન્તમોહ | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૨ | ક્ષીણમોહ | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૩ | સયોગીકેવલી | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૪ | અયોગીકેવલી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |

## ગુણસ્થાનકને વિશે ઉદય અધિકાર

ઉદયની વ્યાખ્યા– ઓઘે અને પ્રથમ ગુણસ્થાનકે ઉદયમાં પ્રકૃતિઓ–

**उदओ विवाग-वेउणमुदीरणम-पत्ति, इह दु-वीस-सयं ।**
**सत्तर-सयं मिच्छे मीस-सम्म-आहार-जिण-ऽणुदया ॥१३॥**

| | |
|---|---|
| वेअणं = વેદવું | उदीरणं = ઉદીરણા |
| दुवीस सयं = એકસો બાવીસ | अपत्ति = [કાળ] ઉદયકાળને નહીં પામે છતે |
| आहार = આહારક દ્વિકનો | अणुदया = ઉદય ન હોવાથી |
| जिण = જિન નામકર્મનો | |

**ગાથાર્થ**– વિપાકરૂપે–સ્વરૂપે વેદવું, તે ઉદય અને ઉદયકાળને નહીં પામે છતે ખેંચીને વેદવું તે ઉદીરણાં. એ બન્નેમાં એક્સો બાવીશ [પ્રકૃતિઓ] હોય.

મિશ્ર મોહનીય અને સમ્યક્ત્વ મોહનીય આહારકદ્વિક અને જિન નામકર્મનો અનુદય હોવાથી મિથ્યાત્વ ગુણસ્થાનકે એકસો સત્તર ઉદયમાં હોય.૧૩.

**વિવેચન**– હવે ગુણસ્થાનકને વિશે ઉદય અધિકાર કહે છે. એટલે કયા કયા ગુણઠાણે કેટલી કેટલી પ્રકૃતિઓનો ઉદય હોય છે અને કેટલી પ્રકૃતિઓનો અનુદય તથા ઉદય વિચ્છેદ થાય છે એ જણાવે છે.

**ઉદય**– પોતપોતાની સ્થિતિને અનુસરીને બંધાયેલાં કર્મોનો અબાધાકાળ પૂર્ણ થયે છતે સ્વાભાવિક રીતે સ્વરૂપે અર્થાત્ રસોદયથી કર્મને ભોગવવું તે ઉદય એટલે નામ પ્રમાણે ફળ સ્વરૂપે કર્મને ભોગવવા[૧] તે.

---

૧. કર્મ જ્યારે બંધાય ત્યારે તે કર્મ આત્માની સાથે કેટલો ટાઈમ રહેશે તે નક્કી થાય તેને સ્થિતિબંધ કહેવાય.... તે સત્તાસ્થિતિ કહેવાય... તે સત્તાસ્થિતિ બે પ્રકારની નક્કી થાય. અબાધાકાળ અને ભોગ્ય સ્થિતિ. (નિષેક સ્થિતિ)

(૧) અબાધાકાળ– કર્મ બંધાયા પછી ઉદયમાં ન આવે તેવો કાળ-બાધા-પીડા (ફળ)ન આપે તેવો કાળ.

(૨) ભોગ્યકાળ– ફળરૂપે ઉદયમાં આવે. તે પણ બે પ્રકારે. (૧) પ્રદેશોદય (૨) રસોદય. અહીં ઉદય એટલે રસોદય જાણવો.

**ઉદીરણા**– ઉદયકાળને નહિ પામેલા (ઉદય આવલિકાની બહાર રહેલા) કર્મદલિકોને યોગ વડે ખેંચીને ઉદય આવલિકામાં લાવીને ભોગવવા તે **ઉદીરણા** કહેવાય છે.

ઉદય-ઉદીરણામાં ઓઘે (સામાન્યથી) ૧૨૨ પ્રકૃતિઓ હોય છે. સમ્યક્ત્વ મોહ૦અને મિશ્ર મોહ. આ બે પ્રકૃતિઓ બંધમાં નથી અને ઉદયમાં છે કારણકે મિથ્યાત્વ મોહનીય જ બંધાય છે. તેને જ હીન-હીનતર રસવાળી કરવાથી મિશ્ર મોહ૦ અને સમ્યક્ત્વ મોહ૦ કહેવાય છે. તેથી બંધમાં ૧૨૦ અને ઉદય-ઉદીરણામાં ૧૨૨ પ્રકૃતિઓ છે.

જેનો ઉદય હોય તેની જ ઉદીરણા હોય. ઉદયમાં ન હોય તેની ઉદીરણા ન થાય. જો કે કેટલીકવાર ઉદય હોવા છતાં ઉદીરણા ન પણ હોય તે આગળ કહેવામાં આવશે.

ઓઘે– સામાન્યથી સર્વ જીવોને સર્વ ગુણસ્થાનકમાં જે પ્રકૃતિઓ ઉદયમાં આવતી હોય છે તે સર્વ જીવોને અને સર્વ ગુણઠાણાને આશ્રયી ઓઘે આઠ કર્મની ૧૨૨ પ્રકૃતિઓ ઉદય-ઉદીરણામાં છે.

ઓઘથી ઉદય-ઉદીરણામાં આઠે કર્મની ૧૨૨ પ્રકૃતિઓ–

| | | | |
|---|---|---|---|
| જ્ઞાનાવરણીય | ૫ | **નામકર્મ** | **૬૭** |
| દર્શનાવરણીય | ૯ | પિંડપ્રકૃતિ | ૩૯ |
| વેદનીય | ૨ | પ્રત્યેક | ૮ |
| મોહનીય | ૨૮ | ત્રસદશક | ૧૦ |
| આયુષ્ય | ૪ | સ્થાવરદશક | ૧૦ |
| નામકર્મ | ૬૭ | | |
| ગોત્ર | ૨ | | |
| અંતરાય | ૫ | | |
| | ૧૨૨ | | |

**મિથ્યાત્વ ગુણઠાણે ઉદય-૧૧૭**

અહીં કર્મસ્તવમાં સર્વ જીવો અને સર્વકાળ આશ્રયી વિવક્ષા છે.

પ્રથમ મિથ્યાત્વ ગુણસ્થાનકે મિશ્ર મોહનીય, સમ્યક્ત્વ મોહનીય, જિનનામ અને આહારકદ્વિક વિના ૧૧૭ પ્રકૃતિઓનો ઉદય હોય છે આ પાંચ પ્રકૃતિઓનો ૧લે ગુણઠાણે અનુદય હોય છે.

**અનુદય**–

જે જે પ્રકૃતિઓનો ઉદય તે તે કહેલા ગુણઠાણામાં નથી પરંતુ પછીના આગળનાં ગુણઠાણાઓમાં ઉદય થશે તેને અનુદય કહેવાય છે.

**ઉદયવિચ્છેદ**– પોતાના તે તે ગુણસ્થાનકે ઉદય હોય પરંતુ પછીના આગળનાં ગુણઠાણાઓમાં ફરી ઉદયમાં આવવાની નથી તેને ઉદયવિચ્છેદ કહેવાય છે.

**મિશ્ર મોહનીય**– મિશ્ર મોહ૦નો ઉદય વીતરાગના વચન ઉપર રાગ કે દ્વેષ ન હોય તેવા જીવને ૩જે ગુણઠાણે જ હોય છે. માટે મિથ્યાત્વ ગુણઠાણે તેનો ઉદય નથી. એટલે અનુદય કહ્યો છે.

**સમ્યક્ત્વ મોહનીય**– ક્ષાયોપશમ સમક્તિીને સમ્યક્ત્વ મોહનીયનો ઉદય ૪ થી ૭ ગુણઠાણે હોય છે.માટે ૧લા આદિ ગુણઠાણે સમ્યક્ત્વ મોહ૦નો ઉદય નથી. તેથી અનુદય છે.

**જિનનામકર્મ**– જિનનામ કર્મનો ઉદય તીર્થંકર કેવલી ભગવંતને ઘાતીકર્મનો ક્ષય થવાથી ૧૩મે, ૧૪મે ગુણઠાણે હોય છે માટે ૧લા આદિ ગુણઠાણે જિનનામનો ઉદય નથી એટલે અનુદય જાણવો.

**આહારકદ્વિક**– આમર્ષૌષધિ આદિ લબ્ધિવાળા ચૌદ પૂર્વધર સંયમીને લબ્ધિ ફોરવે ત્યારે છઠ્ઠા પ્રમત્ત ગુણ૦માં આહારકદ્વિકનો ઉદય હોય છે. માટે ૧લા આદિ ગુણઠાણે આહારકદ્વિકનો ઉદય નથી માટે અનુદય કહ્યો છે.

મિથ્યાત્વે આઠ કર્મની ઉદય-ઉદીરણામાં-૧૧૭

| | | | |
|---|---|---|---|
| જ્ઞાનાવરણીય | ૫ | **નામકર્મ** | **૬૪** |
| દર્શનાવરણીય | ૯ | પિંડપ્રકૃતિ | ૩૭ |
| વેદનીય | ૨ | પ્રત્યેક | ૭ |
| મોહનીય | ૨૬ | ત્રસદશક | ૧૦ |
| આયુષ્ય | ૪ | સ્થાવરદશક | ૧૦ |
| નામકર્મ | ૬૪ | | |
| ગોત્ર | ૨ | | |
| અંતરાય | ૫ | | |
| | ૧૧૭ | | |

**સાસ્વાદન ગુણસ્થાનકે- ઉદય અને ઉદયવિચ્છેદ**

**सुहुमतिगाऽऽयव मिच्छं मिच्छंतं सासणे इगार-सयं ।**
**निरया-णुपुव्वि-ऽणुदया अण-थावर-इग-विगल-अंतो ॥१४॥**

| | |
|---|---|
| आयव = આતપ નામ | निरया-ऽणुपुव्वि-ऽणुदया = |
| मिच्छंतं = મિથ્યાત્વ ગુણઠાણે અંત થાય | નરકાનુપૂર્વીનો અનુદય હોવાથી |
| | अण = અનંતાનુબંધિ ચાર |
| इगार-सयं = એકસો અગિયાર | अंतो = અંત હોય. |

**ગાથાર્થ-** મિથ્યાત્વે સૂક્ષ્મત્રિક આતપનામકર્મ અને મિથ્યાત્વ મોહનીયના ઉદયનો અંત થાય છે અને સાસ્વાદને નરકાનુપૂર્વીનો અનુદય થવાથી બીજેગુણ૦માં એકસો અગિયારનો ઉદય હોય છે. સાસ્વાદનના અંતે અનંતાનુબંધી કષાય, સ્થાવર, એકેન્દ્રિય જાતિ, વિકલેન્દ્રિય જાતિનો ઉદયવિચ્છેદ થવાથી. ॥૧૪॥

**વિવેચન-** સૂક્ષ્મત્રિક, આતપ અને મિથ્યાત્વ મોહ૦ આ પાંચ પ્રકૃતિઓનો ઉદય બીજા આદિ ગુણઠાણે નથી. કારણકે (૧) સૂક્ષ્મ નામ

કર્મનો ઉદય સૂક્ષ્મ એકેન્દ્રિય જીવોને હોય છે. (૨) અપર્યાપ્ત નામકર્મનો ઉદય લબ્ધિ અપર્યાપ્તા જીવોને હોય છે. અને (૩) સાધારણ નામકર્મનો ઉદય સાધારણ વનસ્પતિકાય જીવોને જ હોય છે.

આ ત્રણે પ્રકારના જીવોને પહેલું ગુણઠાણું હોય છે કારણકે પારભવિક સાસ્વાદન લઈને આવનારા જીવો સૂક્ષ્મ, લબ્ધિ અપ૦ અને સાધારણ એકે૦માં ઉત્પન્ન થતા નથી પરંતુ બાદર લબ્ધિ પર્યાપ્તા પ્રત્યેકમાં ઉત્પન્ન થાય છે. જ્યાં આ ૩ પ્રકૃતિનો ઉદય નથી. માટે ૨જા આદિ ગુણઠાણાઓમાં આ ૩ પ્રકૃતિઓનો ઉદય હોય નહીં.

**આતપ નામકર્મ–**

આતપ નામકર્મનો ઉદય સૂર્યના વિમાનમાં રહેલા બાદર પર્યાપ્તા પૃથ્વીકાય રૂપ રત્નોના જીવોને અને સૂર્યકાન્તમણિને જ હોય છે. ત્યાં પરભવથી સાસ્વાદન લઈને આવનારા જીવો આ બાદર પર્યાપ્તા રત્નોમાં ઉત્પન્ન થઈ શકે છે. પરંતુ ત્યાં સાસ્વાદન માત્ર ૬ આવલિકા સુધી શરીર પર્યાપ્તિ પહેલાં જ હોય છે. અને આતપ નામ૦નો ઉદય ઉત્પન્ન થયા પછી અંતર્મુહૂર્ત બાદ શરીર પર્યાપ્તિ પૂર્ણ થયા પછી જ થાય છે. ત્યારે સાસ્વાદન ગુણ૦ ચાલ્યું ગયું હોય છે તેથી ૨જા આદિ ગુણઠાણાઓમાં આતપનો ઉદય નથી એટલે ઉદય વિચ્છેદ કહ્યો છે.

**મિથ્યાત્વ મોહનીય–**

મિથ્યાત્વ મોહ૦નો ઉદય મિથ્યાત્વ ગુણઠાણે જ હોય છે. બીજા આદિ ગુણઠાણાઓમાં મિથ્યાત્વમોહ૦નો ઉદય હોય નહીં તેથી ૨જા આદિ ગુણઠાણાઓમાં મિથ્યા૦મોહનો ઉદય કહ્યો નથી.

**નરકાનુપૂર્વીનો અનુદય–**

સાસ્વાદન ગુણઠાણું હોતે છતે જીવ નરકમાં જતો નથી, કારણકે સાસ્વા૦ગુણ લઈને અધોગતિ થાય નહિ અને નરકાનુપૂર્વીનો ઉદય નરકમાં જતાં જ હોય છે. તેમજ ચોથા ગુણ૦માં નરકગામી થઈ શકે છે ત્યાં ઉદયમાં

આવી શકે છે. અર્થાત્ ચોથું ગુણ૦ લઈને ક્ષાયિક સમ્યકત્વી નરકમાં જાય ત્યારે નરકાનુપૂર્વીનો ઉદય આવે. તેથી સાસ્વાદને અનુદય કહ્યો. છે. કહ્યું છે કે–

नरयाणुपुव्वियाए सासायणसम्मम्मि नहु उदओ ।
नरयम्मि जं न गच्छइ, अवणिज्जइ तेण सा तस्स ॥

સાસ્વાદને નરકાનુપૂર્વીનો ઉદય ન હોય. તે ગુણ૦ લઈને નરકમાં જતો નથી. તેથી સાસ્વાદને તેનો ઉદય દૂર કરાયો છે.

(બૃહત્કર્મસ્તવ ભાષ્ય ગા.૮)

સાસ્વાદન ગુણઠાણે ઉદય– ઉદીરણા ૧૧૧

| | | | |
|---|---|---|---|
| જ્ઞાનાવરણીય | ૫ | **નામકર્મ** | **૫૯** |
| દર્શનાવરણીય | ૯ | પિંડપ્રકૃતિ | ૩૬ |
| વેદનીય | ૨ | પ્રત્યેક | ૬ |
| મોહનીય | ૨૫ | ત્રસાદિ | ૧૦ |
| આયુષ્ય | ૪ | સ્થાવરાદિ | ૭ |
| નામકર્મ | ૫૯ | | |
| ગોત્ર | ૨ | | |
| અંતરાય | ૫ | | |
| | ૧૧૧ | | |

તથા સાસ્વાદન ગુણ૦ને અંતે ઉદય વિચ્છેદ થાય છે તે આ પ્રમાણે–

સાસ્વાદન ગુણઠાણાના અંતે ૯ પ્રકૃતિનો ઉદયવિચ્છેદ ૩નો અનુદય એમ ૧૨ ઓછી થવાથી અને એકનો ઉદય થાય છે. કારણકે અહીં મિશ્ર મોહનીય ભળવાથી ૧૦૦ પ્રકૃતિનો ઉદય મિશ્ર ગુણઠાણે હોય છે.

ઉદયવિચ્છેદ અને અનુદયનાં કારણ આ પ્રમાણે–

**અનંતાનુબંધી ૪નો ઉદયવિચ્છેદ**

અનંતાનુબંધી કષાયનો ઉદય સમ્યક્ત્વ ગુણનો ઘાત કરે છે. મિશ્ર૦ આદિ ગુણઠાણે મિશ્ર સમ્યક્ત્વ અને ૪ થી ૭ ગુણ૦માં ક્ષાયો૦સમ્યક્ત્વહોવાથી અનંતાનુબંધીનો ઉદય હોય નહીં કહ્યું છે કે–

पढमिल्लयाण उदए नियमा संजोयणा कसायाणं ।
सम्मदंसणलंभं भवसिद्धिया वि न लहन्ति ॥ (ગા.૧૦૮)

પહેલા અનં૦ (સંયોજના) કષાયનો ઉદય હોતે છતે ભવ્યજીવો સમ્યગ્દર્શન પ્રાપ્ત કરતા નથી.

**સ્થાવર નામકર્મ–**

આ નામકર્મનો ઉદય એકેન્દ્રિય જીવોને જ હોય છે. સ્થાવરજીવો મિશ્ર કે સમ્યક્ત્વ વિગેરે ગુણઠાણું પામતા નથી. કારણકે મિશ્ર વિગેરે ગુણસ્થાનકો સંજ્ઞી પંચેન્દ્રિય જીવ જ પામે છે માટે ૩જા આદિ ગુણઠાણે સ્થાવર નામકર્મનો ઉદય હોય નહીં.

**એકેન્દ્રિય-વિકલેન્દ્રિય જાતિનામ૦–**

એકેન્દ્રિય-વિકલેન્દ્રિય જાતિનામ૦નો ઉદય એકે૦વિકલે૦ જીવોને જ હોય છે. ત્યાં મિશ્ર વિગેરે ગુણઠાણું હોતું નથી. આ જાતિવાળા જીવોને બે જ ગુણઠાણા હોય છે. માટે ૩જા આદિ ગુણઠાણે આ પ્રકૃતિઓનો ઉદય હોય નહીં એટલે ઉદય વિચ્છેદ કહ્યો છે.

આ રીતે ૯ પ્રકૃતિઓનો બીજા ગુણઠાણાના અંતે ઉદયવિચ્છેદ થાય છે.

ત્રણ આનુપૂર્વીનો અનુદય છે. તેનું વર્ણન આગળની ગાથામાં છે.

૩ જે અને ૪ થે ગુણસ્થાનકે ઉદય–

**मीसे सयमणुपुव्वी-णुदया मीसोदएण, मीसंतो ।**
**चउ-सयमजए सम्मा-णुपुव्वि-खेवा, बिअ-कसाया ॥ १५ ॥**

| | |
|---|---|
| सयं = સો | चउ-सयं = એકસોચાર |
| अणुपुव्वीऽणु दया = આનુપૂર્વીનો ઉદય ન હોય તેથી | अणुपुव्वी = ચાર આનુપૂર્વી |
| | खेवा = ખેપવીએ-નાંખીએ તેથી. |

मीसोदएण = મિશ્ર મોહનીયનો ઉદય હોય તેથી

**ગાથાર્થ–** આનુપૂર્વીનો અહીં અનુદય હોવાથી અને મિશ્ર મોહનીયનો ઉદય થવાથી મિશ્ર ગુણઠાણે એકસો [પ્રકૃતિઓ] હોય.

મિશ્ર મોહનીયનો ઉદયવિચ્છેદ થવાથી અને સમ્યક્ત્વ મોહનીય તથા આનુપૂર્વીઓ ઉમેરવાથી અવિરતિ સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનકે એકસો ચાર [પ્રકૃતિઓ] હોય ત્યાં ચોથા ગુણઠાણે બીજા કષાયનો અંત થવાથી. ૧૫.

**વિવેચન**– મિશ્રે આનુપૂર્વીનો અનુદય થવાથી અને મિશ્ર મોહ૦નો ઉદય થવાથી મિશ્ર ગુણઠાણે ૧૦૦ પ્રકૃતિનો ઉદય હોય છે.

**૩ આનુપૂર્વીનો અનુદય –**

સાસ્વાદનમાં નરકાનુપૂર્વીનો અનુદય કહેલ છે બાકીની ૩ તિર્યંચાનુપૂર્વી, મનુષ્યાનુપૂર્વી, દેવાનુપૂર્વીનો આ ગુણઠાણે અનુદય હોય છે. કારણકે મિશ્ર ગુણ૦ લઈને ભવાન્તરમાં જવાય નહીં.

મિશ્ર ગુણઠાણે વર્તતો જીવ તથાસ્વભાવે ૪ કાર્યો કરતો નથી.

૧. મિશ્ર ગુણઠાણે જીવ મરણ પામે નહિ. **न सम्ममिसो कालं कुणइ ।**
૨. મિશ્ર ગુણઠાણું ભવાંતરમાં લઈને જવાય નહિ.
૩. મિશ્ર ગુણઠાણે જીવ આયુષ્યનો બંધ કરે નહિ.
૪. મિશ્ર ગુણઠાણે અનં૦કષાયનો બંધ-ઉદય હોય નહી.

વળી આનુપૂર્વીનો ઉદય પરભવમાં જતાં હોય છે. તેમજ મિશ્ર ગુણઠાણું ભવાંતરમાં જતાં હોય નહિ. માટે આ ૩ આનુપૂર્વીનો અનુદય આ ગુણઠાણે છે.

**મિશ્ર મોહનીયનો ઉદય–**

મિશ્ર ગુણઠાણે જ મિશ્ર મોહનીયનો ઉદય હોય છે. સર્વજ્ઞના વચન ઉપર શ્રદ્ધા કે અશ્રદ્ધા ન હોય માટે અહીં મિશ્ર મોહનીય ઉદયમાં ઉમેરવામાં આવે છે.

**૩જે ગુણઠાણે ઉદય– ઉદીરણામાં- ૧૦૦**

| | | | |
|---|---|---|---|
| જ્ઞાનાવરણીય | ૫ | **નામકર્મ** | **૫૧** |
| દર્શનાવરણીય | ૯ | પિંડપ્રકૃતિ | ૨૯ |
| વેદનીય | ૨ | પ્રત્યેક | ૬ |
| મોહનીય | ૨૨ | ત્રસાદિ | ૧૦ |
| આયુષ્ય | ૪ | સ્થાવરાદિ | ૬ |
| નામકર્મ | ૫૧ | | |
| ગોત્ર | ૨ | | |
| અંતરાય | ૫ | | |
| | ૧૦૦ | | |

૩જા ગુણઠાણાના અંતે મિશ્રમોહ૦નો ઉદય વિચ્છેદ થતાં અને સમ્યક્ત્વ મોહ૦ તથા ૪ આનુપૂર્વીનો ઉદય સંભવતો હોવાથી ઉમેરતાં ૧૦૪ પ્રકૃતિઓ ૪થે ગુણઠાણે ઉદયમાં હોય છે.

**મિશ્રમોહનીયનો ઉદય વિચ્છેદ–**

મિશ્ર મોહ૦નો ઉદય મિશ્ર ગુણઠાણે જ હોય છે માટે ૪થા આદિ ગુણઠાણાઓમાં મિશ્રમોહ૦નો ઉદય વિચ્છેદ થાય છે.

**સમ્યક્ત્વ મોહ૦નો ઉદય–**

સમ્યક્ત્વ મોહ૦નો ઉદય ક્ષાયોપશમ સમકિતીને ૪ થી ૭ ગુણઠાણે હોય છે. માટે આ ગુણઠાણે સમ્યક્ત્વ મોહ૦નો ઉદય સંભવે છે.

**૪ આનુપૂર્વીનો ઉદય–**

આનુપૂર્વીનો ઉદય ભવાંતરમાં જતાં હોય છે. અને ૪થા ગુણઠાણામાં વર્તતો જીવ મૃત્યુ પામે છે અને ૪થુ ગુણ૦ લઈને જીવ નરકાદિ ચારે ગતિમાં જઈ શકે છે માટે ૪ આનુપૂર્વીનો ઉદય આ ગુણઠાણે હોઈ શકે છે.

**૪ થે ગુણઠાણે ઉદય– ઉદીરણામાં- ૧૦૪**

| | | | |
|---|---|---|---|
| જ્ઞાનાવરણીય | ૫ | **નામકર્મ** | **૫૫** |
| દર્શનાવરણીય | ૯ | પિંડપ્રકૃતિ | ૩૩ |
| વેદનીય | ૨ | પ્રત્યેક | ૬ |
| મોહનીય | ૨૨ | ત્રસ | ૧૦ |
| આયુષ્ય | ૪ | સ્થાવરાદિ | ૬ |
| નામકર્મ | ૫૫ | | |
| ગોત્ર | ૨ | | |
| અંતરાય | ૫ | | |
| | ૧૦૪ | | |

૫મે, અને ૬ઠ્ઠે ગુણસ્થાનકે– ઉદય

**मणु-तिरि-ऽणुपुव्वि-विउव-ऽट्ठ, -दुहग-अणाइज्ज-दुगसत्तरछेओ ।**
**सगसीइ देसि-तिरि-गइ-आउ निउज्जोअ तिकसाया ॥१६॥**

| | |
|---|---|
| विउवट्ठ = વૈક્રિયાષ્ટક | सगसीइ = સત્યાશી |
| अणाइज्ज-दुग = અનાદેયદ્વિક | नि = નિચગોત્ર |
| सत्तर-छेओ = સત્તરનો વિચ્છેદ | उज्जोअ = ઉદ્યોતનામ |

**ગાથાર્થ–** મનુષ્યાનુપૂર્વી અને તિર્યંચાનુપૂર્વી, વૈક્રિયાષ્ટક દુર્ભગ અને અનાદેયદ્વિકઃ એ સત્તરના ઉદયનો અંત થવાથી દેશવિરતિ. ગુણસ્થાનકે સત્યાશી [પ્રકૃતિઓ] ઉદયમાં હોય.

તિર્યંચગતિ અને તિર્યંચ આયુષ્યઃ નીચગોત્રઃ ઉદ્યોત નામકર્મ ત્રીજા કષાયનો ॥૧૬॥

**વિવેચન–** ચોથા ગુણઠાણાને અંતે બીજો અપ્રત્યાખ્યાનીય કષાય, મનુષ્યાનુપૂર્વી, તિર્યંચાનુપૂર્વી, વૈક્રિય અષ્ટક (દેવત્રિક નરકત્રિક વૈક્રિયદ્વિક) દૌર્ભાગ્ય, અનાદેયદ્વિક એમ ૧૭ પ્રકૃતિઓનો ઉદય વિચ્છેદ થવાથી ૫ મે ગુણઠાણે ૮૭ પ્રકૃતિઓનો ઉદય હોય છે.

**અપ્રત્યાખ્યાનીય કષાય–**

આ કષાય દેશવિરતિ ગુણનો ઘાત કરનાર છે. આ કષાયનો ઉદય હોતે છતે દેશવિરતિ ગુણ આવે નહી. અને દેશવિરતિ ગુણ આવ્યે છતે આ કષાય ઉદયમાં હોય નહી તેથી ૫મા આદિ ગુણઠાણે અપ્રત્યા૦ કષાયનો ઉદય હોય નહીં.

કહ્યું છે કે– बीयकसायाणुदए अप्पच्चक्खाणा नामधिज्जाणं ।
सम्मदंसणलंमं विरयाविरयं न उ लहंति ॥
(आ. नि. गा. 109)

બીજા અપ્રત્યાખ્યાની નામના કષાયનો ઉદય હોય ત્યારે સમ્યગ્દર્શનને લાભ (પ્રાપ્ત) થાય. પરંતુ દેશવિરતિ મેળવે નહીં.

**મનુષ્યાનુપૂર્વી-તિર્યંચાનુપૂર્વી–**

આનુપૂર્વીનો ઉદય ભવાંતરમાં જતાં વિગ્રહગતિમાં આવે છે અને વિગ્રહગતિમાં જીવ નિયમા અવિરત જ હોય છે. દેશવિરતિ આદિ ગુણઠાણું લઈને ભવાંતરમાં જવાય નહિ માટે ૫મા આદિ ગુણઠાણાઓમાં આનુપૂર્વીનો ઉદય હોય નહીં.

**વૈક્રિય અષ્ટક**– (દેવત્રિક, નરકત્રિક, વૈક્રિયદ્વિક)

આ આઠ પ્રકૃતિઓનો ઉદય દેવ અને નારકીના જીવને હોય છે. દેવ અને નારકીનાં જીવને ૧ થી ૪ ગુણઠાણા હોય છે. અને ૫મે ગુણઠાણે મનુષ્ય અને તિર્યંચ હોય છે. માટે ૫મા આદિ ગુણઠાણે આ આઠ પ્રકૃતિઓનો ઉદય હોય નહીં.

જો કે પાંચમા આદિ ગુણ૦વાળા મનુષ્ય તિર્યંચોને વૈક્રિયલબ્ધિ હોય છે. વિષ્ણુકુમાર-સ્થુલભદ્ર, અંબડ શ્રાવકાદિની જેમ લબ્ધિ ફોરવે પણ છે, છતાં અહીં મૂળ શરીરની વિવક્ષા કરી છે. માટે મૂળ વૈક્રિય શરીર મનુષ્ય તિર્યંચને ન હોય. તેમજ મનુષ્ય તિર્યંચોને લબ્ધિ ફોરવવાનું ક્વચિત હોય છે. તેથી અલ્પકાલિન હોવાથી પણ વિવક્ષા કરી નથી.

**દુર્ભગ-અનાદેય-અપયશ**–

આ ૩ પ્રકૃતિઓ અશુભ છે. ૫ મા ગુણઠાણે મનુષ્ય-તિર્યંચો વર્તતા હોય ત્યારે પરિણામની વિશુદ્ધિથી કોઈને અપ્રિય થાય તેવી પ્રવૃત્તિ ન કરે, નિરર્થક અને અહિતકારી બોલે નહીં, તેથી તેઓને દુર્ભગ-અનાદેય અને અપયશનો ઉદય હોય નહીં.

**૫ મે ગુણઠાણે ઉદય– ઉદીરણામાં- ૮૭**

| | | | |
|---|---|---|---|
| જ્ઞાનાવરણીય | ૫ | **નામકર્મ** | **૪૪** |
| દર્શનાવરણીય | ૯ | પિંડપ્રકૃતિ | ૨૫ |
| વેદનીય | ૨ | પ્રત્યેક | ૬ |
| મોહનીય | ૧૮ | ત્રસ | ૧૦ |
| આયુષ્ય | ૨ | સ્થાવર | ૩ |
| નામકર્મ | ૪૪ | | |
| ગોત્ર | ૨ | | |
| અંતરાય | ૫ | | |
| | ૮૭ | | |

પાંચમાં ગુણઠાણાને અંતે તિર્યંચગતિ, તિર્યંચાયુ, નીચગોત્ર, ઉદ્યોત નામકર્મ અને પ્રત્યાખ્યાનીય કષાયનો ઉદયવિચ્છેદ થવાથી છઠ્ઠે ગુણઠાણે ૮૧ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

**તિર્યંચગતિ આદિ– ૪**

તિર્યંચગતિ-તિર્યંચઆયુષ્ય આ બે પ્રકૃતિઓ તિર્યંચ ગતિમાં જ ઉદયમાં હોય છે. ઉદ્યોતનો ઉદય મૂળ શરીરમાં તિર્યંચને જ હોય છે. નીચગોત્ર દેશવિરતિ આદિ ગુણ૦ પામ્યા પછી મનુષ્યને ન હોય. દેશવિરતિમાં તિર્યંચને જ હોય.

સ્વોપજ્ઞ ટીકામાં પણ ગ્રંથકારે નીચગોત્રનો ઉદય દેશવિરતિ ગુણ૦માં તિર્યંચને જ કહ્યો છે. તિર્યંચોને દેશવિરતિ સુધીનાં ગુણ૦ હોય છે. સર્વવિરતિ હોય નહીં. માટે છઠ્ઠા આદિ ગુણઠાણે આ ૪ પ્રકૃતિઓનો ઉદય હોય નહીં.

ઉદ્યોત માટે કહ્યું છે કે– "उत्तरदेहे च देवजई" (દેવ અને યતિને ઉત્તર શરીરમાં ઉદ્યોત હોય) પરંતુ યતિને ઉત્તર શરીરમાં ઉદ્યોતનો ઉદય અલ્પકાળવાળો હોવાથી વિવક્ષા કરી નથી. અર્થાત્ યતિ (સંયમી) ઉત્તર વૈક્રિય અને આહારકશરીર ક્વચિત્ બનાવે તેમાં ઉદ્યોતનો ઉદય કોઈવાર હોય. પણ અલ્પકાલિન હોવાથી વિવક્ષા કરી નથી.

**પ્રત્યાખ્યાનીય કષાય–**

પ્રત્યાખ્યાનીય કષાય સર્વવિરતિ ગુણનો ઘાત કરે છે અને સર્વવિરતિ હોતે છતે આ કષાયનો ઉદય હોય નહીં માટે પાંચમા ગુણ૦ના અંતે આ કષાયનો ઉદય વિચ્છેદ થાય છે.

**આહારકદ્વિકનો ઉદય–**

આમર્ષોષધિ લબ્ધિવંત ૧૪ પૂર્વધર સંયમી આત્માઓ આહારકદ્વિકની લબ્ધિ આ ગુણઠાણે ફોરવી શકે છે. (૧) તીર્થંકરની ઋદ્ધિ જોવાની ઉત્સુક્તા (૨) સૂક્ષ્મ અર્થના સંદેહને નિવારવા તથા (૩) જીવદયાના કારણે આહારક લબ્ધિ ફોરવે ત્યારે આ બે પ્રકૃતિનો ઉદય પ્રમત્ત ગુણ૦માં જ થાય છે. આ પ્રમાણે દેશવિરતિના અંતે આઠનો ઉદય વિચ્છેદ અને બે નો ઉદય થવાથી પ્રમત્તે ૮૧ પ્રકૃતિઓ ઉદયમાં હોય તે નીચેની ગાથામાં બતાવેલ છે.

છઠ્ઠા-સાતમા ગુણ૦માં ઉદય

**अट्ठ-च्छेओ इगसी पमत्ति आहार जुअल पक्खेवा ।**
**थीण-तिगा-ऽऽहारग-दुग, च्छेओ छस्सयरि अपमत्ते ॥ १७ ॥**

| | | | |
|---|---|---|---|
| **इगसी** | = એકાશી | **छस्सयरि** | = છોત્તેર |
| **पक्खेवा** | = ઉમેરવાથી | **अपमत्ते** | = અપ્રમત્ત ગુણઠાણે |

**ગાથાર્થ-** એ આઠનો અંત થવાથી અને આહારકદ્વિક ઉમેરવાથી એક્યાશી પ્રકૃતિઓ પ્રમત્ત ગુણસ્થાનકે ઉદયમાં હોય છે.

થિણદ્ધિત્રિક અને આહારકદ્વિકનો ઉદય વિચ્છેદ થવાથી અપ્રમત્ત ગુણસ્થાનકે છોત્તેર પ્રકૃતિઓ ઉદયમાં હોય. ॥૧૭॥

**વિવેચન–** આહારક લબ્ધિ સંયમી જ ફોરવી શકે. તેમાં લબ્ધિ ફોરવવી તે પ્રમાદવાળી અવસ્થા હોવાથી આહારકદ્વિક આ ગુણઠાણે ઉદયમાં આવે છે. **છટ્ઠે ગુણઠાણે ઉદય– ઉદીરણામાં ૮૧ પ્રકૃતિઓ છે.** તે આ પ્રમાણે–

| | | | |
|---|---|---|---|
| જ્ઞાનાવરણીય | ૫ | **નામકર્મ** | ૪૪ |
| દર્શનાવરણીય | ૯ | પિંડપ્રકૃતિ | ૨૬ |
| વેદનીય | ૨ | પ્રત્યેક | ૫ |
| મોહનીય | ૧૪ | ત્રસ | ૧૦ |
| આયુષ્ય | ૧ | સ્થાવર | ૩ |
| નામકર્મ | ૪૪ | | ૪૪ |
| ગોત્ર | ૧ | | |
| અંતરાય | ૫ | | |
| | ૮૧ | | |

છઠ્ઠા ગુણઠાણાના અંતે થિણદ્ધિ ત્રિક અને આહારકદ્વિકનો ઉદયવિચ્છેદ થવાથી ૭૬ પ્રકૃતિઓનો ઉદય અપ્રમત્ત સંયત ગુણ૦માં હોય છે.

**થિણદ્ધિત્રિક–** (નિદ્રા-નિદ્રા, પ્રચલા-પ્રચલા, થિણદ્ધિ)

થિણદ્ધિત્રિકનો ઉદય કંઇક પ્રમાદવાળાને હોય છે. તેથી ૬ઠ્ઠે ગુણઠાણે પ્રમાદ અવસ્થાવાળાને ઉદય હોય છે પરંતુ ૭મા આદિ ગુણઠાણે પ્રમાદ હોય નહી માટે ૭મા આદિ ગુણઠાણે થિણદ્ધિત્રિકનો ઉદય હોય નહીં.

**આહારકદ્વિકનો ઉદય-વિચ્છેદ–**

લબ્ધિ પ્રમાદથી ફોરવાય છે. ૭મા આદિ ગુણઠાણે પ્રમાદ ન હોવાથી લબ્ધિ ફોરવે નહીં. તેથી આહારકદ્વિકનો ઉદય હોય નહીં. લબ્ધિ ફોરવતાં અને સંહરણ કરતાં પ્રમત્ત ગુણઠાણું હોય છે. કેટલાક આચાર્યના મતે લબ્ધિ ફોરવ્યા પછી ૭મું ગુણઠાણું પામી શકે છે. પરંતુ અલ્પકાળવાળો હોવાથી અને ક્વચિત હોવાથી તેની અહીં વિવક્ષા કરી નથી.[૧]

**૭મે ગુણઠાણે ઉદય– ૭૬**

| | | | |
|---|---|---|---|
| જ્ઞાનાવરણીય | ૫ | **નામકર્મ** | ૪૨ |
| દર્શનાવરણીય | ૬ | પિંડપ્રકૃતિ | ૨૪ |
| વેદનીય | ૨ | પ્રત્યેક | ૫ |
| મોહનીય | ૧૪ | ત્રસ | ૧૦ |
| આયુષ્ય | ૧ | સ્થાવર | ૩ |
| નામકર્મ | ૪૨ | | |
| ગોત્ર | ૧ | | |
| અંતરાય | ૫ | | |
| | ૭૬ | | |

**૮મા અને ૯મા ગુણસ્થાનકે–**

**सम्मतंतिम-संघयण, तिअग, च्छेओ बिसत्तरि अपुव्वे ।**
**हासा-ऽऽइ-छक्क-अंतो छसट्ठि अनियट्ठि वेअ-तिगं ॥१८॥**

૧. વૈક્રિય અને આહા૦ શરીર બનાવ્યા પછી પ્રમત્ત ભાવમાંથી અપ્રમત્તભાવને પામી શકે છે. એમ કેટલાક આચાર્યો માને છે. તેમના મતે આહા૦ શરીર નામનો ઉદય અપ્રમત્તે પણ હોય છે.

| | |
|---|---|
| **अंतिम** = છેલ્લાં | **अपुव्वे** = અપૂર્વકરણે |
| **संघयणतिअग** = સંઘયણત્રિકનો | **छक्क** = ષટ્કનો |
| **च्छेओ** = વિચ્છેદ | **छसट्ठि** = છાસઠ |
| **बिसत्तरी** = બહોંતેર | **अनिअट्टि** = અનિવૃત્તિ ગુણઠાણે |

**ગાથાર્થ–** સમ્યક્ત્વ મોહનીય અને છેલ્લા ત્રણ સંઘયણના ઉદયનો અંત થવાથી અપૂર્વકરણ ગુણસ્થાનકે બોત્તેરનો ઉદય હોય છે.

હાસ્યાદિષટ્કનો અંત થાય, ત્યારે અનિવૃત્તિ ગુણસ્થાનકે છાસઠનો ઉદય હોય છે ત્યાં વેદત્રિક તથા... ॥ ૧૮ ॥

**વિવેચન–** સમ્યક્ત્વ મોહનીય અને અર્ધનારાચ સંઘ૦ કીલિકાસંઘ૦ છેવટ્ઠુ સંઘ૦ (છેલ્લા) ૩ સંઘયણ એમ ૪ પ્રકૃતિનો અપ્રમત્ત ગુણઠાણાના અંતે ઉદય વિચ્છેદ થાય છે. તેથી ૮ મા અપૂર્વકરણ ગુણઠાણે ૭૨ પ્રકૃતિનો ઉદય હોય છે.

**સમ્યક્ત્વ મોહનીય–**

૮મા ગુણઠાણેથી શ્રેણિ શરૂ થાય છે. ઉપશમશ્રેણિ ઉપશમ સમ્યક્ત્વ અથવા ક્ષાયિક સમ્યક્ત્વ પામીને ચડાય છે. અને ક્ષપકશ્રેણિ ક્ષાયિક સમ્યક્ત્વ પામેલા ચડી શકે છે. ક્ષાયોપશમ સમ્યક્ત્વથી શ્રેણિ ચડાય નહિ સમ્યક્ત્વ મોહનીયનો ઉપશમ અથવા ક્ષય કરીને શ્રેણિ ચડાય તેથી ૭મા ગુણઠાણાને અંતે સમ્ય.મોહ૦નો ઉદય વિચ્છેદ થવાથી ૮મા આદિ ગુણ૦માં ઉદયમાં હોય નહી. ક્ષાયોપશમ સમ્યક્ત્વીને તેવા પ્રકારની વિશુદ્ધિ પણ હોય નહીં, માટે અપૂર્વકરણાદિ ગુણ૦ પામે નહી તેથી ઉદય ન હોય.

**અર્ધનારાચ, કીલિકા, છેવટ્ઠુ સંઘયણ–**

ક્ષપકશ્રેણિ વજ્રઋષભનારાચ સંઘયણવાળા અને ઉપશમ શ્રેણિ પહેલાં ૩ સંઘયણવાળા જ પામી શકે છે. છેલ્લા ૩ સંઘયણવાળા જીવો મંદવિશુદ્ધિવાળા હોવાથી તેઓને તેવા પ્રકારની વિશુદ્ધિ ન આવતી હોવાથી તેઓ શ્રેણિએ ચડવાને શક્તિમાન હોતા નથી. શરીર મજબૂત ન હોય તો ધ્યાનમાં-ચિત્તની સ્થિરતા-એકાગ્રતા-લીનતા આવતી નથી માટે ૮મા આદિ ગુણઠાણે છેલ્લા ૩ સંઘયણનો ઉદય હોય નહીં.

૮મે ગુણઠાણે ઉદય– ૭૨

| | | | | |
|---|---|---|---|---|
| જ્ઞાનાવરણીય | ૫ | | **નામકર્મ** | **૩૯** |
| દર્શનાવરણીય | ૬ | | પિંડપ્રકૃતિ | ૨૧ |
| વેદનીય | ૨ | | પ્રત્યેક | ૫ |
| મોહનીય | ૧૩ | | ત્રસ | ૧૦ |
| આયુષ્ય | ૧ | | સ્થાવર | ૩ |
| નામકર્મ | ૩૯ | | | |
| ગોત્ર | ૧ | | | |
| અંતરાય | ૫ | | | |
| | ૭૨ | | | |

૮મા ગુણઠાણાને અંતે હાસ્યષટ્કનો ઉદય વિચ્છેદ થવાથી ૯મે ગુણઠાણે ૬૬ પ્રકૃતિનો ઉદય હોય છે.

**હાસ્યષટ્ક–** (હાસ્ય-રતિ-અરતિ-શોક-ભય-જુગુપ્સા)

આ ગુણઠાણે વર્તતા જીવો અતિવિશુદ્ધ છે. ઉપશમશ્રેણિ કે ક્ષપકશ્રેણિએ ચડતો જીવ આ પ્રકૃતિનો ઉપશમ કે ક્ષય કરતો હોવાથી મંદકષાયવાળા ૯મા આદિ ગુણઠાણાવાળા જીવોને હાશ્યષટ્કનો ઉદય હોય નહીં.

**૯મે ગુણઠાણે ઉદય– ૬૬**

| | | | | |
|---|---|---|---|---|
| જ્ઞાનાવરણીય | ૫ | | **નામકર્મ** | **૩૯** |
| દર્શનાવરણીય | ૬ | | પિંડપ્રકૃતિ | ૨૧ |
| વેદનીય | ૨ | | પ્રત્યેક | ૫ |
| મોહનીય | ૭ | | ત્રસ | ૧૦ |
| આયુષ્ય | ૧ | | સ્થાવર | ૩ |
| નામકર્મ | ૩૯ | | | |
| ગોત્ર | ૧ | | | |
| અંતરાય | ૫ | | | |
| | ૬૬ | | | |

૯મા ગુણઠાણાના અંતે વેદત્રિક અને સંજ્વલનત્રિકનો ઉદયવિચ્છેદ થવાથી ૧૦મે ગુણઠાણે ૬૦ પ્રકૃતિનો ઉદય હોય છે.

જો કે અહીં શ્રેણિમાં જે વેદ અને જે કષાયનો ઉદય હોય તેને ઉપશમાવતાં કે ક્ષય કરતાં નવમા ગુણ૦માં વચ્ચે ઉદય જાય છે. પરંતુ તે દરેક પ્રકૃતિની કાળની ભિન્ન વિવક્ષા કર્યા વિના નવમે જાય તેમ કહેલ છે. એટલે દશમા ગુણ૦માં આ છ પ્રકૃતિઓનો ઉદય હોય નહીં.

નવમા ગુણ૦ સુધી કોઈપણ જીવને ત્રણ વેદમાંથી એક વેદ અને ક્રોધ-માન માયા અને લોભમાંથી કોઈ પણ એક કષાય એક સમયે ઉદયમાં હોય. પરંતુ એકથી વધારે વેદ કે કષાય એક સાથે ઉદયમાં ન હોય.

**संजलण-तिगं-छ-छेओ, सट्ठी सुहुमंमि तुरिअलोमंतो ।**
**उवसंत-गुणे गुण-सट्ठि, रिसह-नाराय-दुग-अंतो ॥१९॥**

छ-च्छेओ = છ નો વિચ્છેદ
रिसहनाराय-दुग-अंतो = ઋષભનારાચદ્વિકનો અંત
उवसंत गुणे = ઉપશાંત મોહ૦ગુણઠાણે
सट्ठी = સાઠ
गुणसट्ठि = ઓગણસાઠ

**ગાથાર્થ–** (અને)સંજ્વલનત્રિક એ છ નો ઉદયવિચ્છેદ થાય. ત્યારે સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકે સાઠ પ્રકૃતિનો ઉદય હોય છે.

ચોથા લોભનો અંત થવાથી ઉપશાંત મોહ૦ ગુણસ્થાનકે ઓગણસાઠ પ્રકૃતિનો ઉદય હોય છે. ઋષભનારાચદ્વિકનો અંત થવાથી. ૧૯.

**વિવેચન–** અહીં અધ્યવસાયો પ્રતિ સમયે અનંતગુણ વિશુદ્ધ થતા હોવાથી અને શ્રેણિમાં મોહ૦નો ઉપશમ કે ક્ષય થતો જતો હોવાથી મોહનીય કર્મની પ્રકૃતિઓ ઉદયમાંથી નીકળતી જાય છે.

**વેદત્રિક અને સંજ્વલનત્રિક–**

આ ગુણઠાણે અતિ વિશુદ્ધિ હોવાથી જીવ આ ૬ પ્રકૃતિનો ઉપશમ કે ક્ષય કરે છે તેથી આ ૬ પ્રકૃતિઓનો ઉદય ૧૦મા આદિ ગુણઠાણે હોય નહીં.

અહીં જેમ જેમ વિશુદ્ધિ વધે તેમ તેમ મોહનીયની પ્રકૃતિઓનો ઉપશમ કે ક્ષય થાય છે. માટે ઉદય વિચ્છેદ થાય છે. વેદના ઉદયના વિષયમાં સ્વોપજ્ઞ ટીકામાં આ પ્રમાણે જણાવેલ છે.

પુરુષવેદના ઉદયે શ્રેણી પ્રારંભકને પ્રથમ પુરુષવેદનો ઉદય વિચ્છેદ પછી સ્ત્રીવેદનો ઉદય વિચ્છેદ અને ત્યાર પછી નપુંસકવેદનો ઉદય વિચ્છેદ થાય.

સ્ત્રીવેદના ઉદયમાં શ્રેણી આરંભ કરનારને પ્રથમ સ્ત્રીવેદ પછી પુરુષવેદ પછી નપુ.વેદનો ઉદય વિચ્છેદ થાય.

નપુંસકવેદના ઉદયમાં શ્રેણી પ્રારંભકને પ્રથમ નપુંસકવેદ પછી સ્ત્રીવેદ ત્યારબાદ પુરુષવેદનો ઉદયવિચ્છેદ થાય છે.[૧]

ત્રણે વેદવાળાને શ્રેણીમાં વેદનો ઉદય વિચ્છેદ થયા પછી નવમા ગુણ૦માં અનુક્રમે સંજ્વલન ક્રોધ-માન અને માયાનો ઉદય વિચ્છેદ થાય છે.

અહીં વેદ ત્રણ અને સંજ્વલન ત્રણનો ઉદય વિચ્છેદ શ્રેણી પ્રારંભકને વેદના અને કષાયના ઉદયના આધારે ભિન્ન-ભિન્ન ક્રમ છે. તે આગળ ઉપશમશ્રેણી અને ક્ષપકશ્રેણીમાં આવશે એટલે આ છ પ્રકૃતિનો ઉદય વિચ્છેદ ૯મા ગુણ૦માં થાય છે. એમ સામાન્યથી જણાવેલ છે.

આમ, ૯મા ગુણઠાણે મોહનીયની ૬ પ્રકૃતિનો ઉદય વિચ્છેદ થવાથી ૧૦મા ગુણઠાણે ૬૦ પ્રકૃતિનો ઉદય હોય છે.

---

૧. સ્વોપજ્ઞ ટીકામાં અનુક્રમે ત્રણે વેદ ઉદયમાં આવે તેમ જણાવેલ છે. પરંતુ જે વેદના ઉદયમાં વર્તતો શ્રેણી પ્રારંભે તે વેદના ઉદયને જ્યારે નવમા ગુણ૦માં રોકે છે. ત્યાર પછી અન્ય વેદનો ઉદય થતો નથી. એટલે ત્રણેવેદના અનુક્રમે ઉદય વિચ્છેદની વાત સમજાતી નથી. (તત્વં કેવલિગમ્યં)

**૧૦મા ગુણઠાણે ઉદય– ૬૦**

| | | | |
|---|---|---|---|
| જ્ઞાનાવરણીય | ૫ | **નામકર્મ** | ૩૯ |
| દર્શનાવરણીય | ૬ | પિંડપ્રકૃતિ | ૨૧ |
| વેદનીય | ૨ | પ્રત્યેક | ૫ |
| મોહનીય | ૧ | ત્રસ | ૧૦ |
| આયુષ્ય | ૧ | સ્થાવર | ૩ |
| નામકર્મ | ૩૯ | | ૩૯ |
| ગોત્ર | ૧ | | |
| અંતરાય | ૫ | | |
| | ૬૦ | | |

૧૦મા ગુણઠાણાને અંતે સંજ્વલન લોભનો ઉદયવિચ્છેદ થવાથી ૧૧મા ગુણઠાણે ૫૯ પ્રકૃતિનો ઉદય હોય છે.

દશમા ગુણ૦માં બાદર લોભનો ઉદય હોય નહી. પરંતુ સૂક્ષ્મ-કિટ્ટીરૂપ કરેલ સં.લોભ ઉદયમાં હોય છે. તેને પણ વિશુદ્ધિના વશથી ઉપશમ કે ક્ષય કરવાથી અગ્યારમા ગુણ૦માં ઉદય હોય નહીં.

ઉપશાન્ત મોહ ગુણ૦માં ૫૯ પ્રકૃતિઓ ઉદયમાં હોય છે.

| | | | |
|---|---|---|---|
| જ્ઞાનાવરણીય | ૫ | **નામકર્મ** | ૩૯ |
| દર્શનાવરણીય | ૬ | પિંડપ્રકૃતિ | ૨૧ |
| વેદનીય | ૨ | પ્રત્યેક | ૫ |
| મોહનીય | ૦ | ત્રસ | ૧૦ |
| આયુષ્ય | ૧ | સ્થાવર | ૩ |
| નામકર્મ | ૩૯ | | |
| ગોત્ર | ૧ | | |
| અંતરાય | ૫ | | |
| | ૫૯ | | |

ઉપશાન્ત મોહગુણ૦ના અંતે બીજા-ત્રીજા સંઘયણનો ઉદય વિચ્છેદ થાય છે. કારણકે ક્ષપકશ્રેણીમાં બીજું ત્રીજું સંઘયણ હોય નહી.

એટલે આ બે સંઘયણથી ક્ષપકશ્રેણી ચડી શકાય નહી. અને બારમું ગુણ૦ ક્ષપકશ્રેણીમાં જ હોય છે.

**૧૨મે-૧૩મે ઉદય વિચ્છેદ-**

**सगवन्न-खीण-दु-चरिमि, निद्द-दुगंतो अ चरिमि पणवन्ना ।**
**नाणंतराय-दंसण-चउ-छेओ सजोगि बायाला ॥२०॥**

| | |
|---|---|
| खीण-दु-चरिमि = ક્ષીણ મોહના છેલ્લાના આગળના [ઉપાન્ત્ય] સમયે | निद्द-दुगंतो = નિદ્રાદ્વિકનો અંત [થાય] |
| पणवन्ना = પંચાવન | सजोगी = સયોગી ગુણઠાણે |
| छेओ = છેદ થાય | बायाला = બેંતાલીશ |

**ગાથાર્થ-** ક્ષીણ મોહગુણ૦ના છેલ્લા સમયની પહેલાના સમયમાં (દ્વિચરમ સમયે) સત્તાવન પ્રકૃતિનો ઉદય અને નિદ્રાદ્વિકના ઉદયનો અંત થવાથી છેલ્લે સમયે પંચાવન પ્રકૃતિનો ઉદય છે.

ચરમ સમયે જ્ઞાનાવરણીય પાંચ, અંતરાય પાંચ, અને દર્શનાવરણીય ચતુષ્કના ઉદયનો અંત થવાથી સયોગી ગુણઠાણે બેંતાલીશ પ્રકૃતિઓ છે. ॥ ૨૦ ॥

**વિવેચન-** ૧૨મા ગુણઠાણાના દ્વિચરમ સમય સુધી ૫૭ પ્રકૃતિનો ઉદય હોય છે અને દ્વિચરમ સમયે નિદ્રાદ્વિકનો અંત થવાથી ૧૨મા ગુણ૦ના ચરમ સમયે ૫૫ પ્રકૃતિનો ઉદય હોય છે.

**નિદ્રાદ્વિક-** [નિદ્રા-પ્રચલા]

કેટલાક આચાર્ય ભગવંતો ક્ષપકશ્રેણિમાં અતિવિશુદ્ધિ હોવાથી નિદ્રાનો ઉદય માનતા નથી. પણ કર્મગ્રંથકાર ક્ષપક શ્રેણિમાં નિદ્રાનો ઉદય માને છે. તત્ત્વચિંતન કરતાં ક્ષપકશ્રેણી ચડતાં બાહ્ય ઉપાધિરહિત હોવાથી સહજ નિદ્રા

આવી જાય છે. એટલે નિદ્રામાં પણ પરિણામની વિશુદ્ધિ વધતાં દ્વિચરમ સમયે નિદ્રાદ્વિકનો સ્વરૂપે સત્તામાંથી ક્ષય થતો હોવાથી ઉદય વિચ્છેદ થાય છે. ચરમ સમયે ૫૫ પ્રકૃતિનો ઉદય હોય છે.

**પ્રશ્ન–** ક્ષપક શ્રેણિમાં નિદ્રાનો ઉદય ન હોય તો તેનું કારણ ?

**જવાબ–** નિદ્રાના ઉદય વખતે ઘોલમાન પરિણામ હોય તેમજ ક્ષપક શ્રેણિમાં પ્રતિસમયે અનંતગુણ અત્યંત વિશુદ્ધ અધ્યવસાય હોવાથી નિદ્રાનો ઉદય ન હોય. આવા વિશુદ્ધ અધ્યવસાય નિદ્રામાં આવી શકે નહિ માટે ક્ષપક શ્રેણિમાં નિદ્રાનો ઉદય માનતા નથી પણ ઉપશમ શ્રેણિમાં નિદ્રાનો ઉદય માને છે. આ પ્રમાણે કેટલાક આચાર્યો માને છે.

(જુઓ કમ્મ૦ઉદીરણાકરણ ગા.૧૮, પંચ૦ ઉદી૦ ગા.૧૯)

૧૨મા ગુણઠાણાના દ્વિચરમ સુધી ૫૭ અને ચરમ સમયે ઉદય– ૫૫

| | | | |
|---|---|---|---|
| જ્ઞાનાવરણીય | ૫ | **નામકર્મ** | ૩૭ |
| દર્શનાવરણીય | ૬/૪ | પિંડપ્રકૃતિ | ૧૯ |
| વેદનીય | ૨ | પ્રત્યેક | ૫ |
| મોહનીય | ૦ | ત્રસ | ૧૦ |
| આયુષ્ય | ૧ | સ્થાવર | ૩ |
| નામકર્મ | ૩૭ | | ૩૭ |
| ગોત્ર | ૧ | | |
| અંતરાય | ૫ | | |
| | (૫૭) ૫૫ | | |

૧૨મા ગુણઠાણાના ચરમ સમયે જ્ઞાના-૫ દર્શના-૪, અંતરાય-૫ એમ કુલ ૧૪નો ઉદય વિચ્છેદ થવાથી ૧૩મે ગુણઠાણે ૪૧નો ઉદય શેષ રહ્યો તથા ૧૩મે ગુણઠાણે તીર્થંકર ભગવંત કેવળજ્ઞાન પામે ત્યારે તીર્થંકર નામકર્મનો ઉદય થાય છે. તેથી ૪૨ પ્રકૃતિઓનો ઉદય ૧૩મા ગુણસ્થાનકમાં હોય છે.

## ૧૪ પ્રકૃતિના ઉદય વિચ્છેદનું કારણ

**જ્ઞાના૦૫, દર્શના-૪, અંતરાય૦૫–**

આ ૧૪ કર્મપ્રકૃતિ ઘાતી છે. મોહનીયનો ક્ષય થવાથી આ ૧૪ ઘાતીકર્મનો પણ ૧૨મા ગુણ૦ને અંતે ક્ષય થાય છે. તેથી ૪૧ પ્રકૃતિનો ઉદય શેષ રહ્યો, તેમાં તીર્થંકર નામકર્મ ઉમેરવાથી અહીં સયોગી કેવલીગુણ૦માં ૪૨ પ્રકૃતિઓનો ઉદય હોય છે.

**तित्थुदया उरला-ऽथिर-ख-गइ-दुग परित्त-तिग छ-संठाणा ।**
**अगुरुलहु-वन्न-चउ-निमिण-तेअ-कम्मा-ऽऽइ-संघयणं ॥२१॥**

| | |
|---|---|
| परित्त-तिग = પ્રત્યેકત્રિક | वन्न-चउ = વર્ણચતુષ્ક |
| छ संठाणा = છ સંસ્થાન | निमिण = નિર્માણ નામ |
| अगुरुलहु = અગુરુલઘુ | आई-संघयण = પહેલું સંઘયણ |

**ગાથાર્થ–** તીર્થંકર નામકર્મનો ઉદય થવાથી, ઔદારિકદ્વિક, અસ્થિરદ્વિક અને વિહાયોગતિદ્વિક, પ્રત્યેકત્રિક, છ સંસ્થાનો, અગુરુલઘુ: અને વર્ણ ચતુષ્ક, નિર્માણ, તૈજસ, કાર્મણ, પહેલું સંઘયણ. ॥૨૧॥

વિવેચન– તેરમે ગુણઠાણે ૪૨ પ્રકૃતિનો ઉદય છે.

**જિનનામકર્મનો ઉદય–**

કેવળજ્ઞાન થયા બાદ તીર્થંકર નામકર્મનો ઉદય જિનેશ્વર એવા કેવળી ભગવંતોને થાય છે. તેથી તીર્થંકર નામકર્મનો ઉદય ૧૩મા આદિ ગુણઠાણાથી હોય છે.

બૃહત્ કલ્પભાષ્યમાં કહ્યું છે કે–

उदए जस्स सुरासुरनरवइनिवहेहि पूइओ होइ ।
तं तित्थयरन्नामं तस्स विवागो हु केवलिणो ॥ (९)

જેના ઉદયથી દેવ-દાનવ અને મનુષ્યના રાજાઓથી પૂજાય છે. તે તીર્થંકર નામકર્મનો વિપાકોદય કેવલીને હોય છે.

૧૩મે ગુણઠાણે ઉદય–

| | | | |
|---|---|---|---|
| જ્ઞાનાવરણીય | ૦ | **નામકર્મ** | **૩૮** |
| દર્શનાવરણીય | ૦ | પિંડપ્રકૃતિ | ૧૯ |
| વેદનીય | ૨ | પ્રત્યેક | ૬ |
| મોહનીય | ૦ | ત્રસ | ૧૦ |
| આયુષ્ય | ૧ | સ્થાવર | ૩ |
| નામકર્મ | ૩૮ | | |
| ગોત્ર | ૧ | | |
| અંતરાય | ૦ | | |
| | ૪૨ | | |

૧૩મા ગુણઠાણાને અંતે નામકર્મની ૨૯ અને વેદનીય કર્મની કોઈપણ એક એમ બંને મળીને ૩૦ પ્રકૃતિનો ઉદય વિચ્છેદ થાય છે. જેથી ૧૪મા ગુણઠાણે ૧૨ પ્રકૃતિઓનો ઉદય હોય છે. તેરમા ગુણ૦ના અંતે ઉદય વિચ્છેદ થતી **૩૦ પ્રકૃતિઓ આ પ્રમાણે છે.**

ઔદારિક દ્વિક (ઔદા-શરીર, ઔદા-અંગોપાંગ) અસ્થિરદ્વિક (અસ્થિર-અશુભ) ખગઈદ્વિક (શુભ વિહાયોગતિ, અશુભ વિહાયોગતિ) પ્રત્યેકત્રિક (પ્રત્યેક-સ્થિર-શુભ) છ સંસ્થાન, અગુરુલઘુ ચતુષ્ક **(અગુરુ-લઘુ-પરાઘાત-ઉપઘાત-ઉચ્છ્વાસ)** વર્ણચતુષ્ક (વર્ણ-ગંધ-રસ-સ્પર્શ) નિર્માણનામ, તૈજસ, કાર્મણ, પ્રથમ સંઘયણ, દુઃસ્વર-સુસ્વર શાતા-અશાતામાંથી એક એમ ૩૦ પ્રકૃતિઓનો ઉદય વિચ્છેદ થાય છે. તેમાં ૧ વેદનીય કર્મની અને નામકર્મની ૨૯ છે. ૨૯ પ્રકૃતિનો ઉદય શરીરની સાથે સંબંધવાળો છે. ૧૩મા ગુણઠાણાને અંતે યોગનિરોધ થવાથી શરીર નામકર્મનો પણ ઉદયવિચ્છેદ થાય છે. તેથી તેની સાથે સંબંધવાળી ૨૯ પ્રકૃતિનો ઉદય પણ ૧૩માને અંતે વિચ્છેદ થાય છે. કારણકે તેરમાં ગુણ૦મા યોગનિરોધ કરે ત્યારે પ્રથમ બે સ્વર નામકર્મ (દુઃસ્વર અને સુસ્વર કર્મ)નો ઉદય વિચ્છેદ થાય પછી ઉચ્છ્વાસ નામનો

ઉદય વિચ્છેદ થાય અને તેરમા ગુણ૦ના અંતે નામકર્મની ૨૬ પ્રકૃતિઓ તેમજ કોઈ પણ એક વેદનીયનો એક જીવ આશ્રયી ઉદય વિચ્છેદ થાય છે. એટલે ચૌદમા ગુણ૦માં ૧૨ પ્રકૃતિઓનો ઉદય રહે છે.

તેરમા ગુણ૦માં ઉદયવિચ્છેદ–

**दूसर-सूसर-साया-ऽसाएगयरं च तीस-वुच्छेओ ।**
**बारस अजोगि सुभगा-ऽऽज्ज-जस-ऽन्नयर-वेयणिअं ॥२२॥**

| | |
|---|---|
| साया = સાતા વેદનીય | बारस = બાર [નો ઉદય] |
| अजोगि = અયોગી ગુણઠાણે | एगयरं = બેમાંની એક |
| तीस = ત્રીશનો | आईज्ज = આદેય નામ |

**ગાથાર્થ–** દુ:સ્વરઃ સુ:સ્વરઃ સાતા-અસાતામાંથી એક વેદનીય એ ત્રીશનો અંત થવાથી અયોગિ ગુણસ્થાનકે બાર (ઉદયમાં હોય તે આ પ્રમાણે-) સુભગ. આદેય. યશઃ બેમાંથી એક વેદનીય. ॥૨૨॥

**વિવેચન–** તેરમા ગુણસ્થાનકમા પણ જેમ જેમ યોગ નિરોધ કરે તેમ તેમ પ્રકૃતિઓનો ઉદય વિચ્છેદ થાય છે. તેમાં કેવલી ભગવંતો પ્રથમ મનયોગનો નિરોધ કરે છે. ત્યાર પછી વચનયોગનો નિરોધ કરે એટલે બે સ્વર નામકર્મનો ઉદય વિચ્છેદ થાય.

ત્યાર પછી **ઉચ્છ્વાસ** વ્યાપાર રોકે એટલે શ્વાસોશ્વાસ નામકર્મનો ઉદય વિચ્છેદ થાય છે. ત્યારબાદ કાયયોગનો વ્યાપાર રોકવાથી નામકર્મની ઔદારિક શરીર નામકર્મ વિગેરે ૨૬ પ્રકૃતિઓ અને એક વેદનીયનો તેરમા ગુણ૦ના ચરમ સમયે ઉદયવિચ્છેદ થાય છે. એટલે ૧૪મા ગુણ૦માં ૧૨ પ્રકૃતિઓનો ઉદય રહે છે. તે આ પ્રમાણે (૧) બેમાંથી એક વેદનીય (૨) મનુષ્યાયુષ્ય (૩) મનુષ્યગતિ (૪) પંચે૦જાતિ (૫) ત્રસ (૬) બાદર (૭) પર્યાપ્ત (૮) સૌભાગ્ય (૯) આદેય (૧૦) યશ (૧૧) તીર્થંકર નામકર્મ (૧૨) ઉચ્ચગોત્રનો ઉદય હોય- તે કર્મવાર આ પ્રમાણે છે.

૧૪મે ગુણઠાણે ઉદય– ૧૨

| | | | |
|---|---|---|---|
| જ્ઞાનાવરણીય | ૦ | **નામકર્મ** | ૯ |
| દર્શનાવરણીય | ૦ | પિંડપ્રકૃતિ | ૨ |
| વેદનીય (કોઈ પણ એક) | ૧ | પ્રત્યેક | ૧ |
| મોહનીય | ૦ | ત્રસ | ૬ |
| આયુષ્ય | ૧ | સ્થાવર | ૦ |
| નામકર્મ | ૯ | | |
| ગોત્ર | ૧ | | |
| અંતરાય | ૦ | | |
| | ૧૨ | | |

**तस-तिग-पणिंदि-मणुआ-ऽऽउ, गइ-जिणुच्चं ति चरिम समयंतो ।**
**( उदओ समत्तो ) उदउव्वुदीरणा परमपमत्ता-ऽऽइ-सग-गुणेसु ॥२३॥**

| | |
|---|---|
| पणिंदि = પંચેન્દ્રિય જાતિ | उदउ = ઉદયની |
| जिणुच्चं = જિનનામ અને ઉચ્ચગોત્ર | व्व = જેમ, પેઠે |
| परम् = એટલું વિશેષ | चरिम समयंतो = છેલ્લે સમયે અંત થાય |

**ગાથાર્થ**– ત્રસ-બાદર-પર્યાપ્ત-પંચેન્દ્રિય જાતિ, મનુષ્યાયુષ્ય, મનુષ્યગતિ, જિનનામકર્મ અને ઉચ્ચગોત્ર એમ ૧૨ પ્રકૃતિનો ૧૪મા ગુણઠાણાના ચરમ સમયે ઉદયમાંથી ક્ષય થાય છે. કારણકે ૧૪મા ગુણ૦ના ચરમ સમયે સર્વ કર્મની સત્તા નથી. સત્તામાંથી ક્ષય થવાથી ઉદયમાં પણ રહે નહીં. ઉદય પ્રમાણે ઉદીરણા છે પરંતુ અપ્રમત્તાદિ સાત ગુણ૦માં (આ પ્રમાણે) ॥ ૨૩ ॥

**પ્રશ્ન**– તેરમા ગુણ૦માં શાતા અને અશાતા એમ બન્ને ઉદયમાં કહી તો ચૌદમે પણ જુદા જુદા જીવની અપેક્ષાએ બન્ને હોય છતાં એકનો ઉદય કેમ કહ્યો ?

**જવાબ–** તેરમા ગુણ૦માં એક જીવને પણ શાતા અને અશાતા જુદા જુદા સમયે હોઈ શકે, જ્યારે ચૌદમા ગુણસ્થાનકે એક જીવને કોઈ પણ એક જ ઉદયમાં રહે. તે ચરમ સમય પર્યંત રહે. તેથી એક જીવની અપેક્ષાએ એક વેદનીય કહી. અનેક જીવની અપેક્ષાએ ગણીએ તો કુલ ૧૩ પ્રકૃતિઓ ઉદયમાં જાણવી.

કર્મગ્રંથકારે એક જીવની વિવક્ષાએ ૧૨ પ્રકૃતિઓ ઉદયમાં કહી છે.

**પ્રશ્ન–** કેવલી ભગવંતોને પણ અશાતાનો ઉદય હોય ? અને તીર્થંકર પરમાત્માને પણ હોય ?

**જવાબ–** સામાન્ય કેવલીને-ગજસુકુમાલ, સુકોશલ મુનિ આદિની જેમ કેટલાક કેવલીઓને અશાતાનો ઉદય હોઈ શકે છે.

તીર્થંકર પરમાત્માને ચૌદમા ગુણ૦માં શાતાનો જ ઉદય હોય છે.

**પ્રશ્ન–** ત્રસનામ-બાદરનામનો ઉદય શરીરની અપેક્ષાવાળો છે. તો ચૌદમા ગુણ૦માં શરીર નામ૦નો ઉદય નથી. શરીર નથી તો આ પ્રકૃતિઓનો ઉદય કેવી રીતે ઘટે ?

**જવાબ–** ત્રસનામના ઉદયથી ત્રસપણાની લબ્ધિરૂપ (શક્તિ) અને બાદર નામ૦ના ઉદયથી બાદરપણાની લબ્ધિરૂપ ઉદય છે. આ પ્રકૃતિઓ જીવવિપાકી છે. તેથી વિગ્રહગતિરૂપ ક્ષેત્રમાં પણ ઉદયમાં હોય છે. એટલે તે લબ્ધિ વિશેષ - આત્માની શક્તિ છે. જો કે તેનું ફળ શરીર ઉપર પણ છે. અને શરીર વિના પણ છે. માટે ૧૪મા ગુણ૦માં પણ ઉદયમાં હોય.

***–: ઉદય અધિકાર સમાપ્ત :–***

## ઉત્તર પ્રકૃતિના ઉદયનાં ગુણસ્થાનક
## કઇ પ્રકૃતિ કયા ગુણસ્થાનક સુધી ઉદયમાં હોય

| પ્રકૃતિ | ગુણસ્થાનક | પ્રકૃતિ | ગુણસ્થાનક |
|---|---|---|---|
| જ્ઞાના૦૫ દર્શ૦૪ અંત૦૫ | ૧થી૧૨ | મનુષ્યગતિ પંચે૦જાતિ | ૧થી૧૪ |
| નિદ્રાદ્વિક | ૧થી૧૨ના | જાતિચતુષ્ક-સ્થાવર | ૧થી૨ |
| | દ્વિચરમ સમય | આહારકદ્વિક | ૬ઠ્ઠે |
| થિણદ્ધિત્રિક | ૧થી૬ | ઋષભનારાચ અને | |
| શાતા-અશાતા વેદનીય | ૧થી૧૪ | નારાચ સંઘયણ | ૧થી૧૧ |
| મિથ્યાત્વમોહનીય | ૧લે | ચોથુ, પાંચમું છઠ્ઠુ સંઘયણ | ૧થી૭ |
| અનંતાનુબંધી ૪ કષાય | ૧થી૨ | નરકાનુપૂર્વી | ૧લે અને ૪થે |
| અપ્રત્યાખ્યાનીય કષાય | ૧થી૪ | તિર્યંચ્યાનુ૦, મનુષ્યાનુ૦ | |
| પ્રત્યાખ્યાનીય કષાય | ૧થી૫ | અને દેવાનુપૂર્વિ | ૧/૨/૪થે |
| સંજ્વલન ત્રિક-૩ વેદ | ૧થી૯ | જિનનામ | ૧૩/૧૪ |
| સંજ્વલન લોભ | ૧થી૧૦ | આતપ-સૂક્ષ્મત્રિક | ૧લે |
| હાસ્યાદિ-૬ | ૧થી૮ | દૌર્ભાગ્ય-અનાદેય-અપયશ | ૧થી૪ |
| સમક્તિ મોહ૦ | ૪થી૭ | ત્રસત્રિક, સૌભાગ્ય- | |
| મિશ્રમોહનીય | ૩જે | આદેય-યશ | ૧થી૧૪ |
| દેવાયુષ્ય અને નરકાયુષ્ય | ૧થી૪ | ઔદા૦દ્વિક, તેજસ, કાર્મણ, | |
| મનુષ્યાયુષ્ય | ૧થી૧૪ | ૧લુ સંઘયણ ૧થી૬ સંસ્થાન, | ૧ |
| તિર્યંચાયુષ્ય અને નીચગોત્ર | ૧થી૫ | વર્ણાદિ-૪, ખગતિદ્વિક, પ્રત્યેકત્રિક, | થી |
| ઉચ્ચગોત્ર | ૧થી૧૪ | અસ્થિરદ્વિક, સુસ્વર-દુઃસ્વર, | ૧૩ |
| નરકગતિ-દેવગતિ,વૈક્રિયદ્વિક | ૧થી૪ | પરાઘાત, શ્વાસોશ્વાસ, અગુરુલઘુ, | |
| તિર્યંચગતિ-ઉદ્યોત | ૧થી૫ | નિર્માણ, ઉપઘાત. | |

## ઉદયયંત્ર.

| નં | ગુણસ્થાનકો ના નામ | મૂળ કર્મ | ઉદયમાં કુલ ઉત્તર પ્રકૃતિ | જ્ઞાનાવરણીય | દર્શનાવરણીય | વેદનીય | મોહનીય | આયુષ્ય | નામ | ગોત્ર | અંતરાય |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ઓઘે | ૮ | ૧૨૨ | ૫ | ૯ | ૨ | ૨૮ | ૪ | ૬૭ | ૨ | ૫ |
| ૧ | મિથ્યાત્વ | ૮ | ૧૧૭ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૪ | ૬૪ | ૨ | ૫ |
| ૨ | સાસ્વાદન | ૮ | ૧૧૧ | ૫ | ૯ | ૨ | ૨૫ | ૪ | ૫૯ | ૨ | ૫ |
| ૩ | મિશ્રદૃષ્ટિ | ૮ | ૧૦૦ | ૫ | ૯ | ૨ | ૨૨ | ૪ | ૫૧ | ૨ | ૫ |
| ૪ | અવિરત | ૮ | ૧૦૪ | ૫ | ૯ | ૨ | ૨૨ | ૪ | ૫૫ | ૨ | ૫ |
| ૫ | દેશવિરત | ૮ | ૮૭ | ૫ | ૯ | ૨ | ૧૮ | ૨ | ૪૪ | ૨ | ૫ |
| ૬ | પ્રમત્ત | ૮ | ૮૧ | ૫ | ૯ | ૨ | ૧૪ | ૧ | ૪૪ | ૧ | ૫ |
| ૭ | અપ્રમત્ત | ૮ | ૭૬ | ૫ | ૬ | ૨ | ૧૪ | ૧ | ૪૨ | ૧ | ૫ |
| ૮ | અપૂર્વકરણ | ૮ | ૭૨ | ૫ | ૬ | ૨ | ૧૩ | ૧ | ૩૯ | ૧ | ૫ |
| ૯ | અનિવૃત્તિકરણ | ૮ | ૬૬ | ૫ | ૬ | ૨ | ૭ | ૧ | ૩૯ | ૧ | ૫ |
| ૧૦ | સૂક્ષ્મસંપરાય | ૮ | ૬૦ | ૫ | ૬ | ૨ | ૧ | ૧ | ૩૯ | ૧ | ૫ |
| ૧૧ | ઉપશાન્તમોહ | ૭ | ૫૯ | ૫ | ૬ | ૨ | ૦ | ૧ | ૩૯ | ૧ | ૫ |
| ૧૨ | ક્ષીણ૦મોહના દ્વિચરમ સમય સુધી | ૭ | ૫૭ | ૫ | ૬ | ૨ | ૦ | ૧ | ૩૭ | ૧ | ૫ |
| ૧૨ | ક્ષીણ૦ચરમ સમયે | ૭ | ૫૫ | ૫ | ૪ | ૨ | ૦ | ૧ | ૩૭ | ૧ | ૫ |
| ૧૩ | સયોગી કેવલી | ૪ | ૪૨ | ૦ | ૦ | ૨ | ૦ | ૧ | ૩૮ | ૧ | ૦ |
| ૧૪ | અયોગી કેવલી | ૪ | ૧૨ | ૦ | ૦ | ૧ | ૦ | ૧ | ૯ | ૧ | ૦ |

# ગુણસ્થાનકને વિશે ઉદીરણા અધિકાર

**ઉદીરણા અધિકાર–**

**एसा पयडि-ति गूणा, वेयणिया-ऽऽहार जुअल-थीण तिगं ।**
**मणुआ-ऽऽउ पमत्तंता, अ-जोगि अणुदीरगो भयवं ॥२४॥**

**-उदीरणा समत्ता**

| | |
|---|---|
| एसा = આ | मणुआउ = મનુષ્યાયુ |
| तिग = ત્રિક-ત્રણ | पमत्तंता = પ્રમત્તે અંત થાય |
| ऊणा = ન્યુન | अजोगि = અયોગિ ગુણસ્થાનકવાળા |
| भयवं = ભગવાન | अणुदीरगो = અનુદીરક (હોય) |

**ગાથાર્થ–** આ ત્રણ પ્રકૃતિઓ [ઉદીરણામાં] ન્યૂન હોય છે. એટલે બે વેદનીય અને આહારકદ્વિક, થીણદ્વિત્રિક અને મનુષ્યનુ આયુષ્ય [એ આઠનો] પ્રમત્તના અંત સુધી ઉદીરણા હોય છે. તેમજ અયોગિ ગુણસ્થાનકવાળા ભગવાન્ અનુદીરક હોય છે. ॥૨૪॥

**વિવેચન–** ઉદીરણા ઉદયની જેમ જ છે. અર્થાત્ જે જે ગુણઠાણે જે જે કર્મની જેટલી જેટલી પ્રકૃતિઓ ઉદયમાં કહી છે તે તે ગુણઠાણે તે તે કર્મની તેટલી તેટલી પ્રકૃતિઓની જ ઉદીરણા હોય છે. પરંતુ અપ્રમત્તાદિ સાત ગુણઠાણાઓમાં [બે વેદનીય અને મનુષ્યાયુષ્ય] ત્રણનો ઉદય હોય છે. પરંતુ ઉદીરણા હોય નહીં તે આગળની ગાથામાં કહેવાશે.

**ઉદીરણા–** ઉદયકાળને નહિ પામેલાં (ઉદય-આવલિકાની બહાર રહેલા) કર્મોને યોગ વડે ખેંચીને ઉદય આવલિકામાં લાવીને ભોગવવા તેને ઉદીરણા કહેવાય છે.

જેનો ઉદય હોય તેની જ ઉદીરણા હોય. બંને સાથે જ હોય. પણ કેટલાક ફેરફાર છે. જે આગળ જણાવેલ છે. ઉદયના અભાવે ઉદીરણાનો અભાવ હોય છે. જેનો ઉદય હોય એની જ ઉદીરણા હોય છે. તેમજ–

જે કર્મ ઉદય અને સત્તામાંથી સાથે ક્ષય થતું હોય ત્યારે છેલ્લી આવલિકામાં કેવલ ઉદય હોય પણ ઉદીરણા હોય નહીં.*

ઉદીરણામાં મૂખ્ય તફાવત આ પ્રમાણે છે–

મનુષ્યાયુષ્ય અને શાતા-અશાતા વેદનીય એમ ૩ પ્રકૃતિની ઉદીરણા ૧ થી ૬ ગુણઠાણા સુધી હોય છે. ૭મા આદિ ગુણઠાણે ઉદય હોય છે. પરંતુ તથાસ્વભાવે પ્રમાદના અભાવથી ઉદીરણા થતી નથી. કારણકે આ ૩ પ્રકૃતિની ઉદીરણા પ્રમાદથી થાય છે. માટે ઉદીરણા વિના-દેશોન પૂર્વક્રોડ વર્ષ સુધી કેવળ ઉત્કૃષ્ટથી ઉદયનો કાળ છે. આ પ્રમાણે આ ત્રણ પ્રકૃતિનો ઉદય ઉદીરણામાં તફાવત છે. તેમજ બીજી ૪૧ પ્રકૃતિઓ (આ ત્રણ પ્રકૃતિઓ સહિત)માં ઉદય કરતાં ઉદીરણામાં તફાવત છે તે આ પ્રમાણે–

(૧) જ્ઞાના૦૫-દર્શનાવરણીય-૪, અંત૦૫–

૧૨મા ગુણઠાણાની છેલ્લે એક આવલિકામાં માત્ર ઉદય જ હોય છે. પરંતુ ઉદીરણા હોય નહીં. કેવળ ઉદયનો કાળ-એક આવલિકા

(૨) સંજ્વલન લોભ–

૧૦મા ગુણઠાણાની છેલ્લી આવલિકામાં ક્ષપકને કેવળ ઉદય હોય છે પણ ઉદીરણા હોય નહીં. કાળ– એક આવલિકા.

(૩) નિદ્રા-પ્રચલા–

૧૨મા ગુણઠાણાની સમયાધિક ૧ આવલિકા બાકી રહે ત્યારે કેવળ ઉદય જ હોય પરંતુ ઉદીરણા હોય નહીં. કાળ-એક આવલિકા.

* અહીં કેવલ ઉદય એટલે ઉદીરણા વિનાનો ઉદય જાણવો.

(૪) મિથ્યાત્વ મોહ૦–

મિથ્યાત્વ ગુણઠાણે ઉપ૦સમ્યક્ત્વ પામતાં પહેલાં અનિવૃત્તિકરણમાં પ્રથમ સ્થિતિની ચરમ આવલિકામાં મિથ્યાત્વ મોહનીયનો માત્ર ઉદય જ હોય છે. ઉદીરણા હોય નહીં. કાળ – એક આવલિકા.

(૫) સમ્યક્ત્વ મોહનીય–

ક્ષાયિક સમ્યક્ત્વ પામતાં ૪ થી ૭ ગુણઠાણામાં સમ્યક્ત્વ મોહનીયના ક્ષયની છેલ્લી આવલિકામાં સમ્યક્ત્વ મોહનીયનો માત્ર ઉદય હોય છે. પરંતુ ઉદીરણા હોય નહીં. કાળ – એક આવલિકા.

(૬) ૩ વેદ–

૯મા ગુણઠાણે ક્ષપક-ઉપશામકને જે વેદના ઉદયે શ્રેણિ ચડ્યો હોય તેને અંતઃકરણ કર્યા પછી પ્રથમ સ્થિતિ એક આવલિકા બાકી હોય ત્યારે તે વેદનો માત્ર ઉદય હોય છે પણ ઉદીરણા હોય નહીં. કાળ – એક આવલિકા.

(૭) ૪ આયુષ્ય–

સંસારી સર્વ જીવોને ભોગવાતું આયુષ્ય ૧ આવલિકા જેટલું બાકી હોય ત્યારે તે આયુષ્યનો ઉદય હોય છે પણ ઉદીરણા હોય નહીં. કાળ – એક આવલિકા.

(૮) પાંચ નિદ્રા–

કોઈ પણ જીવને ઉત્પત્તિ કાલે શરીર પર્યાપ્તિ પૂરી કર્યા પછી ઈન્દ્રિય પર્યાપ્તિ પૂરી કરે ત્યાં સુધી નિદ્રા પંચકનો ઉદય હોઈ શકે છે. પરંતુ ઉદીરણા હોય નહીં. (નિદ્રા અને પ્રચલામાં ઉદય કરતાં ઉદીરણામાં તફાવત બારમા ગુણ૦માં પણ બતાવેલ છે. તેથી તે સંખ્યા બે વાર ગણવી નહી.) કાળ – અંતર્મુહૂર્ત

(૯) ૧૨ પ્રકૃત્તિ–

૯ નામકર્મ અને ૧ ઉચ્ચગોત્ર, ૧ કોઈપણ એક વેદનીય, ૧ મનુષ્યાયુષ્ય, ૧૪મા ગુણઠાણે ઉદય હોય છે. પરંતુ ઉદીરણા હોય નહીં.

ઉદીરણા યોગથી થાય છે. ૧૪મે ગુણઠાણે યોગ નથી માટે ઉદીરણા હોય નહીં. કાળ – અંતર્મુહૂર્ત

જો કે – મનુષ્યાયુષ્ય અને વેદનીયની ઉદીરણા પ્રમત્ત સુધી જ હોય. તેથી પણ ૧૪મા ગુણ૦માં ન હોય.

આ પ્રમાણે આ સિવાય આ ૪૧ પ્રકૃતિઓમાં ઉદીરણા સહિત ઉદય શેષકાળે હોય તે જાણવું. એટલે ઉદય હોય ત્યારે ઉદીરણા હોય જ.

તેમાં ચૌદમાં ગુણ૦માં યોગ ન હોવાથી ઉદય ૧૨ પ્રકૃતિઓનો છે. પરંતુ ઉદીરણા નથી. જે ગાથામાં જણાવેલ છે.

પ્રકૃતિની ઉદીરણાનાં ગુણ૦સ્થાનક ઉદયની જેમ જાણવાં નીચેની પ્રકૃતિઓમાં તફાવત જાણવો.

| | | ઉદીરણાના ગુણસ્થાનક |
|---|---|---|
| ૧ | સાતાવેદનીય | ૧ થી ૬ (ઉદય- ૧ થી ૧૪) |
| | અસાતા વેદનીય | ૧ થી ૬ (ઉદય ૧ થી ૧૪) |
| ૨ | મનુષ્યાયુઃ | ૧ થી ૬ (ઉદય ૧ થી ૧૪) |
| ૩ | મનુષ્યગતિ વિગેરે ૧૦ પ્રકૃતિ | ૧ થી ૧૩ (ઉદય ૧ થી ૧૪) |

***–: ઉદીરણા અધિકાર સમાપ્ત :–***

# ઉદીરણા યંત્રક.

| નં | ગુણસ્થાનકો ના નામ | મૂળ કર્મ | ઉત્તર કર્મ પ્રકૃતિ | જ્ઞાનાવરણીય | દર્શનાવરણીય | વેદનીય | મોહનીય | આયુષ્ય | નામ | ગોત્ર | અંતરાય |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ઓઘ | ૮ | ૧૨૨ | ૫ | ૯ | ૨ | ૨૮ | ૪ | ૬૭ | ૨ | ૫ |
| ૧ | મિથ્યાત્વ | ૮ | ૧૧૭ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૪ | ૬૪ | ૨ | ૫ |
| ૨ | સાસ્વાદન | ૮ | ૧૧૧ | ૫ | ૯ | ૨ | ૨૫ | ૪ | ૫૯ | ૨ | ૫ |
| ૩ | મિશ્રદૃષ્ટિ | ૮ | ૧૦૦ | ૫ | ૯ | ૨ | ૨૨ | ૪ | ૫૧ | ૨ | ૫ |
| ૪ | અવિરત | ૮ | ૧૦૪ | ૫ | ૯ | ૨ | ૨૨ | ૪ | ૫૫ | ૨ | ૫ |
| ૫ | દેશવિરત | ૮ | ૮૭ | ૫ | ૯ | ૨ | ૧૮ | ૨ | ૪૪ | ૨ | ૫ |
| ૬ | પ્રમત્ત | ૮ | ૮૧ | ૫ | ૯ | ૨ | ૧૪ | ૧ | ૪૪ | ૧ | ૫ |
| ૭ | અપ્રમત્ત | ૬ | ૭૩ | ૫ | ૬ | ૦ | ૧૪ | ૦ | ૪૨ | ૧ | ૫ |
| ૮ | અપૂર્વકરણ | ૬ | ૬૯ | ૫ | ૬ | ૦ | ૧૩ | ૦ | ૩૯ | ૧ | ૫ |
| ૯ | અનિવૃત્તિકરણ | ૬ | ૬૩ | ૫ | ૬ | ૦ | ૭ | ૦ | ૩૯ | ૧ | ૫ |
| ૧૦ | સૂક્ષ્મસંપરાય | ૬ | ૫૭ | ૫ | ૬ | ૦ | ૧ | ૦ | ૩૯ | ૧ | ૫ |
| ૧૧ | ઉપશાન્તમોહ | ૫ | ૫૬ | ૫ | ૬ | ૦ | ૦ | ૦ | ૩૯ | ૧ | ૫ |
| ૧૨ | ક્ષીણમોહ | ૫ | ૫૪ | ૫ | ૬ | ૦ | ૦ | ૦ | ૩૭ | ૧ | ૫ |
| ૧૩ | સયોગી કેવલી | ૨ | ૩૯ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૩૮ | ૧ | ૦ |
| ૧૪ | અયોગી કેવલી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |

# ગુણસ્થાનકને વિશે સત્તા અધિકાર

સત્તાની વ્યાખ્યા–

**सत्ता कम्माण ठिई, बंधाऽऽइ-लद्ध-अत्त-लाभाणं ।**
**संते अडयाल-सयं जा उवसमु, वि-जिणु बिअ-तइए ॥२५॥**

| | |
|---|---|
| कम्माण = કર્મોની | संते = સત્તામાં |
| लद्ध = પ્રાપ્ત કર્યું છે | जा = યાવત્ |
| अत्त = પોતાનું (કર્મપણાનું) | वि-जिणु = જિનનામ વિના |

**ગાથાર્થ**– બંધાદિકે કરીને જેઓએ પોતાનું [તે તે કર્મ તરીકેનું] સ્વરૂપ પ્રાપ્ત કર્યું છે. તેવા કર્મોની વિદ્યમાનતા તે સત્તા.

સત્તામાં ઉપશાંતમોહ [ગુણસ્થાનક] સુધી એકસો અડતાલીસ પ્રકૃતિઓ હોય છે.

બીજે અને ત્રીજે [ગુણસ્થાનકે] જિનનામકર્મ વિના [૧૪૭ની સત્તા] હોય છે. ॥૨૫॥

**વિવેચન**– અહીં **સત્તા** એટલે બંધ અથવા સંક્રમ વડે પ્રાપ્ત કર્યું છે. પોતાનું કર્મપણાનું સ્વરૂપ જેણે એવા કર્મોની જ્યાં સુધી ભોગવવા વડે અથવા અન્યમાં સંક્રમ કરવા વડે નાશ ન પામે ત્યાં સુધી આત્મામાં વિદ્યમાનતા તે સત્તા', સત્તા-કર્મનું હોવાપણું, કર્મની વિદ્યમાનતા ગણાવેલ છે. અહીં બંધમાં આઠ કર્મની ૧૨૦ ઉદય-ઉદીરણામાં ૧૨૨ અને સત્તામાં ૧૪૮ પ્રકૃતિ કહેવામાં આવેલ છે.

કર્મપ્રકૃતિ વિગેરે ગ્રંથોમાં બંધન ૫ની સંખ્યાના બદલે ૧૫ કહ્યાં છે તેથી સત્તામાં ૧૫૮ની સંખ્યા પણ કહી શકાય.

અહીં અનેક જીવ આશ્રયી અથવા જુદા જુદા સમયોને આશ્રયીને આ સત્તા કહી છે. આગળ કહેલ સત્તાસ્થાનોમાંનાં કોઈપણ એક સાથે એક જીવને એક ઘટે છે. જે આગળ વર્ણન કરેલ છે.

મિથ્યાત્વથી ઉપશાન્ત મોહ ગુણ૦ (૧ થી ૧૧) સુધી ૧૪૮ની સત્તા કહી છે. તે અનેક જીવની અપેક્ષાએ જુદા જુદા સમયની વિવક્ષા કરીને કહી છે. કારણકે એક જીવને એક સાથે ચાર આયુષ્ય સત્તામાં હોય નહીં. તેમજ મિથ્યાત્વે જિનનામ અને આહારકદ્વિક એમ બન્નેની સત્તા સાથે હોય નહીં. માટે એક સાથે એક સમયે એક આત્માને આ સંખ્યાની પ્રકૃતિઓ સત્તામાં હોય એવું નહી.

**પ્રશ્ન–** જિનનામનો બંધ તો સમ્યક્ત્વથી થાય છે તો મિથ્યાત્વ ગુણઠાણે જિનનામકર્મની સત્તા કેવી રીતે હોય ?

**જવાબ–** મનુષ્ય ભવમાં પહેલાં જીવે નરકનું આયુષ્ય બાંધ્યુ હોય ત્યારપછી ક્ષયોપશમ સમ્યક્ત્વ પામી જિનનામકર્મ બાંધે, પછી નરકમાં જતી વખતે ક્ષયોપશમ સમ્ય. લઈને જવાય નહિ માટે છેલ્લા અંતર્મુહૂર્તમાં મિથ્યાત્વપણુ પામે અને નરકમાં ગયા પછી અંતર્મુહૂર્ત પછી ક્ષયોપશમ સમ્યક્ત્વ પામે. આ રીતે મનુષ્યના અને નરકના ભવમાં અંતર્મુહૂર્ત સુધી જીવને મિથ્યાત્વે જિનનામની સત્તા હોય.

**પ્રશ્ન–** નરક અને તિર્યંચનું આયુષ્ય બાંધીને શ્રેણિ ચડાય નહિ તો તિર્યંચાયુઃ અને નરકાયુઃની સત્તા ૮ થી ૧૧ ગુ. સુધી કેવી રીતે હોય ?

**જવાબ–** નરક-તિર્યંચાયુષ્યની સત્તા ૮ થી ૧૧ ગુણઠાણા સુધી સદ્ભાવ સત્તા હોય નહિ. પરંતુ સંભવ સત્તાની અપેક્ષાએ સત્તા કહી છે.

એટલે ૮ થી ૧૧ ગુણ૦વાળા જીવો ઉપશમ શ્રેણિથી પડીને મિથ્યાત્વે જઈ ભવિષ્યમાં આ બે આયુ બાંધે એ અપેક્ષાએ સત્તા કહી છે.

**પ્રશ્ન–** સંભવ સત્તા અને સદ્ભાવ સત્તા એટલે શું ?

**જવાબ– સંભવ સત્તા–** જે પ્રકૃતિની સત્તા અત્યારે હોય નહીં પરંતુ ભવિષ્યમાં આવે તે, જેમ ૮ થી ૧૧ ગુણ૦માં નરકાયુષ્ય અને તિર્યંચાયુષ્ય સત્તામાં હોય નહીં. પરંતુ ઉપશમશ્રેણીમાંથી પડી મિથ્યાત્વે જઈ આ આયુષ્ય બાંધે તો ભવિષ્યમાં આવવાનો સંભવ છે. માટે ૮ થી ૧૧ ગુણ૦માં આ બે આયુષ્યની સંભવસત્તા કહેવાય.

**સદ્ભાવ સત્તા–** જે કર્મપ્રકૃતિ બાંધેલ હોય અને તેનો ભોગવીને અથવા સંક્રમથી નાશ ન થાય ત્યાં સુધી વિદ્યમાનતા તે સદ્ભાવ-વિદ્યમાન સત્તા કહેવાય.

**પ્રશ્ન–** આહારકદ્વિકનો બંધ ૭ અને ૮ મે ગુણઠાણે હોય તો તેની સત્તા નીચેના ગુણઠાણામાં કેવી રીતે હોય ?

**જવાબ–** આહારકદ્વિકનો બંધ કર્યા પછી તેની સત્તા લઈ ૧ થી ૬ અને ૯ થી ૧૪ ગુણઠાણામાં પણ જીવ જઈ શકે છે. તેથી તેની સત્તા બધા ગુણઠાણામાં હોઈ શકે.

**પ્રશ્ન–** જિનનામની સત્તા બીજે ત્રીજે ગુણઠાણે કેમ ન હોય ?

**જવાબ–** તથાસ્વભાવે જિનનામ બાંધીને જીવ ૨જુ-૩જુ ગુણ૦પામે નહીં એમ પૂર્વાચાર્યોએ કહ્યું છે.

**अपुव्वाऽऽइचउक्के अणतिरिनिरयाउ विणु बियाल-सयं ।**
**सम्मा-इ-चउसु-सत्तग-खयंमि इग-चत्त-सयमहवा ॥२६॥**

| | |
|---|---|
| अण-तिरि = અનં-૪, તિર્યંચાયુ: | विणु = વિના |
| बियालसयं = એકસો બેંતાલીશ | इगचत्तसयं = એકસો એક્તાલીશ |
| सत्तग खयम्मि = સાતનો ક્ષય થયે | अहवा = અથવા |

**ગાથાર્થ–** અપૂર્વકરણાદિક ચાર ગુણસ્થાનકોમાં અનંતાનુબંધી કષાયઃ તિર્યંચાયુઃ નરકાયુઃ વિના એકસો બેતાલીશની સત્તા હોય અથવા દર્શન સપ્તકનો ક્ષય થયે છતે અવિરત સમ્યગ્દૃષ્ટિ વિગેરે ચાર ગુણસ્થાનકોમાં એક્સો એકતાલીશની સત્તા હોય. ॥૨૬॥

**વિવેચન–** ઉપરની ગાથામાં અનેક જીવ આશ્રયી ૧ થી ૧૧ ગુણઠાણામાં ૧૪૮ની સત્તા કહી. આ ગાથામાં ૮ થી ૧૧ ગુણસ્થાનકોમાં સદ્ભાવ સત્તાને આશ્રયી સત્તા જણાવે છે.

૮મે ગુણઠાણેથી જીવ ઉપશમ શ્રેણિ આરંભે તે દેવબદ્ધાયુ અથવા અબદ્ધાયુ હોય છે. અને મનુષ્ય આયુઃ ઉદયમાં હોય છે. તેથી બે આયુની સત્તા હોય છે. પરંતુ નરકાયુઃ તિર્યંચાયુઃની સત્તા હોય નહીં. કારણકે તે બેમાંથી કોઈ પણ આયુઃ બાંધ્યું હોય તો ઉપશમ શ્રેણિ ચડાય નહિ.

કેટલાક આચાર્યના મતે અનંતાનુબંધીની ઉપશમના કરીને ઉપશમ શ્રેણિ ચડે છે. તે મતની અપેક્ષાએ ૨૫મી ગાથામાં સત્તા કહી. જ્યારે **શીલાંગાચાર્યાદિ કેટલાક આચાર્યો** અનંતાનુબંધીની વિસંયોજના કરીને જ ઉપશમ શ્રેણિએ ચડાય પરંતુ ઉપશમના કરીને ન ચડાય તેવું માને. તેમના મતે ૧૪૨ની સત્તા જણાવી છે.

એટલે ઉપશમ શ્રેણિએ ચડતાં પહેલાં ૪ થી ૭ ગુણ૦માં વૈમા૦દેવાયુ૦બાંધ્યુ હોય અને ક્ષયોપશમ સમક્તિી જીવ અનંતાનુબંધી ૪ કષાયની વિસંયોજના કરી. દર્શનત્રિકને ઉપશમાવી ઉપશમ સમ્યક્ત્વ પામી ૮મા ગુણઠાણેથી ઉપશમ શ્રેણિએ ચડે તે જીવને નરકાયુઃ, તિર્યંચાયુ અને અનંતા૦ ચારની સત્તા વિના ૧૪૨ની સત્તા ૮ થી ૧૧ ગુણઠાણે હોય છે.

**પ્રશ્ન–** મનુષ્યાયુ બાંધીને શ્રેણિ ચડાય નહી તો ૮ થી ૧૧ ગુણઠાણા સુધી તેની સત્તા કઈ રીતે હોય ?

**જવાબ–** મનુષ્યાયુઃ પરભવનું બાંધેલ આયુષ્ય ન હોય, પરંતુ ભોગવાતા આયુષ્યની અપેક્ષાએ સત્તા જાણવી. એટલે ભોગવાતુ આયુષ્ય સત્તામાં છે.

વળી ક્ષાયિક સમકિતીએ દર્શન સપ્તકનો સત્તામાંથી ક્ષય કરેલ હોવાથી તેવા જીવને ૧૪૧ની સત્તા હોય છે. કારણકે ક્ષાયિક સમ્યક્ત્વ પામતાં પહેલાં નરક અથવા દેવનું આયુષ્ય બાંધ્યું હોય અથવા યુગ૦તિર્યંચનું આયુષ્ય બાંધ્યું હોય તે અપેક્ષાએ અનેક જીવ આશ્રયી ૪ થી ૭ ગુણ૦માં ૧૪૧ની સત્તા કહી છે.

નરકનું મનુષ્યનું અથવા તિર્યંચનું આયુષ્ય બાંધ્યું હોય તો શ્રેણી ચડાય નહી તેથી ૧૪૧ની સત્તા ૮મા ગુણ૦થી ઘટે નહી.

૧૪૧ની સત્તા જુદા જુદા જીવોએ બાંધેલ નરકાયુઃ, યુગ૦તિર્યચાયુઃ, અને યુગ૦ મનુષ્યાયુઃની વિવક્ષા કરી સત્તા કહી છે. એક જીવને ૧૩૯ની સત્તા ઘટે.

(૪ થી ૭) ચાર ગુણસ્થાનકોમાં બીજી રીતે પણ સત્તા કહે છે.

**खवगं तु पप्प चउसु वि, पणयालं निरयतिरिसुराउ विणा ।**
**सत्तग-विणु अडतीसं, जा अ-निअट्टि-पढम-भागो ॥२७॥**

| | |
|---|---|
| पप्प = આશ્રયીને | विणा = વિના |
| चउसुवि = એ ચારેય ગુણઠાણે | सत्तग-विणु = સાત વિના |
| अनिअट्टि पढमभागो = અનિવૃત્તિના પ્રથમ ભાગ | अड-तीसं = એક્સો આડત્રીસ |

**ગાથાર્થ–** (તેમજ) ક્ષપકને આશ્રયિને (૪ થી ૭ ગુણ૦) એ ચાર ગુણ૦માં નરકાયુઃ તિર્યચાયુઃ અને દેવાયુઃ વિના એક્સો પિસ્તાલીશની સત્તા હોય અને દર્શન સપ્તક વિના અનિવૃત્તિના પહેલા ભાગ સુધી એક્સો આડત્રીશની સત્તા હોય. ॥૨૭॥

**વિવેચન–** ક્ષપકશ્રેણિનો પ્રારંભ ૭મા ગુણઠાણેથી થાય છે. જીવનો ચરમભવ મનુષ્યનો જ છે. અને તે ક્ષાયોપશમિક સમ્યક્ત્વવાળો પણ હોય છે. પરંતુ હવે ક્ષાયિક સમ્યક્ત્વ પામવાનો છે અને અબદ્ધાયુ હોવાથી ક્ષાયિક પામી નજીકના ભવિષ્યમાં ક્ષપકશ્રેણિ પણ શરૂ કરે જ છે. વર્તમાનની નજીકના ભવિષ્યને વર્તમાનમાં ઉપચાર કરવાથી આવા જીવને ચોથા ગુણઠાણેથી જ વ્યવહારનયને આશ્રયી ક્ષપક કહેવાય છે. તેથી ક્ષપકને આશ્રયી ૪ થી ૭ ગુણઠાણામાં દેવ-નરક-તિર્યંચના આયુષ્ય વિના ૧૪૫ની સત્તા ક્ષપકને આશ્રયી કહી છે. કારણકે આ ૩ આયુષ્યને બાંધવાનો નથી. તે જ ભવે મોક્ષે જવાનું છે. માટે, તેથી ક્ષાયોપશમિક સમ્યક્ત્વી એવા ક્ષપકને ૪ થી ૭ ગુ. માં ૧૪૫ની સત્તા હોય છે.

તે જ જીવ ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરતાં દર્શન સપ્તકનો ક્ષય થવાથી ૧૩૮ની સત્તા પણ ૪ થી ૭ ગુણસ્થાનકમાં પણ હોય છે. પછી ક્ષપકશ્રેણિ શરૂ કરે એટલે ૮મા ગુણઠાણે અને ૯મા ગુણઠાણાના પ્રથમ ભાગ સુધી ૧૩૮ની સત્તા હોય છે.

સારાંશ કે ક્ષાયો૦ સમ્યક્ત્વી તદ્ભવ મોક્ષગામી અનેકજીવ આશ્રયી- અથવા એકજીવ આશ્રયી ૪ થી ૭ ગુણ૦સુધી ૧૪૫ની સત્તા જાણવી.

અને દર્શન સપ્તકનો ક્ષય કરેલા ક્ષાયિક સમ્ય૦ને ૪ થી ૯/૧ ભાગ સુધી ૧૩૮ની સત્તા જાણવી.

ક્ષપકશ્રેણીમાં નવમા ગુણ૦માં પ્રથમ નામકર્મની ૧૩ પ્રકૃતિ અને થિણદ્ધિત્રિક એમ સોળનો સાથે ઉદ્વલના વડે ક્ષય કરે. પછી અપ્રત્યા૦, પ્રત્યા૦ આઠ કષાયની ઉદ્વલના વડે ક્ષય કરે. ત્યાર પછી ચારિત્રમોહ૦ની ૧૩ પ્રકૃતિનું અંતરકરણ કરે છે.

અંતરકરણ કર્યા પછી નપુંસકવેદ વિગેરેનો ઉદ્વલના વડે ક્ષય કરે છે તેથી ક્યાં ક્ષય થાય અને ક્યાં કેટલી સત્તા હોય તે આગળ સમજાવશે.

૧૩૮ થી પછીનાં ૧૨૨ વિગેરે સત્તાસ્થાનો ક્ષપક શ્રેણીમાં જ જાણવાં.

**थावर-तिरि-निरया-ऽऽयव-दुग, थीण-तिगेगविगलसाहारं ।**
**सोलखओ दु-वीस-सयं बिअंसि बिअ-तिअ-कसायंतो ॥२८॥**

| | |
|---|---|
| विगल = વિકલેન્દ્રિય | खओ = ક્ષય [થાય] |
| साहारं = સાધારણ નામ | बिअंसि = બીજે ભાગે [નવમાના] |
| बिअ-तिअ = બીજા અને ત્રીજા | कसायंतो = કષાયનો અંત [થાય.] |

**ગાથાર્થ–** સ્થાવરઃ તિર્યંચઃ નરક અને આતપઃ ના દ્વિકો થિણદ્વિત્રિકઃ એકેન્દ્રિયઃજાતિ વિકલેન્દ્રિયજાતિ અને સાધારણ એ સોળનો ક્ષય થવાથી બીજે ભાગે એકસો બાવીશ. બીજા અને ત્રીજા કષાયનો અંત થવાથી. ॥૨૮॥

**વિવેચન–** ૮મા ગુણ૦માં ક્ષપકજીવ આઠ કષાયનો સ્થિતિઘાતાદિ વડે સત્તાનો ક્ષય કરતો કરતો ૯મે આવે ત્યારે તે પ્રકૃતિઓની સત્તા પલ્યો.નો અસં.ભાગ હોય, માટે ૯મા ગુણઠાણાના પ્રથમ ભાગે પણ ૧૩૮ની સત્તા હોય છે. તેમાંથી પ્રથમ ભાગના અંતે સ્થાવરદ્વિકાદિ ૧૬ પ્રકૃતિની સત્તાનો પ્રથમ ક્ષય થાય છે. એટલે ૯માના ૨જા ભાગે ૧૨૨ની સત્તા હોય છે. બીજા ભાગના અંતે બીજા-ત્રીજા કષાયનો સંપૂર્ણ ક્ષય થવાથી ૧૧૪ની સત્તા ૯મા ગુણ૦ના ત્રીજા ભાગે હોય છે.

કેટલાકના મતે ૮મા ગુણઠાણામાં સ્થાવર વિગેરે ૧૬ પ્રકૃતિઓ સ્થિતિઘાતાદિએ ક્ષય કરતાં નવમે આવે ત્યાં વચ્ચે ૮ કષાયનો પ્રથમ ક્ષય કરે અને ત્યાર પછી ૧૬ પ્રકૃતિઓનો ક્ષય કરે છે.

અહીં ગ્રંથકારના મતે ૯મા ગુણ૦ના પહેલા ભાગ સુધી ક્ષપકને ૧૩૮ની સત્તા, પછી સોળ પ્રકૃતિનો ક્ષય થવાથી ૯માના બીજા ભાગે ૧૨૨ની સત્તા અને આઠ કષાયનો ક્ષય થવાથી ૯માના ત્રીજા ભાગે ૧૧૪ની સત્તા હોય છે.

**तइआ-ऽऽइसु-चउदस-तेर-बार-छ-पण-चउ-तिहिय सय कमसो।**
**नपु-इत्थि-हास-छग पुंस-तुरिअ-कोह-मय-माय-खओ ॥२९॥**

| | |
|---|---|
| तइआइसु = ત્રીજા વિગેરે [ભાગો]માં | तिहिय = ત્રણ અધિક |
| कमसो = અનુક્રમે | तुरिअ = ચોથો |

**ગાથાર્થ–** નપુંસકવેદઃ સ્ત્રીવેદઃ હાસ્યાદિષટ્ક પુરુષવેદઃ સંજ્વ૦ક્રોધઃ માનઃ અને માયાનો ત્રીજા વિગેરે ભાગોમાં ક્ષય થવાથી અનુક્રમે એકસો અધિક ચૌદ (એટલે ૧૧૪) તેરઃ બારઃ છઃ પાંચઃ ચારઃ અને ત્રણની (૧૦૩) સત્તા હોય ॥૨૯॥

**વિવેચન–** ૯મા ગુણઠાણાની સત્તાને આશ્રયી ૯ ભાગની વિવક્ષા કરવામાં આવી છે. તેથી પહેલા વિગેરે ભાગે કઈ પ્રકૃતિની સત્તાનો ક્ષય થાય અને કેટલી રહે તે બતાવે છે.

બીજા-ત્રીજા કષાયનો બીજાભાગના અંતે ક્ષય થવાથી ત્રીજા ભાગે ૧૧૪ની સત્તા, ત્યાં (ત્રીજા ભાગના અંતે) નપુંસકવેદ ક્ષય થવાથી ચોથા ભાગે ૧૧૩ની સત્તા હોય છે. ચોથા ભાગના અંતે સ્ત્રીવેદનો ક્ષય થવાથી પાંચમા ભાગે ૧૧૨ની સત્તા હોય છે. પાંચમા ભાગના અંતે હાસ્યષટ્કનો ક્ષય થવાથી છઠ્ઠા ભાગે ૧૦૬ની સત્તા હોય છે. છઠ્ઠા ભાગના અંતે પુરુષવેદનો ક્ષય થવાથી સાતમા ભાગે ૧૦૫ની સત્તા હોય છે. સાતમા ભાગના અંતે સંજ્વલન ક્રોધનો ક્ષય થવાથી આઠમા ભાગે ૧૦૪ની સત્તા હોય છે. આઠમા ભાગના અંતે સંજ્વલન માનનો ક્ષય થવાથી નવમા ભાગે ૧૦૩ની સત્તા હોય છે. નવમાના અંતે સંજ્વલન માયાનો ક્ષય થવાથી ૧૦મા ગુણ૦માં ૧૦૨ની સત્તા હોય છે.

**ક્ષપકને ૧૦ મે અને ૧૨ મે ગુણસ્થાનકે સત્તા–**

**सुहुमि दुसय, लोहंतो, खीणदुचरिमेगसय, दुनिद्दखओ ।**
**नव-नवई चरिम-समए, चउ-दंसण-नाण विग्घंतो ॥३०॥**

| | |
|---|---|
| लोहंतो = લોભનો અંત થાય | नव-नवई = નવાણું |
| अेग-सयं = એકસો એક | चउ = ચાર |
| दुनिद्द-खओ =બે નિદ્રાનો ક્ષય [થાય.] | दंसण =દર્શનાવરણીય |
| नाण = પાંચ જ્ઞાનાવરણીય | अंतो = અંત [થાય.] |

**ગાથાર્થ–** સૂક્ષ્મ સંપરાય ગુણસ્થાનકે એકસો બે, લોભનો અંત થવાથી ક્ષીણમોહ ગુણસ્થાનકના દ્વિચરમ સમય સુધી એકસો એક અને બે નિદ્રાનો ક્ષય થવાથી ચરમ સમયે નવાણું, ચાર દર્શનાવરણીય તથા પાંચ જ્ઞાનાવરણીય અને પાંચ અંતરાયનો ક્ષય થવાથી. (૧૩મા ગુણઠાણે ૮૫ની સત્તા હોય છે.) ॥૩૦॥

**વિવેચન–** ૯મા ગુણઠાણાના છેલ્લા ભાગે (છેલ્લા સમયે) સંજ્વલન માયાનો ક્ષય થવાથી ૧૦ મે ગુણઠાણે ૧૦૨ની સત્તા હોય છે ૧૦મા ગુણઠાણાના અંતે સંજ્વલન લોભનો ક્ષય થવાથી ૧૨માના દ્વિચરમ સમય સુધી ૧૦૧ની સત્તા હોય છે. ૧૨મા ગુણ૦ના દ્વિચરમ સમયે નિદ્રાદ્વિક (નિદ્રા-પ્રચલા)ની સત્તાનો ક્ષય થવાથી ૧૨મા ગુણ૦ના ચરમ સમયે ૯૯ની સત્તા હોય છે. ૧૨મા ગુણઠાણાના ચરમ સમયે દર્શના૦-૪, જ્ઞાનાવરણીય-૫ અને અંતરાય-૫ની સત્તાનો ક્ષય થવાથી ૧૩મે ગુણઠાણે ૮૫ની સત્તા હોય છે.

૮૫ પ્રકૃતિની સત્તા ૧૩મા ગુણસ્થાનકે અને ૧૪મા ગુણ૦ના દ્વિચરમ સમય સુધી હોય છે. ૧૪માના દ્વિચરમ સમયે અનુદયવતી ૭૩ (મતાન્તરે ૭૨)નો ક્ષય થાય છે. તે આગળની ગાથામાં કહેવાશે. ॥૩૦॥

**૧૩ મે અને ૧૪ મે ગુણસ્થાનકે સત્તા–**

**पणसीइ स-जोगि-अ-जोगि दु-चरिमे देव-खगई-गंध-दुगं ।**
**फासट्ठ-वन्न-रस-तणु-बंधण-संघाय-पण-निमिणं ॥३१॥**

| | |
|---|---|
| पणसीइ =પંચાશી | दुचरिमे =છેલ્લાના પૂર્વ સમયે |
| फासट्ठ = આઠ સ્પર્શ | निमिणं = નિર્માણ નામ |

**ગાથાર્થ–** પંચ્યાસી પ્રકૃતિ સયોગી ગુણસ્થાનકે અને અયોગી ગુણસ્થાનકના દ્વિચરિમ સમય સુધી હોય, ત્યાં દેવદ્વિક વિહાયોગતિદ્વિક ગંધદ્વિક, આઠ સ્પર્શઃ પાંચ વર્ણઃ પાંચઃ શરીર પાંચ બંધન, પાંચ સંઘાતન અને નિર્માણનામ. ॥૩૧॥

**વિવેચન–** ૧૩મા ગુણઠાણે અને ૧૪મા ગુણઠાણે પણ [૧૪માનાં દ્વિચરમ સમય સુધી] ૮૫ની સત્તા હોય છે. ૧૪મા ગુણ૦ના દ્વિચરમ સમયે ૭૨ પ્રકૃતિઓનો ક્ષય કરે છે તે આ પ્રમાણે–

- દેવદ્વિક (દેવગતિ-દેવાનુપૂર્વી)
- ખગતિદ્વિક (શુભ-અશુભ વિહાયોગતિ)
- ગન્ધદ્વિક (સુરભિ-દુરભિ ગંધ)
- સ્પર્શ-૮ (શીત-ઉષ્ણ-સ્નિગ્ધ-રૂક્ષ-ગુરૂ-લઘુ-મૃદુ-કર્કશ)
- વર્ણ-૫ (કૃષ્ણ-નીલ-રક્ત-પીત-શ્વેત)
- રસ-૫ (તિક્ત-કટુ-કષાય-આમ્લ-મધુર)

શરીર-૫ (ઔ૦ વૈ૦ આ૦ તૈ૦ કાર્મણ)
બંધન ૫ ”
સંઘાતન ૫ ”
નિર્માણ નામ

**संघयण-अथिर-संठाण-छक्क अगुरुलहु-चउ अपज्जत्तं ।**
**सायं व असायं वा परि-त्तुवंग-तिग-सु-सर-निअं ॥३२॥**

| | |
|---|---|
| व = અથવા | छक्क = છ |
| परित्त = પ્રત્યેક | निअं = નીચગોત્ર |

**ગાથાર્થ**– સંઘયણઃ અસ્થિરઃ અને સંસ્થાનઃ નુ ષટ્ક, અગુરુલઘુ ચતુષ્ક, અપર્યાપ્ત, સાતા અથવા અસાતા, પ્રત્યેકત્રિક અને ઉપાંગઃત્રિક, સુસ્વર નીચગોત્ર. ॥૩૨॥

**વિવેચન**– સંઘયણ ૬ (વજ્રઋષભનારાચ વિગેરે)
સંસ્થાન ૬ (સમચતુરસ્રવિગેરે)
અસ્થિરષટ્ક (અસ્થિર-અશુભ-દુર્ભગ-દુસ્વર-અનાદેય-અયશ)
અગુરુલઘુ ચતુષ્ક (અગુરુલઘુ-ઉપઘાત-પરાઘાત-ઉચ્છ્વાસ)
અપર્યાપ્ત નામકર્મ-સુસ્વર નામ, નીચ ગોત્ર
શાતા-અશાતામાંથી એક
પ્રત્યેકત્રિક (પ્રત્યેક-સ્થિર-શુભ)
ઉપાંગત્રિક = (ઔ.અંગો૦, વૈ૦અંગો૦, આહા૦અંગો૦)

આ પ્રમાણે કુલ ૭૨ પ્રકૃતિઓનો ઉદય ન હોવાથી દ્વિચરમ સમયે ચરમ સમયનું દલિક ઉદયવતીમાં સંક્રમાવી નાખે છે. એટલે સ્વરૂપે સત્તા દ્વિચરમ સુધી સમજવી.

પરરૂપે ચરમ સમયે પણ સત્તા હોય છે. પરંતુ તેની અહીં વિવક્ષા કરી નથી. ॥૩૨॥

**बिसयरिखओ अ चरिमे, तेरस मणुअतसतिग जसाइज्जं ।**
**सुभग-जिणुच्चा-पणिंदिअ साया-ऽसाएगयर-छेओ ॥३३॥**

| | |
|---|---|
| खओ = ક્ષય [હોય] | आईज्जं = આદેય નામ |
| चरिमे = છેલ્લે સમયે | सुभग = સૌભાગ્ય નામ |
| उच्च = ઉચ્ચગોત્ર | एगयर = બે માંથી એક |

**ગાથાર્થ**– બોત્તેરનો ક્ષય થવાથી - છેલ્લે સમયે તેર પ્રકૃતિ-મનુષ્યત્રિક અને ત્રસ-ત્રિક, યશ અને આદેય, સૌભાગ્ય, જિન, ઉચ્ચગોત્ર, પંચેન્દ્રિય,

શાતા અથવા અશાતા બેમાંથી એકનો ક્ષય એમ ૧૩ પ્રકૃતિની સત્તાનો ૧૪માના ચરમ સમયે ક્ષય થાય છે. ॥૩૩॥

**વિવેચન–** મનુષ્યત્રિક (મનુષ્યગતિ, મનુષ્યાનુપૂર્વી અને મનુષ્યાયુષ્ય) ત્રસત્રિક (ત્રસ-બાદર-પર્યાપ્ત), યશનામકર્મ, આદેય, સૌભાગ્ય, જિનનામ, ઉચ્ચગોત્ર, પંચેન્દ્રિય જાતિ, શાતા અથવા અશાતામાંથી એક એમ ૧૩ પ્રકૃતિની સત્તાનો ૧૪મા ગુણઠાણાના ચરમ સમયે નાશ થાય છે. સત્તાનો સંપૂર્ણ ક્ષય થવાથી એક જ સમયમાં સમશ્રેણિથી આત્મા મોક્ષે જાય છે.

અહીં શાતાવેદનીય અને અશાતાવેદનીયમાંથી જેનો ઉદય તેની સત્તા ચરમ સુધી સમજવી. અને જેનો સ્વરૂપે ઉદય નથી તેની સત્તા દ્વિચરમ સમય સુધી સમજવી. ॥૩૮॥

**नर-अणुपुव्वि-विणा वा बारस चरिम-समयंमि जो खविउं ।**
**पत्तो सिद्धिं देविंद-वंदिअं नमह तं वीरं ॥३८॥**

**—सत्ता समत्ता ॥**

नर-अणुपुव्वि = મનુષ્યાનુપૂર્વી
पत्तो = પામ્યા
देविंद-वंदिअं = દેવેન્દ્રસૂરિ વડે અથવા દેવેન્દ્રો વડે નમસ્કાર કરાયેલ
खविउं = ખપાવીને
चरिमसमयंमि = છેલ્લે સમયે
सिद्धिं = સિદ્ધિ ગતિને
नमह = નમસ્કાર કરો
वीरं = મહાવીર પ્રભુને

**ગાથાર્થ–** અથવા-મનુષ્યાનુપૂર્વી વિના બાર પ્રકૃતિઓને છેલ્લે સમયે ક્ષય કરીને દેવેન્દ્રસૂરિ વડે અથવા દેવેન્દ્રો વડે વંદન કરાયેલ જે સિદ્ધિપદને પામ્યા છે તે મહાવીર પરમાત્માને નમસ્કાર કરો. (નમસ્કાર હો) ॥૩૪॥

**વિવેચન–** ૧૪મા ગુણઠાણાના દ્વિચરમ સમયે ૭૨ની સત્તાનો ક્ષય અને ચરમ સમયે ૧૩ની સત્તાનો ક્ષય કહેલ છે. પરંતુ આ ગાથામાં મતાન્તર જણાવે છે કે દ્વિચરમ સમયે ૭૨ની સાથે મનુષ્યાનુપૂર્વીની પણ

સત્તાનો ક્ષય થવાથી ૭૩ની સત્તા જવાથી ચરમ સમયે માત્ર ૧૨ની જ સત્તા હોય છે. તે ૧૨ પ્રકૃતિઓનો ચરમ સમયે ક્ષય કરે છે.

મનુષ્યાનુપૂર્વી ક્ષેત્રવિપાકી પ્રકૃતિ છે. તે વિગ્રહગતિમાં જ ઉદયમાં હોય છે. તેથી ૧૪મા ગુણ૦માં અનુદયવતી હોવાથી ચૌદમાના દ્વિચરમ સમયે સત્તામાંથી ક્ષય થાય છે. આ કેટલાક ગ્રંથકારનો મત છે. જે વધારે યુક્તિ સંગત જણાય છે. આ રીતે સર્વ પ્રકૃતિની સત્તાનો ક્ષય થવાથી અનંતર સમયે જીવ ઉર્ધ્વગતિ કરી મોક્ષ પ્રાપ્ત કરે છે. (જુઓ પેજ નં. ૫૧)

અનેક જીવોની અપેક્ષાએ જુદા જુદા સમયે ભિન્ન ભિન્ન ગુણસ્થાનકની અપેક્ષાએ અનેક સત્તાસ્થાનો હોય છે. તેની કેટલીક વિગત– એટલે કેટલાંક સત્તાસ્થાનોનું વર્ણન–

અહીં માત્ર ગાથાઓમાં બતાવેલ સત્તાસ્થાનોનું વિવરણ કર્યું છે.

(૧) ૧૪૮ની સત્તા–

૧ થી ૧૧ ગુણઠાણે ૨જા-૩જા વિના અનેક જીવ આશ્રયીને ૧૪૮ની સત્તા હોય.

એક જીવને સાથે ૧૪૮ પ્રકૃતિઓની સત્તા હોય નહીં. પરંતુ અનેક જીવોને જુદા જુદા સમયે જુદી જુદી સત્તાની વિવક્ષા કરીએ તે અપેક્ષાએ ૧ થી ૧૧ (૨જા-૩જા ગુણ૦વિના) ગુણસ્થાનક સુધી ૧૪૮ પ્રકૃતિઓ સત્તામાં હોય છે તેમ સમજવું.

(૨) ૧૪૭ની સત્તા–

૨જા-૩જા ગુણઠાણામાં અનેક જીવ આશ્રયી જિનનામ વિના જાણવી કારણકે જિનનામની સત્તા લઈને જીવ તથાસ્વભાવે ૨જા-૩જા ગુણસ્થાનકને પામે નહીં.

(૩) ૧૪૬ની સત્તા–

બદ્ધાયુ: એક અથવા અનેક જીવ આશ્રયી ૪ થી ૭ ગુણઠાણામાં (બે આયુષ્ય વિના) સદ્‌ભાવ સત્તા હોય એટલે જિનનામ-આહારક

ચતુષ્ક સાથે ભવાન્તરના બંધાયેલ આયુષ્ય સહિત ૧૪૬ની સત્તા હોય છે.[૧]

(૪) ૧૪૫ની સત્તા–

(૧) બદ્ધાયુ એક અથવા અનેક જીવ આશ્રયી સદ્ભાવ સત્તા (બે આયુઃ તથા જિનનામવિના) ૧૪૫ની સત્તા ઘટે. ૧લે અને ૪ થી ૧૧.

(૨) અબધ્ધાયુઃ તદ્ભવ મોક્ષગામીને ત્રણ આયુષ્ય વિના ૧૪૫ની સત્તા હોય. (મિથ્યાત્વ ગુણ૦માં અનેક જીવ આશ્રયી જ ઘટે.)

(૫) ૧૪૨ની સત્તા–

ઉપશમ સમ્યક્ત્વી દેવબદ્ધાયુષ્ક અનંતાનુબંધિનો વિસંયોજક ૪ થી ૧૧ ગુણઠાણા સુધી ઉપશમ-શ્રેણિમાં એક જીવ અથવા અનેક જીવ આશ્રયી (બે આયુષ્ય અને અનંતાનુબંધી વિના) અથવા મનુષ્ય-તિર્યંચ કે નરકબદ્ધાયુઃવાળા ને અનેક જીવ આશ્રયી ૪ થી ૭ ગુણઠાણા સુધી.

મનુષ્ય-દેવ ગતિમાં અનં૦ના વિસંયોજક શુભ ગતિના બાંધેલ આયુષ્યવાળાને (અનંતા૦ અને બે આયુષ્યવિના)

(૭) ૧૪૧ની સત્તા–

૪ થી ૭ ગુણઠાણે ક્ષાયિક સમક્તિી બદ્ધાયુષ્ક અનેક જીવ આશ્રયી ચારે ગતિમાં હોય. (આમાં ૪ આયુષ્ય અનેક જીવને આશ્રયી સમજવાં)

---

૧. આ સત્તાસ્થાનોમાં એક જીવ આશ્રયી સદ્ભાવ સત્તા અનેક રીતે ઘટે જેમ. ૧૪૬માંથી આયુષ્ય ન બાંધ્યુ હોય તો ૧૪૫ અથવા જિનનામ ન બાંધ્યું હોય તો પણ ૧૪૫ અથવા આયુષ્ય અને જિનનામ બંને ન બાંધ્યાં હોય ત્યારે ૧૪૪ અથવા.
આહારક ચતુષ્ક ન બાંધ્યું હોય તો ૧૪૨
આહારક ચતુષ્ક અને જિનનામ ન બાંધ્યુ હોય તો ૧૪૧
આહારક ચતુષ્ક જિનનામ અને આયુષ્ય પણ ન બાંધ્યુ હોય તો ૧૪૦ આ રીતે એક જીવ આશ્રયી ૧૪૬ના બદલે ૧૪૫-૧૪૪-૧૪૨-૧૪૧-૧૪૦ આમ, અનેક રીતે સત્તાસ્થાનો ઘટે તેમ આગળ પણ વિચારવું.

અથવા ૪ થી ૧૧ ગુણઠાણે અબદ્ધાયુષ્કને અનંતાનુબંધી વિસંયોજના કરી ઉપશમ સમ્યક્ત્વ પામી ઉપશમ શ્રેણિ ચડે ત્યારે સદ્ભાવ સત્તાની અપેક્ષાએ એક જીવ આશ્રયી પણ ઘટે.

તેમાં અબદ્ધાયુને ૩ આયુઃ અને અનંતાનુબંધી ૪ વિના ૧૪૧ની સત્તા હોય.

(૮) ૧૩૯ની સત્તા–

ક્ષાયિક સમ્યક્ત્વી દેવબદ્ધાયુષ્ક ઉપશમ શ્રેણિ ચડનાર એક/અનેક જીવ આશ્રયી ૪ થી ૧૧ ગુણઠાણા સુધી.[૧]

(૯) ૧૩૮ની સત્તા–

તદ્ભવ મોક્ષગામી ક્ષાયિક સમક્તિી ઉપશમ શ્રેણિ આશ્રયી ૪ થી ૧૧ અને ક્ષપકશ્રેણિ આશ્રયી એક અથવા અનેક જીવ આશ્રયી ૩ આયુષ્ય અને દર્શન સપ્તક વિના ૪ થી ૯ મા ગુણઠાણાના ૧લા ભાગ સુધી હોય છે.

(૧૦) ૧૨૨ની સત્તા–

તદ્ભવ મોક્ષગામી ક્ષપકશ્રેણિ એક અથવા અનેક જીવ આશ્રયી ૯મા ગુણઠાણાનાં બીજા ભાગે (૧૩૮માંથી સ્થાવરદ્વિકાદિ ૧૬ પ્રકૃતિ વિના.....)

(૧૧) ૧૧૪ની સત્તા–

તદ્ભવ મોક્ષગામી ક્ષપક શ્રેણિ, એક અથવા અનેક જીવ આશ્રયી બીજા-ત્રીજા કષાય વિના ૯મા ગુણઠાણાના ત્રીજા ભાગે.....

(૧૨) ૧૧૩ની સત્તા–

તદ્ભવ મોક્ષગામી ક્ષપક શ્રેણિ, એક અથવા અનેક જીવ આશ્રયી નપુંસકવેદ વિના ૯મા ગુણઠાણાના ચોથા ભાગે.....

---

૧. આ અને પછીનાં સત્તાસ્થાનોમાં પણ જિનનામ કે આહારક ચતુષ્ક ન બાંધ્યું હોય અથવા બંને ન બાંધેલ હોય તો તે વિના પણ સત્તાસ્થાનો સંભવે એમ વિચારવું.

(૧૩) ૧૧૨ની સત્તા–

તદ્ભવ મોક્ષગામી ક્ષપકશ્રેણિ, એક અથવા અનેક જીવ આશ્રયી સ્ત્રીવેદ વિના ૯મા ગુણઠાણાના પાંચમા ભાગે.....

(૧૪) ૧૦૬ની સત્તા–

તદ્ભવ મોક્ષગામી ક્ષપકશ્રેણિ, એક અથવા અનેક જીવ આશ્રયી હાસ્યષટ્ક વિના ૯મા ગુણઠાણાના છઠ્ઠા ભાગે.....

(૧૫) ૧૦૫ની સત્તા–

તદ્ભવ મોક્ષગામી ક્ષપકશ્રેણિ, એક અથવા અનેક જીવ આશ્રયી પુરુષવેદ વિના ૯ મા ગુણઠાણાના સાતમા ભાગે.....

(૧૬) ૧૦૪ની સત્તા–

તદ્ભવ મોક્ષગામી ક્ષપકશ્રેણિ, એક અથવા અનેક જીવ આશ્રયી સંજ્વલન ક્રોધ વિના ૯મા ગુણઠાણાના આઠમા ભાગે.....

(૧૭) ૧૦૩ની સત્તા–

તદ્ભવ મોક્ષગામી ક્ષપકશ્રેણિ એક અથવા અનેક જીવ આશ્રયી સંજ્વલન માન વિના ૯મા ગુણઠાણાના નવમા ભાગે.....

(૧૮) ૧૦૨ની સત્તા–

તદ્ભવ મોક્ષગામી ક્ષપકશ્રેણિ, એક અથવા અનેક જીવ આશ્રયી સંજ્વલન માયા વિના ૯મા અને ૧૦મા ગુણસ્થાનકે.....

(૧૯) ૧૦૧ની સત્તા–

તદ્ભવ મોક્ષગામી ક્ષપકશ્રેણિ, એક અથવા અનેક જીવ આશ્રયી સંજ્વલન લોભ વિના ૧૨મા ગુણસ્થાનકના દ્વિચરમ સમય સુધી.

(૨૦) ૯૯ની સત્તા–

તદ્ભવ મોક્ષગામી ક્ષપકશ્રેણિ, એક અથવા અનેક જીવ આશ્રયી નિદ્રાદ્વિક વિના ૧૨મા ગુણઠાણાના ચરમ સમયે.....

(૨૧) ૮૫ની સત્તા–

તીર્થંકર કેવળી ભગવંતને ૧૩મા ગુણઠાણાથી ૧૪મા ગુણઠાણાના દ્વિચરમ સમય સુધી હોય છે. (આહારક ચતુષ્કનો બંધ કરેલ હોય તે તીર્થંકર ભગવંતને)

(૨૨) ૧૩ની સત્તા–

૧૪મા ગુણઠાણાના ચરમ સમયે મનુષ્યાનુપૂર્વીની સત્તા માનીએ તે મતે ૧૩ની સત્તા તીર્થંકર કેવલીભગવંતને.....

(૨૩) ૧૨ની સત્તા–

ક્ષાયિક સમક્તિી ક્ષપક શ્રેણિ ચૌદમા ગુણ૦ના ચરમ સમયે તીર્થંકર કેવલીને (મનુષ્યાનુપૂર્વીની સત્તા ચરમસમયે ન હોય તે મતે).....

(૨૪) ૧૧ની સત્તા–

ક્ષપકશ્રેણિ ચૌદમા ગુણ૦ના ચરમ સમયે સામાન્ય કેવલીને.....

આ પ્રમાણે આ ગ્રંથની ગાથાઓમાં બતાવેલ અને તે સત્તાસ્થાનોમાં જિનનામ-આહારક ચતુષ્ક અને આયુષ્યબંધ કરેલ અને નહી કરેલની અપેક્ષાએ કેટલાક સત્તાસ્થાનો સમજાવ્યાં છે.

વિશેષ દરેક ગુણસ્થાનકમાં અનેક રીતે ઘટતાં સત્તાસ્થાનો આ ગ્રંથમાં આપેલ કોઠાઓ ઉપરથી જાણી લેવા.

આ અને કોઠાઓમાં આપેલ સત્તાસ્થાનોમાં જ્યાં દ્રષ્ટિદોષથી કે છદ્મસ્થતાથી લખવામાં ભૂલ જણાય તો સંપાદકશ્રીનું ધ્યાન ખેંચવા વિનંતી છે.

## ગુણસ્થાનકોને વિશે સત્તાસ્થાનો વિશે કેટલીક વિશેષ વિગત

(૧) અનાદિ મિથ્યાત્વીને સમ્યકત્વમોહ૦ અને મિશ્ર મોહનીયની સત્તા ન હોય એટલે મોહનીયનું ૨૬નું સત્તાસ્થાન ચારે ગતિમાં હોય.

(૨) ઉપશમ સમ્યકત્વ પામી ત્રણ પુંજ કરી ઉપશમ અથવા ક્ષાયોપશમ સમ્યક્ત્વથી પડી મિથ્યાત્વને પામેલ જીવ અંત૦ પછી સમ્યક્ત્વ મોહનીય અને મિશ્ર મોહનીયની ઉદ્વલના શરૂ કરે.

(૩) પ્રથમ સમ્યક્ત્વ મોહ૦ની ઉદ્વલના થયા પછી મોહનીયની ૨૭ની સત્તા હોય.

(૪) મોહનીયનું ૨૭નું સત્તાસ્થાન પહેલા અને ત્રીજા ગુણ૦માં જ હોય.

(૫) મિથ્યાત્વી જીવ પછી મિશ્ર મોહનીયની ઉદ્વલના કરે. ઉદ્વલના કરતાં પલ્યો૦નો અસં૦ભાગ કાળ થાય.

(૬) સમ્યક્ત્વ મોહ૦, અને મિશ્રમોહ૦ની ઉદ્વલના થયા પછી મોહનીયની ૨૬ની સત્તા હોય. આ સત્તાસ્થાન મિથ્યાત્વે જ હોય.

(૭) સાસ્વાદન ગુણ૦માં મોહનીયની ૨૮ની જ સત્તા હોય.

(૮) ૪ થી ૭ ગુણ૦માં ક્ષાયોપશમ સમ્યક્ત્વીજીવ ક્ષાયિક પામતો પ્રથમ અનં૦નો ક્ષય કરે. તેથી ૨૪ની સત્તા થાય. અને તે ૪ થી ૧૧ ગુણ૦ સુધી પણ હોય.

(૯) અનં૦નો ક્ષય ક્ર્યા પછી દર્શનત્રિકનો ક્ષય ન કરે એટલે તેવા વિશુદ્ધ પરિણામ ન આવે તો અનં૦ના ક્ષયને વિસંયોજના કહેવાય.

(૧૦) અનં૦ની વિસંયોજના કરી દર્શનત્રિકનો ઉપશમ કરી પ્રથમ ત્રણ સંઘયણવાળા ઉપશમ શ્રેણી ચડી શકે. તેથી મોહનીયની ૨૪ની સત્તા ૪ થી ૧૧ ગુણ૦ સુધી હોય.

(૧૧) મોહનીયની ૨૪ની સત્તાવાળો ક્ષાયોપશમ સમ્યક્ત્વી ૪ થી ૭ગુણ૦માં ક્ષાયિક પામતાં પ્રથમ મિથ્યાત્વનો ક્ષય કરે એટલે ૨૩ પછી મિશ્ર મોહ૦નો ક્ષય કરે એટલે ૨૨ અને સમ્ય૦ મોહ૦નો ક્ષય કરે એટલે ક્ષાયિકસમ્ય૦ને ૨૧ની સત્તા થાય.

(૧૨) મોહ૦નું ૨૩નું સત્તાસ્થાન ૪ થી ૭માં મનુષ્યને જ હોય.

(૧૩) મોહ૦નું ૨૨નું સત્તાસ્થાન ૪ થી ૭ ગુણ૦ મનુષ્યને અને દેવ-નારક અને યુગ૦મનુષ્ય તિર્યંચમાં પણ ચોથા ગુણ૦માં હોય.

(૧૪) મોહ૦ની ૨૧ની સત્તાવાળો બદ્ધાયુઃ હોય તો તે ઉપશમ શ્રેણી ચડી શકે તેથી ૨૧ની સત્તા ૪ થી ૧૧ ગુણ૦ સુધી હોય.

(૧૫) મોહનીયનાં ૨૧ પછીનાં ૮ કષાયનો ક્ષય કરવાથી ૧૩ નપુ૦ના ક્ષયથી ૧૨, સ્ત્રીવેદના ક્ષયથી ૧૧ પછી ૫-૪-૩-૨-૧ સત્તાસ્થાનો ક્ષપકશ્રેણીમાં

નવમા ગુણ૦માં હોય. અને ૧નું સત્તાસ્થાન ક્ષપકને દશમા ગુણ૦માં પણ હોય. આ ક્રમ પુરુષવેદે શ્રેણીમાં ચડનારને જાણવો.

(૧૬) નપુંસકવેદે શ્રેણી માંડનારને મોહનીયની ૧૩ની સત્તા પછી અંતરકરણ કર્યા પછી નપુ૦વેદ અને સ્ત્રીવેદનો સાથે ક્ષય કરે એટલે ૧૧ની સત્તા૦ ત્યાર પછી હાસ્યષટ્ક અને પુરુષવેદનો સાથે ક્ષય કરે એટલે ૪ની સત્તા હોય. અર્થાત્ નપુ૦ના ઉદયમાં શ્રેણી માંડનારને ૧૨ અને ૫નું સત્તાસ્થાન ન હોય.

(૧૭) સ્ત્રીવેદના ઉદયમાં વર્તતો ક્ષપકશ્રેણી કરે તો પ્રથમ નપુ૦ના ક્ષયે ૧૨નું સત્તાસ્થાન સ્ત્રીવેદના ક્ષયે ૧૧નું પછી પુરુષવેદ અને હાસ્યાષટ્કનો સાથે ક્ષય થાય એટલે ૪નું સત્તાસ્થાન હોય. અર્થાત્ સ્ત્રીવેદમાં શ્રેણી ચડનારને ૫નું સત્તાસ્થાન ન આવે.

(૧૮) ક્ષાયિક સમ્યક્ત્વનો પ્રસ્થાપક (પામવાની શરૂઆત કરનાર) મનુષ્ય જ હોય. અને નિષ્ઠાપક ચારે ગતિવાળા એટલે ૧ થી ૩ નરક, યુગ૦ મનુષ્ય અને તિર્યંચ તથા વૈમાનિક દેવ એટલે સમ્યક્ત્વ મોહ૦ની અંતર્મુહૂર્તની સત્તા લઇ ઉપર બતાવેલ સ્થાનોમાં જઇ ક્ષય કરી ક્ષાયિક સમ્યક્ત્વ પામે.

(૧૯) ઉપશમ શ્રેણીમાં ૨૮-૨૪-૨૧ એમ ત્રણ સત્તાસ્થાનો હોય.

(૨૦) ગોત્રકર્મમાં ઉચ્ચગોત્રની ઉદ્વલના તેઉ-વાઉના ભવમાં થાય છે. ઉદ્વલના કર્યા પછી એકલા નીચની સત્તા તેઉ-વાઉ અને અપ૦ તિર્યંચમાં હોય.

(૨૧) શરીર પર્યાપ્તિએ પર્યાપ્ત થયા પછી ઉચ્ચગોત્ર તેઉ-વાઉ સિવાયના તિર્યંચો અવશ્ય બંધ કરે. અર્થાત્ એકલા નીચગોત્રની સત્તા તેઉ-વાઉ અને અપ૦ તિર્યંચોમાં જ હોય.

(૨૨) એકલા ઉચ્ચગોત્રની સત્તા ચૌદમા ગુણ૦ના ચરમ સમયે જ હોય.

(૨૩) ઉપરના બન્ને અપવાદ વિના ૧ થી ૧૪ના દ્વિચરમ સમયસુધી બન્ને ગોત્રની સત્તા હોય.

(૨૪) પરભવનું (ભવાન્તરનું) આયુષ્ય ન બાંધ્યુ હોય ત્યાં સુધી એક આયુષ્યની સત્તા હોય.

(૨૫) ભવાન્તરનું તિર્યંચો તિર્યંચનું અને મનુષ્યો મનુષ્યનું આયુષ્ય બાંધે તો પણ બન્ને આયુષ્ય સજાતીય હોવાથી એક આયુષ્યની સત્તામાં વિવક્ષા કરી છે.

(૨૬) વિજાતીય આયુષ્ય બાંધ્યા પછી એક સાથે બે આયુષ્યની સત્તા ભવાન્તર ન પામે ત્યાં સુધી જાણવી.

(૨૭) નામકર્મમાં-૯૩ સર્વ પ્રકૃતિ, ૯૨-જિનનામ વિના, ૮૯-આહારક ચતુષ્કવિના, ૮૮-જિનનામ અને આહારક ચતુષ્ક વિના-આ ચાર સત્તાસ્થાનો ૯૩-૯૨-૮૯-૮૮-પ્રથમ સત્તા ચતુષ્ક કહેવાય છે તેમાંથી નવમા ગુણ૦માં ક્ષપકને ૧૩ પ્રકૃતિ ક્ષય થવાથી ૯૩વાળાને ૮૦, ૯૨ વાળાને ૭૯, ૮૯ વાળાને ૭૬ અને ૮૮ વાળાને ૭૫ની સત્તા હોય. તે ૮૦, ૭૯, ૭૬, ૭૫ ચાર સત્તાસ્થાનોને બીજું સત્તા ચતુષ્ક કહેવાય છે.

(૨૮) પ્રથમસત્તાચતુષ્કના ૮૮ના સત્તાસ્થાનમાંથી એકે૦માં દેવદ્વિકની ઉદ્વલના કરે એટલે ૮૬, પછી નરકદ્વિક અને વૈક્રિય ચતુષ્કની ઉદ્વલના કરે એટલે ૮૦નું સત્તાસ્થાન થાય.

૮૬-૮૦ આ બે સત્તાસ્થાનો એકે૦માં ઉદ્વલના કર્યા પછી થાય અને આ બન્ને સત્તાસ્થાને એકે૦માંથી જ્યાં જાય ત્યાં એકે૦વિકલેન્દ્રિય, તિર્યંચ અને મનુષ્યમાં સંભવે.

(૨૯) ૫૦ પં૦ તિર્યંચ અને મનુષ્ય પર્યાપ્તા થયા પછી અંત૦ પછી અવશ્ય દેવદ્વિક વિગેરે બાંધે. એટલે આ બે સત્તાસ્થાનો પર્યાપ્ત અવસ્થામાં પં૦ તિર્યંચ મનુષ્યને અંતર્મુહૂર્ત સુધી હોય.

(૩૦) ૮૦ની સત્તાવાળો જીવ તેઉ વાઉમાં જાય તો અંતર્મુહૂર્ત પછી મનુષ્યદ્વિકની ઉદ્વલના પલ્યો૦ અસં૦ભાગે કરે. એટલે ઉદ્વલના કર્યા પછી ૭૮ સત્તા થાય.

(૩૧) ૭૮નું સત્તાસ્થાન તેઉ-વાઉ અને શરીર પર્યાપ્તિએ અપર્યાપ્તા તિર્યંચમાં પણ હોય. કારણકે તે ૭૮ની સત્તાવાળાને શરીર પર્યાપ્તિ પછી જ મનુષ્યદ્વિકનો બંધ થાય.

(૩૨) ક્ષપકને ૮૦-૭૬વાળા તીર્થંકરને ચૌદમાના ચરમ સમયે ૯ની સત્તા અને ૭૯ અને ૭૫વાળા સામાન્ય કેવલનીને ૮ ની સત્તા રહે છે. શેષ પ્રકૃતિઓ ૧૪ના દ્વિચરમ સમયે સત્તામાંથી નાશ પામે છે.

(૩૩) દર્શનાવરણીયમાં ક્ષપકને નવમા ગુણ૦માં પહેલા ભાગના અંતે થિણદ્વિત્રિકનો ક્ષય થાય છે. તેથી ક્ષપકને ૯/૨ થી ૧૨ગુણ૦ના દ્વિચરમ સમય સુધી ૬ની સત્તા રહે છે.

(૩૪) ક્ષપકને ૧૨ના ચરમ સમયે નિદ્રાદ્વિક ન હોવાથી ૪ની સત્તા હોય છે.

(૩૫) જ્ઞાનાવરણીય અને અંતરાયની પાંચની સત્તા સાથે જ ૧ થી ૧૨ ગુણ૦ સુધી હોય છે.

(૩૬) અનાદિ મિથ્યાત્વીને આહારકચતુષ્ક-જિનનામ સમ્યક્ત્વ મોહનીય અને મિશ્રમોહનીયની સત્તા ન હોય.

(૩૭) ત્રસપણું નહી પામેલ અનાદિ સ્થાવરને દેવત્રિક-નરકત્રિક અને વૈક્રિય ચતુષ્કની સત્તા ન હોય.

(૩૮) આહારક ચતુષ્ક અને જિનનામ એ બન્ને સાથે સત્તા મિથ્યાત્વ ગુણ૦માં ન હોય. અને નરકમાં પણ બન્ને સાથે સત્તા ન હોય.

(૩૯) દેવોને મિથ્યાત્વ ગુણ૦માં જિનનામની સત્તા ન હોય.

(૪૦) તિર્યંચમાં જિનનામની સત્તા ન હોય.

(૪૧) દેવને નરકાયુઃ અને નરકને દેવાયુની સત્તા ન હોય.

(૪૨) અનિકાચિત જિનનામની ઉદ્‌વલના થાંય અને તે તિર્યંચના ભવમાં થાય.

(૪૩) સત્તામાં હોય તો પ્રથમ અનિકાચિત જિનનામની ઉદ્‌વલના તિર્યંચના ભવમાં થાય. ત્યારપછી અવિરતિપણામાં આહારક ચતુષ્કની ઉદ્‌વલના થાય.

ત્યારપછી મિથ્યાત્વે સમ્યક્ત્વ મોહનીયની ત્યારબાદ મિશ્ર મોહનીયની ઉદ્‌વલના થાય

ત્યારપછી એકેન્દ્રિયમાં દેવદ્વિકની પછી નરકદ્વિક અને વૈક્રિય ચતુષ્કની ઉદ્‌વલના થાય

ત્યારબાદ તેઉકાય-વાઉકાયમાં પ્રથમ ઉચ્ચગોત્રની અને ત્યારપછી મનુષ્યદ્વિકની ઉદ્‌વલના થાય.

આ દરેક ઉદ્‌વલના પલ્યો૦ના અસં૦ભાગ કાળે થાય.

આ પ્રમાણે કર્મવાર સત્તાસ્થાનોની આપેલ વિગતનો અભ્યાસ કરી ગુણસ્થાનકો ઉપરનાં સત્તાસ્થાનોનો અભ્યાસ કરવો.

છદ્મસ્થતા કે દ્રષ્ટિદોષથી કંઈ વિરુદ્ધ લખાયું હોય તો ધ્યાન દોરવા વિનંતી છે.

| પ્રકૃતિ | ગુણસ્થાનક | પ્રકૃતિ | ગુણસ્થાનક |
|---|---|---|---|
| જ્ઞા.૫ અં.૫ દર્શ.૪ | ૧થી૧૨ | તિર્યંચાયુઃ | ૧થી૭ |
| નિદ્રાદ્વિક | ૧થી૧૨ના | | (સદ્‌ભાવસત્તા) |
| | દ્વિચરમ સમય સુધી | નરકાયુઃ | ૧થી૭ |
| થિણદ્ધિત્રિક | ૧થી૯/૧ ભાગ સુધી | દેવાયુઃ | ૧થી૧૧ |
| શાતા.અશાતા.વેદ | ૧થી૧૪ | મનુષ્યાયુઃ | ૧થી૧૪ |
| મિથ્યાત્વમોહ | ૧થી૭ | ઉચ્ચગોત્ર | ૧થી૧૪ |
| સમક્તિમોહ | ૧થી૭ | નીચગોત્ર | ૧થી૧૪ માના |
| મિશ્રમોહ | ૧થી૭ | | દ્વિચરમસમય સુધી |
| અનં૦૪ | ૧થી૭ | સ્થાવરદ્વિક | ૧થી૯/૧ ભાગ સુધી |
| અપ્રત્યાખ્યાનીય | ૧થી૯/૨ ભાગ સુધી | નરકદ્વિક | ” |
| પ્રત્યાખ્યાનીય | ૧થી૯/૨ ભાગ સુધી | તિર્યંચદ્વિક | ” |
| સંજલવલનક્રોધ | ૧થી૯/૭ ભાગ સુધી | આતપ-ઉદ્યોત | ” |
| સંજ્વ૦માન | ૧થી૯/૮ ભાગ સુધી | જાતિ ચતુષ્ક | ” |
| સંજ્વ૦માયા | ૧થી૯/૯ ભાગ સુધી | સાધારણ નામકર્મ | ” |
| સંજ્વ૦લોભ | ૧થી૧૦ | ત્રસત્રિક | ૧થી૧૪ |
| નપુ૦વેદ | ૧થી૯/૩ ભાગ સુધી | સૌભાગ્ય નામકર્મ | ૧થી૧૪ |
| સ્રી૦વેદ | ૧થી૯/૪ | આદેય દ્વિક.જિનનામ | ૧થી૧૪ |
| | ભાગ સુધી | મનુગતિ.પંચે૦જાતિ | ૧થી૧૪ |
| પુરૂષવેદ | ૧થી૯/૬ ભાગ સુધી | બાકીની નામકર્મની | ૧થી૧૪માના |
| હાસ્યાદિ-૬ | ૧થી૯/૫ ભાગ સુધી | ૮૧ પ્રકૃતિ | દ્વિચરમ સમય સુધી |

સર્વ પ્રકૃતિની સત્તા ઉપશામકને આશ્રયીને ૧થી૧૧ ગુણસ્થાનક સુધી, જિનનામની સત્તા બીજા-ત્રીજાગુણ વિના ૧થી૧૧ ગુણસ્થાનક સુધી તિર્યંચાયુઃ નરકાયુઃની સત્તા સંભવસત્તાની અપેક્ષાએ ૧થી૧૧ ગુણ.

# સત્તા યંત્રક.

| નં | ગુણસ્થાનકો ના નામ | મૂલકર્મ | ઉત્તરપ્રકૃતિની સત્તા કુલ | ઉપશમશ્રેણિમાં | ક્ષપકશ્રેણિમાં | જ્ઞાનાવરણીય | દર્શનાવરણીય | વેદનીય | મોહનીય | આયુષ્ય | નામ | ગોત્ર | અંતરાય |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ઓઘ | ૮ | ૧૪૮ | ૦ | ૦ | ૫ | ૯ | ૨ | ૨૮ | ૪ | ૯૩ | ૨ | ૫ |
| ૧ | મિથ્યાત્વ | ૮ | ૧૪૮ | ૦ | ૦ | ૫ | ૯ | ૨ | ૨૮ | ૪ | ૯૩ | ૨ | ૫ |
| ૨ | સાસ્વાદન | ૮ | ૧૪૭ | ૦ | ૦ | ૫ | ૯ | ૨ | ૨૮ | ૪ | ૯૨ | ૨ | ૫ |
| ૩ | મિશ્ર | ૮ | ૧૪૭ | ૦ | ૦ | ૫ | ૯ | ૨ | ૨૮ | ૪ | ૯૨ | ૨ | ૫ |
| ૪ | અવિરત | ૮ | ૧૪૮ | [૧]૧૪૧ | *૧૪૫/*૧૩૮ | ૫ | ૯ | ૨ | ૨૮/૨૧ | ૪/૧ | ૯૩ | ૨ | ૫ |
| ૫ | દેશવિરત | ૮ | ૧૪૮ | ૧૪૧ | ૧૪૫/૧૩૮ | ૫ | ૯ | ૨ | ૨૮/૨૧ | ૪/૧ | ૯૩ | ૨ | ૫ |
| ૬ | પ્રમત્ત | ૮ | ૧૪૮ | ૧૪૧ | ૧૪૫/૧૩૮ | ૫ | ૯ | ૨ | ૨૮/૨૧ | ૪/૧ | ૯૩ | ૨ | ૫ |
| ૭. | અપ્રમત્ત | ૮ | ૧૪૮ | ૧૪૧ | ૧૪૫/૧૩૮ | ૫ | ૯ | ૨ | ૨૮/૨૧ | ૪/૧ | ૯૩ | ૨ | ૫ |
| ૮ | અપૂર્વકરણ | ૮ | ૧૪૮/૧૪૨ | +૧૩૯/૧૪૫ | ૧૩૮ | ૫ | ૯ | ૨ | ૨૮/૨૪ | ૪/૧ | ૯૩ | ૨ | ૫ |
| ૯ | અનિવૃત્તિકરણ ૧ લો ભાગ | ૮ | ૧૪૮/૧૪૨ | ૧૩૯ | ૧૩૮ | ૫ | ૯ | ૨ | ૨૧ | ૨/૧ | ૯૩/૮૦ | ૨ | ૫ |
| | " ૨ જો ભાગ | ૮ | " | " | ૧૨૨ | ૫ | ૬ | ૨ | ૨૧ | " | " | ૨ | ૫ |
| | " ૩ જો ભાગ | ૮ | " | " | ૧૧૪ | ૫ | ૬ | ૨ | ૧૩ | " | " | ૨ | ૫ |
| | " ૪ થો ભાગ | ૮ | " | " | ૧૧૩ | ૫ | ૬ | ૨ | ૧૨ | " | " | ૨ | ૫ |
| | " ૫ મો ભાગ | ૮ | " | " | ૧૧૨ | ૫ | ૬ | ૨ | ૧૧ | " | " | ૨ | ૫ |
| | " ૬ ઠો ભાગ | ૮ | " | " | ૧૦૬ | ૫ | ૬ | ૨ | ૫ | " | " | ૨ | ૫ |
| | " ૭ મો ભાગ | ૮ | " | " | ૧૦૫ | ૫ | ૬ | ૨ | ૪ | " | " | ૨ | ૫ |
| | " ૮ મો ભાગ | ૮ | " | " | ૧૦૪ | ૫ | ૬ | ૨ | ૩ | " | " | ૨ | ૫ |
| | " ૯ મો ભાગ | ૮ | " | " | ૧૦૩ | ૫ | ૬ | ૨ | ૨ | " | " | ૨ | ૫ |
| ૧૦ | સૂક્ષ્મસંપરાય | ૮ | " | ૧૩૯ | ૧૦૨ | ૫ | ૬ | ૨ | ૨૮/૨૪ / ૨૧/૧ | " | " | ૨ | ૫ |
| ૧૧ | ઉપશાન્તમોહ | ૮ | " | ૧૩૯ | ૦ | ૫ | ૬ | ૨ | ૨૮/૨૪ / ૧ | " | ૯૩ | ૨ | ૫ |
| ૧૨ | ક્ષીણ મોહ | ૭ | ૧૦૧/૯૯ | ૦ | ૧૦૧/૯૯ | ૫ | ૬/૪ | ૨ | ૦ | ૧ | ૮૦ | ૨ | ૫ |
| ૧૩ | સયોગી કેવલી | ૪ | ૮૫ | ૦ | ૮૫ | ૦ | ૦ | ૨ | ૦ | ૧ | ૮૦ | ૨ | ૦ |
| ૧૪ | અયોગી કેવલી | ૪ | ૮૫/૧૩/૧૨ | ૦ | ૮૫/૧૩/૧૨ | ૦ | ૦ | ૨/૧ | ૦ | ૧ | ૮૦/૯ | ૨/૧ | ૦ |

૧. તદ્ભવમોક્ષગામી ઉપશમશ્રેણિ માંડનારને અનન્તાનુબન્ધીની વિસંયોજના કર્યા પછી ત્રણ આયુષ્ય અને ચાર અનન્તાનુબન્ધી સિવાય એકસો એકતાલીશ *પ્રકૃતિઓની ૪ થી ૧૧ સુધી સત્તા હોય છે.*

*ભવિષ્યમાં ક્ષપકશ્રેણિ માંડશે એવા ક્ષયોપશમસમ્યગ્દષ્ટિને એકસો પીસ્તાળીશ પ્રકૃતિઓની અને દર્શનસપ્તકક્ષય કર્યા પછી ક્ષાયિકસમ્યગ્દષ્ટિને એકસો આડત્રીશ પ્રકૃતિઓની સત્તા હોય.

# ગુણસ્થાનકમાં સત્તાસ્થાનો

## મિથ્યાત્વ ગુણસ્થાનકમાં સત્તાસ્થાનનો કોઠો (૧)

| જ્ઞા૦ | દર્શ૦ | વેદ૦ | મોહ૦ | આયુ૦ | નામ૦ | ગો૦ | અંત૦ | કુલ | કોને |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૯ | ૨ | ૨૬ | ૧ | ૭૮ | ૧ | ૫ | ૧૨૭ | તેઉ, વાઉ, અપ૦ તિર્યંચને મનુષ્યદ્વિક વિના |
| ૫ | ૯ | ૨ | ૨૬ | ૧ | ૮૦ | ૧ | ૫ | ૧૨૯ | વૈક્રિયષટ્કવિના તેઉ, વાઉ, અપ૦ તિર્યંચને |
| ૫ | ૯ | ૨ | ૨૬ | ૧ | ૮૦ | ૨ | ૫ | ૧૩૦ | વૈક્રિયષટ્કવિના તેઉ, વાઉ, અપ૦ તિર્યંચ મનુષ્યને |
| ૫ | ૯ | ૨ | ૨૬ | ૨ | ૮૦ | ૨ | ૫ | ૧૩૧ | વૈક્રિયષટ્કવિના (તેઉ, વાયુ વિના), તિર્યંચ મનુષ્યને ભિન્ન બદ્ધાયુ: |
| ૫ | ૯ | ૨ | ૨૬ | ૧ | ૮૬ | ૨ | ૫ | ૧૩૬ | દેવદ્વિકવિના અબધ્ધાયુ: મનુષ્ય તિર્યંચને મનુષ્યને ભિન્ન બદ્ધાયુ: |
| ૫ | ૯ | ૨ | ૨૬ | ૨ | ૮૬ | ૨ | ૫ | ૧૩૭ | દેવદ્વિકવિના બધ્ધાયુ: મનુષ્ય તિર્યંચને મનુષ્યને ભિન્ન બદ્ધાયુ: |
| ૫ | ૯ | ૨ | ૨૬ | ૧ | ૮૮ | ૨ | ૫ | ૧૩૮ | અબધ્ધાયુ: ચારે ગતિમાં |
| ૫ | ૯ | ૨ | ૨૬ | ૨ | ૮૮ | ૨ | ૫ | ૧૩૯ | બધ્ધાયુ: ચારે ગતિમાં |
| ૫ | ૯ | ૨ | ૨૭ | ૧ | ૮૮ | ૨ | ૫ | ૧૩૯ | અબધ્ધાયુ: ચારે ગતિમાં સમ્યક્ત્વ મોહ વિના |
| ૫ | ૯ | ૨ | ૨૭ | ૨ | ૮૮ | ૨ | ૫ | ૧૪૦ | બધ્ધાયુ: ચારે ગતિમાં સમ્યક્ત્વ મોહ વિના |
| ૫ | ૯ | ૨ | ૨૮ | ૧ | ૮૮ | ૨ | ૫ | ૧૪૦ | અબધ્ધાયુ: ચારે ગતિમાં |
| ૫ | ૯ | ૨ | ૨૮ | ૨ | ૮૮ | ૨ | ૫ | ૧૪૧ | બધ્ધાયુ: ચારે ગતિમાં |
| ૫ | ૯ | ૨ | ૨૮ | ૧ | ૮૯ | ૨ | ૫ | ૧૪૧ | પ્રથમ અંતર્મુહૂર્તમાં જિનનામવાળા નરકને |
| ૫ | ૯ | ૨ | ૨૮ | ૨ | ૮૯ | ૨ | ૫ | ૧૪૨ | બધ્ધાયુ: જિનનામવાળા મનુષ્યને છેલ્લા અંત૦માં |
| ૫ | ૯ | ૨ | ૨૮ | ૧ | ૯૨ | ૨ | ૫ | ૧૪૪ | અબધ્ધાયુ: ચારે ગતિમાં આહાર ચતુષ્કવાળાને |
| ૫ | ૯ | ૨ | ૨૮ | ૨ | ૯૨ | ૨ | ૫ | ૧૪૫ | બધ્ધાયુ: ચારે ગતિમાં આહાર ચતુષ્કવાળાને |

આ ગુણસ્થાનકમાં ઉપરનાં કેટલાક સત્તાસ્થાન અન્યરીતે પણ ઘટે. કારણકે સમ્યક્ત્વ મોહ૦ અથવા મિશ્રમોહ૦ની સત્તા ન ગણીએ અને બધ્ધાયુ: ગણવાથી બે આયુષ્ય ગણીએ તો ભિન્ન રીતે પણ ઘટે. જે બધા પ્રકાર લખ્યા નથી. સ્વયં વિચારી લેવું.

## સાસ્વાદન ગુણ૦માં આઠકર્મનાં સત્તાસ્થાનો (કોઠા નં. ૨)

| જ્ઞા૦ | દર્શ૦ | વેદ૦ | મોહ૦ | આયુ૦ | નામ૦ | ગો૦ | અંત૦ | કુલ | કોને |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૯ | ૨ | ૨૮ | ૧ | ૮૮ | ૨ | ૫ | ૧૪૦ | અબધ્ધાયુ: ચારે ગતિમાં લબ્ધિ ૫૦ એકે૦ વિક૦માં પણ ઘટે |
| ૫ | ૯ | ૨ | ૨૮ | ૨ | ૮૮ | ૨ | ૫ | ૧૪૧ | બધ્ધાયુ: સંજ્ઞી ૫૦ ચારેગતિમાં |
| ૫ | ૯ | ૨ | ૨૮ | ૧ | ૯૨ | ૨ | ૫ | ૧૪૪ | અબધ્ધાયુ: ચારે ગતિમાં લબ્ધિ ૫૦ એકે૦ વિકલેન્દ્રિયમાં પણ |
| ૫ | ૯ | ૨ | ૨૮ | ૨ | ૯૨ | ૨ | ૫ | ૧૪૫ | બધ્ધાયુ: ૫૦સંજ્ઞી ચારેગતિમાં |

## મિશ્ર ગુણ૦માં આઠકર્મનાં સત્તાસ્થાનો (કોઠા નં. ૩)

| જ્ઞા૦ | દર્શ૦ | વેદ૦ | મોહ૦ | આયુ૦ | નામ૦ | ગો૦ | અંત૦ | કુલ | કોને |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૯ | ૨ | ૨૪ | ૧ | ૮૮ | ૨ | ૫ | ૧૩૬ | અબધ્ધાયુ: અનં૦ના વિસંયોજક ૫૦ સંજ્ઞી ચારે ગતિના જીવો |
| ૫ | ૯ | ૨ | ૨૪ | ૨ | ૮૮ | ૨ | ૫ | ૧૩૭ | બધ્ધાયુ: " |
| ૫ | ૯ | ૨ | ૨૪ | ૧ | ૯૨ | ૨ | ૫ | ૧૪૦ | અબધ્ધાયુ: " આહા૦ચતુષ્કવાળાને |
| ૫ | ૯ | ૨ | ૨૪ | ૨ | ૯૨ | ૨ | ૫ | ૧૪૧ | બદ્ધાયુ: " આહા૦ચતુષ્કવાળાને |
| ૫ | ૯ | ૨ | ૨૭ | ૧ | ૮૮ | ૨ | ૫ | ૧૩૯ | અબધ્ધાયુ: સમ્ય૦ની ઉદ્‌વલના કરેલાને " |
| ૫ | ૯ | ૨ | ૨૭ | ૨ | ૮૮ | ૨ | ૫ | ૧૪૦ | બધ્ધાયુ: " " |
| ૫ | ૯ | ૨ | ૨૮ | ૧ | ૮૮ | ૨ | ૫ | ૧૪૦ | અબધ્ધાયુ: " નહિં કરેલાને |
| ૫ | ૯ | ૨ | ૨૮ | ૨ | ૮૮ | ૨ | ૫ | ૧૪૧ | બધ્ધાયુ: " " |
| ૫ | ૯ | ૨ | ૨૮ | ૧ | ૯૨ | ૨ | ૫ | ૧૪૪ | અબધ્ધાયુ૦ સમ્ય૦ મિશ્ર૦ની ઉદ્‌વલના નહી કરેલાને |
| ૫ | ૯ | ૨ | ૨૮ | ૨ | ૯૨ | ૨ | ૫ | ૧૪૫ | બધ્ધાયુ: " " |

## અવિરત સમ્યગ્દષ્ટિ ગુણથી અપ્રમત્ત ગુણ૦સુધીમાં સત્તાસ્થાનો (કોઠા નં. ૪)

| જ્ઞા૦ | દર્શ૦ | વેદ૦ | મોહ૦ | આયુ૦ | ગો૦ | અંત૦ | નામકર્મ (કુલ) | | | | કોને |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | ૮૮ | ૮૯ | ૯૨ | ૯૩ | |
| ૫ | ૯ | ૨ | ૨૧ | ૧ | ૨ | ૫ | ૧૩૩ | ૧૩૪ | ૧૩૭ | ૧૩૮ | ક્ષાયિક સમ્ય૦ અબદ્ધાયુ: સંજ્ઞી |
| ૫ | ૯ | ૨ | ૨૧ | ૨ | ૨ | ૫ | ૧૩૪ | ૧૩૫ | ૧૩૮ | ૧૩૯ | " બદ્ધાયુ: " |
| ૫ | ૯ | ૨ | ૨૨ | ૧ | ૨ | ૫ | ૧૩૪ | ૧૩૫ | ૧૩૮ | ૧૩૯ | ક્ષયો૦ અબદ્ધાયુ: " |
| ૫ | ૯ | ૨ | ૨૨ | ૨ | ૨ | ૫ | ૧૩૫ | ૧૩૬ | ૧૩૯ | ૧૪૦ | " બદ્ધાયુ: " |
| ૫ | ૯ | ૨ | ૨૩ | ૧ | ૨ | ૫ | ૧૩૫ | ૧૩૬ | ૧૩૯ | ૧૪૦ | ક્ષયો૦ મનુષ્યને જ અબદ્ધાયુ: |
| ૫ | ૯ | ૨ | ૨૩ | ૨ | ૨ | ૫ | ૧૩૬ | ૧૩૭ | ૧૪૦ | ૧૪૧ | " બદ્ધાયુ: " |
| ૫ | ૯ | ૨ | ૨૪ | ૧ | ૨ | ૫ | ૧૩૬ | ૧૩૭ | ૧૪૦ | ૧૪૧ | ક્ષાયો૦ઉપ૦ અનં૦ વિસંયોજક અબદ્ધાયુ: |
| ૫ | ૯ | ૨ | ૨૪ | ૨ | ૨ | ૫ | ૧૩૭ | ૧૩૮ | ૧૪૧ | ૧૪૨ | " " બદ્ધાયુ: સંજ્ઞી |
| ૫ | ૯ | ૨ | ૨૮ | ૧ | ૨ | ૫ | ૧૪૦ | ૧૪૧ | ૧૪૪ | ૧૪૫ | " અબદ્ધાયુ: સંજ્ઞી |
| ૫ | ૯ | ૨ | ૨૮ | ૨ | ૨ | ૫ | ૧૪૧ | ૧૪૨ | ૧૪૫ | ૧૪૬ | " " બદ્ધાયુ: સંજ્ઞી |

અહીં નામકર્મનાં ૮૮-૮૯-૯૨-૯૩ એમ ચાર સત્તાસ્થાન ઘટે તેની સાથે મોહનીયની ૨૮-૨૪-૨૩-૨૨-૨૧ની સત્તા અને આયુષ્ય-બાંધેલ અને નહી બાંધેલની વિવક્ષા કરી સત્તાસ્થાનો લખ્યા છે. જિનનામવાળાં તિર્યંચને ન હોય.

## ઉપશમસમ્યક્ત્વીને અને ક્ષાયિકસમ્યક્ત્વીને ઉપશમશ્રેણી આશ્રયીને
## અપૂર્વકરણગુણ૦ અને અનિવૃત્તિબાદર સંપરાય, સૂક્ષ્મસંપ૦,ઉપશાન્ત મોહ ગુણ૦ સંભવતા સત્તાસ્થાનો (કોઠા નં. ૫)

| જ્ઞા૦ | દર્શ૦ | વેદ૦ | મોહ૦ | આયુ૦ | ગો૦ | અંત૦ | (નામકર્મ) કુલ | | | | | કોને |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | ૮૮ | ૮૯ | ૯૨ | ૯૩ | |
| ૫ | ૯ | ૨ | ૨૧ | ૧ | ૨ | ૫ | ૫ | ૧૩૩ | ૧૩૪ | ૧૩૭ | ૧૩૮ | અબધ્ધાયુ:, ક્ષાયિકસમ્ય૦ ઉપશમશ્રેણી, ક્ષપકશ્રેણીમાં |
| ૫ | ૯ | ૨ | ૨૧ | ૨ | ૨ | ૫ | ૫ | ૧૩૪ | ૧૩૫ | ૧૩૮ | ૧૩૯ | ક્ષાયિકસમ્ય૦ ઉપશમશ્રેણી બદ્ધાયુ: |
| ૫ | ૯ | ૨ | ૨૪ | ૨ | ૧ | ૫ | ૫ | ૧૩૬ | ૧૩૭ | ૧૪૦ | ૧૪૧ | ઉપ૦ ઉપશમશ્રેણી અબદ્ધાયુ: |
| ૫ | ૯ | ૨ | ૨૪ | ૨ | ૨ | ૫ | ૫ | ૧૩૭ | ૧૩૮ | ૧૪૧ | ૧૪૨ | ઉપ૦ બદ્ધાયુ: |
| ૫ | ૯ | ૨ | ૨૮ | ૨ | ૧ | ૫ | ૫ | ૧૪૦ | ૧૪૧ | ૧૪૪ | ૧૪૫ | ઉપ૦ ઉપશમશ્રેણી અબદ્ધાયુ: |
| ૫ | ૯ | ૨ | ૨૮ | ૨ | ૨ | ૫ | ૫ | ૧૪૧ | ૧૪૨ | ૧૪૫ | ૧૪૬ | ઉપ૦ ઉપશમશ્રેણી બદ્ધાયુ: |

નોંધ:– મોહનીયની ૨૧ની સત્તાવાળા સત્તાસ્થાનો ક્ષપકશ્રેણીવાળાને પણ આ ગુણસ્થાનકે હોય.

## અનિવૃત્તિકરણ ગુણસ્થાનક (ક્ષપકશ્રેણી આશ્રયી) (કોઠા નં. ૬)

| જ્ઞા૦ | દર્શ૦ | વેદ૦ | મોહ૦ | આયુ૦ | ગો૦ | અંત૦ | નામકર્મ | | | કુલ | કઈ પ્રકૃતિનો | કયા ભાગે સત્તા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | (૮૮) | (૮૯) | (૯૨) | (૯૩) | ક્ષય થયો | નવમા ગુણ૦ પ્રથમ ભાગે |
| ૫ | ૯ | ૨ | ૨૧ | ૧ | ૨ | ૫ | ૧૩૩ | ૧૩૪ | ૧૩૭ | ૧૩૮ | | |
| | | | | | | | (૭૫) | (૭૬) | (૭૯) | (૮૦) | નવમાના બીજા ભાગથી | |
| ૫ | ૬ | ૨ | ૨૧ | ૧ | ૨ | ૫ | ૧૧૭ | ૧૧૮ | ૧૨૧ | ૧૨૨ | નામ-૧૩ થિણદ્ધિત્રિકનો ક્ષય થવાથી | નવમા ગુણ૦ના બીજા ભાગે |
| ૫ | ૬ | ૨ | ૧૩ | ૧ | ૨ | ૫ | ૧૦૯ | ૧૧૦ | ૧૧૩ | ૧૧૪ | આઠકષાય " | " ત્રીજા ભાગે |
| ૫ | ૩ | ૨ | ૧૨ | ૧ | ૨ | ૫ | ૧૦૮ | ૧૦૯ | ૧૧૨ | ૧૧૩ | નપુંક્ષય " | " ચોથા ભાગે |
| ૫ | ૬ | ૨ | ૧૧ | ૧ | ૨ | ૫ | ૧૦૭ | ૧૦૮ | ૧૧૧ | ૧૧૨ | રસીવેદ | " " પાંચમા ભાગે |
| ૫ | ૬ | ૨ | ૫ | ૧ | ૨ | ૫ | ૧૦૧ | ૧૦૨ | ૧૦૫ | ૧૦૬ | હાસ્યાદિ ષટ્ક | " " છઠ્ઠા ભાગે |
| ૫ | ૬ | ૨ | ૪ | ૧ | ૨ | ૫ | ૧૦૦ | ૧૦૧ | ૧૦૪ | ૧૦૫ | પુરુષવેદ " | " સાતમા ભાગે |
| ૫ | ૬ | ૨ | ૩ | ૧ | ૨ | ૫ | ૯૯ | ૧૦૦ | ૧૦૩ | ૧૦૪ | સંક્રોધ " | " આઠમા ભાગે |
| ૫ | ૬ | ૨ | ૨ | ૧ | ૨ | ૫ | ૯૮ | ૯૯ | ૧૦૨ | ૧૦૩ | " માન " | " નવમા ભાગે |
| ૫ | ૬ | ૨ | ૧ | ૧ | ૨ | ૫ | ૯૭ | ૯૮ | ૧૦૧ | ૧૦૨ | " માયા " | " નવમા ભાગે |

(અહીં ઉપશમ શ્રેણી આશ્રયી અપૂર્વકરણ ગુણ૦ની જેમ સત્તાસ્થાનો જાણવાં) અહીં જે પ્રકૃતિનો ક્ષય જણાવ્યો તેની સત્તા તે ભાગમાં ન હોય તેમ સમજવું. આ સત્તાસ્થાનો ક્ષપકશ્રેણી આશ્રયી જાણવાં.

## સૂક્ષ્મ સંપરાય ગુણસ્થાનક (ક્ષપકશ્રેણી આશ્રયી) (કોઠા નં. ૭)

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૬ | ૨ | ૧ | ૧ | ૨ | ૫ | ૯૭ | ૯૮ | ૧૦૧ | ૧૦૨ | સૂક્ષ્મ બાદર સંજ્વલોભ સહિત સત્તા |

ઉપશમશ્રેણી આશ્રયી દશમા તથા અગ્યારમા ગુણ૦માં અપૂર્વકરણની જેમ સત્તાસ્થાનો જાણવાં. કેટલાક આચાર્યોના મતે અનં૦ની ઉપશમના કરી ઉપશમશ્રેણી ન ચડાય. તેમના મતે અનં૦વાળા સત્તાસ્થાનો ન કહેવા. (જૂઓ કોઠા નં. ૫) અહીંથી નામકર્મની સત્તા નવમાના બીજા ભાગની જેમ જાણવી. (જુઓ કોઠા નં. ૬)

## ક્ષીણમોહ ગુણ૦ (કોઠા નં. ૮)

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૬ | ૨ | ૦ | ૧ | ૨ | ૫ | ૯૬ | ૯૭ | ૧૦૦ | ૧૦૧ | ૧૨મા ગુણ૦ના દ્વિચરમ સમય સુધી |
| ૫ | ૪ | ૨ | ૦ | ૧ | ૨ | ૫ | ૯૪ | ૯૫ | ૯૮ | ૯૯ | ૧૨મા ગુણ૦ના ચરમ સમયે |

## સયોગી કેવલી ગુણસ્થાનક (કોઠા નં. ૯)

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૦ | ૦ | ૨ | ૦ | ૧ | ૨ | ૦ | ૮૦ | ૮૧ | ૮૪ | ૮૫ | સંપૂર્ણ ગુણ૦માં |

## અયોગી કેવલી (કોઠા નં. ૧૦)

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૦ | ૦ | ૨ | ૦ | ૧ | ૨ | ૦ | ૮૦ | ૮૧ | ૮૪ | ૮૫ | ૧૪ ના દ્વિચરમ સમય સુધી |
| | | | | | | | નામકર્મ કુલ | | | | |
| | | | | | | | ૮ | ૯ | ૮ | ૯ | |
| ૦ | ૦ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧૧ | ૧૨ | ૧૧ | ૧૨ | કુલ ૧૪માના ચરમ સમયે |

# ઉત્તર કર્મપ્રકૃતિનાં બંધ-ઉદય-ઉદીરણા અને સત્તાનાં ગુણસ્થાનકનું યંત્ર

| કર્મપ્રકૃતિ | બંધ ગુણ૦ | ઉદય ગુણસ્થાનક | ઉદીરણા ગુણસ્થાનક | સત્તા ગુણસ્થાનક |
|---|---|---|---|---|
| જ્ઞાનાવરણીય-૫ | ૧થી૧૦ સુધી | ૧થી૧૨ | ૧થી૧૨ (ચરમાવલિકા વિના) | ૧થી૧૨ |
| દર્શનાવરણીય-૪ | ૧થી૧૦ | ૧થી૧૨ | ૧થી૧૨ (ચરમાવલિકા વિના) | ૧થી૧૨ |
| નિદ્રા-પ્રચલા | ૧થી૮/૧ ભાગ સુધી | ૧થી૧૨ ચરમ સમય વિના | ૧થી૧૨ સમયાધિકા-વલિકાવિના | ૧થી૧૨ ઉપ-પાન્ત્ય સમય સુધી |
| થિણદ્ધિત્રિક | ૧થી૨ | ૧થી૬ | ૧થી૬ | ઉપશમ શ્રેણિમાં ૧ થી ૧૧ ક્ષપકશ્રેણિમાં નવમાના પ્રથમ ભાગ સુધી |
| શાતાવેદનીય | ૧થી૧૩ | ૧થી૧૩ કે ૧૪ | ૧થી૬ | ૧થી૧૪ |
| અશાતા વેદનીય | ૧થી૬ | ૧થી૧૩ કે ૧૪ | ૧થી૬ | ૧થી૧૪ |
| મિથ્યાત્વમોહનીય | ૧ લુ | ૧ લુ | ૧ લુ | ઉપ૦ ૧થી૧૧ ક્ષપક ૧થી૭ |
| મિશ્ર મોહનીય | × | ૩ જુ | ૩ જુ | " |
| સમ્યક્ત્વમોહનીય | × | ૪થી૭ વેદકને | ૪થી૭ વેદકને | " ક્ષપ. ૧થી૭ |
| અનંતાનુબંધી-૪ | ૧થી૨ | ૧થી૨ | ૧થી૨ | ઉપ૦ ૧થી૧૧ ક્ષપ૦ ૧થી૭ સુધી |
| અપ્રત્યાખ્યાનીય-૪ | ૧ થી ૪ | ૧ થી ૪ | ૧ થી ૪ | ઉપ૦ ૧થી૧૧ ક્ષપ૦ ૧થી૯/૨ સુધી |

| કર્મપ્રકૃતિ | બંધ ગુણ૦ | ઉદય ગુણસ્થાનક | ઉદીરણા ગુણસ્થાનક | સત્તા ગુણસ્થાનક |
|---|---|---|---|---|
| પ્રત્યાખ્યાનીય-૪ | ૧ થી ૫ | ૧ થી ૫ | ૧ થી ૫ | ઉપ૦ ૧થી૧૧<br>ક્ષપ૦ ૧થી૯/૨ સુધી |
| સંજ્વલનક્રોધ | ૧ થી ૯/૨ ભાગ સુધી | ૧ થી ૯/૨ ભાગ | ૧ થી ૯/૨ ભાગ | ઉપ૦ ૧થી૧૧<br>ક્ષપ૦ ૧થી૯/૭ સુધી |
| સંજ્વલન માન | ૧ થી ૯/૩ ભાગ સુધી | ૧ થી ૯/૩ ભાગ | ૧ થી ૯/૩ ભાગ | ઉપ૦ ૧થી૧૧<br>ક્ષપ૦ ૧થી૯/૮ સુધી |
| સંજ્વલન માયા | ૧ થી ૯/૪ ભાગ સુધી | ૧ થી ૯/૪ ભાગ | ૧ થી ૯/૪ ભાગ | ઉપ૦ ૧થી૧૧<br>ક્ષપ૦ ૧થી૯ ગુ. સુધી |
| સંજ્વલ લોભ | ૧ થી ૯/૫ ભાગ સુધી | ૧ થી ૧૦ | ૧ થી ૧૦ (ક્ષપ૦ ચરમાવલિકાવિના) | ઉપ૦ ૧થી૧૧<br>ક્ષપ૦ ૧ થી ૧૦ ગુણ. |
| હાસ્ય, રતિ | ૧ થી ૮ | ૧ થી ૮ | ૧ થી ૮ | ઉપ૦ ૧થી૧૧<br>ક્ષપ૦ ૯/૫ સુધી |
| અરતિ શોક | ૧ થી ૬ | ૧ થી ૮ | ૧ થી ૮ | " |
| ભય-જુગુપ્સા | ૧ થી ૮ | ૧ થી ૮ | ૧ થી ૮ | " |
| પુરુષ-વેદ | ૧ થી ૯/૧ ભાગ સુધી | ૧ થી ૯/૧ ભાગ | ૧ થી ૯/૧ ભાગ | ઉપ૦ ૧થી૧૧<br>ક્ષપ૦ ૯/૬ સુધી |
| સ્રીવેદ | ૧-૨ | ૧ થી ૯/૧ ભાગ | ૧ થી ૯/૧ ભાગ | ઉપ૦ ૧થી૧૧<br>ક્ષપ૦ ૧થી૯/૪ સુધી |
| નપું૦ | ૧ લુ | ૧ થી ૯/૧ ભાગ | ૧ થી ૯/૧ ભાગ | ઉપ૦ ૧થી૧૧<br>ક્ષપક ૯/૩ સુધી |
| નરકાયુષ્ય | ૧ લુ | ૧ થી ૪ | ૧ થી ૪ | સંભવસત્તા ૧થી૧૧<br>સદ્ભાવસત્તા ૧થી૭ |
| તિર્યંચાયુષ્ય | ૧ થી ૨ | ૧ થી ૫ | ૧ થી ૫ | " |
| મનુષ્યાયુષ્ય | ૧ થી ૪ (ત્રીજા વિના) | ૧ થી ૧૪ | ૧ થી ૬ | ૧ થી ૧૪ |

| કર્મપ્રકૃતિ | બંધ ગુણ૦ | ઉદય ગુણસ્થાનક | ઉદીરણા ગુણસ્થાનક | સત્તા ગુણસ્થાનક |
|---|---|---|---|---|
| દેવાયુષ્ય | ૧ થી ૭ સુધી (ત્રીજા વિના) | ૧ થી ૪ | ૧ થી ૪ | ૧ થી ૧૧ (સદ્ભાવસત્તા) |
| નરકગતિ | ૧ લુ | ૧ થી ૪ | ૧ થી ૪ | ઉપ. ૧ થી ૧૧ ક્ષપ. ૧ થી ૯/૧ |
| તિર્યંચગતિ | ૧ થી ૨ | ૧ થી ૫ | ૧ થી ૫ | ” |
| મનુષ્યગતિ | ૧ થી ૪ | ૧ થી ૧૪ | ૧ થી ૧૩ | ૧ થી ૧૪ |
| દેવગતિ | ૧ થી ૮/૬ ભાગ સુધી | ૧ થી ૪ | ૧ થી ૪ | ૧ થી ૧૪ માના દ્વિચરમ સમય સુધી |
| એકેન્દ્રિય જાતિ | ૧ લુ | ૧-૨ | ૧-૨ | ઉ. ૧થી૧૧ ક્ષ.૧થી૯/૧ સુધી |
| બેઈન્દ્રિય જાતિ | ” | ” | ” | ” |
| તેઈન્દ્રિય જાતિ | ” | ” | ” | ” |
| ચઉરિન્દ્રિય જાતિ | ” | ” | ” | ” |
| પંચેન્દ્રિય જાતિ. | ૧ થી ૮/૬ સુધી | ૧ થી ૧૪ | ૧ થી ૧૩ | ૧ થી ૧૪ |
| ઔદા. શ. નામ | ૧ થી ૪ | ૧ થી ૧૩ | ૧ થી ૧૩ | ૧ થી ૧૪માના દ્વિચરમ સમય સુધી |
| વૈક્રિય શ. નામ | ૧ થી ૮/૬ સુધી | ૧ થી ૪ | ૧ થી ૪ | ” |
| આહા. શ. નામ | ૭ થી ૮/૬ ભાગ સુધી | ૬ | ૬ | ” |
| તૈજસ શ. નામ | ૧ થી ૮/૬ સુધી | ૧ થી ૧૩ | ૧ થી ૧૩ | ” |
| કાર્મણ શ. નામ | ૧ થી ૮/૬ સુધી | ૧ થી ૧૩ | ૧ થી ૧૩ | ” |
| ઔદા.અંગો. નામ | ૧ થી ૪ | ૧ થી ૧૩ | ૧ થી ૧૩ | ” |

| કર્મપ્રકૃતિ | બંધ ગુણ૦ | ઉદય ગુણસ્થાનક | ઉદીરણા ગુણસ્થાનક | સત્તા ગુણસ્થાનક |
|---|---|---|---|---|
| વૈ. અંગો. નામ | ૧થી૮/૬ સુધી | ૧ થી ૪ | ૧ થી ૪ | ૧થી૧૪માના દ્વિચરમ સમય સુધી |
| આહા. અંગો નામ | ૭થી૮/૬ સુધી | ૬ઠ્ઠું | ૬ઠ્ઠું | " |
| પાંચ બંધન | - | - | - | " |
| પાંચ સંઘાતન | - | - | - | " |
| વજ્ર ઋષભનારાચ સંઘયણ | ૧થી૪ | ૧ થી ૧૩ | ૧ થી ૧૩ | " |
| ઋષભનારાચ-નારાચ | ૧-૨ | ૧ થી ૧૧ | ૧ થી ૧૧ | " |
| અર્ધનારાચ | ૧-૨ | ૧ થી ૭ | ૧ થી ૭ | " |
| કીલિકા | " | ૧ થી ૭ | ૧ થી ૭ | ૧ થી ૧૪ના દ્વિચરમ સમય સુધી |
| છેવઠ્ઠું | ૧ લુ | ૧ થી ૭ | ૧ થી ૭ | ૧ થી ૧૪ના દ્વિચરમ સમય સુધી |
| સમચતુરસ્રસંસ્થાન | ૧થી૮/૬ સુધી | ૧ થી ૧૩ | ૧ થી ૧૩ | " |
| ન્યગ્રોધપરિમંડળ " | ૧-૨ | " | " | " |
| સાદિ સંસ્થાન | " | " | " | " |
| વામન, કુબ્જ | " | " | " | " |
| હુંડક સંસ્થાન | ૧ લે | " | " | " |
| વર્ણ-(પાંચ) | ૧થી૮/૬ સુધી | ૧ થી ૧૩ | ૧ થી ૧૩ | " |
| ગંધ-(બે) | " | " | " | " |
| રસ-(પાંચ) | " | " | " | " |
| સ્પર્શ-(આઠ) | " | " | " | " |

| કર્મપ્રકૃતિ | બંધ ગુણ૦ | ઉદય ગુણસ્થાનક | ઉદીરણા ગુણસ્થાનક | સત્તા ગુણસ્થાનક |
|---|---|---|---|---|
| નરકાનુપૂર્વી | ૧ લુ | ૧ થી ૪ (બીજા-ત્રીજા વિના) | ૧લે - ૪થે | ઉપ. ૧ થી ૧૧<br>ક્ષપ. ૧ થી ૯/૧ સુધી |
| તિર્યંચાનુપૂર્વી | ૧-૨ | ૧ થી ૪ (ત્રીજા વિના) | ૧ થી ૪<br>(ત્રીજા વિના) | " |
| મનુષ્યાનુપૂર્વી | ૧ થી ૪ સુધી | ૧ થી ૪<br>(ત્રીજા વિના) | ૧ થી ૪<br>(ત્રીજા વિના) | ૧ થી ૧૪<br>મતાન્તરે ૧૪માના<br>દ્વિચરમ સમય સુધી |
| દેવાનુપૂર્વી | ૧ થી ૮/૬ સુધી | " | " | ૧ થી ૧૪માના<br>દ્વિચરમસમય સુધી |
| શુભવિહાયોગતિ | ૧ થી ૮/૬ સુધી | ૧ થી ૧૩ | ૧ થી ૧૩ | " |
| અશુભવિહાયોગતિ | ૧ થી ૨ | " | " | " |
| પરાઘાત | ૧ થી ૮/૬ | ૧ થી ૧૩ | ૧ થી ૧૩ | " |
| ઉચ્છ્વાસ | ૧ થી ૮/૬ | ૧ થી ૧૩ | ૧ થી ૧૩ | " |
| આતપ | ૧ લુ | ૧ લુ | ૧ લુ | ઉ. ૧થી૧૧<br>ક્ષપ. ૧થી૯/૧ સુધી |
| ઉદ્યોત | ૧-૨ જું | ૧ થી ૫ | ૧ થી ૫ | " |
| અગુરુલઘુ | ૧ થી ૮/૬ સુધી | ૧ થી ૧૩ | ૧ થી ૧૩ | ૧ થી ૧૪માના<br>દ્વિચરમ સમય સુધી |
| તીર્થંકર નામ | ૪ થી ૮/૬ સુધી | ૧૩-૧૪ | ૧૩મુ | બીજા-ત્રીજા વિના<br>૧ થી ૧૪ |
| નિર્માણ | ૧ થી ૮/૬ સુધી | ૧ થી ૧૩ | ૧ થી ૧૩ | ૧ થી ૧૪માના<br>દ્વિચરમ સમય સુધી |
| ઉપઘાત | ૧ થી ૮/૬ સુધી | ૧ થી ૧૩ | ૧ થી ૧૩ | ૧ થી ૧૪માના<br>દ્વિચરમ સમય સુધી |

| કર્મપ્રકૃતિ | બંધ ગુણ૦ | ઉદય ગુણસ્થાનક | ઉદીરણા ગુણસ્થાનક | સત્તા ગુણસ્થાનક |
|---|---|---|---|---|
| ત્રસનામ<br>બાદરનામ<br>પર્યાપ્તનામ | ૧ થી ૮/૬ ભાગ | ૧ થી ૧૪ | ૧ થી ૧૩ | ૧ થી ૧૪ ના ચરમ સમય સુધી |
| પ્રત્યેક | " | ૧ થી ૧૩ | ૧ થી ૧૩ | ૧ થી ૧૪ ના દ્વિચરમ સમય સુધી |
| સ્થિર, શુભ | " | " | " | " |
| સૌભાગ્ય નામ | " | ૧ થી ૧૪ | ૧ થી ૧૩ | ૧ થી ૧૪ |
| સુસ્વર નામ | " | ૧ થી ૧૩ | " | ૧ થી ૧૪ માના દ્વિચરમ સમય સુધી |
| આદેય નામ | " | ૧ થી ૧૪ | ૧ થી ૧૩ | ૧ થી ૧૪ |
| યશનામ કર્મ | ૧ થી ૧૦ | ૧ થી ૧૪ | ૧ થી ૧૩ | " |
| સ્થાવર | ૧ લુ | ૧ થી ૨ | ૧ થી ૨ | ઉપ. ૧ થી ૧૧<br>ક્ષપ.૧ થી ૯/૧ સુધી |
| સૂક્ષ્મ | ૧ લુ | ૧ લુ | ૧ લુ | " |
| અપર્યાપ્ત | " | " | " | ૧ થી ૧૪માના દ્વિચરમ સમય સુધી |
| સાધારણ | ૧ લુ | ૧ લુ | ૧ લુ | ઉપ. ૧ થી ૧૧<br>ક્ષપ. ૧ થી ૯/૧ સુધી |
| અસ્થિર | ૧ થી ૬ | ૧ થી ૧૩ | ૧ થી ૧૩ | ૧ થી ૧૪માના દ્વિચરમ સમય સુધી |
| અશુભ | ૧ થી ૬ | ૧ થી ૧૩ | ૧ થી ૧૩ | " |
| દુર્ભાગ્ય | ૧ થી ૨ | ૧ થી ૪ | ૧ થી ૪ | " |
| દુઃસ્વર | " | ૧ થી ૧૩ | ૧ થી ૧૩ | " |

| કર્મપ્રકૃતિ | બંધ ગુણ૦ | ઉદય ગુણસ્થાનક | ઉદીરણા ગુણસ્થાનક | સત્તા ગુણસ્થાનક |
|---|---|---|---|---|
| અનાદેય | ૧ થી ૨ | ૧ થી ૪ | ૧ થી ૪ | ૧ થી ૧૪ દ્વિચરમ સમય સુધી |
| અપયશ | ૧ થી ૬ | ૧ થી ૪ | ૧ થી ૪ | " |
| નીચ ગોત્ર | ૧ થી ૨ | ૧ થી ૫ | ૧ થી ૫ | " |
| ઉચ્ચ ગોત્ર | ૧ થી ૧૦ | ૧ થી ૧૪ | ૧ થી ૧૩ | ૧ થી ૧૪ |
| અંતરાય પાંચ | ૧ થી ૧૦ | ૧ થી ૧૨ | ૧ થી ૧૨ની દ્વિ-ચરમવલિકા સુધી | ૧ થી ૧૨ |

## કર્મસ્તવના અભ્યાસમાં કંઈક ઉપયોગી

- સર્વજીવો પ્રથમ અનાદિકાળથી નિગોદમાં જ હોય છે.
- નિગોદમાં અનાદિથી મિથ્યાદષ્ટિ ગુણ૦ હોય. એટલે સર્વજીવો અનાદિકાળથી મિથ્યાદષ્ટિ ગુણસ્થાનકવાળા સમજવા.
- કેટલાક નિગોદના જીવો અનાદિ અનંતકાળવાળા નિગોદરૂપે છે.
- કેટલાક નિગોદનાં જીવો અનાદિ સાન્ત કાળવાળા નિગોદરૂપે જાણવા.
- કેટલાક નિગોદના જીવો વ્યવહાર રાશિમાં આવી ફરી નિગોદમાં ગયેલાં હોય તે સાદિસાન્ત નિગોદ કહેવાય છે.
- સૂક્ષ્મ જીવો, સાધારણ વન. લબ્ધિ અપર્યાપ્તા મનુ.તિર્યંચ જીવોને મિથ્યાત્વ ગુણ૦જ હોય છે.
- અનાદિ સૂક્ષ્મનિગોદ જીવોને અવ્યક્ત મિથ્યાત્વ કહેવાય છે.
- અભવ્ય અને જાતિભવ્યને મિથ્યાત્વ અનાદિ અનંત હોય છે.
- જીવનો એક પુદ્ગલ પરાવર્ત કરતાં ઓછો કાળ સંસાર બાકી હોય ત્યારે ધર્મ શબ્દની રૂચિ થઈ શકે છે. તેને આદિ ધાર્મિક કહેવાય છે.
- મિથ્યાદષ્ટિ જીવોને આઠ દષ્ટિમાંથી જીવવિશેષે-મિત્રા-તારા-બલા-દીપ્રા એ ચાર દષ્ટિ હોઈ શકે.

અહીં ઈચ્છાયોગ અને શાસ્ત્રયોગ હોઈ શકે, અને અપૂર્વકરણ કરતાં જીવને ધર્મસન્યાસ સામર્થ્ય યોગનો સંભવ છે.

◈ સાસ્વાદન ગુણ૦ ઉપશમ સમ્યક્ત્વમાંથી પડતાં જ પ્રાપ્ત થાય છે.

મિથ્યાત્વમાંથી અનેકવાર ઉપશમ સમ્યક્ત્વ પમાય છે. પરંતુ તે જાતિભેદથી એક ગણવામાં આવેલ છે.

◈ શ્રેણીનું ઉપશમ સમ્યક્ત્વ સંસાર ચક્રમાં ચાર વાર જ પમાય છે. તેથી સાસ્વાદન ગુણ૦ પણ શ્રેણીના ઉપશમ સમ્યક્ત્વમાંથી ઉત્કૃષ્ટથી ચારવાર પમાય છે અને મિથ્યાત્વમાંથી ઉપશમ સમ્યક્ત્વ પામેલ જીવ અનેકવાર સાસ્વાદન પામી શકે છે.

◈ સાસ્વાદન ગુણ૦વાળો જીવ નિયમા મિથ્યાત્વે જ જાય છે.

◈ સાસ્વાદન ગુણ૦ અને મિશ્ર ગુણ૦નો અનેકજીવ આશ્રયી વિરહકાળ પલ્યો૦નો અસંખ્યાતમો ભાગ જાણવો. અર્થાત્ ઉત્કૃષ્ટથી આટલો સમય કોઈ ન પામે તેવું પણ બને.

◈ ઉપશમ સમ્યક્ત્વમાંથી સાસ્વાદન ગુણ૦ પામ્યા વિના પણ જીવ મિથ્યાત્વે જાય છે.

◈ સમ્યક્ત્વ મોહ૦ અને મિશ્રની સત્તાવાળો મિથ્યાત્વે ગયેલ જીવ અંતર્મુહૂર્ત પછી અવશ્ય તે બંનેની ઉદ્વલના શરૂ કરે છે. પ્રથમ પલ્યો૦ના અસં૦ ભાગે સમ્યક્ત્વ મોહનીયની ઉદ્વલના થાય છે. ત્યારપછી પલ્યો૦ અસં૦ભાગ કાળે મિશ્ર મોહ૦ની ઉદ્વલના થાય છે.

◈ સમ્યક્ત્વ મોહનીય અને મિશ્રમોહનીયની ઉદ્વલના કર્યા પછી અને અનાદિ મિથ્યાત્વીને મોહનીયની ૨૬ની સત્તા હોય છે.

- મોહનીયની ૨૬ની સત્તાવાળો જે ફરી સમ્યક્ત્વ પામે ત્યારે ત્રણ કરણ કરવા પૂર્વક જ ઉપશમસમ્યક્ત્વ પામે છે. પરંતુ હવે ગ્રંથીભેદ કરવો પડે નહીં એટલે સંસારમાં ગ્રંથીભેદ એક જ વાર થાય છે.
- મિશ્ર ગુણ૦મરણના છેલ્લા અંતર્મુહૂર્તમાં ન આવે.
- મિશ્ર ગુણ૦માં મરણ પામે નહીં અને આ ગુણ ભવાન્તરમાં લઈને જવાય નહીં તેથી અપર્યાપ્ત અવસ્થામાં ન હોય.
- મિશ્ર ગુણસ્થાનક ૧લા ગુણ૦થી અને ૪થા ગુણસ્થાનકથી આવે છે. અને મિશ્ર ગુણસ્થાનકવાળો પહેલે અથવા ચોથે ગુણસ્થાનકે જાય છે.
- અવિરત સમ્યગદષ્ટિથી અપ્રમત્ત ગુણ૦ સુધીમાં ત્રણ પ્રકારના સમ્યક્ત્વ હોય છે. (૧) ક્ષાયિક (૨) ઉપશમ (૩) ક્ષાયોપશમ
- ચોથું ગુણસ્થાનક એક ભવમાં ચાલ્યુ જાય અને આવે એમ હજારો વાર (સહસ્ર પૃથક્ત્વ) પમાય છે. અને સંસારચક્રમાં અસંખ્યાતીવાર પણ પમાય છે.
- સમ્યગ્દૃષ્ટિ જીવ દેશવિરતિ કે સર્વવિરતિને પ્રાપ્ત કરતો હોય ત્યારે પ્રથમનાં બે કરણ કરે. અનિવૃત્તિકરણ ન કરે.
- અહીં આ ગુણસ્થાનકે તથા દેશવિરતિ ગુણ૦માં સ્થિરા અને કાન્તા દૃષ્ટિ હોય.
- મિથ્યાત્વ ગુણ૦માંથી ઉપશમ અથવા ક્ષયોપશમ પામતો સાથે દેશવિરતિ અને સર્વવિરતિ ગુણ૦પણ પામી શકે છે. એટલે કે મિથ્યાત્વમાંથી સીધા ચોથે-પાંચમે-છટ્ઠે અથવા સાતમા ગુણ૦માં જઈ શકે છે. અર્થાત્ તે ગુણસ્થાનકો પામી શકે છે.
- દેશવિરતિ ગુણ૦ તિર્યંચોમાં પણ હોય છે. તિર્યંચોને ઉત્કૃષ્ટથી ૧૧ વ્રત હોય છે. અતિથિસંવિભાગ વ્રત હોય નહીં. સંયમીને ૨૦ વસાની

દયા હોયછે. તે અપેક્ષાએ શ્રાવકને ૧૬મા ભાગની ૧। વસાની દયા હોય છે.

◈ દેશવિરતિ ગુણ એક ભવમાં સંખ્યાતીવાર (સહસ્ર પૃથક્ત્વ) અને અનેક ભવમાં અસંખ્યાતીવાર પણ પમાય છે.

◈ સમ્યક્ત્વીની સાત કર્મની સ્થિતિ સત્તા કરતાં પલ્યોપમ પૃથક્ત્વ (૨થી૯પલ્યો૦)સ્થિતિસત્તા ઘટે તો દેશવિરતિ ગુણ પામે. [લોકપ્રકાશ સર્ગ-૩ શ્લોક ૬૮૩]

◈ પ્રમત્તથી માંડીને ઉપરના સર્વ ગુણ. સંયમીનાં જાણવાં. અને તે ગુણસ્થાનકો આઠવર્ષની વય પછી આવે છે.

◈ જો કે छम्मासियं छसु जयं माउए समन्नियं वंदे । છ માસની ઉંમરવાળા, ષટ્જીવનિકાયમાં પ્રયત્નવાળા માતા સહિત ભગવાન વજ્રસ્વામીને હું વંદુ છું. આ રીતે ક્વચિત ભાવ ચારિત્રની બાલ્યાવસ્થામાં પણ પ્રાપ્તિ થાય. પરંતુ તે રાજમાર્ગ ન કહેવાય.

◈ પ્રમત્તાદિથી ઉપશાન્ત મોહ, સુધીના ગુણ૦નો જ૦કાળ એક સમય ભવક્ષય (આયુષ્યના ક્ષય) ની અપેક્ષાએ જ જાણવો. દેવ બધ્ધાયુ: વાળાને જ ભવક્ષય ઘટે છે. ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત કાળ જાણવો.

◈ અપ્રમત્ત સંયમી તીવ્ર વિશુદ્ધિથી શ્રુત સમુદ્રમાં પણ અવગાહી શકે. અવધિજ્ઞાન, મન:પર્યાવજ્ઞાન, કોષ્ઠાદિ બુદ્ધિ, જંઘાચરણ લબ્ધિ, વિદ્યાચરણ લબ્ધિ આદિ અનેકલબ્ધિઓ પામી શકે છે. [લોકપ્રકાશ સર્ગ-૩, શ્લોક-૭૧૬ મહાભાષ્ય સૂત્ર વૃત્તિ શ્લોક-૭૧૮]

◈ દેશવિરતિની સાતકર્મની સ્થિતિસત્તા કરતાં સંખ્યાત સાગરોપમ સ્થિતિસત્તા ઘટે તો આ સર્વવિરતિ ગુણ પામી શકે. (લોક૦ સર્ગ૦ ૩ શ્લો૦ ૬૮૪)

◈ પ્રમત્ત અને અપ્રમત્ત ગુણ૦માં પ્રભાદૃષ્ટિ હોય અને ધર્મધ્યાન હોય અને ચૌદ પૂર્વીને શુક્લધ્યાન પણ હોય.

◈ અપ્રમત્ત ગુણ૦માં વર્તતો જીવ શ્રેણી ચડવા યથાપ્રવૃત્તકરણ કરે.

◈ આ કરણ અપૂર્વકરણ કરતાં પહેલા થાય છે. માટે તેને પૂર્વકરણ પણ કહેવાય છે.

◈ પરંતુ જો ઉત્તરોત્તર ચડતો અધ્યવસાય ન હોયતો શ્રેણી ન પણ ચડે.

◈ પ્રમત્ત-અપ્રમત્ત ગુણ૦ હિંડોલા ન્યાયે અંત૦અંતર્મુહૂર્તે પરાવર્તમાને આવે, આત્મા અંતર્મુહૂર્તથી વધારે આ બે ગુણ૦માં રહી શકે નહીં. અર્થાત્ અંતર્મુહૂર્તે-અંતર્મુહૂર્તે પરિણામ બદલાતા રહે છે.

◈ ભવક્ષયે મધ્યમથી બે સમયથી અસંખ્ય સમય (અંત૦) પણ કાળ હોય.

◈ જો સતત ઉપયોગવંત આત્મા હોય અને પ્રમત્તમાં નાનું અંતર્મુહૂર્તકાળ રહે અને અપ્રમત્તમાં મોટા અંત૦કાળ રહે તો પૂર્વક્રોડ વર્ષના આયુષ્યવાળાને કુલ અપ્રમત્તનો કાળ દેશોનપૂર્વક્રોડ વર્ષ થાય.

◈ તે જ રીતે પ્રમાદ અવસ્થામાં વધારે રહે તો પ્રમત્તનો કુલ કાળ દેશોનપૂર્વક્રોડ વર્ષ પણ ઘટે.

◈ પ્રમત્ત અને અપ્રમત્ત ગુણ૦વાળાને સાત કર્મની સંખ્યાતા સાગરોપમની સ્થિતિ ન્યૂન થાય તો ઉપશમ શ્રેણી અને વળી સંખ્યાતા સાગ૦ની સ્થિતિ ન્યૂન થાય તો ક્ષપકશ્રેણી પામી શકે. [લોકપ્રકાશ સર્ગ-૩-૬૮૭]

◈ પ્રમત્ત અને અપ્રમત્ત ગુણ૦ (સંયમ) સંસારમાં ઉત્કૃષ્ટથી આઠ ભવમાં જ પ્રાપ્ત થાય છે.

◈ એક ભવમાં સંયમના પરિણામ સંયમના આકર્ષ (પરિણામ આવે અને જાય) શતપૃથક્ત્વવાર પણ પ્રાપ્ત કરાય છે.

◈ એક ભવમાં બે વાર શ્રેણી પામી શકે તેમ કર્મગ્રંથકારો કહે છે. સિદ્ધાંતના મતે એક ભવમાં એકવાર જ શ્રેણી કરે છે.

◈ અહીં આઠમી પરાદૃષ્ટિ હોય અને યોગસન્યાસરૂપ સામર્થ્યયોગ હોય.

◈ ઉપશમ શ્રેણીમાં મરણ પામે તે અનુત્તરમાં જ જાય

[જુઓ લોકપ્રકાશ સર્ગ-૩, શ્લોક-૧૨૧૧] તેનો અર્થ એ થાય કે બીજા અને ત્રીજા સંઘ૦વાળો શ્રેણીમાં મરણ ન પામે.

◈ કેટલાક આચાર્યના મતે ઉપશમ શ્રેણીમાં મરે તે કોઈપણ વૈમાનિકદેવમાં પણ જાય.

◈ ઉપશમ શ્રેણીનાં અપૂર્વકરણાદિ ગુણસ્થાનકો સંસારચક્રમાં ઉત્કૃષ્ટથી ચારવાર ચડતાં અને ચારવાર પડતાં પ્રાપ્ત થાય છે.

◈ અને ક્ષપકશ્રેણીમાં એકવાર જ પ્રાપ્ત કરાય છે. કુલ સંસારચક્રમાં અપૂર્વકરણ ગુણ૦થી સૂક્ષ્મ સંપરાયગુણ૦ નવવાર પ્રાપ્ત કરાય છે અને ઉપશાન્ત મોહગુણ૦ ચારવાર પ્રાપ્ત કરાય છે.

◈ ક્ષીણ મોહ-સયોગી અને અયોગી ગુણ૦ એક વાર જ પ્રાપ્ત કરાય છે.

◈ ઉપશમ શ્રેણીના ચાર ગુણસ્થાકનું પ્રાપ્તિ અંતર અનેકજીવ આશ્રયી વર્ષ પૃથક્ત્વ છે અર્થાત્ આટલો ટાઈમ કોઈ ન પામે તેવું પણ બને. [જુઓ પંચસંગ્રહ દ્વાર-૨જું ગા.૬૨]

◈ ક્ષપકશ્રેણીના ગુણ૦નું પ્રાપ્તિ અંતર અનેકજીવ આશ્રયી જ૦ એક સમય અને ઉત્કૃષ્ટથી છ માસ છે.

◈ ક્ષપકશ્રેણીનાં ગુણ૦નો કાળ તેરમા ગુણ૦વિના જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત છે. તેરમા ગુણ૦નો ઉત્કૃષ્ટકાળ દેશોનપૂર્વક્રોડ વર્ષ છે. જઘન્ય અંતર્મુહૂર્ત છે.

### –: બંધાદિ વિશે કંઈક :–

◈ કર્મનો બંધ અનાદિ છે. એટલે પ્રવાહથી કર્મ અનાદિ છે.

◈ વ્યક્તિગત કર્મની આદિ છે. એટલે સાદિસાન્ત કહેવાય.

◈ પ્રતિસમયે યોગના અનુસારે અનંત પરમાણુની બનેલી અનંતી કાર્મણવર્ગણાઓ જીવ સમયે સમયે બાંધે છે એટલે ગ્રહણ કરે છે.

◈ ગ્રહણ કરાતી કાર્મણ વર્ગણાઓને પરિણામનાં અનુસારે પોતાનાં અવાન્તર ભેદ સહિત મૂળ આઠ-સાત-છ અને એક ભાગરૂપે વહેંચાવા (વિભાગ થવા) પૂર્વક આત્માની સાથે કષાયના પરિણામના અનુસારે એકાકાર બને છે.

◈ વિપાક (ફળ) આપવા રૂપ રસરહિત એવી ગ્રહણ કરાયેલ તે કાર્મણ વર્ગણાઓમાં શુભ અને અશુભ લેશ્યા સહિતના કાષાયિક અધ્યવસાય (પરિણામ)થી ફળ આપવારૂપ રસવાળી બનવાપૂર્વક આત્મપ્રદેશો સાથે એકાકાર થવારૂપ ચોંટે છે.

◈ બંધાયેલ (ગ્રહણ કરાયેલ) કાર્મણ વર્ગણાઓમાં એક આવલિકા કાળ ગયે છતે ઉદયમાં આવતાં પહેલાં પરિણામનાં અનુસારે સંક્રમ ઉદ્વર્તના-અપવર્તના, નિધત્તિ-નિકાચના, ઉદીરણા આદિ અનેક ફેરફાર થાય છે.

◈ અર્થાત્ બંધાયેલ કર્મ તે રૂપે જ ઉદયમાં આવે એવું નહીં.

- અન્યરૂપે બની પણ જાય.
- નિશ્ચિતકાળ કરતાં વહેલું અથવા મોડું ઉદયમાં આવે તેવું બની જાય.
- માત્ર પ્રદેશોદયથી જ ભોગવાય તેવું પણ રહે.
- અવશ્ય ભોગવવા યોગ્ય પણ બને.

◈ આ રીતે કર્મ બંધાયા પછી ઉદયમાં ન આવે ત્યાં સુધીમાં અનેક ફેરફારો પણ થઈ શકે છે.

◈ બંધાયેલ સંપૂર્ણ કર્મલત્તા થોડા કાળવાળી અને થોડા (મંદ) રસવાલી હોય તે પરિણામથી ઘણા કાળવાળી અથવા ઘણા(તીવ્ર) રસવાળી પણ બની શકે છે અને તેનાથી વિપરીત એટલે ઘણા કાળવાળું અને તીવ્ર રસવાળું કર્મ અલ્પકાળવાળું અથવા મંદરસવાળું પણ બને.

◈ અસંખ્ય અધ્યવસાયોને ત્રણ પ્રકારમાં વહેંચી શકાય.

(૧) અશુભ-વધતો જતો કષાય તે અશુભ.

(૨) શુભ-ઘટતો જતો કષાય તે શુભ.

(૩) શુદ્ધ-પ્રશસ્ત કે અપ્રશસ્ત કષાય વિનાનો સ્વસ્વરૂપ ચિંતનવાળો પરિણામ તે શુદ્ધ.

◈ દરેક જીવના આત્મપ્રદેશો સરખા છે. અસંખ્યાતા છે. ચૌદ રાજલોકના આકાશપ્રદેશ જેટલા છે. એક-એક પ્રદેશમાં અનંત જ્ઞાન-દર્શન-વીર્ય આદિ ગુણો છે. તે અનંતા ગુણોને રોકનાર એક આત્મપ્રદેશ ઉપર અનંત કાર્મણવર્ગણાઓ હોવાથી તે ગુણોને રોકવા સમર્થ બને છે.

◈ એકથી ચાર કર્મગ્રંથોમાં મુખ્યતયા પ્રકૃતિબંધનું જ વર્ણન છે.

◈ સમ્યક્ત્વ પામેલ જીવ જો ફરી મિથ્યાત્વે જાય તો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ કરે, પરંતુ ઉત્કૃષ્ટ રસબંધ ન કરે. આ કર્મગ્રંથકારોનો અભિપ્રાય છે અને સિદ્ધાન્તકારો સ્થિતિબંધ પણ ઉત્કૃષ્ટ ન કરે તેમ કહે છે. [જુઓ લોકપ્રકાશ સર્ગ-૩ શ્લોક ૬૩૪-૬૩૫]

◈ બંધાયેલ કર્મ બે પ્રકારે ઉદયમાં આવે છે.

◈ (૧) રસોદય-અનુભાગોદય (સ્વરૂપોદય) (૨) પ્રદેશોદય.

◈ બંધાયેલ બધાં કર્મ રસોદયરૂપે ઉદયમાં આવે એવું નહીં.

- સત્તામાં રહેલ કર્મ ઉદયમાં આવતાં પૂર્વે અન્યમાં સંક્રમ કરે તો અન્યરૂપે પણ બની જાય.
- સત્તામાં રહેલ કર્મના સ્થિતિ અને રસની હાનિ (અપવર્તના) વૃદ્ધિ (ઉદ્વર્તના) પણ થાય.
- શિથિલ પરિણામથી બંધાયેલ કર્મને ગાઢ (શુભ-અશુભ) અધ્યવસાયથી નિકાચિત (અવશ્ય ભોગવવા યોગ્ય) પણ કરે.
- ઉદય હોય ત્યારે જ ઉદીરણા હોય.
- ઉદીરણા વિના પણ ઉદય હોય. પરંતુ ઉદય વિના ઉદીરણા ન જ હોય.
- ઉદીરણા પ્રયોગથી ઉદયાવલિકાની બહારથી ખેંચી લાવેલ પુદ્ગલો ઉદયાવલિકામાં ગોઠવે. કેટલાકનાં મત પ્રમાણે ઉદય સમયમાં જ નાખે છે. ગોઠવે છે. અને ભોગવે છે. તેને ઉદીરણા કહેવાય છે.



# બંધસ્વામિત્વનામા તૃતીય કર્મગ્રંથ

||શ્રી આદિનાથાય નમઃ || || શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ || || શ્રી મહાવીરસ્વામિને નમઃ ||

|| શ્રી સરસ્વત્યૈ નમઃ || || શ્રી ગૌતમસ્વામિને નમઃ ||

## પૂર્વાચાર્યશ્રી દેવેન્દ્રસૂરીશ્વરજી મહારાજા કૃત

# શ્રી બંધસ્વામિત્વનામા તૃતીય કર્મગ્રંથ

**बंधविहाण विमुक्कं, वंदिय सिरिवद्धमाण जिणचंदं।**
**गइआइसु वुच्छं, समासओ बंधसामित्तं ॥१॥**

| | |
|---|---|
| विहाण = ભેદ | समासओ = સંક્ષેપથી |
| वुच्छं = કહીશું | बंधसामित्तं = બંધસ્વામિત્વ |

**ગાથાર્થ–** બંધના ભેદોથી મુકાએલ શ્રી વર્ધમાન જિનચંદ્રને નમસ્કાર કરીને ગતિ આદિના માર્ગણા વિષે સંક્ષેપથી બંધસ્વામિત્વ કહીશું. ॥૧॥

**વિવેચન–** આ ગ્રંથમાં નીચે જણાવ્યા મુજબ મંગલાચરણ આદિ કહેવાપૂર્વક બંધસ્વામિત્વ કહે છે. આ ગ્રંથમાં માર્ગણાઓ ઉપરના ગુણસ્થાનકનો પ્રબંધ કહીને બંધસ્વામિત્વનું વર્ણન કરેલ છે. એટલે કે કઈ કઈ માર્ગણાઓમાં કેટલા કેટલા ગુણસ્થાનકનો સંભવ છે, અને દરેક માર્ગણાઓમાં જીવો સામાન્યથી તથા ગુણસ્થાનકના ભેદથી કર્મબંધનરૂપે કેટલી યોગ્યતા ધરાવે

છે. એટલે કે કેટલી પ્રકૃતિઓ બાંધી શકે અને કેટલી ન બાંધે તે આ ગ્રંથમાં સમજાવેલ છે.

બંધ કોને કહીશું... ?

અંજણચૂર્ણના ડાબડાની પેઠે નિરંતર કાર્મણવર્ગણાથી ભર્યાલોકને વિષે મિથ્યાત્વાદિ અભ્યંતર હેતુએ કરીને તથા પ્રત્યનિકાદિ, બાહ્ય હેતુએ કરીને ક્ષીરનીરના ન્યાયે/લોહાગ્નિના ન્યાયે આત્માની સાથે કાર્મણ વર્ગણાઓનું જોડાવું એકાકાર થતું તેને બંધ કહીયે.

કોઈપણ ગ્રંથકાર ગ્રંથ બનાવતાં પ્રથમ ગાથામાં મંગલાચરણ આદિ ચાર વિષય (અનુબંધ ચતુષ્ક્ય)નું વર્ણન કરે તે શિષ્ટ પુરુષોની એક પ્રણાલિકા છે. તે શિષ્ટ પુરુષોના માર્ગને અનુસરીને આ ગ્રંથકારે પણ પ્રથમ ગાથામાં (૧) મંગલાચરણ અને (૨) વિષય-સ્પષ્ટપણે બતાવ્યો છે. (૩) સંબંધ (૪) પ્રયોજન તે આ પ્રમાણે–

(૧) **મંગલાચરણ**– ગાથાના પૂર્વાર્ધમાં આસન્ન ઉપકારી પ્રભુ મહાવીરને बंधविहाणविमुक्कं वंदिय सिरिवद्धमाणजिणचंदं । પદોથી નમસ્કાર કરવામાં આવ્યો છે.

(૨) **વિષય**– ગાથાના ઉત્તરાર્ધમાં વિષય બતાવ્યો છે. એટલે ૬૨ માર્ગણાઓમાં બંધનું સ્વામિપણું એટલે કઈ માર્ગણાવાળા જીવો ક્યા ગુણસ્થાનકે કેટલી પ્રકૃતિ બાંધે અને કેટલી ન બાંધે તે વિષય છે. તે ''गइआइसुवुच्छं'' આ પદો વડે બતાવેલ છે.

(૩) **સંબંધ**– ''समासओ''થી પૂર્વના ગ્રંથોને આ ગ્રંથ સાથે સંબંધ છે. સંક્ષેપથી કહીશ એટલે આનો વિસ્તાર પૂર્વના આગમાદિ ગ્રંથોમાં છે. એમ આગમગ્રંથો સાથે સંબંધ છે.

**પ્રયોજન–** ઉપલક્ષણથી આ ગ્રંથને નહીં જાણનારા અને જાણવાની જિજ્ઞાસાવાળા એવા બાળજીવો સમજવા. આ બંધસ્વામિત્વ માર્ગણા ઉપર કહેવાશે. માટે અહીં પ્રથમ માર્ગણાઓનાં નામની પ્રક્ષેપ ગાથા કહે છે.

**માર્ગણા**=શોધવાનાં-વિચારવાનાં સ્થાનો, તે મૂળ ૧૪ માર્ગણા છે અને ઉત્તરભેદ ૬૨ છે.

કર્મબંધનો વિસ્તારથી વર્ણન કરવામાં માર્ગણા એ મૂખ્ય આલંબનરૂપ છે. એટલે કઈ માર્ગણાવાળા જીવોને કેટલા ગુણસ્થાનક હોય. અને તે ગુણસ્થાનકોમાં ક્યાં કેટલી પ્રકૃત્તિઓ બાંધે અને કેટલી ન બાંધે તેનું આ ગ્રંથમાં વિસ્તારથી વર્ણન છે. તે વર્ણન આગળની ગાથાઓમાં કહેવાશે.

**गइ इंदिए य काए, जोए वेए कसायनाणे य ।**
**संजम दंसण लेसा, भव सम्मे सन्नि आहारे ॥२॥**

| | |
|---|---|
| जोए = યોગ માર્ગણા | सम्मे = સમ્યક્ત્વમાર્ગણા |
| भव = ભવ્ય માર્ગણા | संनि = સંજ્ઞીમાર્ગણા |

**ગાથાર્થ–** ગતિ-ઈન્દ્રિય-કાય-યોગ-વેદ-કષાય-જ્ઞાન-સંયમ-દર્શન-લેશ્યા-ભવ્ય-સમ્યક્ત્વ-સંજ્ઞી અને આહારી માર્ગણા છે. ॥૨॥

**વિવેચન–** અહીં ચૌદ મૂળ માર્ગણાનાં નામ આપ્યાં છે. તેના ઉત્તરભેદ ૬૨ થાય છે.

તે ૬૨ ઉત્તરભેદોમાં અને ઉત્તરભેદોના પણ કેટલાકના અવાન્તરભેદોમાં અહીં બંધસ્વામિત્વ કહેવામાં આવશે.

આ માર્ગણાનું વર્ણન નવતત્ત્વ આદિ ગ્રંથોમાં વિસ્તારથી આપેલ છે. માટે ત્યાંથી જાણી લેવું. કેટલીક માર્ગણાનું વર્ણન તેના બંધસ્વામિત્વપ્રસંગે કહેવામાં આવશે.

અહીં બંધસ્વામિત્વનો વિષય હોવાથી માર્ગણાઓનું વિસ્તારથી વર્ણન કરવામાં આવેલ નથી.

કેટલીક માર્ગણાઓમાં તેના અવાન્તર ભેદોમાં વિરુદ્ધ ભેદ પણ આપ્યા છે. જેમ સમ્યક્ત્વમાર્ગણામાં મિથ્યાત્વ, ભવ્ય માર્ગણામાં અભવ્ય, કારણકે એક મૂળ માર્ગણામાં સર્વ સંસારીજીવોનો સમાવેશ કરવા માટે માર્ગણાઓમાં વિરુદ્ધ ભેદ પણ ગ્રહણ કરેલ છે.

મૂળમાર્ગણાના ઉત્તરભેદની સંખ્યા આ પ્રમાણે–

| | |
|---|---|
| (૧) ગતિમાર્ગણાના ૪ ભેદ | (૮) સંયમ માર્ગણાના ૭ ભેદ |
| (૨) ઇન્દ્રિય માર્ગણાના ૫ ભેદ | (૯) દર્શન માર્ગણાના ૪ ભેદ |
| (૩) કાય માર્ગણાના ૬ ભેદ | (૧૦) લેશ્યા માર્ગણાના ૬ ભેદ |
| (૪) યોગ માર્ગણાના ૩ ભેદ | (૧૧) ભવ્ય માર્ગણાના ૨ ભેદ |
| (૫) વેદ માર્ગણાના ૩ ભેદ | (૧૨) સમ્યક્ત્વ માર્ગણાના ૬ ભેદ |
| (૬) કષાય માર્ગણાના ૪ ભેદ | (૧૩) સંજ્ઞી માર્ગણાના ૨ ભેદ |
| (૭) જ્ઞાન માર્ગણાના ૮ ભેદ | (૧૪) આહારી માર્ગણાના ૨ ભેદ |

**ઉપયોગી પ્રકૃતિસંગ્રહ–**

**जिण सुरविउव्वाहारदु, देवाउ य निरयसुहुम विगलतिगं ।**
**एगिंदि थावरायव, नपु-मिच्छं हुंडछेवट्ठं ॥३॥**

**अणमज्झागिइसंघयण कुखगइनियइत्थिदुहगथीणतिगं ।**
**उज्जोय तिरिदुगंतिरि नराउनरउरलदुगरिसहं ॥४॥**

| | |
|---|---|
| अण = અનંતાનુબંધી ચાર કષાય | संघयण = મધ્યના ૪ સંઘયણ |
| मज्झागिइ = મધ્યાકૃતિ (મધ્યનાં ૪ સંસ્થાન) | कुखगइ = અશુભ વિહાયોગતિ |
| | रिसहं = વજ્રઋષભનારાચ સંઘયણ |

**ગાથાર્થ–** જિનનામ, દેવદ્વિક, વૈક્રિયદ્વિક, આહારકદ્વિક, દેવાયુ, નરકત્રિક, સૂક્ષ્મત્રિક, વિકલેન્દ્રિયત્રિક, એકેન્દ્રિયજાતિ, સ્થાવરનામ, આતપનામ, નપુંસકવેદ, મિથ્યાત્વ મોહનીય, હુંડકસંસ્થાન, છેવઠ્ઠુ સંઘયણ, અનંતાનુબંધી ચાર કષાય, મધ્યમચાર સંસ્થાન, મધ્યમ ચાર સંઘયણ, અશુભ વિહાયોગતિ, નીચગોત્ર, સ્ત્રીવેદ, દુર્ભગત્રિક, થીણદ્ધિત્રિક, ઉદ્યોતનામ, તિર્યંચદ્વિક, તિર્યંચાયુ, નરાયુ, મનુષ્યદ્વિક, ઔદારિકદ્વિક અને વજ્રઋષભ-નારાચ સંઘયણ. ॥૩-૪॥

**વિવેચન–** બંધસ્વામિત્વ કહેવામાં પ્રકૃતિઓ કાઢવામાં અને ઉમેરવામાં વારંવાર નામ ન લખવા પડે તેથી અહીં સંગ્રહ કરેલ પ્રકૃતિઓમાંથી અમુક સંખ્યાવાળી પ્રકૃતિઓ કાઢી અને ઉમેરવી એમ કહેવામાં ઉપયોગી થાય, માટે આ બે ગાથામાં ગ્રંથકારે સંગ્રહ કરેલ છે.

આ બે ગાથામાં ૧૨૦ પ્રકૃતિમાંથી કેટલીક પ્રકૃતિઓનો સંગ્રહ કરવામાં આવ્યો છે. માર્ગણામાં જ્યાં જે પ્રકૃતિથી જેટલી પ્રકૃતિઓ લેવાની કહેશે તે પ્રકૃતિથી માંડીને તેટલી પ્રકૃતિઓ લેવાની અથવા જેટલી પ્રકૃતિઓ છોડવાની બાકીની પ્રકૃતિઓ લેવાની એમ સમજાવવામાં સુલભતા રહે. વારંવાર પ્રકૃતિઓનાં નામ કહેવાં ન પડે તે માટે આ સંગ્રહ છે.

(૧) જિનનામ કર્મ (૨) દેવગતિ (૩) દેવાનુપૂર્વી (૪) વૈક્રિય શરીર (૫) વૈક્રિય અંગોપાંગ (૬) આહારક શરીર (૭) આહારક અંગોપાંગ (૮) દેવાયુઃ (૯) નરકગતિ (૧૦) નરકાનુપૂર્વી (૧૧) નરકાયુઃ (૧૨) સૂક્ષ્મનામ (૧૩) અપર્યાપ્તનામ (૧૪) સાધારણ નામ (૧૫) બેઈન્દ્રિયજાતિ નામ (૧૬) તેઈન્દ્રિય જાતિનામ (૧૭) ચઉરિંદ્રિય જાતિનામ (૧૮) એકેન્દ્રિય જાતિ નામ (૧૯) સ્થાવરનામ (૨૦) આતપનામ (૨૧) નપુંસકવેદ (૨૨) મિથ્યાત્વ મોહનીય (૨૩) હુંડક સંસ્થાન (૨૪) છેવઠ્ઠુ સંઘયણ..... એ ૨૪

(૨૫) અનંતાનુબંધી **ચાર** કષાય (૨૯) ન્યગ્રોધ સંસ્થાન નામ (૩૦) સાદિ સં.નામ (૩૧) વામન સં.નામ (૩૨) કુબ્જ સં.નામ (૩૩) ઋષભનારાચ સંઘ૦નામ (૩૪) નારાચસંઘ૦નામ (૩૫) અર્ધનારાચ-સંઘ૦નામ (૩૬) કીલિકા સંઘ૦નામ (૩૭) અશુભવિહાયોગતિ નામ (૩૮) નીચગોત્ર (૩૯) સ્ત્રીવેદ (૪૦) દુર્ભગનામ (૪૧) દુસ્વરનામ (૪૨) અનાદેય નામ (૪૩) નિદ્રાનિદ્રા (૪૪) પ્રચલાપ્રચલા (૪૫) થીણદ્ધિનિદ્રા (૪૬) ઉદ્યોતનામ (૪૭) તિર્યંચગતિ નામ (૪૮) તિર્યંચાનુપૂર્વી (૪૯) તિર્યંચાયુ: (૫૦) મનુષ્યાયુ: (૫૧) મનુષ્યગતિ નામ (૫૨) મનુષ્યાનુપૂર્વી (૫૩) ઔદારિકશરીર (૫૪) ઔદારિક અંગોપાંગ (૫૫) વજ્રઋષભનારાચ સંઘયણ.

આ સંગ્રહમાંથી ગ્રંથકારની સંજ્ઞા અને સૂચના પ્રમાણે માર્ગણાના બંધ-વિધાનમાં પ્રકૃતિઓ કાઢવી અને ઉમેરવી.

આ બન્ને ગાથામાં દ્વિક-ત્રિક અને ચતુષ્કરૂપે લખેલ પ્રકૃતિઓ અહીં નામ સાથે લખી છે. એટલે બન્ને ગાથાનો કુલ સંગ્રહ ૫૫ પ્રકૃતિઓનો છે.

આ સંગ્રહ બંધસ્વામિત્વ કહેવામાં પ્રકૃતિઓ ન્યૂન કરવામાં અને ઉમેરવામાં વારંવાર નામ ન કહેવા પડે, જેથી ગ્રંથ ગૌરવ ન થાય માટે ઉપયોગી સંગ્રહ કહેલ છે.

**૧ થી ૩ નરકમાં બંધસ્વામિત્વ–**

**सुरइगुणवीसवज्जं, इगसउ ओहेण बंधहिं निरया ।**
**तित्थविणा मिच्छिसयं, सासणि नपु चउ विणा छन्नुई ॥५॥**

| | |
|---|---|
| इगुणवीसं = ઓગણીસ | ओहेण = ઓઘથી (સામાન્યથી) |
| वज्जं = છોડીને (વર્જીને) | छन्नुई = છન્નું |

**ગાથાર્થ–** દેવદ્વિકાદિ ઓગણીસ પ્રકૃતિઓ છોડીને એકસોએક પ્રકૃતિ ઓઘે નારકીના જીવો બાંધે, જિનનામ વિના મિથ્યાત્વે સો પ્રકૃતિ અને નપુંસક ચતુષ્ક વિના છન્નુ પ્રકૃતિ સાસ્વાદને બંધમાં જાણવી. ।।૫।।

**વિવેચન–** હવે પ્રથમ ગતિ માર્ગણાઓને વિશે બંધસ્વામિત્વ કહે છે. ગતિ માર્ગણામાં પણ પ્રથમ નરકગતિ માર્ગણાને વિશે બંધ કહે છે. નરકગતિનું બંધસ્વામિત્વ ત્રણ વિભાગમાં કહે છે તેમાં પ્રથમ ૧ થી ૩ નરકને વિશે ઓઘે દેવગતિનામ આદિ ઓગણીશ એટલે દેવગતિ, દેવાનુપૂર્વી, વૈક્રિયશરીર, વૈક્રિય અંગોપાંગ, આહારક શરીર, આહારક અંગોપાંગ, દેવાયુ, નરકગતિ, નરકાનુપૂર્વી નરકાયુ, સૂક્ષ્મનામ, અપર્યાપ્તનામ, સાધારણનામ, બેઈન્દ્રિયજાતિ, તેઈન્દ્રિયજાતિ, ચઉરિન્દ્રિયજાતિ, એકેન્દ્રિજાતિ, સ્થાવરનામ, આતપનામકર્મ-આ ઓગણીસ પ્રકૃતિઓ સિવાયની એકસો એક પ્રકૃતિઓ ઓઘે બાંધે છે. આ ઓગણીસ પ્રકૃતિઓ ભવસ્વભાવે જ નારકીના જીવો બાંધતા નથી. કારણકે...

૧ થી ૩ નારકીના જીવો મરીને નિયમા સંખ્યાત વર્ષના આયુષ્યવાળા સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તા મનુષ્યો અને તિર્યંચરૂપે ઉત્પન્ન થાય છે. પરંતુ એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, અસંજ્ઞી તિર્યંચ, દેવ અને નારકીમાં ઉત્પન્ન થતા નથી. અને તત્પ્રાયોગ્ય બંધ કરતા નથી તેથી ભવપ્રત્યયિક આ ૧૯ પ્રકૃતિનો બંધ હોય નહીં. માટે આઘે ૧૦૧ પ્રકૃતિ કહેલ છે. પ્રથમ ત્રણ નરકના જીવો-મિથ્યાત્વ ગુણસ્થાનકે જિનનામ વિના ૧૦૦ પ્રકૃતિ બાંધે છે. તત્પ્રાયોગ્ય સમ્યક્ત્વ હોતે છતે જિનનામનો બંધ થાય છે અને સમ્યક્ત્વ ૪ થે ગુણઠાણે હોય છે માટે જિનનામનો બંધ ૧લા ગુણ૦માં થાય નહી. તેથી મિથ્યાત્વે ૧૦૦ પ્રકૃતિનો બંધ જાણવો.

૧લા ગુણઠાણાને અંતે નપુંસક ચતુષ્કનો બંધવિચ્છેદ થવાથી સાસ્વાદન ગુણસ્થાનકે ૧ થી ૩ નરકના જીવો ૯૬ પ્રકૃતિ બાંધે છે.

મિથ્યા૦, નપુંસકવેદ, છેવટ્ઠુ સંઘયણ, હુંડક સંસ્થાન આ ૪ પ્રકૃતિનો બંધ મિથ્યાત્વના ઉદયથી થાય છે. મિથ્યાત્વનો ઉદય ૨જાઆદિ ગુણઠાણે હોય નહી માટે બીજા આદિ ગુણઠાણે આ ૪ પ્રકૃતિ બંધાય નહીં.

**विणु अणछवीस मीसे, बिसयरि सम्मंमि जिणनराउ जुआ ।**
**इय रयणाइसु भंगो, पंकाइसु तित्थयरहीणो ॥६॥**

बिसयरि = બોંત્તેર | जुआ = યુક્ત

**ગાથાર્થ–** અનંતાનુબંધી ચતુષ્ક આદિ છવીસ પ્રકૃતિ વિના મિશ્ર ગુણઠાણે સિત્તેર પ્રકૃતિ બાંધે છે. જિનનામ અને મનુષ્યાયુષ્ય સહિત અવિરત સમ્યક્દૃષ્ટિ ગુણઠાણે બોત્તેર પ્રકૃતિઓ બાંધે છે. આ ભાંગો (બંધ) રત્નપ્રભાદિ ત્રણ નારકીને આશ્રયી હોય છે. પંકપ્રભા આદિ ત્રણ નારકીને તીર્થંકર નામકર્મ વિના બંધ છે. ॥૬॥

**વિવેચન–** પ્રથમ ત્રણ નારકના જીવોને મિશ્રાદિમાં ન બંધાતી અનંતાનુબંધી આદિ-૨૫ એટલે અનંતાનુબંધી ૪ કષાય, મધ્યમનાં ૪ સંસ્થાન, મધ્યમનાં ૪ સંઘયણ, અશુભવિહાયોગતિ, નીચગોત્ર, સ્ત્રીવેદ, દુર્ભગત્રિક (દુર્ભગ, દુસ્વર, અનાદેય) થિણદ્ધિત્રિક (નિદ્રાનિદ્રા, પ્રચલાપ્રચલા, થિણદ્ધિ) તિર્યંચત્રિક (તિર્યંચગતિ, તિર્યંચ આનુપૂર્વી, તિર્યંચ આયુષ્ય)નો બંધવિચ્છેદ થાય છે. આ ૨૫ પ્રકૃતિઓનો બંધ અનંતાનુબંધીના ઉદયથી થાય છે. અનંતાનુબંધીનો ઉદય બીજા ગુણઠાણા સુધી છે માટે ત્રીજા આદિ ગુણ૦માં આ ૨૫ પ્રકૃતિનો બંધ થાય નહીં.

તેમજ મનુષ્યાયુષ્યનો અબંધ થાય છે. કારણકે મિશ્ર ગુણઠાણે જીવ મૃત્યુ પામે નહિ. અને મિશ્ર ગુણઠાણે જીવ આયુષ્ય બાંધે નહિં.

માટે આ ગુણઠાણે મનુષ્યાયુષ્યનો અબંધ કહ્યો છે.

આમ બીજા ગુણસ્થાકને અંતે ૨૬ પ્રકૃતિઓનો બંધવિચ્છેદ થવાથી ૩જા ગુણઠાણે ૭૦ પ્રકૃતિનો બંધ હોય છે.

### ૪થું ગુણઠાણું–

૩જા ગુણઠાણાને અંતે એકપણ પ્રકૃતિનો બંધવિચ્છેદ થતો નથી. પણ પહેલાં જે બે પ્રકૃતિનો અબંધ કહ્યો છે. એ બે પ્રકૃતિઓનો બંધ આ ગુણઠાણે થાય છે. (૧) જિનનામ (૨) મનુષ્યાયુષ્ય.

### (૧) જિનનામ–

જિનનામનો બંધ તત્પ્રાયોગ્ય સમ્યક્ત્વથી થાય છે. તત્પ્રાયોગ્ય સમ્યક્ત્વ પહેલી ત્રણ નરકના જીવોને હોય છે. તેથી આ ગુણઠાણામાં જિનનામનો બંધ થાય છે.

### (૨) મનુષ્યાયુષ્ય–

જો સમ્યગ્દૃષ્ટિ નારકો અને દેવો આયુષ્ય બાંધે તો મનુષ્યાયુષ્ય જ બાંધે છે. માટે નારકને ચોથા ગુણ૦માં મનુષ્યાયુષ્યનો બંધ ઘટે. તેથી આ પ્રકૃતિ અહીં ઉમેરવાથી ચોથા ગુણ૦માં ૭૨ પ્રકૃતિનો બંધ જાણવો. માર્ગણાઓમાં કર્મવાર પ્રકૃતિઓ જાણવા માટે દરેક માર્ગણામાં યંત્રમાં ગુણસ્થાનકવાર કર્મવાર પ્રકૃતિઓ લખેલ છે. તેમાંથી જાણવી.

**૧ થી ૩ નરક કર્મવાર બંધસ્વામિત્વ (નરક વિભાગ-૧)**

| ગુણ૦ | જ્ઞા૦ | દ૦ | વે૦ | મો૦ | આ૦ | નામ પિં. | પ્ર | ત્ર. | સ્થા. | કુલ | ગો | અં૦ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ઓઘે | ૫ | ૯ | ૨ | ૨૬ | ૨ | ૨૭ | ૭ | ૧૦ | ૬ | ૫૦ | ૨ | ૫ | ૧૦૧ |
| મિથ્યાત્વ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૨ | ૨૭ | ૬ | ૧૦ | ૬ | ૪૯ | ૨ | ૫ | ૧૦૦ |
| સાસ્વા૦ | ૫ | ૯ | ૨ | ૨૪ | ૨ | ૨૫ | ૬ | ૧૦ | ૬ | ૪૭ | ૨ | ૫ | ૯૬ |
| મિશ્ર | ૫ | ૬ | ૨ | ૧૯ | ૦ | ૧૪ | ૫ | ૧૦ | ૩ | ૩૨ | ૧ | ૫ | ૭૦ |
| અવિ૦ | ૫ | ૬ | ૨ | ૧૯ | ૧ | ૧૪ | ૬ | ૧૦ | ૩ | ૩૩ | ૧ | ૫ | ૭૨ |

**પંકપ્રભા આદિ ૩ થી ૬ નારકીને વિશે બંધસ્વામિત્વ–**

૪ થી ૬ નારકીના જીવો ભવસ્વભાવે જ જિનનામનો બંધ કરતા નથી. જિનનામ કર્મનો બંધ કર્યા પછી તીર્થંકર થનાર આત્મા ચોથી આદિ નરકમાં જતા નથી માટે ઓઘમાં જ જિનનામ આદિ ૨૦ પ્રકૃતિઓ વિના ૧૦૦ પ્રકૃતિઓ જાણવી.

કારણકે નારકીનાં જીવો ભવસ્વભાવે દેવ-નારક-એકેન્દ્રિય-વિકલેન્દ્રિયમાં જતા નથી તેના પ્રાયોગ્ય બંધ કરતા નથી. ૪ થી વિગેરે નરકના જીવો જિનનામ પણ બાંધે નહીં. કારણકે તીર્થંકરનો આત્મા ત્રણ નરક સુધી જ જાય છે. માટે ઓઘે તથા મિથ્યાત્વ ગુણઠાણે ૧૦૦ પ્રકૃતિ બાંધે છે.

૧ લા ગુણઠાણાને અંતે ૪ પ્રકૃતિનો અંત થાય છે. તેથી ૨જા ગુણઠાણે ૯૬ પ્રકૃતિઓ બંધાય છે.

આ ૪ પ્રકૃતિનો બંધ મિથ્યાત્વ હોતે છતે થાય છે. ૨ જા આદિ ગુણઠાણે મિથ્યાત્વ ન હોવાથી બંધ થાય નહીં.

૨ જા ગુણઠાણાને અંતે ૨૫ પ્રકૃતિનો બંધવિચ્છેદ (અંત) અને ૧ પ્રકૃતિનો અબંધ થવાથી ૩ જા ગુણઠાણે ૭૦ પ્રકૃતિનો બંધ થાય છે.

આ ૨૫ પ્રકૃતિઓનો બંધ અનંતાનુબંધીના ઉદયથી થાય છે. અનંતાનુબંધીનો ઉદય ૨જા ગુણઠાણા સુધી છે. તેથી ૩જા આદિ ગુણઠાણે ૨૫ પ્રકૃતિ બંધવિચ્છેદ થવાથી અને મિશ્ર ગુણઠાણે જીવ આયુષ્ય બાંધતો નથી. માટે મનુષ્યાયુષ્યનો અબંધ થાય છે તેથી મિશ્રગુણસ્થાનકે ૭૦ પ્રકૃતિઓ બંધાય છે.

૩જા ગુણઠાણાને અંતે એકપણ પ્રકૃતિનો બંધવિચ્છેદ થતો નથી. પરંતુ ચોથા ગુણ૦માં ૧ મનુષ્યાયુષ્ય બંધ થતો હોવાથી ૪ થા ગુણઠાણે ૭૧ પ્રકૃતિ બંધાય છે.

## પંકપ્રભાદિ ૩ નરકમાં કર્મવાર બંધસ્વામિત્વ (નરક વિભાગ-૨)

| ગુણ૦ | જ્ઞા૦ | દ૦ | વે૦ | મો૦ | આ૦ | નામ | | | | | ગો | અં૦ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | પિં. | પ્ર | ત્ર. | સ્થા. | કુલ | | | |
| ઓઘે | ૫ | ૯ | ૨ | ૨૬ | ૨ | ૨૭ | ૬ | ૧૦ | ૬ | ૪૯ | ૨ | ૫ | ૧૦૦ |
| મિથ્યાત્વ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૨ | ૨૭ | ૬ | ૧૦ | ૬ | ૪૯ | ૨ | ૫ | ૧૦૦ |
| સાસ્વા૦ | ૫ | ૯ | ૨ | ૨૪ | ૨ | ૨૫ | ૬ | ૧૦ | ૬ | ૪૭ | ૨ | ૫ | ૯૬ |
| મિશ્ર | ૫ | ૬ | ૨ | ૧૯ | ૦ | ૧૪ | ૫ | ૧૦ | ૩ | ૩૨ | ૧ | ૫ | ૭૦ |
| અવિ૦ | ૫ | ૬ | ૨ | ૧૯ | ૧ | ૧૪ | ૫ | ૧૦ | ૩ | ૩૨ | ૧ | ૫ | ૭૧ |

**अजिणमणुआउ ओहे, सत्तंमिए नरदुगुच्चविणु मिच्छे ।**
**इगनवइ सासाणे, तिरिआउ नपुंसचउवज्जं ॥७॥**

इगनवइ = એકાણું | सासाणे = સાસ્વાદને

**ગાથાર્થ–** સાતમી નારકીના જીવો ઓઘે જિનનામ અને મનુષ્યાયુઃવિના નવાણું પ્રકૃતિઓ બાંધે. મિથ્યાત્વે મનુષ્યદ્વિક અને ઉચ્ચગોત્ર વિના છન્નુ પ્રકૃતિઓ બાંધે. સાસ્વાદન ગુણઠાણે તિર્યંચાયુઃ અને નપુંસક ચતુષ્કવિના એકાણું પ્રકૃતિઓ બાંધે. ॥૭॥

**વિવેચન–** હવે તમસ્તમપ્રભા નામની સાતમીનારકીમાં બંધસ્વામિત્વ બતાવે છે. સાતમી નારકીના જીવો જિનનામ અને મનુષ્યાયુ વિના નવ્વાણું પ્રકૃતિઓ ઓઘે બાંધે.

કારણકે સાતમી નારકીના જીવો મરીને નિયમા ૫૦ ગ૦પંચેન્દ્રિય તિર્યંચમાં જ ઉત્પન્ન થાય છે. મનુષ્યગતિમાં પણ ઉત્પન્ન થતા નથી. તેથી મનુષ્યાયુઃ બાંધતા નથી.

જિનનામનો બંધ સમ્યક્ત્વ ગુણઠાણે થાય છે. સાતમી નારકીના જીવોને ૪ ગુણઠાણા હોય છે. પરંતુ જિનનામનો બંધ કરતા નથી કારણ કે

જિનનામના બંધને યોગ્ય અધ્યવસાયનો અભાવ હોવાથી તથાસ્વભાવે જિનનામ બાંધતા નથી. જિનનામની સત્તાવાળો જીવ પંકપ્રભાદિ ૪ નરકમાં ઉત્પન્ન થતા નથી. તેમજ જિનનામ બંધાતુ નથી. તેથી ૧ થી ૩ નરકમાં નહી બંધાતી ૧૯ અને આ બે એમ કુલ ૨૧ પ્રકૃતિનો બંધ ન હોવાથી સાતમીનારકીને ઓઘે ૯૯ પ્રકૃતિઓ બંધાય છે.

મિથ્યાત્વ ગુણઠાણે સાતમી નારકીના જીવો મનુષ્યદ્વિક અને ઉચ્ચગોત્ર વિના ૯૬ પ્રકૃતિ બાંધે છે. આ ૩ પ્રકૃતિ પુણ્ય પ્રકૃતિ હોવાથી વિશુદ્ધ અધ્યવસાયે બંધાય છે. તેવા પ્રકારના વિશુદ્ધ અધ્યવસાય સાતમી નારકીના જીવને ત્રીજા અને ચોથા ગુણઠાણે આવે છે. મિથ્યાત્વ અને સાસ્વાદન ગુણઠાણે તેવા પ્રકારની વિશુદ્ધિનો અભાવ હોવાથી મિથ્યાત્વે મનુષ્યદ્વિક અને ઉચ્ચગોત્ર એમ ૩ પ્રકૃતિ બંધાતી નથી. તેમજ

સાતમી નારકીના જીવો મરીને તિર્યંચગતિમાં જ ઉત્પન્ન થાય છે. મનુષ્ય થતા નથી. તેથી જ્યાં સુધી તિર્યંચગતિ પ્રાયોગ્ય બંધ થતો હોય ત્યાં સુધી મનુષ્યગતિ પ્રાયોગ્ય બંધ થાય નહી માટે મિથ્યા૦ અને સાસ્વાદને મનુષ્યદ્વિક અને ઉચ્ચગોત્ર બાંધતા નથી, તિર્યંચગતિની સાથે નીચગોત્રનો બંધ થાય છે. પરંતુ ઉચ્ચગોત્રનો બંધ હોય નહીં.

સાસ્વાદન ગુણઠાણે તિર્યંચાયુઃ અને નપુંસક ચતુષ્ક વિના ૯૧ પ્રકૃતિઓનો બંધ હોય છે.

નપુંસક ચતુષ્કનો બંધ મિથ્યાત્વના ઉદયથી થાય છે. મિથ્યાત્વનો ઉદય ૧ લે ગુણઠાણે હોય છે. ૨જા આદિ ગુણઠાણે મિથ્યાત્વનો ઉદય ન હોવાથી આ ૪ પ્રકૃતિ બંધાતી નથી.

સાતમી નારકીના જીવો પરભવાયુઃ ૧ લે ગુણઠાણે બાંધે છે. ૨ જા આદિ ગુણઠાણે તિર્યંચાયુઃના બંધને યોગ્ય પરિણામ ન હોય માટે તિર્યંચાયુઃનો બંધ ન હોય, તેથી પ્રથમ ગુણ૦માં જ તિર્યંચાયુ બંધાય છે.

સાતમી નારકના જીવો તિર્યંચમાં જ જાય છે અને મિથ્યાત્વે જ તિર્યંચાયુઃ બાંધે છે. તેથી સાસ્વાદનાદિ ગુણ૦માં આયુષ્યનો બંધ નથી. તેથી ૯૧ પ્રકૃતિ બંધાય.

**अणचउवीसविरहिआ, सनरदुगुच्चा य सयरि मीसदुगे ।**
**सत्तरसओ ओहि मिच्छे, पज्जतिरिया विणु जिणाहारं ॥८॥**

विरहिआ = છોડીને | मीसदुगे = મિશ્રદ્વિકે (મિશ્ર, અવિરત ગુણ૦)

**ગાથાર્થ–** અનંતાનુબંધી વિગેરે ચોવીસ પ્રકૃતિઓ વિના અને મનુષ્યદ્વિક અને ઉચ્ચગોત્ર સહિત સિત્તેર પ્રકૃતિઓ મિશ્રદ્વિકે (મિશ્રગુણ૦ અવિરત ગુણઠાણે) સાતમી નારકીના જીવો બાંધે. જિનનામ અને આહારકદ્વિક વિના એકસો સત્તર પ્રકૃતિઓ પર્યાપ્તા તિર્યંચ ઓઘે અને મિથ્યાત્વ ગુણઠાણે (૧૧૭) પ્રકૃતિઓ બાંધે છે. ॥૮॥

**વિવેચન–** સાતમી નારકીના જીવોને ૨જા ગુણઠાણાને અંતે અનંતાનુબંધી ૪ કષાય, મધ્યમના ૪ સંસ્થાન, મધ્યમના ૪ સંઘયણ, અશુભ વિહાયોગતિ, નીચગોત્ર, સ્ત્રીવેદ, દુર્ભગત્રિક, થીણદ્ધિત્રિક, ઉદ્યોત નામકર્મ તિર્યંચદ્વિક આ ૨૪ પ્રકૃતિનો બંધવિચ્છેદ થાય છે. અને મિશ્રાદિ ગુણ૦માં મનુષ્યદ્વિક અને ઉચ્ચગોત્રનો બંધ થતો હોવાથી ઉમેરતા ૭૦ પ્રકૃતિઓનો બંધ મિશ્ર તથા અવિરત ગુણઠાણે હોય છે.

સાતમી નરકમાં ચોથા ગુણ૦માં ઉપશમ અને ક્ષયોપશમ સમક્તિ હોય છે. ક્ષાયિક સમ્યક્ત્વ હોય નહીં.

આ ૨૪ પ્રકૃતિનો બંધ અનંતાનુબંધીના ઉદયથી થાય છે અને અનંતાનુબંધીનો ઉદય ૨ ગુણ૦ સુધી છે. ૩ જા આદિ ગુણઠાણે અનંતાનુબંધીનો ઉદય ન હોવાથી આ ૨૪ પ્રકૃતિનો બંધ સાતમી નારકીના જીવો ૩જા અને ૪ થા ગુણ૦માં કરતા નથી.

સાતમી નારકીના જીવો ૨જા ગુણઠાણા સુધી તિર્યંચગતિ પ્રાયોગ્ય જ બંધ કરે છે. દેવો અને નારકોને ૩જા - ૪થા ગુણઠાણે તિર્યંચ પ્રાયોગ્ય બંધ ન હોવાથી મનુષ્યગતિ પ્રાયોગ્ય બંધ કરે છે. કારણ કે ૧ થી ૮/૬ ભાગ સુધી ગતિ પ્રાયોગ્ય બંધ અવશ્ય હોય માટે ૩જા-૪થા ગુણ૦માં મનુષ્યદ્વિક બાંધે છે નીચગોત્રનો બંધ ૨જા ગુણઠાણા સુધી છે. ૩જા આદિ ગુણઠાણે નીચગોત્રનો બંધ ન થવાથી ઉચ્ચગોત્ર બંધાય છે. તેથી તે ત્રણ પ્રકૃતિ ઉમેરવાથી ૩જા-૪થા ગુણ૦માં સીત્તેર પ્રકૃતિઓ બંધાય છે.

**સાતમી નારકીના જીવોનું બંધસ્વામિત્વયંત્ર (નરક વિભાગ-૩)**

| ગુણ૦ | જ્ઞા૦ | દ૦ | વે૦ | મો૦ | આ૦ | | | નામ | | | ગો | અં૦ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | પિં. | પ્ર | ત્ર. | સ્થા. | કુલ | | | |
| ઓઘે | ૫ | ૯ | ૨ | ૨૬ | ૧ | ૨૭ | ૬ | ૧૦ | ૬ | ૪૯ | ૨ | ૫ | ૯૯ |
| મિથ્યાત્વ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૧ | ૨૫ | ૬ | ૧૦ | ૬ | ૪૭ | ૧ | ૫ | ૯૬ |
| સાસ્વા૦ | ૫ | ૯ | ૨ | ૨૪ | ૦ | ૨૩ | ૬ | ૧૦ | ૬ | ૪૫ | ૧ | ૫ | ૯૧ |
| મિશ્ર | ૫ | ૬ | ૨ | ૧૯ | ૦ | ૧૪ | ૫ | ૧૦ | ૩ | ૩૨ | ૧ | ૫ | ૭૦ |
| અવિ૦ | ૫ | ૬ | ૨ | ૧૯ | ૦ | ૧૪ | ૫ | ૧૦ | ૩ | ૩૨ | ૧ | ૫ | ૭૦ |

**૫૦ ગ૦ પં૦ તિર્યંચગતિને વિષે બંધસ્વામિત્વ–**

પર્યાપ્તા પં. તિર્યંચોને દેશવિરતિ સુધીના ૧ થી ૫ ગુણસ્થાનક હોય છે. કારણકે– પૂર્વભવમાં દેશવિરતિ કે સર્વવિરતિની આરાધના કરી અંતે વિરાધના થઈ જાય અને તે વખતે જો આયુષ્ય બંધાય તો કોઈક જીવો તિર્યંચનું આયુષ્ય બાંધી સ્વયંભૂરમણ જેવા સમુદ્રોમાં માછલા આદિરૂપે ઉત્પન્ન થાય.

સમુદ્રમાં અનેક આકૃતિવાળા માછલા હોય. તેમાં જિનપ્રતિમાના જેવાં આકારવાળાં માછલાં જોઈ કોઈ મત્સ્ય ઉહાપોહ કરતાં આવું મેં ક્યાંક જોયું છે. આમ વિચારતાં વિચારતાં જાતિસ્મરણ જ્ઞાન થાય અને પૂર્વભવની

કરેલી આરાધનાના કારણે સમ્યક્ત્વ અને દેશવિરતિ પામી જાય. ભાવથી અતિથિસંવિભાગ સિવાયનાં ૧૧ વ્રત સ્વીકારી શકે છે. એ રીતે તિર્યંચમાં મિથ્યાત્વથી દેશવિરતિ સુધીનાં પાંચ ગુણસ્થાનક હોય.

પં. તિર્યંચને ઓઘે આહારકદ્વિ અને જિનનામ વિના ૧૧૭ પ્રકૃતિનો બંધ હોય.

**આહારકદ્વિક**– તિર્યંચોને સંયમ ન હોય. તેથી આહારકદ્વિકનો બંધ ન હોય.

**જિનનામ**– તિર્યંચો ભવ સ્વભાવે જિનનામ ન બાંધે.

મિથ્યાત્વે અને સાસ્વાદને ૧૧૭ અને ૧૦૧ પ્રકૃતિનો બંધ કર્મસ્તવની જેમ જાણવો. જે આગળની ગાથામાં જણાવેલ છે.

**विणु निरयसोल सासणि सुराउअणएगतीस विणुमीसे ।**
**ससुराउ सयरि सम्मे, बीयकसाए विणा देसे ॥९।**

ससुराउ = દેવાયુઃસહિત | विणा = વગર

**ગાથાર્થ**– પર્યાપ્તા તિર્યંચ પંચેન્દ્રિય સાસ્વાદન ગુણઠાણે નરકત્રિકાદિ ૧૬ પ્રકૃતિ વિના ૧૦૧ કર્મપ્રકૃતિ બાંધે છે. મિશ્ર ગુણઠાણે દેવાયુઃ અને અનંતાનુબંધી આદિ ૩૧ પ્રકૃતિ વિના ૬૯ પ્રકૃતિનો બંધ છે. અવિરત સમ્યગ્દૃષ્ટિ ગુણઠાણે દેવાયુઃ સહિત ૭૦ કર્મપ્રકૃતિનો બંધ છે. દેશવિરતિ ગુણઠાણે અપ્રત્યાખ્યાનીય ૪ કષાય વિના ૬૬ પ્રકૃતિનો બંધ છે. ॥૯॥

**વિવેચન**– પર્યાપ્તા તિર્યંચ પંચેન્દ્રિય માર્ગણાવાળા જીવો મિથ્યાત્વે ૧૧૭ પ્રકૃતિ બાંધે છે. મિથ્યાત્વના અંતે નરકત્રિકાદિ ૧૬ પ્રકૃતિનો બંધવિચ્છેદ થવાથી ૨જા ગુણઠાણે ૧૦૧ પ્રકૃતિનો બંધ છે.

આ ૧૬ પ્રકૃતિનો બંધ મિથ્યાત્વના ઉદયથી થાય છે. મિથ્યાત્વનો ઉદય ૧લા ગુણઠાણે છે. ૨જા આદિ ગુણઠાણે ઉદય ન હોવાથી આ ૧૬ પ્રકૃતિઓ બંધાતી નથી.

૨જા ગુણઠાણાને અંતે અનંતાનુબંધી આદિ ૩૧નો બંધવિચ્છેદ થવાથી મિશ્ર ગુણઠાણે ૬૯ પ્રકૃતિ બાંધે છે. અનંતાનુબંધી આદિ ૨૫ પ્રકૃતિનો બંધ અનંતાનુબંધીના ઉદયથી થાય છે અને અનંતા૦નો ઉદય ૨જા ગુણઠાણા સુધી છે. ૩જા આદિ ગુણઠાણે ઉદય ન હોવાથી આ ૨૫ પ્રકૃતિનો બંધ થતો નથી.

મનુષ્ય-તિર્યંચો મિશ્રાદિ ગુણઠાણે વિશુદ્ધ પરિણામવાળા હોવાથી દેવગતિ પ્રાયોગ્ય જ બંધ કરે છે. તેથી મનુષ્યગતિ પ્રાયોગ્ય મનુષ્યત્રિક, ઔદારિકદ્વિક, વજ્રઋષભનારાચ સંઘયણ– આ ૬ પ્રકૃતિનો બંધ મિશ્રાદિ ગુણઠાણે કરતા નથી. તેથી છ પ્રકૃતિઓનો બંધ પણ ન હોય.

મિશ્ર ગુણસ્થાનકે જીવ તથાસ્વભાવે આયુષ્ય બાંધતો નથી. મિશ્ર ગુણઠાણે જીવ મૃત્યુ પામે નહીં માટે આયુષ્યસહિત ૩૨ પ્રકૃતિ સાસ્વાદનના ૧૦૧ના બંધમાંથી ઓછી કરવાથી મિશ્રગુણ૦માં ૬૯ પ્રકૃતિ બંધાય.

અવિરત સમ્યક્ત્વ ગુણઠાણે ઘોલમાન પરિણામનો સદ્ભાવ હોવાથી આયુષ્યનો બંધ ઘટી શકે છે. તેથી સમ્યગ્દૃષ્ટિ તિર્યંચો દેવાયુનો બંધ કરે. તેથી આ ગુણઠાણે ૭૦ પ્રકૃતિઓનો બંધ સંભવે છે.

ચોથા ગુણઠાણાને અંતે બીજા કષાયનો બંધવિચ્છેદ થવાથી દેશવિરતિ ગુણઠાણે ૬૬ પ્રકૃતિઓનો બંધ છે.

અપ્રત્યાખ્યાની કષાયનો બંધ અપ્રત્યાખ્યાની કષાયના ઉદયથી થાય છે. અપ્રત્યાખ્યાની કષાયનો ઉદય ન હોય તો જ દેશવિરતિ ગુણઠાણું આવી શકે છે માટે દેશવિરતિ ગુણઠાણે ઉદય ન હોય તેથી બંધ પણ ન હોય એટલે ૬૬ પ્રકૃતિઓ પર્યાપ્તા તિર્યંચો બાંધે છે.

## ૫૦ પં. તિર્યંચનું બંધસ્વામિત્વનું યંત્ર

| ગુણ૦ | જ્ઞા૦ | દ૦ | વે૦ | મો૦ | આ૦ | નામ | | | | | ગો | અં૦ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | પિં. | પ્ર | ત્ર. | સ્થા. | કુલ | | | |
| ઓઘે | ૫ | ૯ | ૨ | ૨૬ | ૪ | ૩૭ | ૭ | ૧૦ | ૧૦ | ૬૪ | ૨ | ૫ | ૧૧૭ |
| મિથ્યાત્વ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૪ | ૩૭ | ૭ | ૧૦ | ૧૦ | ૬૪ | ૨ | ૫ | ૧૧૭ |
| સાસ્વા૦ | ૫ | ૯ | ૨ | ૨૪ | ૩ | ૨૯ | ૬ | ૧૦ | ૬ | ૫૧ | ૨ | ૫ | ૧૦૧ |
| મિશ્ર | ૫ | ૬ | ૨ | ૧૯ | ૦ | ૧૩ | ૫ | ૧૦ | ૩ | ૩૧ | ૧ | ૫ | ૬૯ |
| અવિ૦ | ૫ | ૬ | ૨ | ૧૯ | ૧ | ૧૩ | ૫ | ૧૦ | ૩ | ૩૧ | ૧ | ૫ | ૭૦ |
| દેશવિરતે | ૫ | ૬ | ૨ | ૧૫ | ૧ | ૧૩ | ૫ | ૧૦ | ૩ | ૩૧ | ૧ | ૫ | ૬૬ |

**इय चउगुणेसुवि नरा, परमजया सजिण ओहु देसाई ।**
**जिणइक्कारसहीणं नवसय अपज्जत्त तिरियनरा ॥ १० ॥**

परम = પરંતુ | अजया = અવિરત ગુણઠાણું

**ગાથાર્થ–** મનુષ્યગતિ માર્ગણામાં એ જ પ્રમાણે (પર્યાપ્તા તિર્યંચ-પંચેન્દ્રિયની જેમ) ૪ ગુણઠાણા સુધી બંધસ્વામિત્વ જાણવું. પરંતુ ઓઘે અને અવિરત સમ્ય૦ગુણઠાણા આદિ ગુણ૦માં જિનનામ સહિત બંધ છે. દેશવિરતિ આદિ ગુણઠાણાથી ઓઘબંધ જાણવો તથા લબ્ધિ અપર્યાપ્તા તિર્યંચ-મનુષ્યો જિનનામ આદિ ૧૧ પ્રકૃતિ વિના ૧૦૯ પ્રકૃતિ બાંધે છે. ॥૧૦॥

**વિવેચન–** મનુષ્યગતિ માર્ગણાએ ૧૪ ગુણસ્થાનક હોય છે. ઓઘે ૧૨૦, મિથ્યાત્વે ૧૧૭, સાસ્વાદને ૧૦૧, મિશ્રે ૬૯, અવિરત સમ્ય૦ ૭૧, અહીં તિર્યંચો કરતાં ચોથા આદિ ગુણ૦માં જિનનામ સહિત બંધ જાણવો.

અહીં કર્મસ્તવ કરતાં ત્રીજા-ચોથા ગુણ૦માં અનુક્રમે પાંચ અને છ પ્રકૃતિનો તફાવત છે કારણ કે ૩જા આદિ ગુણસ્થાનકમાં મનુષ્યો દેવગતિ પ્રાયોગ્ય જ બંધ કરે, પરંતુ મનુષ્યગતિ પ્રાયોગ્ય બંધ કરે નહિ તેથી

મનુષ્યદ્વિક, ઔદારિદ્વિક, વજ્રઋષભનારાચ સંઘયણ, આ પાંચ પ્રકૃતિ પણ ન બંધાય. આ રીતે કર્મસ્તવ કરતાં મિશ્ર ગુણઠાણે પાંચ પ્રકૃતિનો તફાવત જાણવો અને અવિરત સમ્યગ્દષ્ટિ ગુણ૦માં મનુષ્યત્રિક, ઔ૦દ્વિક અને વજ્રઋષભનારાચ સંઘયણ આ છ પ્રકૃતિ વિના ૭૧ પ્રકૃતિ મનુષ્યોને બંધમાં હોય છે. દેશવિરતિ આદિ ગુણ૦માં કર્મસ્તવની જેમ ઓઘ બંધ છે. એટલે કે દેશવિરતિમાં ૬૭, પ્રમત્તે-૬૩, અપ્રમત્તે-૫૯/૫૮ અપૂર્વકરણે ૫૮-૫૬-૨૬, અનિવૃત્તિકરણે ૨૨,૨૧,૨૦,૧૯,૧૮ સૂક્ષ્મસંપરાયે-૧૭ ઉપશાંતમોહ, ક્ષીણમોહ, સયોગી કેવલીએ ૧ પ્રકૃતિનો બંધ કરે છે.

**લબ્ધિ અપર્યાપ્ત તિર્યંચ-મનુષ્યને વિશે બંધસ્વામિત્વ–**

અપર્યાપ્તા તિર્યંચ અને મનુષ્યોને ૧લું જ ગુણસ્થાનક હોય છે. કારણકે લબ્ધિ અપ૦તિર્યંચ અને મનુષ્યમાં સાસ્વાદન ગુણ૦ લઈને જવાય નહીં.

લબ્ધિ અપર્યાપ્તા તિર્યંચ અને મનુષ્યો જિનનામકર્માદિ ૧૧ પ્રકૃતિ વિના ૧૦૯ પ્રકૃતિનો બંધ કરે છે.

જિનનામનો બંધ તત્પ્રાયોગ્ય સમ્યક્ત્વથી થાય છે. અપર્યાપ્તા તિર્યંચ અને મનુષ્યને સમ્યક્ત્વ ન હોવાથી જિનનામનો બંધ હોય નહીં.

આહારકદ્વિકનો બંધ તત્પ્રાયોગ્ય સંયમથી થાય છે. આ જીવોને સંયમ ન હોવાથી આહારકદ્વિકનો બંધ પણ હોય નહીં.

લબ્ધિ અપર્યાપ્તા મિથ્યા૦ તિર્યંચ અને મનુષ્યો દેવ કે નારકમાં ઉત્પન્ન થાય નહિ તેથી દેવ કે નારક પ્રાયોગ્ય બંધ કરતા નથી, માટે દેવત્રિક, નરકત્રિક અને વૈક્રિયદ્વિકનો બંધ કરતા નથી.

આ રીતે જિનનામ, આહારકદ્વિક અને વૈક્રિયાષ્ટક વિના ૧૦૯ પ્રકૃતિનો બંધ લબ્ધિ અપર્યાપ્તા તિર્યંચ અને મનુષ્યોને જાણવો.

## લબ્ધિ અપ૦ તિર્યંચ મનુષ્યનું બંધસ્વામિત્વનું યંત્ર

| ગુણ૦ | જ્ઞા૦ | દ૦ | વે૦ | મો૦ | આ૦ | નામ પિં. | નામ પ્ર | નામ ત્ર. | નામ સ્થા. | નામ કુલ | ગો | અં૦ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ઓઘે | ૫ | ૯ | ૨ | ૨૬ | ૨ | ૩૧ | ૭ | ૧૦ | ૧૦ | ૫૮ | ૨ | ૫ | ૧૦૯ |
| મિથ્યાત્વ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૨ | ૩૧ | ૭ | ૧૦ | ૧૦ | ૫૮ | ૨ | ૫ | ૧૦૯ |

**દેવગતિને વિશે બંધસ્વામિત્વ–**

**निरयव्व सुरा नवरं, ओहे मिच्छे इगिंदितिगसहिया ।**
**कप्पदुगे विय एवं, जिणहीणो जोइ—भवण-वणे ॥११॥**

| | |
|---|---|
| निरयव्व = નારકીની જેમ | वि = પણ |
| कप्पदुगे = બે દેવલોકમાં | नवरं = પરંતુ |

**ગાથાર્થ–** નરકગતિની જેમ પહેલા બે દેવલોકના દેવો બંધ કરે છે. પરંતુ ઓઘે અને મિથ્યાત્વે એકેન્દ્રિયત્રિક સહિત બંધ જાણવો અને જ્યોતિષ ભવનપતિ-વ્યંતરદેવોમાં જિનનામરહિત બંધ જાણવો. ॥૧૧॥

**વિવેચન–** દેવગતિ માર્ગણામાં બંધસ્વામિત્વ પાંચ વિભાગમાં કહેવામાં આવશે. તેમાં પ્રથમ સૌધર્મ-ઈશાન દેવલોકમાં જણાવે છે. ત્યાં નરકની જેમ સામાન્યથી બંધ છે. નરકની જેમ દેવો પણ દેવ કે નરકમાં ઉત્પન્ન થતા નથી. તેથી દેવત્રિક, નરકત્રિક,, વૈક્રિયદ્વિક એ આઠ પ્રકૃતિ બાંધતા નથી. આહારકદ્વિક સંયમથી બંધાય છે. દેવોને સંયમ ન હોવાથી આહારકદ્વિકનો બંધ કરતા નથી તેમજ દેવો મરીને સૂક્ષ્માદિ એકેન્દ્રિય કે વિકલેન્દ્રિયમાં ઉત્પન્ન થતા નથી. તેથી સૂક્ષ્મત્રિક, વિકલેન્દ્રિયત્રિક બાંધતા નથી.

તેમજ નારકો મરીને એકેન્દ્રિયમાં ઉત્પન્ન થતા નથી. પરંતુ દેવો મરીને બાદર પ૦ એકેન્દ્રિયમાં ઉત્પન્ન થાય છે. દેવોને વિમાન અને

આભરણ વિગેરેના રત્નોમાં વાપિકાઆદિના જલ અને કમલ વિગેરેમાં આસક્તિ થવાથી ૫૦ બાદર પૃથ્વીકાય ૫૦ બાદર અપ્કાય, ૫૦ પ્રત્યેક વનસ્પતિકાયમાં ઉત્પન્ન થાય, તેથી એકેન્દ્રિય પ્રાયોગ્ય બંધ કરે, માટે એકેન્દ્રિય, સ્થાવર, આતપ-આ ૩ પ્રકૃતિ વધારે બાંધે છે. જેથી ઓઘે ૧૦૪ પ્રકૃતિનો બંધ કહ્યો છે. મિથ્યાત્વે જિનનામ વિના ૧૦૩ પ્રકૃતિ બંધમાં જાણવી. સાસ્વાદને ૯૬ પ્રકૃતિ નરકની જેમ જાણવી. નપુંસક ચતુષ્ક અને એકેન્દ્રિયત્રિક મિથ્યાત્વના ઉદયથી બંધાય છે. મિથ્યાત્વનો ઉદય ૧લા ગુણઠાણા સુધી હોવાથી ૨જા આદિ ગુણઠાણે આ ૭ પ્રકૃતિઓ બંધાતી નથી. તેથી સાત પ્રકૃતિ વિના સાસ્વાદન ગુણ૦માં ૯૬ પ્રકૃતિનો બંધ જાણવો. સાસ્વાદન ગુણ૦ને અંતે અનંતાનુબંધથી આદિ ૨૫ પ્રકૃતિઓનો બંધ વિચ્છેદ અને મનુષ્યાયુનો અબંધ થવાથી મિશ્ર ગુણસ્થાનકે ૭૦ પ્રકૃતિ બાંધે છે. આ ૨૫ પ્રકૃતિના બંધવિચ્છેદનું કારણ રત્નપ્રભા-પંકપ્રભા આદિની જેમ તથા મિશ્રે આયુષ્ય બંધાતું ન હોવાથી મનુષ્યાયુનો બંધ કરતો નથી.

૪ થે ગુણઠાણે મનુષ્યાયુ અને જિનનામનો બંધ થવાથી ૭૨ પ્રકૃતિ બાંધે છે.

આ રીતે સૌધર્મ અને ઈશાન દેવલોકના દેવોને વિશે બંધ જાણવો.

### સૌધર્મ-ઈશાન દેવલોકમાં બંધસ્વામિત્વનું યંત્ર (દેવ વિભાગ-૧)

| ગુણ૦ | જ્ઞા૦ | દ૦ | વે૦ | મો૦ | આ૦ | નામ | | | | | ગો | અં૦ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | પિં. | પ્ર | ત્ર. | સ્થા. | કુલ | | | |
| ઓઘે | ૫ | ૯ | ૨ | ૨૬ | ૨ | ૨૮ | ૮ | ૧૦ | ૭ | ૫૩ | ૨ | ૫ | ૧૦૪ |
| મિથ્યાત્વ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૨ | ૨૮ | ૭ | ૧૦ | ૭ | ૫૨ | ૨ | ૫ | ૧૦૩ |
| સાસ્વા૦ | ૫ | ૯ | ૨ | ૨૪ | ૨ | ૨૫ | ૬ | ૧૦ | ૬ | ૪૭ | ૨ | ૫ | ૯૬ |
| મિશ્ર | ૫ | ૬ | ૨ | ૧૯ | ૦ | ૧૪ | ૫ | ૧૦ | ૩ | ૩૨ | ૧ | ૫ | ૭૦ |
| અવિ૦ | ૫ | ૬ | ૨ | ૧૯ | ૧ | ૧૪ | ૬ | ૧૦ | ૩ | ૩૩ | ૧ | ૫ | ૭૨ |

**ભવનપતિ-વ્યંતર-જ્યોતિષ દેવોમાં બંધસ્વામિત્વ–**

ભવનપતિ-વ્યંતર-જ્યોતિષ દેવોને સૌધર્મ-ઈશાન દેવલોકનાદેવોની જેમ બંધ છે. પરંતુ તેઓ જિનનામ બાંધતા નથી. કારણકે ભવસ્વભાવે જિનનામને યોગ્ય વિશુદ્ધ અધ્યવસાયવાળો જીવ આ દેવોમાં ઉત્પન્ન થતો નથી. માટે ઓઘે તથા મિથ્યાત્વે ૧૦૩, સાસ્વાદને ૯૬, મિશ્ર ગુ.૭૦, અવિરત સમ્યo ગુ.૭૧ પ્રકૃતિનો બંધ કરે છે. એટલે ઓઘ-મિથ્યાત્વ ગુણo અને અવિરત સમ્યગ્દૃષ્ટિ ગુણoમાં જિનનામ વિના સૌધર્મ-ઈશાનની જેમ બંધ જાણવો.

**ભવનપતિ-વ્યંતર-જ્યોતિષનું બંધસ્વામિત્વનું યંત્ર (દેવ વિભાગ-૨)**

| ગુણo | જ્ઞાo | દo | વેo | મોo | આo | નામકર્મ | | | | | ગો | અંo | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | પિં. | પ્ર | ત્ર. | સ્થા. | કુલ | | | |
| ઓઘે | ૫ | ૯ | ૨ | ૨૬ | ૨ | ૨૮ | ૭ | ૧૦ | ૭ | ૫૨ | ૨ | ૫ | ૧૦૩ |
| મિથ્યાત્વ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૨ | ૨૮ | ૭ | ૧૦ | ૭ | ૫૨ | ૨ | ૫ | ૧૦૩ |
| સાસ્વાo | ૫ | ૯ | ૨ | ૨૪ | ૨ | ૨૫ | ૬ | ૧૦ | ૬ | ૪૭ | ૨ | ૫ | ૯૬ |
| મિશ્ર | ૫ | ૬ | ૨ | ૧૯ | ૦ | ૧૪ | ૫ | ૧૦ | ૩ | ૩૨ | ૧ | ૫ | ૭૦ |
| અવિo | ૫ | ૬ | ૨ | ૧૯ | ૧ | ૧૪ | ૫ | ૧૦ | ૩ | ૩૨ | ૧ | ૫ | ૭૧ |

**रयणुव्व सणंकुमाराइ, आणयाई उज्जोय चउरहिया ।**
**अपज्ज तिरियव्व नवसयमिगिंदि पुढविजलतरुविगले ॥१२॥**

| | |
|---|---|
| आणयाई = આનતાદિ | नवसय = એકસો નવ |
| मिगिंदि = એકેન્દ્રિય | तरु = વનસ્પતિકાય |

**ગાથાર્થ–** રત્નપ્રભા નારકીની જેમ સનત્કુમારાદિ દેવો બંધ કરે છે. તેમજ આનતાદિ દેવો ઉદ્યોતચતુષ્ક વિના તે જ પ્રમાણે બંધ કરે છે. તથા એકેન્દ્રિય, પૃથ્વીકાય, અપ્કાય, વનસ્પતિકાય અને વિકલેન્દ્રિય માર્ગણાવાળા જીવો અપર્યાપ્તા તિર્યંચની જેમ ઓઘે ૧૦૯ કર્મપ્રકૃતિ બાંધે છે. ॥૧૨॥

**વિવેચન**– સનત્કુમારથી સહસ્રાર સુધીના દેવો રત્નપ્રભાદિ ૩ નારકીની જેમ જ બંધ કરે છે. કારણકે સનત્કુમારાદિ દેવો પહેલા ૨ દેવલોક કરતાં વિશુદ્ધ અધ્યવસાયવાળા હોવાથી રત્નો, વાવડીઓ અને કમળોમાં આસક્ત થતાં ન હોવાથી એકેન્દ્રિયત્રિકનો બંધ કરતા નથી. તેથી સનત્કુમારાદિ દેવો રત્નપ્રભા નારકીની જેમ દેવદ્વિકાદિ ૧૯ વિના ઓઘે ૧૦૧, મિથ્યાત્વ ગુણ૦માં જિનનામ વિના ૧૦૦, સાસ્વાદન ગુણ૦માં નપુંસક ચતુષ્કવિના ૯૬નો બંધ અને મિશ્ર ગુણ૦માં અનંતાનુબંધી આદિ ૨૬ વિના ૭૦નો બંધ અને અવિરત સમ્ય૦માં ગુણ૦ જિનનામ અને મનુષ્યાયુ સહિત ૭૨ પ્રકૃતિનો બંધ કરે છે. અહીં ઓઘે અને મિથ્યાત્વાદિ ગુણ૦માં ન બંધાતી પ્રકૃતિઓનાં કારણ રત્નપ્રભાનરકની જેમ જાણવા.

## સનત્કુમારાદિને વિશે બંધસ્વામિત્વનું યંત્ર (દેવ વિભાગ-૩)

| ગુણ૦ | જ્ઞા૦ | દ૦ | વે૦ | મો૦ | આ૦ | નામકર્મ | | | | | ગો | અં૦ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | પિં. | પ્ર | ત્ર. | સ્થા. | કુલ | | | |
| ઓઘે | ૫ | ૯ | ૨ | ૨૬ | ૨ | ૨૭ | ૭ | ૧૦ | ૬ | ૫૦ | ૨ | ૫ | ૧૦૧ |
| મિથ્યાત્વ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૨ | ૨૭ | ૬ | ૧૦ | ૬ | ૪૯ | ૨ | ૫ | ૧૦૦ |
| સાસ્વા૦ | ૫ | ૯ | ૨ | ૨૪ | ૨ | ૨૫ | ૬ | ૧૦ | ૬ | ૪૭ | ૨ | ૫ | ૯૬ |
| મિશ્ર | ૫ | ૬ | ૨ | ૧૯ | ૦ | ૧૪ | ૫ | ૧૦ | ૩ | ૩૨ | ૧ | ૫ | ૭૦ |
| અવિ૦ | ૫ | ૬ | ૨ | ૧૯ | ૧ | ૧૪ | ૬ | ૧૦ | ૩ | ૩૩ | ૧ | ૫ | ૭૨ |

### આનતાદિ દેવો વિશે બંધસ્વામિત્વ–

આનતાદિ દેવો નિયમા મનુષ્યગતિમાં જ ઉત્પન્ન થાય છે. તિર્યંચગતિમાં ઉત્પન્ન થતા નથી માટે તિર્યંચગતિ પ્રાયોગ્ય ઉદ્યોત ચતુષ્કનો બંધ કરતા નથી તેથી ઓઘે ૧૦૧માંથી ઉદ્યોતચતુષ્ક વિના ૯૭નો બંધ જાણવો. જિનનામ વિના મિથ્યાત્વે ૯૬નો બંધ, નપુંસકચતુષ્કવિના સાસ્વાદન ગુણ૦માં ૯૨નો બંધ અને મિશ્ર ગુણ૦માં અનંતાનુબંધી આદિ ૨૧ અને મનુષ્યાયુઃ વિના ૭૦ પ્રકૃતિનો બંધ છે. તથા જિનનામ અને મનુષ્યાયુઃ સહિત

૭૨નો બંધ અવિરત સમ્ય૦ ગુણઠાણે જાણવો. અહીં નહીં બંધાતી બાકીની પ્રકૃતિના બંધવિચ્છેદનું કારણ સૌધર્મદેવલોક આદિની જેમ જાણવું.

## આનતાદિ દેવોને વિષે બંધસ્વામિત્વનું યંત્ર (દેવ વિભાગ-૪)

| ગુણ૦ | જ્ઞા૦ | દ૦ | વે૦ | મો૦ | આ૦ | નામકર્મ | | | | | ગો | અં૦ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | પિં. | પ્ર | ત્ર. | સ્થા. | કુલ | | | |
| ઓઘે | ૫ | ૯ | ૨ | ૨૬ | ૧ | ૨૫ | ૬ | ૧૦ | ૬ | ૪૭ | ૨ | ૫ | ૯૭ |
| મિથ્યાત્વ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૧ | ૨૫ | ૫ | ૧૦ | ૬ | ૪૬ | ૨ | ૫ | ૯૬ |
| સાસ્વા૦ | ૫ | ૯ | ૨ | ૨૪ | ૧ | ૨૩ | ૫ | ૧૦ | ૬ | ૪૪ | ૨ | ૫ | ૯૨ |
| મિશ્ર | ૫ | ૬ | ૨ | ૧૯ | ૦ | ૧૪ | ૫ | ૧૦ | ૩ | ૩૨ | ૧ | ૫ | ૭૦ |
| અવિ૦ | ૫ | ૬ | ૨ | ૧૯ | ૧ | ૧૪ | ૬ | ૧૦ | ૩ | ૩૩ | ૧ | ૫ | ૭૨ |

### અનુત્તરદેવોમાં બંધસ્વામિત્વ–

અનુત્તર વિમાનમાં રહેલા દેવો સમ્યગ્દષ્ટિ જ હોય છે તેથી તેમને ૪ થું ગુણઠાણુ હોય છે. ત્યાં ઓઘે અને અવિરત સ૦ગુણ૦માં ૭૨ પ્રકૃતિનો બંધ, જાણવો.

## અનુત્તરદેવોના બંધસ્વામિત્વનું યંત્ર (દેવ વિભાગ-૫)

| ગુણ૦ | જ્ઞા૦ | દ૦ | વે૦ | મો૦ | આ૦ | નામકર્મ | ગો | અં૦ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ઓઘે | ૫ | ૬ | ૨ | ૧૯ | ૧ | ૩૩ | ૧ | ૫ | ૭૨ |
| અવિ૦ | ૫ | ૬ | ૨ | ૧૯ | ૧ | ૩૩ | ૧ | ૫ | ૭૨ |

આ રીતે દેવગતિમાં પાંચ વિભાગમાં બંધ જણાવ્યો છે.

### ઈન્દ્રિય અને કાયમાર્ગણામાં બંધસ્વામિત્વ–

એકેન્દ્રિયાદિ પાંચ ભેદ ઈન્દ્રિય માર્ગણાના છે. પૃથ્વીકાયાદિ છ પ્રકારે કાયમાર્ગણા છે.

તેમાંથી સૌ પ્રથમ એકેન્દ્રિય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય, પૃથ્વીકાય, અપ્કાય, વનસ્પતિકાય... આ સાત માર્ગણાનું બંધસ્વામિત્વ સમાન હોવાથી સાથે જણાવે છે.

આ સાત માર્ગણામાં જિનનામ વિગેરે અગ્યાર પ્રકૃતિઓ વિના ઓઘે અને મિથ્યાત્વે ૧૦૯ પ્રકૃતિઓનો બંધ જાણવો.

એકેન્દ્રિય વિકલેન્દ્રિય પૃથ્વીકાય-અપ્કાય-વનસ્પતિકાયમાં સાસ્વાદન ગુણ૦ પણ સંભવે છે. કારણકે ઈશાન સુધીના દેવો-આસક્તિથી એકેન્દ્રિયનું મનુષ્યો અને તિર્યંચ એકે૦ તથા વિકલેન્દ્રિયનું આસક્તિના કારણે આયુષ્ય બાંધે. અંતે ધર્મ પામે. ઉપશમ સમ્યક્ત્વ પામે તો મરતી વખતે ઉપ૦સમ્યક્ત્વ વમી સાસ્વાદન લઈને એકેન્દ્રિયાદિમાં ઉત્પન્ન થાય. તે અપેક્ષાએ જઘન્યથી ૧ સમય ઉત્કૃષ્ટથી છ આવલિકા સુધી હોય, પછી મિથ્યાત્વ પામે. આ રીતે ભવાન્તરમાંથી લઈને આવેલ સાસ્વાદન ગુણ૦ ઘટી શકે છે.

આ પ્રમાણે આ માર્ગણાઓમાં પહેલા બે ગુણઠાણા હોય છે. જિનનામનો બંધ તત્પ્રાયોગ્ય સમ્યક્ત્વથી થાય છે. આ માર્ગણાઓમાં સમ્યક્ત્વ ન હોવાથી જિનનામનો બંધ થતો નથી. તથા આહારકદ્વિકનો બંધ તત્પ્રાયોગ્ય સંયમથી થાય છે. આ માર્ગણાઓમાં સંયમ ન હોવાથી આહારકદ્વિકનો બંધ નથી.

એકેન્દ્રિયાદિ સાત માર્ગણાવાળા જીવો મરીને દેવ કે નરકગતિમાં જતા નથી. તેથી તેના પ્રાયોગ્ય દેવત્રિક, નરકત્રિક અને વૈક્રિયદ્વિક એ આઠ પ્રકૃતિઓ બાંધતાં નથી. અર્થાત્ એકેન્દ્રિય-વિક્લેન્દ્રિય જીવો મરીને મનુષ્ય તિર્યંચમાં જ જાય છે અને તેના પ્રાયોગ્ય જ બંધ કરે છે. તેથી ૧૧ પ્રકૃતિ વિના ઓઘે અને મિથ્યાત્વે ૧૦૯નો બંધ કરે છે.

**छनवइ सासणि विणु सुहुम तेर केइ पुण बिंति चउनवइ ।**
**तिरियनराऊहिं विणा, तणुपज्जतिं न जंति जओ ॥१३॥**

| | |
|---|---|
| छनवइ = છન્નુ | केइ = કેટલાક આચાર્યો |
| पुण = વળી | न जंति = પૂરી કરતા નથી |
| बिंति = કહે છે | जओ = કારણ કે |

**ગાથાર્થ–** આ સાત માર્ગણાવાળા જીવો સાસ્વાદન ગુણઠાણે સૂક્ષ્મ નામકર્માદિ ૧૩ પ્રકૃતિ વિના ૯૬ પ્રકૃતિનો બંધ કરે છે. કેટલાક આચાર્ય ભગવંત આ ગુણઠાણે તિર્યંચાયુઃ અને મનુષ્યાયુઃ વિના ૯૪ પ્રકૃતિઓનો બંધ કહે છે. કારણકે સાસ્વાદન ગુણઠાણામાં વર્તતો જીવ શરીર પર્યાપ્તિ એ પર્યાપ્તા થાય નહીં. (તેથી આયુષ્યનો બંધ સંભવે નહી.) ॥ ૧૩ ॥

**વિવેચન–** એકેન્દ્રિય આદિ સાત માર્ગણાઓમાં સાસ્વાદન ગુણસ્થાનકે સૂક્ષ્મનામકર્માદિ ૧૩ પ્રકૃતિ વિના ૯૬ પ્રકૃતિનો બંધ છે. પરંતુ.....

અહીં એકેન્દ્રિયાદિ ૭ માર્ગણામાં સાસ્વાદન ગુણસ્થાનક તે મનુષ્ય તિર્યંચો આદિ પૂર્વના ભવમાંથી ઉપશમ સમક્તિ પામી સાસ્વાદન લઈને આવેલું હોય તે અપેક્ષાએ છ આવલિકા સુધી સંભવે છે.

અને તે સાસ્વાદન ગુણસ્થાનક શરીર પર્યાપ્તિ પૂરી થતાં પહેલાં જ ચાલ્યું જાય છે અને આયુષ્યનો બંધ શરીર પર્યાપ્તિ પૂર્ણ થયા પછી થાય છે.

કારણકે જીવનું જઘન્યથી પણ ક્ષુલ્લકભવનું-૨૫૬ આવલિકાનું આયુષ્ય હોય છે અને આયુષ્યનો બંધ ૨ ભાગ ગયા પછી એટલે કે સાધિક ૧૭૦ આવલિકા ગયા પછી થાય છે. ત્યારે સાસ્વાદન ગુણસ્થાનક હોય નહિ. તેથી આયુષ્યનો બંધ ઘટે નહીં. પૂ૦ જયસોમસૂરિકૃત ટબામાં અને

જીવવિજયકૃત ટબામાં પણ અને ચંદ્રસૂરિજી આદિ આચાર્યોએ સાસ્વાદન ગુણસ્થાનકે ૯૪ પ્રકૃતિનો બંધ કહ્યો છે અને તે વધારે યુક્તિ સંગત લાગે છે. દિગમ્બર આમ્નાયના ગોમ્મટસારમાં પણ ૯૪નો બંધ કહ્યો છે.

પરંતુ ગ્રંથકારે જે ૯૬નો બંધ કહ્યો તેમાં સાસ્વાદનપણુ શરીર પર્યાપ્તિ પૂર્ણ થયા બાદ પણ હોય એમ માને છે તે અપેક્ષાએ આયુષ્યનો બંધ કહ્યો હોય તેમ લાગે છે.

તે માટે ૩ જા કર્મગ્રંથની અવચૂર્ણિનો પાઠ આ પ્રમાણે છે.

अयंभावार्थ : = तिर्यग्नरायुषोस्तनुपर्याप्त्या पर्याप्तैरेव बध्यमानत्वात् पूर्वमतेन शरीरपर्याप्त्युत्तरकालमपि सास्वादनभावस्येष्टत्वादायुर्बन्धोऽभिप्रेतः। इह तु प्रथममेव तन्निवृत्तेर्नेष्टः

**ભાવાર્થ–** તિર્યંચાયુ: અને મનુષ્યાયુષ્યનો બંધ શરીરપર્યાપ્તિ વડે પર્યાપ્તા જ જીવો કરે તેથી પૂર્વાચાર્યોના મત પ્રમાણે શરીર પર્યાપ્તિના પછીના કાલ સુધી સાસ્વાદન ગુણ૦ હોય અને આયુષ્યબંધ પણ ઘટે.

જો કે- અન્ય આચાર્યોના મતે શરીરપર્યાપ્તિ પહેલાં સાસ્વાદન ચાલ્યુ જાય. તેથી આયુષ્યબંધ ઘટે નહીં.

વળી આ જ ગ્રંથકારે **ઔદા૦મિશ્રયોગ માર્ગણામાં** સાસ્વાદન ગુણ૦માં આયુષ્યનો બંધ કહ્યો નથી. તેમાં આ પ્રમાણે યુક્તિ કહી છે-

नरतिर्यगायुषोरपर्याप्तत्वेन सास्वादने बन्धाभावात्-એટલે આ ગ્રંથમાં કેટલીક અસંગત હકીકતો છે તેમાં,

**(૧) અસંગત–** પૃથ્વીકાય, અપ્કાય, વનસ્પતિકાય, એકેન્દ્રિય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય આ સાત માર્ગણાએ સાસ્વાદન ગુણસ્થાનકે ૯૬ પ્રકૃતિઓનો બંધ કહ્યો છે. પરંતુ મનુષ્યાયુ: અને તિર્યંચાયુષ્ય વિના ૯૪ પ્રકૃતિનો બંધ કહેવો એ યુક્તિસંગત જણાય છે.

કારણકે આ માર્ગણામાં સાસ્વાદન ગુણસ્થાનક ભવાન્તરમાંથી લઈને આવેલુ હોય છે અને તે ૬ આવલિકા સુધી શરીર પર્યાપ્તિ પૂરી થતાં પહેલા જ પૂર્ણ થઈ જાય છે. અને આયુષ્યનો બંધ શરીર પર્યાપ્તિ અને ઈન્દ્રિય પર્યાપ્તિ પૂર્ણ થયા પછી હોય છે તે વખતે સાસ્વાદન ગુણસ્થાનક હોય નહીં. માટે સાસ્વાદને આયુષ્યનો બંધ ઘટે નહીં.

## પૃથ્વીકાયાદિ સાત માર્ગણામાં બંધસ્વામિત્વ યંત્ર

| ગુણ૦ | જ્ઞા૦ | દ૦ | વે૦ | મો૦ | આ૦ | નામકર્મ | | | | | ગો | અં૦ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | પિં. | પ્ર | ત્ર. | સ્થા. | કુલ | | | |
| ઓઘે | ૫ | ૯ | ૨ | ૨૬ | ૨ | ૩૧ | ૭ | ૧૦ | ૧૦ | ૫૮ | ૨ | ૫ | ૧૦૯ |
| મિથ્યાત્વ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૨ | ૩૧ | ૭ | ૧૦ | ૧૦ | ૫૮ | ૨ | ૫ | ૧૦૯ |
| સાસ્વા૦ | ૫ | ૯ | ૨ | ૨૪ | ૨/૦ | ૨૫ | ૬ | ૧૦ | ૬ | ૪૭ | ૨ | ૫ | ૯૬/૯૪ |

**ओहु पणिंदितसे गइतसे जिणिक्कार नरतिगुच्चविणा ।**
**मणवयजोगे ओहो उरले नरभंगुतम्मिस्से ॥१४॥**

गइतसे = ગતિત્રસમાં | उरले = ઔદારિક માર્ગણામાં
नरभंगु = મનુષ્યના ભાંગાની જેમ | तम्मिस्से = તેનામિશ્રમાં

**ગાથાર્થ–** પંચેન્દ્રિય જાતિ અને ત્રસકાય માર્ગણામાં ઓઘબંધ જાણવો. ગતિત્રસ (તેઉ, વાયુ) માર્ગણામાં, મનુષ્યત્રિક અને ઉચ્ચગોત્ર જિનનામકર્માદિ ૧૧ પ્રકૃતિ કુલ ૧૫ પ્રકૃતિ વિના ૧૦૫ પ્રકૃતિનો બંધ છે. મનોયોગ અને વચનયોગ માર્ગણામાં ઓઘબંધ જાણવો. ઔદારિક કાયયોગ માર્ગણામાં મનુષ્યગતિ માર્ગણાની જેમ બંધ જાણવો. અને ઔદારિક મિશ્ર કાયયોગમાં (આગળની ગાથામાં કહે છે.) ॥ ૧૪ ॥

**વિવેચન–** પંચેન્દ્રિય જાતિ અને ત્રસકાય માર્ગણામાં કર્મસ્તવમાં જણાવ્યા મુજબ ઓઘબંધ જાણવો. કારણકે આ જીવોને ૧ થી ૧૪ ગુણઠાણા

હોય છે અને આ જીવો મરીને ચારે ગતિમાં ઉત્પન્ન થઈ શકે છે. માટે ઓઘે ૧૨૦, મિથ્યાત્વે ૧૧૭ સાસ્વાદને ૧૦૧, મિશ્રે ૭૪, અવિરતે ૭૭, દેશવિરતિએ ૬૭, પ્રમત્તે ૬૩, અપ્રમત્તે ૫૯/૫૮, અપૂર્વકરણે ૫૮-૫૬-૨૬, અનિવૃત્તિએ ૨૨-૨૧-૨૦-૧૯-૧૮, સૂક્ષ્મ સંપરાયે-૧૭ ઉપશાંતાદિ ૩ ગુણઠાણે-૧ પ્રકૃતિનો બંધ છે.

**ગતિત્રસમાં બંધસ્વામિત્વ–**

ત્રસજીવો બે પ્રકારે કહ્યાં છે. (૧) લબ્ધિત્રસ (૨) ગતિત્રસ.

(૧) સુખદુઃખના પ્રસંગે પોતાની ઈચ્છા મુજબ ગમનાગમન કરી શકે તેવા ત્રસ નામકર્મના ઉદયવાળા જે જીવો હોય છે. તે લબ્ધિત્રસ કહેવાય છે. તે બેઈન્દ્રિયાદિ જીવો જાણવા.

(૨) સુખદુઃખના પ્રસંગે પોતાની ઈચ્છા મુજબ ગમનાગમન ન કરી શકે તેવા સ્થાવર નામકર્મના ઉદયવાળા હોવા છતાં જે જીવો સહજ રીતે ગતિ કરવાના સ્વભાવવાળા અથવા બીજાના સહયોગથી ઉર્ધ્વ-અધો તીર્ચ્છુગમન ક્રિયા કરવાના સ્વભાવવાળા હોય તે જીવો ગતિત્રસ કહેવાય છે. તે ગતિત્રસ જીવો બે પ્રકારે કહ્યાં છે. (૧) તેઉકાય (૨) વાઉકાય.

આ જીવો મરીને નિયમા તિર્યંચગતિમાં જ ઉત્પન્ન થાય છે. પરંતુ મનુષ્યપણુ પણ પામતાં નથી. માટે તિર્યંચગતિ પ્રાયોગ્ય જ બંધ કરે છે. તેથી દેવ-નારક કે મનુષ્યગતિ પ્રાયોગ્ય બંધ કરતા ન હોવાથી દેવત્રિક, વૈક્રિયદ્વિક, નરકત્રિક, મનુષ્યત્રિક ઉચ્ચગોત્ર બાંધતાં નથી. તથા આ જીવોને એક જ મિથ્યાત્વ ગુણઠાણું હોય છે. તેથી તત્પ્રાયોગ્ય સમ્યક્ત્વ અને તત્પ્રાયોગ્ય સંયમ ન હોવાથી જિનનામ અને આહારકદ્વિક પણ બાંધતા નથી. અને તિર્યંચગતિની સાથે નીચગોત્રનો જ બંધ થાય છે. માટે ઉચ્ચગોત્રનો પણ બંધ નથી. આ રીતે તેઉ-વાયુ જીવો ૧૫ પ્રકૃતિ વિના ઓઘે અને મિથ્યાત્વે ૧૦૫ પ્રકૃતિનો બંધ કરે છે.

## તેઉકાય, વાયુકાયમાં બંધસ્વામિત્વ યંત્ર

| ગુણ૦ | જ્ઞા૦ | દ૦ | વે૦ | મો૦ | આ૦ | નામકર્મ | | | | | ગો | અં૦ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | પિં. | પ્ર | ત્ર. | સ્થા. | કુલ | | | |
| ઓઘે | ૫ | ૯ | ૨ | ૨૬ | ૧ | ૨૯ | ૭ | ૧૦ | ૧૦ | ૫૬ | ૧ | ૫ | ૧૦૫ |
| મિથ્યાત્વ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૧ | ૨૯ | ૭ | ૧૦ | ૧૦ | ૫૬ | ૧ | ૫ | ૧૦૫ |

### યોગમાર્ગણામાં બંધસ્વામિત્વ–

યોગ એટલે આત્મપ્રદેશોમાં પરિસ્પંદન, એટલે મન-વચન અને કાયા વડે આત્મપ્રદેશોમાં થતું પરિસ્પંદન તેને યોગ કહેવાય છે. યોગનાં પર્યાયવાચી શબ્દો બળ-પરાક્રમ-ચેષ્ટા-શક્તિ સામર્થ્ય, વીર્ય, ઉત્સાહ આદિ છે.

યોગના મુખ્ય ત્રણ ભેદ છે. મનયોગ-વચનયોગ-કાયયોગ. અનુક્રમે એકએકના ૪+૪+૭ ભેદ થવાથી કુલ ૧૫ યોગ છે.

સામાન્યથી મનયોગ-વચનયોગ-કાયયોગમાં ઓઘબંધ જાણવો એટલે કે કર્મસ્તવની જેમ બંધ જાણવો.

મનયોગ અને વચનયોગના બબ્બે ભેદ ૧૨ ગુણ૦ સુધી હોય અને તેમાંના સયોગી કેવલી ભગવંતને (૧) સત્ય મનયોગ (૨) અસત્યામૃષા મનયોગ (૩) સત્ય વચનયોગ (૪) અસત્યામૃષા વચનયોગ હોય છે. તેથી આ બંને યોગમાં ૧ થી ૧૩ ગુણઠાણા હોય છે.

જો કે સંયમી આત્માઓ અસત્ય અને સત્યાસત્ય બોલે નહીં. છતાં. છદ્મસ્થતાના કારણે અજ્ઞાનતાથી બોલાઈ જાય તે અપેક્ષાએ ૧૨ ગુણ૦ કહ્યા છે. તેમાં કર્મસ્તવની જેમ ઓઘબંધ જાણવો.

**ષડશીતિ** નામના ચોથા કર્મગ્રંથમાં મનયોગ અને વચનયોગ વિનાના કાયયોગને બે ગુણ૦ની વિવક્ષા કરી છે. અને મનયોગ વિનાના વચનયોગમાં

બે ગુણ૦ની વિવક્ષા કરી છે અને મનયોગમાં ૧ થી ૧૩ ગુણ૦ની વિવક્ષા કરી છે. પરંતુ અહીં તે વિવક્ષાએ ગુણસ્થાનકની અપેક્ષા રાખી બંધસ્વામિત્વ લખેલ નથી.

પરંતુ મનયોગ અને વચનયોગ સહિતના કાયયોગ અને મનયોગ સહિતના વચનયોગની વિવક્ષા કરી છે અને તે પ્રમાણે બંધસ્વામિત્વ ગ્રંથકારે જણાવેલ છે. માટે ઓઘબંધ સમજવો.

હવે કાયયોગના સાત ભેદ છે. તેમાં પ્રથમ ઔ૦કાયયોગ માર્ગણામાં બંધસ્વામિત્વ મનુષ્યની જેમ છે, કારણકે ઔદારિક શરીર મનુષ્ય અને તિર્યંચને હોય છે. તેથી મનુષ્યની જેમ ૧ થી ૧૩ ગુણ૦ અને બંધ જાણવો. ઔદારિક કાયયોગવાળાને ચૌદમુ ગુણ૦ હોય નહીં. કારણકે તે અયોગી છે.

હવે ઔદારિક મિશ્રયોગ માર્ગણાને વિશે બંધસ્વામિત્વપણું કહેવામાં આવશે, તે ઔ૦ મિશ્રયોગ ક્યારે હોય અને ક્યા ગુણ૦ હોય તે કહે છે.

(૧) ઔ૦ મિશ્રયોગ મનુષ્ય તિર્યંચને ઉત્પત્તિના બીજા સમયથી સ્વયોગ્ય સર્વ પર્યાપ્તિ પૂર્ણ કરે ત્યાં સુધી.

કેટલાક આચાર્યોના મતે શરીરપર્યાપ્તિ પૂર્ણ થાય ત્યાં સુધી.

(૨) આ ગ્રંથકારના મતે મનુષ્ય આહારક શરીર બનાવે ત્યારે અને મનુષ્ય-તિર્યંચો વૈક્રિય શરીર બનાવે ત્યારે નવા શરીરનો મિશ્રયોગ હોય છે એમ માને છે. ઔ૦મિશ્ર માનતા નથી પરંતુ **સિદ્ધાંતના મતે** નવું ઉત્તર શરીર બનાવે ત્યારે તેનો (એટલે આહારક મિશ્ર અને વૈક્રિય મિશ્ર) મિશ્રયોગ ન હોય પરંતુ ઔદારિક મિશ્રયોગ હોય તેમ માને છે. કારણકે જેના અવલંબનથી નવું શરીર બને તેનો મિશ્ર હોય તેમ માને છે. માટે ઔ૦મિશ્રયોગ કહે છે.

(૩) કેવલી સમુદ્‌ઘાતમાં ૨,૬,૭ સમયે ઔ૦ મિશ્રયોગ હોય.

આ રીતે અપર્યાપ્ત અવસ્થામાં અને કેવલી સમુદ્ઘાતમાં ઔ૦મિશ્રયોગ હોવાથી પહેલું, બીજું, ચોથું અને તેરમુ એમ ચાર ગુણસ્થાનક હોય.

**आहारछगविणोहे चउदससउमिच्छिजिणपणगहीणं ।**
**सासणि चउनवइ विणा, तिरिअनराउ सुहुमतेर ॥१५॥**

| | | | |
|---|---|---|---|
| आहारछग | = આહારકષટ્ક | विणोहे | = વિનાઓઘે |
| चउदससउ | = એકસો ચૌદ | चउनवइ | = ચોરાણું |

**ગાથાર્થ–** ઔદારિક મિશ્રકાયયોગ માર્ગણામાં આહારકષટ્ક વિના ઓઘે ૧૧૪ કર્મપ્રકૃતિ બંધમાં હોય છે. જિનનામાદિ ૫ પ્રકૃતિ વિના ૧૦૯ મિથ્યાત્વ ગુણઠાણે બંધાય છે. તિર્યંચાયુઃ મનુષ્યાયુઃ અને સૂક્ષ્મનામકર્માદિ ૧૩ પ્રકૃતિ વિના ૯૪ પ્રકૃતિ સાસ્વાદન ગુણઠાણે બંધાય છે. ॥૧૫॥

**વિવેચન–** ઔ૦ મિશ્રયોગ મનુષ્ય-તિર્યંચને અપર્યાપ્ત અવસ્થામાં હોય છે. અપર્યાપ્ત અવસ્થામાં તત્પ્રાયોગ્ય સંયમ ન હોવાથી આહારકદ્વિકનો બંધ થાય નહીં.

અપર્યાપ્ત અવસ્થામાં અત્યંત વિશુદ્ધિ કે અતિશય સંક્લિષ્ટતા ન હોવાથી દેવગતિ કે નરકગતિ પ્રાયોગ્ય બંધ થાય નહીં. પરંતુ સમ્યગ્દષ્ટિ મનુષ્ય અને તિર્યંચ અન્યગતિ (મનુષ્ય-તિર્યંચ-નરકગતિ) પ્રાયોગ્ય બંધ ન કરતા હોવાથી દેવગતિ પ્રાયોગ્ય જ બંધ કરે છે. તેથી મનુષ્ય તિર્યંચને સમ્યક્ત્વ ગુણઠાણે અપર્યાપ્ત અવસ્થામાં દેવદ્વિક અને વૈક્રિયદ્વિકનો બંધ થાય છે.

તથા દેવાયુઃ અને નરકાત્રિકનો બંધ પર્યાપ્ત અવસ્થામાં જ થાય છે. અપર્યાપ્ત અવસ્થામાં તેવા પરિણામ ન આવવાથી થાય નહીં માટે આહારકદ્વિક, નરકત્રિક અને દેવાયુઃ વિના ૧૧૪ પ્રકૃતિનો બંધ ઔદારિક મિશ્ર કાયયોગવાળાને ઓઘે કહ્યો છે.

ઔદારિક મિશ્રયોગવાળાને મિથ્યાત્વ ગુણઠાણે જિનનામાદિ ૫-પ્રકૃતિ વિના ૧૦૯ પ્રકૃતિનો બંધ હોય. જિનનામનો બંધ તત્પ્રાયોગ્ય સમ્યક્ત્વથી થાય છે. મિથ્યાત્વે તત્પ્રાયોગ્ય સમ્યક્ત્વનો અભાવ હોવાથી જિનનામનો બંધ થાય નહી.

મનુષ્યો અને તિર્યંચો સમ્યગ્દૃષ્ટિ હોય તો જ અપર્યાપ્ત અવસ્થામાં દેવગતિ પ્રાયોગ્ય બંધ કરે, પરંતુ મિથ્યાદૃષ્ટિ હોય તો તત્પ્રાયોગ્ય વિશુદ્ધિના અભાવે દેવગતિ પ્રાયોગ્ય બંધ કરતા નથી. તેથી દેવદ્વિક અને વૈક્રિયદ્વિકનો બંધ નથી. માટે મિથ્યાત્વ ગુણઠાણે એ પાંચ વિના ૧૦૯ પ્રકૃતિનો બંધ હોય.

સાસ્વાદન ગુણઠાણે સૂક્ષ્મનામકર્માદિ ૧૩ અને મનુષ્યાયુઃ તિર્યંચાયુઃ વિના ૯૪ પ્રકૃતિનો બંધ હોય.

ઔદારિક મિશ્ર કાયયોગ માર્ગણામાં સાસ્વાદન ગુણઠાણે મનુષ્યાયુઃ કે તિર્યંચાયુઃ નો બંધ ઘટતો નથી. કારણકે જીવ સાસ્વાદન ગુણઠાણું પૂર્વભવમાંથી લઈને આવે છે. અને તે ઉત્કૃષ્ટથી છ આવલિકા સુધી જ હોય છે. અને મનુષ્યાયુઃ કે તિર્યંચાયુઃ લબ્ધિ અપર્યાપ્ત જીવો પણ આહાર-શરીર-ઈન્દ્રિય પર્યાપ્તિ પૂર્ણ થયા પછી એટલે કે સાધિક ૧૭૦ આવલિકા ગયા પછી જ પરભવનું આયુઃ બાંધી શકે છે. એટલે સાસ્વાદન ગુણઠાણું હોય છે ત્યારે આયુષ્ય બંધાતુ નથી અને જ્યારે આયુષ્ય બંધાય છે ત્યારે સાસ્વાદન ગુણઠાણું હોતું નથી. માટે આ માર્ગણામાં સાસ્વાદન ગુણઠાણે મનુષ્યાયુઃ તિર્યંચાયુઃનો બંધ સંભવે નહીં.

વળી, સાસ્વાદન ગુણઠાણે સૂક્ષ્મ નામકર્માદિ ૧૩ પ્રકૃતિ ન બંધાય કારણકે તેનો બંધ મિથ્યાત્વનો ઉદય હોય ત્યારે થાય છે. સાસ્વાદન ગુણઠાણે મિથ્યાત્વનો ઉદય ન હોવાથી આ ૧૩ પ્રકૃતિનો બંધ સાસ્વાદન ગુણઠાણે થાય નહીં. માટે સાસ્વાદન ગુણ૦માં ૯૪ પ્રકૃતિ જાણવી.

મિશ્ર ગુણઠાણે જીવ મૃત્યુ પામતો નથી. મિશ્ર ગુણઠાણું લઈને જીવ પરભવમાં જઈ શકતો નથી. તથા અપર્યાપ્ત અવસ્થામાં જીવ મિશ્ર સમ્યક્ત્વ

પ્રાપ્ત કરી શકતો નથી. માટે ઔદારિક મિશ્ર કાયયોગ માર્ગણામાં મિશ્રગુણઠાણું હોય નહીં.

જો કે કેટલાક આચાર્યો સર્વપર્યાપ્તિસુધી ઔદારિક મિશ્રયોગ માને છે અને સાસ્વાદન ગુણસ્થાનકમાં પણ આયુષ્યનો બંધ માને છે. તેથી જ તો પૃથ્વીકાયાદિ સાત માર્ગણામાં સાસ્વાદને ૯૬નો બંધ કહ્યો છે.

**अण चउवीसाइ विणा, जिणपणजुय सम्मि जोगिणो सायं ।**
**विणु तिरिनराउ कम्मे वि, एवमाहार दुगि ओहो ॥१६॥**

| | |
|---|---|
| जुय = સહિત | सायं = શાતા વેદ૦ |
| जोगिणो = સયોગી કેવલી ગુણઠાણે | कम्मेवि = કાર્મણકાયયોગમાં |
| | एवं = એ પ્રમાણે બંધ |

**ગાથાર્થ**– ઔદારિક મિશ્ર કાયયોગ માર્ગણામાં અવિરત સમ્યક્દૃષ્ટિ ગુણઠાણે અનંતાનુબંધી આદિ ૨૪ પ્રકૃતિ વિના જિનનામકર્માદિ પાંચ પ્રકૃતિ સહિત કરવાથી ૭૫ પ્રકૃતિનો બંધ છે. સયોગી કેવલી ગુણઠાણે એક શાતાવેદનીયનો બંધ થાય છે. કાર્મણ કાયયોગ માર્ગણામાં એ જ પ્રમાણે છે. (ઔ. મિશ્ર. ની જેમ) પરંતુ તિર્યંચાયુઃ અને મનુષ્યાયુઃ વિના બંધ જાણવો. આહારક કાયયોગ અને આહારક મિશ્ર કાયયોગ માર્ગણામાં ઓઘબંધ જાણવો. ॥૧૬॥

**વિવેચન**– ઔદારિક મિશ્ર કાયયોગ માર્ગણામાં અવિરત ગુણઠાણે અનંતાનુબંધી વિગેરે તિર્યંચદ્વિક સુધીની ૨૪ પ્રકૃતિ વિના તથા જિનનામ, દેવદ્વિક, વૈક્રિયદ્વિક સહિત ૭૫ પ્રકૃતિનો બંધ થાય છે.

અનંતાનુબંધી આદિ ૨૪ પ્રકૃતિનો બંધ અનંતાનુબંધીનો ઉદય હોય ત્યાં સુધી થાય છે. અને અનંતાનુબંધીનો ઉદય બે ગુણઠાણા સુધી હોય છે. અવિરત સમ્યક્ત્વાદિ ગુણઠાણે અનંતાનુબંધીનો ઉદય ન હોવાથી આ ૨૪ પ્રકૃતિનો બંધ ચોથાદિ ગુણ૦માં ન હોય.

અવિરત સમ્યક્ત્વગુણઠાણે મનુષ્યો અપર્યાપ્ત અવસ્થામાં પણ જિનનામનો બંધ કરી શકે છે. તથા સમ્યક્દૃષ્ટિ મનુષ્યો અને તિર્યંચો દેવગતિ પ્રાયોગ્ય જ બંધ કરતાં હોવાથી દેવદ્વિક વૈક્રિયદ્વિક અને જિનનામ સહિત કરવાથી ૭૫ પ્રકૃતિનો બંધ આ ગુણઠાણે હોય છે.

**ઔદારિક મિશ્રયોગ માર્ગણામાં અસંગત–**

**અસંગત–**

ઔદારિક મિશ્રયોગે ચોથે ગુણસ્થાનકે ૭૫ પ્રકૃતિનો બંધ કહ્યો છે. પરંતુ મનુષ્યદ્વિક, ઔદારિકદ્વિક અને વજ્રઋષભનારાચ સંઘયણ વિના ૭૦ બંધ કહેવો જોઈએ.

કારણકે ઔદારિક મિશ્રયોગ મનુષ્ય-તિર્યંચને જ અપર્યાપ્ત અવસ્થામાં હોય છે અને ચોથે ગુણસ્થાનકે વર્તતા મનુષ્ય-તિર્યંચો દેવ પ્રાયોગ્ય જ બંધ કરે છે. માટે આ પાંચ પ્રકૃતિનો બંધ ઘટી શકતો નથી. ગોમ્મટસારમાં કર્મકાંડની ૧૧૭મી ગાથામાં પણ ઔ૦મિશ્રયોગ માર્ગણામાં સમ્યક્ત્વ ગુણ૦માં અનંતાનુબંધી આદિ ૨૯ ઓછી કરવાનું કહ્યું છે.

જો કે 'अणचउवीसाइ' ગાથામાં 'आइ' શબ્દથી આ પાંચ પ્રકૃતિઓ બંધમાંથી વધારે કાઢી નાખીએ તો સંગત થાય. પરંતુ કાર્મણ કાયયોગમાં ઔ૦ મિશ્રયોગની જેમ બંધ છે. એમ કહેલ છે. તેથી એ રીતે કરવાથી કાર્મણ કાયયોગમાં અવિરત સમ્ય૦ ગુણસ્થાનકે ૭૦ બંધ થાય.

પરંતુ કાર્મણકાયયોગ દેવ-નારકીને પણ હોય. તેઓ અપર્યાપ્તાવસ્થામાં અવિ૦ સમ્ય૦ગુણ૦માં મનુષ્ય પ્રાયોગ્ય જ બંધ કરે, માટે કાર્મણકાયયોગમાં અવિ૦ સમ્ય૦ ગુણ૦માં ૭૫ અને ઔ૦ મિશ્ર૦યોગ-માર્ગણામાં અવિ૦ સમ્યગ્દૃષ્ટિ ગુણ૦માં ૭૦નો બંધ સંભવે.

આ રીતે અર્થ કરવાથી અસંગત રહેશે નહીં.

સયોગી કેવલી ગુણઠાણે કેવલી ભગવંતને કેવલી સમુદ્ઘાતના બીજા, છઠ્ઠા અને સાતમા સમયે ઔદારિક મિશ્ર કાયયોગ હોય છે અને તે વખતે એક શાતાવેદનીયનો બંધ થાય છે.

## ઔદારિક મિશ્ર કાયયોગ માર્ગણામાં બંધસ્વામિત્વનું યંત્ર

| ગુણ૦ | જ્ઞા૦ | દ૦ | વે૦ | મો૦ | આ૦ | નામકર્મ | | | | | ગો | અં૦ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | પિં. | પ્ર | ત્ર. | સ્થા. | કુલ | | | |
| ઓઘે | ૫ | ૯ | ૨ | ૨૬ | ૨ | ૩૫ | ૮ | ૧૦ | ૧૦ | ૬૩ | ૨ | ૫ | ૧૧૪ |
| મિથ્યાત્વ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૨ | ૩૧ | ૭ | ૧૦ | ૧૦ | ૫૮ | ૨ | ૫ | ૧૦૯ |
| સાસ્વા૦ | ૫ | ૯ | ૨ | ૨૪ | ૦ | ૨૫ | ૬ | ૧૦ | ૬ | ૪૭ | ૨ | ૫ | ૯૪ |
| અવિ૦ | ૫ | ૬ | ૨ | ૧૯ | ૦ | ૧૮ | ૬ | ૧૦ | ૩ | ૩૭ | ૧ | ૫ | ૭૫ |
| સયોગી૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ |

**કાર્મણ કાયયોગમાં બંધસ્વામિત્વ–**

કાર્મણ કાયયોગ માર્ગણામાં ઔદારિક મિશ્ર કાયયોગ માર્ગણાની જેમ બંધસ્વામિત્વ જાણવું. પરંતુ ઔ૦ મિશ્ર માર્ગણામાં મનુષ્યાયુઃ તિર્યંચાયુઃનો બંધ ઘટી શકે અને કાર્મણ કાયયોગમાં મનુષ્યાયુઃ અને તિર્યંચાયુઃનો બંધ ન હોય, કારણકે કાર્મણ કાયયોગ વિગ્રહગતિમાં અને ઉત્પત્તિના પ્રથમ સમયે હોય છે. અને આયુષ્યનો બંધ પહેલી ૩ પર્યાપ્તિ પૂર્ણ થયા પછી જ થાય છે. તેથી જ્યારે કાર્મણ કાયયોગ હોય છે ત્યારે આયુષ્યનો બંધ નથી અને આયુષ્યનો બંધ થાય છે ત્યારે કાર્મણ કાયયોગ હોય નહીં માટે મનુષ્યાયુ અને તિર્યંચાયુ વિના કાર્મણ કાયયોગમાં બંધસ્વામિત્વ છે. તે આ પ્રમાણે-

કાર્મણ કાયયોગમાં ઓઘે ૧૧૨, મિથ્યાત્વે ૧૦૭, સાસ્વાદને ૯૪, સમ્યક્ત્વ ગુણઠાણે ૭૫ અને સયોગી કેવલી ગુણઠાણે ૧ પ્રકૃતિનો બંધ છે.

વિગ્રહગતિમાં ચારે ગતિના જીવોને કાર્મણ કાયયોગ ૧લે ૨જે ૪થે હોવાથી મિથ્યાત્વ અને સાસ્વાદન ગુણઠાણે મનુષ્યગતિ અને તિર્યંચગતિ

પ્રાયોગ્ય બંધ સંભવે પરંતુ અપર્યાપ્ત અવસ્થામાં પહેલા બે ગુણસ્થાનકે દેવ અને નરક પ્રાયોગ્ય બંધ ન હોય. અને ચોથા સમ્યક્ત્વ ગુણઠાણે દેવો નારકો મનુષ્યગતિ પ્રાયોગ્ય અને મનુષ્ય-તિર્યંચો દેવગતિ પ્રાયોગ્ય બંધ કરતા હોવાથી જિન પંચક સહિત ૭૫ પ્રકૃતિનો બંધ જાણવો.

સયોગી કેવલી ભગવંતને કેવલી સમુદ્ઘાતના ત્રીજા, ચોથા અને પાંચમા સમયે કાર્મણ કાયયોગ હોય છે. તે સમયે એક જ શાતા વેદનીયનો બંધ છે.

## કાર્મણ કાયયોગમાં બંધસ્વામિત્વનું યંત્ર

| ગુણ૦ | જ્ઞા૦ | દ૦ | વે૦ | મો૦ | આ૦ | નામકર્મ | | | | | ગો | અં૦ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | પિં. | પ્ર | ત્ર. | સ્થા. | કુલ | | | |
| ઓઘે | ૫ | ૯ | ૨ | ૨૬ | ૦ | ૩૫ | ૮ | ૧૦ | ૧૦ | ૬૩ | ૨ | ૫ | ૧૧૨ |
| મિથ્યાત્વ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૦ | ૩૧ | ૭ | ૧૦ | ૧૦ | ૫૮ | ૨ | ૫ | ૧૦૭ |
| સાસ્વા૦ | ૫ | ૯ | ૨ | ૨૪ | ૦ | ૨૫ | ૬ | ૧૦ | ૬ | ૪૭ | ૨ | ૫ | ૯૪ |
| અવિ૦ | ૫ | ૬ | ૨ | ૧૯ | ૦ | ૧૮ | ૬ | ૧૦ | ૩ | ૩૭ | ૧ | ૫ | ૭૫ |
| સયોગી૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ |

**આહારકદ્વિક માર્ગણામાં બંધસ્વામિત્વ–**

આમર્ષૌષધિ લબ્ધિવાળા ચૌદ પૂર્વધર મહર્ષિ પ્રમત્ત યતિ જ્યારે આહારક શરીર બનાવે છે ત્યારે તે શરીર સંબંધી સર્વ પર્યાપ્તિઓ પૂર્ણ ન થાય ત્યાં સુધી આહારકમિશ્ર કાયયોગ હોય છે અને ત્યારપછી આહારક કાયયોગ હોય. આ બંને માર્ગણામાં કર્મસ્તવની જેમ પ્રમત્ત-અપ્રમત્ત ગુણ૦માં ઓઘબંધ જાણવો. એટલે આ માર્ગણામાં ઓઘે ૬૫ પ્રમત્ત ગુણઠાણે ૬૩ પ્રકૃતિનો બંધ જાણવો અને અપ્રમત્ત ગુણઠાણે ૫૯/૫૮ પ્રકૃતિનો બંધ જાણવો.

આહારક મિશ્રયોગવાળાને પ્રમત્ત ગુણ૦ એક જ હોય છે. કારણકે લબ્ધિ ફોરવતી વખતે જ આહા૦મિશ્ર હોય છે. અને લબ્ધિ ફોરવવી તે

પ્રમાદ છે. માટે અપ્રમત્ત ગુણ૦માં લબ્ધિ ફોરવે નહીં. તેથી લબ્ધિ ફોરવ્યા પછી સાતમું ગુણ૦ પામી શકે એમ કેટલાક માને છે. એટલે આહારક કાયયોગે છઠ્ઠુ-સાતમું ગુણ૦ હોય અને આહા૦ મિશ્ર યોગે છઠ્ઠુ ગુણ૦ હોય.

**આહારક કાયયોગ માર્ગણામાં બંધસ્વામિત્વનું યંત્ર**

| ગુણ૦ | જ્ઞા૦ | દ૦ | વે૦ | મો૦ | આ૦ | નામકર્મ | | | | | ગો | અં૦ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | પિં. | પ્ર | ત્ર. | સ્થા. | કુલ | | | |
| ઓઘે | ૫ | ૬ | ૨ | ૧૧ | ૧ | ૧૫ | ૬ | ૧૦ | ૩ | ૩૪ | ૧ | ૫ | ૬૫ |
| પ્રમત્તે | ૫ | ૬ | ૨ | ૧૧ | ૧ | ૧૩ | ૬ | ૧૦ | ૩ | ૩૨ | ૧ | ૫ | ૬૩ |
| અપ્રમત્તે | ૫ | ૬ | ૧ | ૯ | ૧/૦ | ૧૫ | ૬ | ૧૦ | ૦ | ૩૧ | ૧ | ૫ | ૫૮/૫૯ |

**આહારક મિશ્ર યોગમાર્ગણામાં બંધસ્વામિત્વનું યંત્ર**

| ગુણ૦ | જ્ઞા૦ | દ૦ | વે૦ | મો૦ | આ૦ | નામકર્મ | | | | | ગો | અં૦ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | પિં. | પ્ર | ત્ર. | સ્થા. | કુલ | | | |
| ઓઘે | ૫ | ૬ | ૨ | ૧૧ | ૧ | ૧૩ | ૬ | ૧૦ | ૩ | ૩૨ | ૧ | ૫ | ૬૩ |
| પ્રમત્ત | ૫ | ૬ | ૨ | ૧૧ | ૧ | ૧૩ | ૬ | ૧૦ | ૩ | ૩૨ | ૧ | ૫ | ૬૩ |

**सुरओहो वेउव्वे, तिरिय नराउ रहिओ अ तम्मिस्से ।**
**वेयतिगाइम बियतिय कसाय नवदुचउपंचगुणा ॥१७॥**

तम्मिसे = વૈક્રિય મિશ્રકાયયોગમાં | आइम = પ્રથમ કષાય
वेयतिग = વેદત્રિક | गुण = ગુણસ્થાનક

**ગાથાર્થ–** વૈક્રિય કાયયોગ માર્ગણામાં દેવગતિની જેમ ઓઘબંધ જાણવો. વૈક્રિય મિશ્રયોગ માર્ગણામાં તિર્યંચાયુ અને મનુષ્યાયુ વિના બંધ જાણવો. વેદત્રિક પહેલા, બીજા અને ત્રીજા કષાય માર્ગણામાં અનુક્રમે નવ-બે-ચાર અને પાંચ ગુણઠાણા હોય છે. ॥ ૧૪ ॥

**વિવેચન–** વૈક્રિય કાયયોગ દેવો અને નારકો એમ બંનેને હોય છે. તેમાં દેવ અને નારકને ઉત્પત્તિના બીજા સમયથી સર્વ પર્યાપ્તિઓ પૂર્ણ ન

થાય ત્યાં સુધી વૈક્રિય મિશ્રકાયયોગ હોય છે અને પર્યાપ્ત અવસ્થામાં વૈક્રિય કાયયોગ હોય છે. તે યોગવાળા દેવો એકેન્દ્રિય સ્થાવર અને આતપ આ ૩ પ્રકૃતિ પણ બાંધે છે. પરંતુ નારકના જીવો એકે૦ પ્રાયોગ્ય બંધ કરતા નથી. તેથી નરકગતિની જેમ બંધસ્વામિત્વ ન કહેતાં દેવગતિની જેમ વૈક્રિય કાયયોગ માર્ગણામાં બંધ કહ્યો છે. તે આ પ્રમાણે ઓઘે-૧૦૪, મિથ્યાત્વે-૧૦૩, સાસ્વાદને-૯૬, મિશ્રે-૭૦ અને અવિરત સ૦ ગુણઠાણે-૭૨ પ્રકૃતિ બાંધે છે. (યંત્ર દેવની જેમ પૃ. ૨૦)

વૈક્રિય મિશ્ર કાયયોગ માર્ગણામાં દેવ અને નારકોને અપર્યાપ્ત અવસ્થામાં વૈક્રિય મિશ્રકાયયોગ હોય છે. તે વખતે પહેલું, બીજું અને ચોથું ગુણઠાણું હોય છે. અપર્યાપ્ત અવસ્થામાં ત્રીજું મિશ્ર ગુણઠાણું હોય નહીં.

વૈક્રિય મિશ્ર કાયયોગ માર્ગણામાં વૈક્રિય કાયયોગની જેમ બંધ છે. પરંતુ મનુષ્યાયુઃ અને તિર્યંચાયુઃનો બંધ હોય નહીં. કારણ કે દેવ અને નારકો નિરૂપક્રમ આયુષ્યવાળા હોય છે. તેથી પોતાના આયુષ્યના છ માસ બાકી રહે ત્યારે ભવાન્તરનું આયુઃ બાંધે છે ત્યારે વૈક્રિય કાયયોગ હોય છે. તેથી વૈક્રિય મિશ્ર કાયયોગ માર્ગણામાં આયુષ્યનો બંધ હોય નહીં. જેથી ઓઘે ૨ આયુ વિના ૧૦૨, મિથ્યાત્વે ૧૦૧, સાસ્વાદને ૯૪, અવિરતે ગુ૦માં ૭૧ પ્રકૃતિનો બંધ હોય છે.

## વૈક્રિયમિશ્ર કાયયોગ માર્ગણામાં બંધસ્વામિત્વ

| ગુણ૦ | જ્ઞા૦ | દ૦ | વે૦ | મો૦ | આ૦ | નામકર્મ | | | | | ગો | અં૦ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | પિં. | પ્ર | ત્ર. | સ્થા. | કુલ | | | |
| ઓઘે | ૫ | ૯ | ૨ | ૨૬ | ૦ | ૨૮ | ૮ | ૧૦ | ૭ | ૫૩ | ૨ | ૫ | ૧૦૨ |
| મિથ્યાત્વ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૦ | ૨૮ | ૭ | ૧૦ | ૭ | ૫૨ | ૨ | ૫ | ૧૦૧ |
| સાસ્વા૦ | ૫ | ૯ | ૨ | ૨૪ | ૦ | ૨૫ | ૬ | ૧૦ | ૭ | ૪૭ | ૨ | ૫ | ૯૪ |
| અવિ૦ | ૫ | ૬ | ૨ | ૧૯ | ૦ | ૧૪ | ૬ | ૧૦ | ૩ | ૩૩ | ૧ | ૫ | ૭૧ |

**વેદમાર્ગણામાં બંધસ્વામિત્વ–**

વેદનો ઉદય જ્યાં સુધી હોય ત્યાં સુધી વેદ-માર્ગણા કહેવાય. તેથી વેદનો ઉદય નવમા ગુણઠાણા સુધી જ છે. માટે વેદમાર્ગણામાંના ત્રણે વેદ મનુષ્યગતિમાં સંભવતા હોવાથી ૯ ગુણઠાણા છે. અને ત્રણે વેદ માર્ગણામાં કર્મસ્તવની જેમ બંધ જાણવો.

ઓઘે-૧૨૦ મિથ્યાત્વે-૧૧૭, સાસ્વાદને-૧૦૧, મિશ્રે-૭૪, અવિરત ગુ૦માં-૭૭, દેશવિરતિગુ૦-૬૭, પ્રમત્તે-૬૩, અપ્રમત્તે ૫૯/૫૮, અપૂર્વકરણે-૫૮-૫૬-૨૬, અનિવૃત્તિકરણમાં ૨૨નો બંધ હોય છે. પછી વેદ મોહ૦નો ઉપશમ કે ક્ષય કરેલ હોવાથી જીવ ૯ મા ગુણઠાણાના બીજા ભાગથી અવેદી હોય છે. તેથી આગળનું બંધસ્વામિત્વપણું ન હોય એટલે નવમાના બીજા ભાગ પછીનો બંધ ઘટે નહીં.

અહીં વેદમાર્ગણામાં વેદના ઉદય વિનાના દ્રવ્યવેદી સંસારી જીવોને બંધસ્વામિત્વ વિચારીએ તો ૯મા ગુણસ્થાનકના બીજા ભાગથી ૧૩મા ગુણસ્થાનક સુધી ઓઘબંધ જાણવો.

દ્રવ્યવેદીને ૯ થી ૧૪ ગુણસ્થાનક હોય અને ઓઘબંધ જાણવો.

વેદમાર્ગણા, કષાય માર્ગણા વિગેરેમાં પ્રકૃતિઓનો બંધ પોતાના ગુણસ્થાનકમાં કર્મસ્તવની જેમ ઓઘબંધ હોવાથી યંત્રો આપ્યાં નથી.

**કષાય માર્ગણામાં બંધસ્વામિત્વ–**

**અનંતાનુબંધી કષાય માર્ગણા–**

અનંતાનુબંધી કષાયનો ઉદય બે ગુણઠાણા સુધી હોય છે. તેથી અનંતાનુબંધી કષાયવાળી માર્ગણામાં પહેલાં બે ગુણઠાણા હોય છે. ત્યાં સમ્યક્ત્વ અને સંયમ ન આવવાનું હોવાથી જિનનામ અને આહારકદ્વિક વિના ઓઘબંધ જાણવો.

ઓઘે-૧૧૭, મિથ્યાત્વે-૧૧૭ અને સાસ્વાદને-૧૦૧ નો બંધ હોય છે.

**અપ્રત્યાખ્યાનીય કષાય માર્ગણા–**

અપ્રત્યાખ્યાનીય કષાયનો ઉદય ૧ થી ૪ ગુણઠાણા સુધી હોય છે. તેથી અપ્રત્યાખ્યાનીય કષાયના ઉદયવાળી માર્ગણામાં ૧ થી ૪ ગુણઠાણા હોય છે. ત્યાં તત્પ્રાયોગ્ય સંયમનો અભાવ હોવાથી આહારકદ્વિકનો બંધ ઘટી શકતો નથી. તેથી ઓઘે આહારકદ્વિક વિના ૧૧૮, મિથ્યાત્વે-૧૧૭, સાસ્વાદને ૧૦૧, મિશ્રે-૭૪ અને અવિરતે-૭૭ પ્રકૃતિનો બંધ જાણવો.

**પ્રત્યાખ્યાનાવરણ કષાય માર્ગણા–**

પ્રત્યાખ્યાનાવરણ કષાય માર્ગણા ૧ થી ૫ ગુણઠાણા સુધી હોય છે. કારણકે પ્રત્યાખ્યાનીય કષાયનો ઉદય ૧ થી ૫ ગુણઠાણા સુધી હોય છે. ત્યાં સમ્યક્ત્વ હોય છે. તેથી જિનનામ બંધાય છે. પણ તત્પ્રાયોગ્ય ચારિત્ર ન હોવાથી આહારકદ્વિકનો બંધ નથી. તેથી આહારકદ્વિક વિના ઓઘે ૧૧૮, મિથ્યાત્વે ૧૧૭, સાસ્વાદને ૧૦૧, મિશ્રે ૭૪, અવિરતે ૭૭ અને દેશવિરતે ૬૭નો બંધ થાય છે.

હવે શેષ કષાયમાર્ગણા-જ્ઞાનમાર્ગણા-સંયમમાર્ગણા આદિમાં ઓઘબંધ હોવાથી અહીં માત્ર ગુણસ્થાનકો બતાવે છે. તે ગુણસ્થાનકોમાં કર્મસ્તવની જેમ ઓઘબંધ કહેવો.

**संजलणतिगे नवदस, लोभे चउ अजइ दुति अनाणतिगे ।**
**बारस अचक्खु-चक्खुसु, पढमा अहक्खाय चरिमचउ ॥१८॥**

| | |
|---|---|
| अजइ = અવિરતિ માર્ગણામાં | अहक्खाय = યથાખ્યાત |
| अनाणतिगे = અજ્ઞાનત્રિકમાં | चरिमचउ = છેલ્લા ચાર ગુણ૦ |

**ગાથાર્થ–** સંજ્વલનત્રિકમાં ૯, સં.લોભમાં ૧૦, અવિરતિ ચારિત્રમાં ૪, અજ્ઞાનત્રિકમાં ૨ અથવા ૩, ચક્ષુ-અચક્ષુ દર્શનમાર્ગણામાં પહેલા-૧૨ અને યથાખ્યાત ચારિત્રમાં છેલ્લા ૪ ગુણઠાણા હોય છે. ॥ ૧૮ ॥

**વિવેચન–** સંજ્વલન ક્રોધનો ઉદય ૯મા ગુણ૦ના ૨જા ભાગ સુધી, સંજ્વલન માનનો ઉદય ૯મા ગુણ૦ના ૩જા ભાગ સુધી, સંજ્વલન માયાનો ઉદય ૯મા ગુણ૦ના ૪થા ભાગ સુધી, બા૦સંજ્વલન લોભનો ઉદય ૯મા ગુણ૦ના ૫મા ભાગ સુધી હોય છે. સૂક્ષ્મસં૦લોભનો ઉદય દશમા ગુણ૦ સુધી હોય તેથી સં૦લોભમાં ૧ થી ૧૦ ગુણ૦ છે. ત્યાં કર્મસ્તવની જેમ ઓઘબંધ જાણવો. એટલે ઓઘે-૧૨૦, મિથ્યાત્વે-૧૧૭, સાસ્વાદને-૧૦૧, મિશ્રે-૭૪, અવિરતે-૭૭, દેશવિરતે-૬૭, પ્રમત્તે-૬૩, અપ્રમત્તે ૫૯/૫૮, અપૂર્વકરણે-૫૮-૫૬-૨૬, અનિવૃત્તિકરણના ૧લા ભાગે ૨૨, ૨જા ભાગે ૨૧, ૩જા ભાગે ૨૦, ૪થા ભાગે ૧૯, ૫મા ભાગે ૧૮ પ્રકૃતિનો બંધ થાય છે. અર્થાત્

સં૦ક્રોધ માર્ગણામાં ૧ થી ૯/૨ ભાગ સુધી ઓઘબંધ

સં૦માન માર્ગણામાં ૧ થી ૯/૩ ભાગ સુધી ઓઘબંધ

સં૦માયા માર્ગણામાં ૧ થી ૯/૪ ભાગ સુધી ઓઘબંધ

સં૦લોભ માર્ગણામાં ૧ થી ૧૦ ગુણ૦ સુધી ઓઘબંધ અર્થાત્ બીજા કર્મસ્તવમાં કહ્યા પ્રમાણે બંધ જાણવો.

**સંયમ માર્ગણામાં બંધસ્વામિત્વ–**

(૧) સામાયિક ચારિત્ર (૨) છેદોપસ્થાપનીય ચારિત્ર, (૩) પરિહાર-વિશુદ્ધિચારિત્ર (૪) સૂક્ષ્મસંપરાય ચારિત્ર, (૫) યથાખ્યાત ચારિત્ર (૬) દેશવિરતિ (૭) અવિરતિ આ સાત પ્રકારે સંયમ માર્ગણા છે.

અવિરતિ-તે સંયમ નથી. છતાં સંયમ માર્ગણામાં જણાવવાનું કારણ-એક મૂળમાર્ગણામાં સર્વ સંસારી જીવોનો સમાવેશ કરવા માટે એટલે જે જીવો માર્ગણાના પોતાના ભેદમાં ન આવી શકે તે જીવોને તેનાથી વિરુદ્ધ ભેદનું ગ્રહણ કરવાથી તેમાં સમાવેશ કરી શકાય માટે, જેમ ભવ્ય માર્ગણામાં અભવ્ય, જ્ઞાન માર્ગણામાં ત્રણ અજ્ઞાન, આહારી માર્ગણામાં અણાહારી, સંજ્ઞી માર્ગણામાં અસંજ્ઞી, સમ્યક્ત્વ માર્ગણામાં મિથ્યાત્વનું ગ્રહણ કરેલ છે. તેમ સંયમમાર્ગણામાં દેશવિરતિ અને અવિરતિ ગ્રહણ કરેલ છે.

વિરતિના અભાવવાળા જીવો એટલે મિથ્યાત્વથી ચોથા ગુણ૦ સુધીના જીવો અવિરતિ કહેવાય. અહીં અવિરતિ માર્ગણા અને યથાખ્યાત ચારિત્ર માર્ગણામાં બંધસ્વામિત્વ જણાવે છે.

અવિરતિ માર્ગણામાં ૧ થી ૪ ગુણઠાણા હોય છે તેથી ત્યાં તત્પ્રાયોગ્ય સમ્યક્ત્વ હોવાથી જિનનામનો બંધ સંભવે છે. પણ તત્પ્રાયોગ્ય સંયમ ન હોવાથી આહારકદ્વિકનો બંધ થતો નથી. તેથી ઓઘે ૧૧૮, મિથ્યાત્વે ૧૧૭, સાસ્વાદને ૧૦૧, મિશ્રે ૭૪ અને અવિરતે ૭૭ પ્રકૃતિનો બંધ છે.

યથાખ્યાત ચારિત્ર એટલે અહિં યથા એટલે જેવું લોકમાં પ્રસિદ્ધ-કષાય વિનાનું ચારિત્ર તે યથાખ્યાત ચારિત્ર. તે યથાખ્યાત ચારિત્રમાં ૧૧ થી ૧૪ ગુણસ્થાનક હોય. તેમાં બંધસ્વામિત્વ ઓઘ-ઉપશાન્ત મોહ-ક્ષીણ મોહ અને સયોગીએ ૧ પ્રકૃતિનો બંધ અને અયોગી ગુણ૦માં બંધ ન હોય.

**અજ્ઞાનત્રિક માર્ગણામાં બંધસ્વામિત્વ–**

જ્ઞાન માર્ગણાના આઠ ભેદ કહ્યાં છે.

(૧) મતિઅજ્ઞાન (૨) શ્રુતઅજ્ઞાન (૩) વિભંગજ્ઞાન (૪) મતિજ્ઞાન (૫) શ્રુતજ્ઞાન (૬) અવધિજ્ઞાન (૭) મનઃપર્યવજ્ઞાન (૮) કેવળજ્ઞાન.

અહીંથી માર્ગણાઓને વિશે બંધસ્વામિત્વ માર્ગણાના ક્રમ પ્રમાણે કહેલ નથી. પરંતુ ગાથાનો પ્રાસ અને સરખા ગુણ૦વાળી માર્ગણા હોય તે સાથે કહેવાપૂર્વક ક્રમોત્ક્રમે કહેલ છે.

ત્રણ અજ્ઞાન માર્ગણામાં ૨ અથવા ૩ ગુણસ્થાનક કહ્યાં છે. જીવ સમ્યક્ત્વ ન પામે ત્યાંસુધી અજ્ઞાની કહેવાય છે, માટે મિથ્યાત્વ ગુણ૦ અને સાસ્વાદન ગુણ૦વાળો મિથ્યાત્વ સન્મુખ થયેલ હોવાથી અજ્ઞાનને પામવાનો હોવાથી અજ્ઞાની કહેલ છે.

જો કે સિદ્ધાન્તકારો સાસ્વાદન ગુણ૦માં જ્ઞાન કહે છે. જે ચોથા કર્મગ્રંથમાં જણાવ્યું છે.

મિશ્ર ગુણ૦વાળો જો મિથ્યાત્વે જવાનો હોય તો તેને અજ્ઞાનનું બહુલપણું હોવાથી મિશ્ર ગુણ૦ અજ્ઞાનમાં ગણાય. અને જો મિશ્રથી ચોથા ગુણ૦માં જાય તો જ્ઞાનનું બહુલપણું હોવાથી તેને અજ્ઞાનમાં વિવક્ષા કરી નથી. તેથી તે અપેક્ષાએ અજ્ઞાનમાં બે ગુણ૦ કહ્યાં છે.

માટે અજ્ઞાનત્રિકમાં ૨ અથવા ૩ ગુણસ્થાનક કહ્યાં છે. બંધ કર્મસ્તવની જેમ જાણવો. ઓઘે ૧૧૭, મિથ્યા૦ ૧૧૭, સા૦ ૧૦૧, મિશ્ર-૭૪.

અથવા મિથ્યાત્વ ગુણ૦માંથી મિશ્રગુણ૦માં આવે ત્યારે મિથ્યાત્વનો અંશ વધારે હોવાથી અશુદ્ધિના કારણે અજ્ઞાનમાં આ ગુણસ્થાનક ગણાય. પરંતુ સમ્યગ્દૃષ્ટિ ગુણ૦માંથી મિશ્રગુણ૦માં આવે તો સમ્યક્ત્વાંશ વધારે હોવાથી વિશુદ્ધિના કારણે મિશ્રગુણ૦ની અજ્ઞાનમાં વિવક્ષા ન કરાય. તેથી અજ્ઞાનમાં બે ગુણસ્થાનક પણ કહ્યાં છે.

**દર્શન માર્ગણા–**

૪ પ્રકારે દર્શન છે. (૧) ચક્ષુદર્શન (૨) અચક્ષુદર્શન (૩) અવધિદર્શન (૪) કેવળદર્શન.

કેવલજ્ઞાન કેવલદર્શન ન પામે ત્યાં સુધી ચક્ષુ આદિ ઈન્દ્રિયોનો ઉપયોગ હોવાથી છદ્મસ્થોને ચક્ષુ, અચક્ષુ દર્શન જાણવું. તેમાં એકે૦, બેઈ૦, તેઈ૦ને અચક્ષુદર્શન એક જ હોય અને શેષ મનુષ્ય-તિર્યંચ-દેવ અને નારકને ચક્ષુદર્શન પણ હોય.

તેથી ચક્ષુદર્શન અને અચક્ષુદર્શન માર્ગણામાં ૧ થી ૧૨ ગુણઠાણા હોય છે અને ત્યાં કર્મસ્તવની જેમ ઓઘબંધ જાણવો.

ઓઘે-૧૨૦, મિથ્યાત્વે-૧૧૭, સાસ્વાદને-૧૦૧, મિશ્રે-૭૪, અવિરતે-૭૭, દેશવિરતે-૬૭, પ્રમત્તે-૬૩, અપ્રમત્તે-૫૯/૫૮, અપૂર્વકરણે -૫૮-૫૬-૨૬, અનિવૃત્તિકરણે-૨૨-૨૧-૨૦-૧૯-૧૮, સૂક્ષ્મસંપરાયે ૧૭, ઉપશાંત મોહ અને ક્ષીણ મોહે-૧ પ્રકૃતિનો બંધ છે.

**પ્રશ્ન**– જેમ-સમ્યગ્દ્રષ્ટિને જ્ઞાન હોય અને મિથ્યાત્વથી કલુષિત હોય તે અજ્ઞાન કહેવાય. તેમ દર્શનને અદર્શન કેમ ન કહ્યાં ?

**ઉત્તર**– જ્ઞાન એ વિશેષબોધરૂપ હોવાથી શુભાશુભકાર્યની પ્રવૃતિ અને નિવૃતિના કારણ રૂપ બને છે. પરંતુ દર્શન તે માત્ર સામાન્ય બોધરૂપ વિશેષધર્મના જ્ઞાનના અભાવરૂપ હોવાથી કાર્યની પ્રવૃતિ અને નિવૃત્તિનું કારણ બનતું નથી તેથી અદર્શનરૂપ ઉપયોગ ન કહ્યો.

**પ્રશ્ન**– કેવલી ભગવંત ચક્ષુથી જૂએ અને શેષ ઈન્દ્રિયોથી બીજા વિષયોને જાણવા પ્રવૃત થાય, તો ચક્ષુદર્શન, અચક્ષુદર્શનમાં ૧૩મું ગુણ૦ કેમ ન કહ્યું ?

**ઉત્તર**– કેવલી ભગવંતને કેવલજ્ઞાનથી ત્રણે કાળનું એક સમયમાં જ્ઞાન થતું હોવાથી ચક્ષુઆદિ ઈન્દ્રિયોનો ઉપયોગ હોય નહી. માટે ચક્ષુ દર્શનાદિમાં ૧૩મું ગુણસ્થાનક ન હોય.

પરંતુ દેહ (શરીર)માં ચક્ષુઆદિ ઈન્દ્રિયો હોય. માટે કેવલીભ૦ના શરીરમાં ચક્ષુ હોવાથી પ્રતિમાદિમાં ચક્ષુ રાખવાં જોઈએ.

**मणनाणि सगजयाई समइय छेय चउदुन्नि परिहारे ।**
**केवलदुगि दो चरमाऽजयाई नव मइसुओहिदुगे ॥१९॥**

| | |
|---|---|
| जयाई = પ્રમત્તાદિ | अजयाई = અવિરતિ આદિ |
| दुन्नि = બે ગુણઠાણા | सग = સાત |

**ગાથાર્થ**– મનઃપર્યવજ્ઞાન માર્ગણામાં પ્રમત્તાદિ સાત ગુણઠાણા હોય છે. સામાયિક અને છેદોપસ્થાપનીય માર્ગણામાં પ્રમત્તાદિ ૪ ગુણઠાણા હોય છે. પરિહાર વિશુદ્ધિ માર્ગણામાં પ્રમત્તાદિ બે ગુણઠાણા હોયછે. કેવળજ્ઞાન અને કેવલદર્શન માર્ગણામાં ૧૩મું-૧૪મું ગુણઠાણું હોય છે. મતિજ્ઞાન,

શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન અને અવધિદર્શનમાં અવિરતિ આદિ નવ ગુણઠાણા હોય છે.

**વિવેચન–** મનઃપર્યવજ્ઞાન અપ્રમત્ત મુનિને જ ઉત્પન્ન થાય છે. પરંતુ સંયમીમુનિ અપ્રમત્ત અને પ્રમત્ત બે ગુણસ્થાનકે અંતર્મુહૂર્તે અંતર્મુહૂર્તે પરાવર્તમાન થતા હોય છે. તેથી મનઃપર્યવજ્ઞાની અપ્રમત્તથી પ્રમત્તે આવે છે. માટે પ્રમત્ત ગુણસ્થાનક પણ મનઃપર્યવજ્ઞાનીને હોય છે. ૧૩મે ગુણઠાણે ક્ષાયિક ભાવનું કેવળજ્ઞાન પ્રાપ્ત થતું હોવાથી ક્ષાયોપશમિકભાવનાં મત્યાદિ ૪ જ્ઞાન હોય નહી. માટે મનઃપર્યવજ્ઞાન ૬ થી ૧૨ ગુણસ્થાનક સુધી હોય છે. આ ગુણસ્થાનકોમાં કર્મસ્તવની જેમ બંધ જાણવો.

એટલે ઓઘ-૬૫, પ્રમત્તે-૬૩, અપ્રમત્તે ૫૯/૫૮, અપૂર્વકરણે ૫૮-૫૬-૨૬, અનિવૃત્તિકરણે ૨૨-૨૧-૨૦-૧૯-૧૮ સૂક્ષ્મસંપરાયે ૧૭ અને ઉપશાંત મોહ અને ક્ષીણમોહે-૧ પ્રકૃતિનો બંધ હોય છે.

અહીં અને બીજી કેટલીક માર્ગણાઓમાં જિનનામ અને આહારકદ્વિકનો બંધ આગળના ગુણસ્થાનકોમાં સંભવે તેથી જે માર્ગણામાં **પોતાના શરૂઆતના ગુણ૦માં તે પ્રકૃતિ ન હોય** તો ઓઘબંધમાં તે ઉમેરી ઓઘબંધ જાણવો.

જેમ મનઃપર્યવજ્ઞાન માર્ગણામાં પ્રમત્તથી ક્ષીણ મોહ૦સુધીનાં ગુણ૦હોય. તેમાં પ્રમત્તે ૬૩નો બંધ છે. આહારકદ્વિક અપ્રમત્ત અને અપૂર્વકરણગુણસ્થાનકમાં જ બંધમાં આવવાનું છે. તેથી ઓઘમાં ઉમેરી ઓઘ બંધ કહ્યો છે.

**સામાયિક અને છેદોપસ્થાપનીયમાં બંધસ્વામિત્વ–**

સામાયિક ચારિત્ર અને છેદોપસ્થાપનીય ચારિત્ર માર્ગણામાં પ્રમત્તાદિ ૪ ગુણસ્થાનક હોય છે. ૧૦ મે ગુણઠાણે સૂક્ષ્મસંપરાય ચારિત્ર અને ૧૧

થી ૧૪ ગુણઠાણા સુધી યથાખ્યાત ચારિત્ર હોય છે. તેથી આ બે માર્ગણામાં ૬ઠ્ઠું, ૭મું, ૮મું અને ૯મું ગુણઠાણું જ કહ્યું છે.

અપ્રમત્તાદિમાં આહારકદ્વિકનો બંધ કરી શકતા હોવાથી ઓઘે ૬૫, પ્રમત્તે ૬૩, અપ્રમત્તે ૫૯/૫૮, અપૂર્વકરણે ૫૮-૫૬-૨૬ અને અનિવૃત્તિકરણે ૨૨-૨૧-૨૦-૧૯-૧૮ પ્રકૃતિનો બંધ જાણવો.

**પરિહારવિશુદ્ધિ ચારિત્ર માર્ગણામાં બંધસ્વામિત્વ–**

પરિહાર વિશુદ્ધિ ચારિત્ર માર્ગણામાં પ્રમત્ત-અપ્રમત્ત બે ગુણસ્થાનક હોય છે. કારણ કે તત્પ્રાયોગ્ય અધ્યવસાયના અભાવે આ જીવો શ્રેણિનો પ્રારંભ કરતા ન હોવાથી અપૂર્વકરણાદિ ગુણસ્થાનકો હોય નહીં. તથા પરિહાર વિશુદ્ધિ ચારિત્રવાળા જીવો આહારક શરીર બનાવતા નથી, કારણકે તેઓ કંઈક ન્યૂન દશપૂર્વધર હોય છે અને આહારક શરીરની રચના ચૌદ પૂર્વધર આમર્ષૌષધિ લબ્ધિવાળા પ્રમત્તયતિ જ કરી શકતા હોવાથી આ જીવોને આહારક શરીર હોય નહીં પરંતુ આહારકદ્વિકનો બંધ કરી શકે છે. તેથી ઓઘે-૬૫, પ્રમત્તે-૬૩, અપ્રમત્તે-૫૯/૫૮નો બંધ સમજવો.

**કેવલદ્વિક માર્ગણામાં બંધસ્વામિત્વ–**

કેવલજ્ઞાન અને કેવલદર્શન ૧૩મે ગુણસ્થાનકે પ્રાપ્ત થતું હોવાથી ૧૩ અને ૧૪ એ બે ગુણસ્થાનક હોય છે. તેમાં ૧૩મે ગુણસ્થાનકે શાતા વેદનીયનો બંધ હોય છે અને ૧૪મે ગુણઠાણે યોગનો અભાવ હોવાથી અબંધક હોય છે. તેથી બંધ હોય નહીં. ઓઘે-૧ પ્રકૃતિ, ૧૩મા ગુણ૦માં એક પ્રકૃતિનો બંધ જાણવો.

**મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિદ્વિકમાં બંધસ્વામિત્વ–**

મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન અને અવધિદર્શન માર્ગણામાં ૪ થી ૧૨ ગુણસ્થાનક એટલે કે કુલ ૯ ગુણસ્થાનક હોય છે. ૧ થી ૩ ગુણસ્થાનકમાં સમ્યક્ત્વ હોય નહીં અને ૧૩-૧૪મે ગુણઠાણે ક્ષાયિક ભાવનું

કેવલજ્ઞાન હોવાથી ક્ષાયોપશમિક ભાવનાં ૪ જ્ઞાન હોય નહીં. માટે ૪ થી ૧૨ ગુણઠાણા આ ૪ માર્ગણામાં હોય છે.

મતિજ્ઞાન આદિ ૪ માર્ગણાવાળા અપ્રમત્તાદિમાં આહારકદ્વિકનો બંધ કરતા હોવાથી ઓઘે-૭૯, અવિરતે-૭૭, દેશવિરતે-૬૭, પ્રમત્તે-૬૩, અપ્રમત્તે-૫૯/૫૮, અપૂર્વકરણે ૫૮-૫૬-૨૬, અનિવૃત્તિકરણે ૨૨-૨૧-૨૦-૧૯-૧૮, સૂક્ષ્મસંપરાયે-૧૭ અને ઉપશાંતમોહ તેમજ ક્ષીણમોહે ૧ પ્રકૃતિનો બંધ કરે છે.

અહીં અવધિદર્શન માર્ગણાએ અવધિજ્ઞાનની જેમ ૪ થી ૧૨ ગુણસ્થાનક કહ્યાં છે, પરંતુ સિદ્ધાંતકારના મતે વિભંગજ્ઞાનીને પણ અવધિદર્શન હોય એમ કહ્યું છે.

**પ્રશ્ન**– છદ્મસ્થને જ્ઞાન તે દર્શનપૂર્વક થાય છે. માટે વિભંગજ્ઞાનીને અવધિદર્શન હોવું જોઈએ. માટે અવધિદર્શનમાં ૧ થી ૧૨ ગુણસ્થાનક કહેવાં જોઈએ.

**ઉત્તર**– જેમ મતિ અજ્ઞાની અને મતિજ્ઞાની બંનેને ચક્ષુદર્શન અને અચક્ષુદર્શન કહ્યું છે. પરંતુ ચક્ષુઅદર્શન એમ કહ્યું નથી. એટલે કે મિથ્યાત્વીને જ્ઞાન અજ્ઞાન થાય પરંતુ દર્શન અદર્શન (વિપરિત દર્શન) થાય એવું નથી.

વળી સામાન્યબોધમાં વિપરિતપણું હોય નહીં. વિશેષબોધમાં કેટલાક વિશેષધર્મનો બોધ દ્રષ્ટિદોષથી વિપરિત પણ થાય અને છદ્મસ્થને જ્ઞાન દર્શનપૂર્વક થાય માટે સિદ્ધાન્તકારોએ વિભંગજ્ઞાનીને અવધિદર્શન પણ કહ્યું છે. અને ૧ થી ૧૨ ગુણસ્થાનક કહ્યાં છે.

પરંતુ કર્મગ્રંથકારો અવધિજ્ઞાનીને જ અવધિદર્શન માને છે. તે મતે અહીં ૪ થી ૧૨ ગુણસ્થાનક કહ્યાં છે.

તેમજ છદ્મસ્થને દર્શનવિના પણ જ્ઞાન હોય. જેમ મનઃપર્યવજ્ઞાન.

આ કારણે વિભંગજ્ઞાનીને દર્શનવિના પણ વિભંગજ્ઞાન થાય માટે અવધિદર્શન તેઓને ન હોય.

**अड उवसमि चउ वेअगि, खइए इक्कार मिच्छतिगि देसे ।**
**सुहुमि सठाणंतेरस, आहारगि नियनियगुणोहो ॥२०॥**

**परमुवसमि वट्टंता, आउ न बंधंति तेण अजयगुणे ।**
**देवमणुआउ हीणो, देसाईसु पुण सुराउ विणा ॥२१॥**

वेअगि = વેદક સમ્યક્ત્વમાં ક્ષયોપશમ સમ્યક્ત્વમાં
सठाणं = પોતાના
ओहो = ઓઘબંધ
अजयगुणे = અવિરત સમ્યગ્દષ્ટિ ગુણ૦માં

**ગાથાર્થ–** ઉપશમ સમ્યક્ત્વ માર્ગણામાં અવિરતિ આદિ આઠ ગુણસ્થાનક હોય છે. ક્ષયોપશમ સમ્યક્ત્વમાં અવિરતિ આદિ ૪ ગુણસ્થાનક, ક્ષાયિક સમ્યક્ત્વમાં અવિરત આદિ ૧૧ ગુણસ્થાનક, મિથ્યાત્વાદિત્રિકમાં દેશવિરતિ અને સૂક્ષ્મસંપરાય ચારિત્ર માર્ગણામાં પોતપોતાના નામનાં (પોતાનાં) ગુણસ્થાનક હોય છે. આહારી માર્ગણામાં ૧૩ ગુણસ્થાનક હોય છે. આ બધી માર્ગણાઓમાં પોતપોતાનાં ગુણસ્થાનક પ્રમાણે ઓઘબંધ જાણવો. ॥૨૦-૨૧॥

**વિવેચન– ઉપશમ સમ્યક્ત્વમાં બંધસ્વામિત્વ–**

ઉપશમ સમ્યક્ત્વમાં ૪ થી ૧૧ ગુ. કહ્યાં છે તેમાં પ્રથમ ગુણસ્થાનકથી ઉપશમ સમ્યક્ત્વ પામનારને ૪ થી ૭ ગુણ૦ હોય તેમજ આહારકદ્વિકનો અને જિનનામનો બંધ ઘટે નહિ. પરંતુ શ્રેણિના ઉપશમ સમ્યક્ત્વમાં જિનનામ અને આહારકદ્વિકનો બંધ ઘટી શકે. કારણકે સાસ્વાદને નામકર્મની ૯૨ની સત્તા શ્રેણીમાંથી પડી સાસ્વાદને આવેલને કહી છે. કહ્યું છે કે- अणबंधोदय आउगबंधं कालं च सासणो कुणइ उवसमसम्मद्दिट्ठि चउण्हमिक्कंपि नो कुणइ

અર્થ- અનં૦નો બંધ, અનં૦ઉદય, આયુષ્યબંધ, મરણ સાસ્વાદનવાળો કરે. પરંતુ ઉપશમ સમ્યગ્દ્રષ્ટિ તે ન કરે. (અહીં મરણ-ભવાન્તરમાં ગમન)

ઉપશમ સમ્યક્ત્વમાં વર્તતો જીવ ભવાંતરનું આયુષ્ય બાંધે નહિ, કારણકે અહીં ઘોલમાન પરિણામ હોય નહિ, પરંતુ ઉત્તરોત્તર ચડતા કે ઉતરતા પરિણામ સંભવે છે. માટે આયુષ્ય વિના બંધ જાણવો. ઓઘે-૭૭, અવિરત સમ્ય૦ ૭૫, દેશવિરતિમાં ૬૬, પ્રમત્તે-૬૨, અપ્રમત્તે ૫૮, અપૂર્વકરણ ગુણ૦માં ૫૮-૫૬-૨૬, અનિવૃત્તિ ગુણ૦માં પહેલા વિગેરે ભાગે ૨૨-૨૧-૨૦-૧૯-૧૮ સૂક્ષ્મ સંપરાય ગુણ૦માં ૧૭ ઉપ૦ગુણ૦માં ૧ નો બંધ સમજવો.

**ક્ષાયોપશમ સમ્યક્ત્વ માર્ગણામાં બંધસ્વામિત્વ–**

ક્ષાયોપશમ સમ્યક્ત્વમાં સમ્યક્ત્વ મોહનીયનો ઉદય હોય છે અને જ્યાં સુધી સમ્યક્ત્વ મોહનીયનો ઉદય હોય છે. ત્યાં સુધી જીવ શ્રેણિ ચડી શકતો નથી. તેથી અપૂર્વકરણાદિ ગુણસ્થાનક હોય નહી તથા સમ્યક્ત્વ મોહ૦નો ઉદય ૪થા ગુણસ્થાનકથી થાય છે. તેથી પહેલાં ૩ ગુણસ્થાનક પણ હોય નહીં. તેથી ૪ થી ૭ ગુણસ્થાનક હોય છે.

ક્ષાયોપશમ સમકિતી ૭મે ગુણઠાણે આહારકદ્વિક બાંધી શકતો હોવાથી ઓઘે-૭૯, ચોથે-૭૭, પાંચમે-૬૭, છટ્ઠે-૬૩ અને સાતમે-૫૯/૫૮ પ્રકૃતિનો બંધ કરે છે.

**ક્ષાયિક સમ્યક્ત્વ માર્ગણામાં બંધસ્વામિત્વ–**

ક્ષાયિક સમ્યક્ત્વ ૪ થી ૧૪ ગુણસ્થાનક સુધી હોય. પહેલાં ૩ ગુણસ્થાનકમાં સમ્યક્ત્વ હોય નહીં તેમજ ૪ થી ૧૪ ગુણસ્થાનકોમાં કર્મસ્તવની જેમ ઓઘબંધ જાણવો. તથા સાતમે-આઠમે આહારકદ્વિકનોબંધ કરતો હોવાથી ઓઘે-૭૯, અવિરતે-૭૭, દેશવિરતે-૬૭, પ્રમત્તે-૬૩, અપ્રમત્તે

૫૯/૫૮, અપૂર્વકરણે ૫૮-૫૬-૨૬, અનિવૃત્તિકરણે ૨૨-૨૧-૨૦-૧૯-૧૮, સૂક્ષ્મ સંપરાયે-૧૭, ઉપશાન્તમોહ-ક્ષીણમોહ, સયોગી કેવલીએ-૧, અને અયોગી અબંધક હોય છે.

**પ્રશ્ન-** ક્ષાયિક સમ્યક્ત્વ માર્ગણાએ ઓઘબંધ કહ્યો છે. પરંતુ ક્ષાયિક સમકિતી આયુષ્ય ન બાંધ્યુ હોય તો તે ભવમાં જ મોક્ષે જાય.

અને દેવ કે નરકનું આયુષ્ય બાંધ્યા પછી ક્ષાયિક સમ્યક્ત્વ પામે તો ત્રીજા ભવે મોક્ષે જાય તેથી ચોથા ગુણસ્થાનકે મનુષ્યાયુષ્યનો જ બંધ ઘટે.

અને યુગલિક તિર્યંચ-મનુષ્યનું આયુષ્ય બાંધ્યું હોય તો ચાર ભવે મોક્ષે જાય તેથી ૪થે ગુણસ્થાનકે દેવ-મનુષ્યાયુષ્યનો પણ બંધ ઘટી શકે.

પરંતુ ૫થી ૭માં ગુણસ્થાનક સુધી દેવાયુષ્યનો બંધ ઘટી શકે નહિ તો કઈ અપેક્ષાએ ઓઘબંધ કહ્યો.

**ઉત્તર–** જો કે ક્ષાયિક સમ્યક્ત્વી ૩ અથવા ૪ ભવ કરે તે અપેક્ષાએ તમારો પ્રશ્ન સાચો છે. પરંતુ ક્ષાયિક સમ્યક્ત્વી ક્વચિત્ પાંચ ભવ પણ કરે તે અપેક્ષાએ ઓઘબંધ ઘટી શકે, ક્ષાયિક સમ્યક્ત્વીના એક, ત્રણ, ચાર અને પાંચ ભવ થાય છે. તે ભવો આ પ્રમાણે–

**એક ભવ–**

મનુષ્યનો, અહીં આયુષ્ય બાંધ્યા વિના ક્ષાયિક સમ્યક્ત્વ પામે, તે આત્મા તે ભવમાં જ મોક્ષે જાય. માટે આયુષ્યબંધ ન ઘટે.

**ત્રણ ભવ–**

**પહેલો ભવ– મનુષ્યનો-** પૂર્વે નરક અથવા દેવનું આયુષ્ય બાંધ્યું હોય પછી ક્ષાયિક સમ્યક્ત્વ પામે એટલે ક્ષા૦સમ્યક્ત્વ પામ્યા પછી ૧લા ભવમાં આયુષ્યનો બંધ ન હોય. (તિર્થંકરને આયુષ્ય બંધ થાય)

**બીજો ભવ– દેવ અથવા નારકી-** આ ભવમાં ચોથા ગુણ૦માં મનુષ્યાયુઃનો બંધ થાય.

**ત્રીજો ભવ– મનુષ્યનો-** આ ભવમાં મોક્ષે જાય, એટલે આયુઃનો બંધ ન હોય.

**ચાર ભવ–**

**પહેલો ભવ– મનુષ્યનો-** આ ભવમાં પૂર્વે યુગ૦ તિર્યંચ કે મનુષ્યનું આયુઃ બાધ્યું હોય અને પછી ક્ષાયિક સમ્યક્ત્વ પામે.

**બીજો ભવ– યુગ૦મનુષ્ય-યુ૦ તિર્યંચ-** આ ભવમાં ચોથા ગુણ૦માં વૈમાનિકદેવનું આયુષ્ય બાંધે.

**ત્રીજો ભવ– દેવનો-** આ ભવમાં ચોથા ગુણ૦માં મનુષ્યાયુષ્યનો બંધ થાય.

**ચોથો ભવ– મનુષ્યનો-** આ ભવમાં મોક્ષે જાય. તેથી આયુષ્ય બંધ ન હોય.

**પાંચ ભવ–**

**પહેલો ભવ– મનુષ્યનો-** આ ભવમાં પૂર્વે નરક અથવા દેવનું આયુષ્ય બાંધ્યુ હોય પછી ક્ષાયિક સમ્યક્ત્વ પામે.

**બીજો ભવ– દેવ અથવા નારકી-** આ ભવમાં ચોથા ગુણ૦માં મનુષ્યાયુઃનો બંધ થાય.

**ત્રીજો ભવ– મનુષ્યનો-** આ ભવ એવા ક્ષેત્રમાં થાય કે જ્યાં મોક્ષ વિદ્યમાન ન હોય. (ભરત અથવા ઐરાવતમાં-પાંચમાં આરામાં) સંખ્યાત વર્ષના આયુષ્યવાળો મનુષ્ય થાય, (જેમ દુપ્પસહસૂરિ મહારાજા). તેથી આ ભવમાં ૪ થી ૭ ગુણ૦માં દેવાયુષ્યનો બંધ ઘટી શકે.

**ચોથો ભવ– દેવનો-** આ ભવમાં ચોથા ગુણ૦માં મનુષ્યાયુષ્યનો બંધ કરે.

**પાંચમો ભવ– મનુષ્યનો-** આ ભવમાં મોક્ષે જાય.

આ રીતે ક્ષાયિક સમ્યક્ત્વ માર્ગણામાં-

(૧) એક ભવ કરનારને-આયુષ્યનો બંધ ન ઘટે.

(૨) ત્રણ ભવ કરનારને બીજા ભવે ચોથા ગુણ૦માં દેવભવમાં મનુષ્યાયુષ્યનો બંધ ઘટે.

(૩) ચાર ભવ કરનારને ચોથા ગુણ૦માં દેવ અને મનુષ્યાયુષ્યનો બંધ ઘટે.

(૪) પાંચ ભવ કરનારને કર્મસ્તવની જેમ ચોથા ગુણ૦માં મનુષ્યાયુષ્ય અને ૪ થી ૭ ગુણ૦માં દેવાયુષ્યનો બંધ ઘટી શકે. તેથી પાંચ ભવ આશ્રયી કર્મસ્તવની જેમ બંધ જાણવો.

**મિથ્યાત્વાદિ માર્ગણામાં બંધસ્વામિત્વ–**

મિથ્યાત્વ, સાસ્વાદન સમ્યક્ત્વ, મિશ્ર સમ્યક્ત્વ, દેશવિરતિ અને સૂક્ષ્મસંપરાય ચારિત્ર માર્ગણામાં પોતપોતાનું એક જ ગુણસ્થાનક હોય છે એટલે પોતાના નામવાળુ ગુણસ્થાનક હોય અને ત્યાં ઓઘબંધ જાણવો. મિથ્યાત્વ માર્ગણામાં ૧૧૭, સાસ્વાદન માર્ગણામાં ૧૦૧, મિશ્ર સમ્યક્ત્વમાં ૭૪, દેશવિરતિ માર્ગણામાં ૬૭ અને સૂક્ષ્મ સંપરાય ચારિત્ર માર્ગણામાં ૧૭ પ્રકૃતિનો બંધ જાણવો.

**આહારી માર્ગણામાં બંધસ્વામિત્વ–**

આહાર ત્રણ પ્રકારનો છે. (૧) ઓજાહાર (૨) લોમાહાર અને (૩) કવલાહાર

ઉત્પત્તિસ્થાનમાં કાર્મણશરીર વડે પ્રથમ સમયે આહારગ્રહણ કરે તે ઓજાહાર, ત્વચાદ્વારા આહાર લે તે લોમાહાર આ આહાર શરીરધારીને સતત હોય છે. અને મુખદ્વારા આહાર લે તે કવલાહાર કહેવાય. ત્રણમાંથી કોઈપણ આહાર હોય તેને આહારી કહેવાય.

આહારી માર્ગણામાં ૧ થી ૧૩ ગુણસ્થાનક હોય. ચૌદમા ગુણ૦માં શરીર અને યોગવ્યાપાર ન હોવાથી આહારીપણું ન હોય.

અહીં બધા ગુણસ્થાનકોમાં ઓઘબંધ એટલે ઓઘે-૧૨૦ મિથ્યાત્વે ૧૧૭ વિગેરે કર્મસ્તવની જેમ પ્રકૃતિબંધ જાણવો.

**ओहे अट्ठारसयं, आहारदुगूणमाइलेसतिगे ।**
**तं तित्थोणं मिच्छे, साणाइसु सव्वहिं ओहो ॥२२॥**

| | |
|---|---|
| अट्ठारसयं = એકસો અઢાર | आहारदुगुणं = આહારકદ્વિક વિના |
| साणाइसु = સાસ્વાદન વિગેરેમાં | सव्वहिं = સર્વસ્થાનોમાં |

**ગાથાર્થ**– પ્રથમની ત્રણ લેશ્યામાં આહારકદ્વિક વિના ૧૧૮ પ્રકૃતિ ઓઘે બાંધે છે. જિનનામ વિના ૧૧૭ પ્રકૃતિ મિથ્યાત્વ ગુણઠાણે બાંધે છે. સાસ્વાદનાદિ ગુણઠાણાઓમાં ઓઘબંધ જાણવો.

**વિવેચન**– હવે લેશ્યા માર્ગણામાં બંધસ્વામિત્વ કહેવાય છે.

કૃષ્ણાદિ ત્રણ લેશ્યા માર્ગણામાં ૧ થી ૪ ગુણસ્થાનક કહ્યાં છે. અને ઓઘ બંધ કહ્યો છે એટલે કૃષ્ણ, નીલ, કાપોત લેશ્યામાં ઓઘે આહારકદ્વિક વિના ૧૧૮ પ્રકૃતિનો બંધ છે. તત્પ્રાયોગ્ય સંયમનો અભાવ હોવાથી આહારકદ્વિકનો બંધ હોય નહીં. માટે ઓઘે આહારકદ્વિક વિના ૧૧૮ પ્રકૃતિનો બંધ જાણવો.

મિથ્યાત્વ ગુણસ્થાનકે જિનનામ વિના ૧૧૭ પ્રકૃતિનો બંધ છે. જિનનામનો બંધ તત્પ્રાયોગ્ય સમ્યક્ત્વથી થાય છે. મિથ્યાત્વે તત્પ્રાયોગ્ય સમ્યક્ત્વ ન હોવાથી જિનનામનો બંધ કરતા નથી.

સાસ્વાદનાદિ ગુણસ્થાનકોમાં કર્મસ્તવમાં જણાવ્યા મુજબ ઓઘબંધ જાણવો એટલે સાસ્વાદને ૧૦૧, મિશ્રે-૭૪, અવિ૦ સમ્યક્ત્વે-૭૭.

**અસંગત**-કૃષ્ણાદિ લેશ્યાએ ચોથે ગુણસ્થાનકે કર્મસ્તવની જેમ બંધ કહ્યો છે. પરંતુ દેવાયુષ્યનો બંધ ઘટી શકતો નથી. કારણકે ચોથા ગુણસ્થાનકમાં કૃષ્ણાદિ લેશ્યામાં વર્તતા મનુષ્યો વૈમાનિકનું જ આયુષ્ય બાંધે. કહ્યું છે કે-

કૃષ્ણાદિ લેશ્યામાં વર્તતે જીવ સમ્યક્ત્વમાં આયુષ્ય બાંધે તો વૈમાનિકનું આયુષ્ય બાંધે.

**सम्मत्तम्मि उ लद्धे विमाणवज्जं न बंधए आउं**
**जइ वि न सम्मत्तजढो अहव न बद्धाउओ पुव्विं**

(સંબોધસત્તરી ગા.૨૩)

જે લેશ્યાએ આયુષ્ય બાંધે તે લેશ્યા સહિત ભવાન્તરમાં દેવમાં જાય, તો વૈમાનિકમાં કૃષ્ણાદિ લેશ્યા નથી. માટે કૃષ્ણાદિ લેશ્યાએ દેવાયુષ્યનો બંધ ઘટે નહીં. ગ્રંથકારે ક્યા આશયથી કહ્યો તે સમજાતું નથી. (તત્ત્વં કેવલિગમ્યં)

જો કે અહીં દેવાયુષ્યનો બંધ જે કહેલ છે. તેમાં વૈમાનિકમાં પણ દ્રવ્યલેશ્યા શુભ હોય પરંતુ ભાવથી અશુભ લેશ્યા પણ હોય, તે અપેક્ષાએ ગ્રંથકારે કહ્યું હોય તેમ ઘટાવી શકાય.

જો કૃષ્ણાદિ ત્રણ અશુભલેશ્યામાં પૂર્વપ્રતિપન્નની વિવક્ષા કરીએ એટલે પ્રથમ ચોથાદિ ગુણ૦ને પામ્યા પછી અશુભ લેશ્યા આવી શકે તે અપેક્ષાએ કેટલાકના મતે છ ગુણ૦ પણ કહ્યાં છે. એટલે કે પાંચમું-છઠ્ઠું ગુણ૦ પામેલ આત્માને પણ ક્વચિત્ કૃષ્ણાદિ લેશ્યા આવી જાય તેમ સમજવું તે ગુણસ્થાનકોમાં ઓઘબંધ એટલે પાંચમે ૬૭ પ્રમત્તે ૬૩ બંધાય.

આ જ ગ્રંથકારે પણ ચતુર્થ કર્મગ્રંથમાં ૧ થી ૬ ગુણ૦ કહ્યાં છે. (જુઓ ગા.૨૨ पढमतिलेसासु छच्च)

અહીં કૃષ્ણાદિ લેશ્યામાં ૧ થી ૪ ગુણસ્થાનક કહ્યાં છે. તે પ્રતિપદ્યમાનની અપેક્ષાએ જાણવાં. એટલે આ કૃષ્ણાદિ અશુભલેશ્યામાં વર્તતો જીવ દેશવિરતિ કે પ્રમત્ત ગુણસ્થાનક પામે નહી. માટે પાંચમા અને છઠ્ઠા ગુણસ્થાનકની વિવક્ષા કરી નથી.

**तेउ निरयनवूणा उज्जोयचउनिरयबार विणुसुक्का ।**
**विणु निरयबार पम्हा, अजिणाहारा इमा मिच्छे ॥२३॥**

| | |
|---|---|
| निरयनव = નરકાદિ નવ | उणा = ન્યૂન |
| इमा = આ પ્રકૃતિઓ | मिच्छे = મિથ્યાત્વે |

**ગાથાર્થ–** તેજો લેશ્યામાં નરકત્રિકાદિ નવપ્રકૃતિ વિના ૧૧૧ પ્રકૃતિ બાંધે છે. શુક્લ લેશ્યાવાળા જીવોને ઉદ્યોત ચતુષ્ક અને નરકત્રિકાદિ ૧૨ પ્રકૃતિવિના ૧૦૪ પ્રકૃતિઓનો બંધ છે. પદ્મલેશ્યાવાળા નરકત્રિકાદિ ૧૨ પ્રકૃતિવિના ૧૦૮ પ્રકૃતિઓ ઓઘે બાંધે છે. તે તેજો, પદ્મ અને શુક્લ લેશ્યાવાળા જીવોને મિથ્યાત્વે જિનનામ અને આહારકદ્વિક વિના પ્રકૃતિઓનો બંધ જાણવો.

**વિવેચન–** તેજો લેશ્યામાં ૧ થી ૭ ગુણસ્થાનક હોય છે. પહેલા ૨ દેવલોક સુધીના દેવો પણ તેજો લેશ્યાવાળા હોય છે. તે તેજોલેશ્યાવાળા જીવો ૫૦ બાદર પૃથ્વીકાય, ૫૦ બાદર અપ્કાય, ૫૦ પ્રત્યેક વનસ્પતિકાયમાં પણ ઉત્પન્ન થઈ શકે છે. પરંતુ સૂક્ષ્મ એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, લબ્ધિ અપર્યાપ્ત તિર્યંચ-મનુષ્ય કે નરકમાં ઉત્પન્ન થતા ન હોવાથી સૂક્ષ્મત્રિક, વિકલેન્દ્રિયત્રિક અને નરકત્રિકનો બંધ કરતા નથી. તેમજ આ ૯ પ્રકૃતિ અશુભ છે. અને તેજો આદિ લેશ્યા શુભ છે. માટે પણ બાંધે નહીં. એટલે આ ૯ પ્રકૃતિ વિના તેજો લેશ્યાવાળાને ઓઘે ૧૧૧ પ્રકૃતિનો બંધ જાણવો.

મિથ્યાત્વ ગુણસ્થાનકે તત્પ્રાયોગ્ય સમ્યક્ત્વ અને સંયમ ન હોવાથી જિનનામ અને આહારકદ્વિક વિના ૧૦૮ પ્રકૃતિનો બંધ છે. સાસ્વાદને-૧૦૧, મિશ્રે-૭૪, અવિરતે-૭૭, દેશવિરતે-૬૭, પ્રમત્તે-૬૩ અને અપ્રમત્તે-૫૯/૫૮ પ્રકૃતિનો બંધ છે. એ પ્રમાણે સાસ્વાદન ગુણ૦થી અપ્રમત્તગુણ૦ સુધી ઓઘ બંધ જાણવો.

## તેજોલેશ્યામાં બંધસ્વામિત્વ યંત્ર

| ગુણ૦ | જ્ઞા૦ | દ૦ | વે૦ | મો૦ | આ૦ | નામકર્મ | | | | | ગો | અં૦ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | પિં. | પ્ર | ત્ર. | સ્થા. | કુલ | | | |
| ઓઘે | ૫ | ૯ | ૨ | ૨૬ | ૩ | ૩૪ | ૮ | ૧૦ | ૭ | ૫૯ | ૨ | ૫ | ૧૧૧ |
| મિથ્યાત્વ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૩ | ૩૨ | ૭ | ૧૦ | ૭ | ૫૬ | ૨ | ૫ | ૧૦૮ |
| સાસ્વા૦ | ૫ | ૯ | ૨ | ૨૪ | ૩ | ૨૯ | ૬ | ૧૦ | ૬ | ૫૧ | ૨ | ૫ | ૧૦૧ |
| મિશ્ર | ૫ | ૬ | ૨ | ૧૯ | ૦ | ૧૮ | ૫ | ૧૦ | ૩ | ૩૬ | ૧ | ૫ | ૭૪ |
| અવિ૦ | ૫ | ૬ | ૨ | ૧૯ | ૨ | ૧૮ | ૬ | ૧૦ | ૩ | ૩૭ | ૧ | ૫ | ૭૭ |
| દેશ | ૫ | ૬ | ૨ | ૧૫ | ૧ | ૧૩ | ૬ | ૧૦ | ૩ | ૩૨ | ૧ | ૫ | ૬૭ |
| પ્રમત્ત૦ | ૫ | ૬ | ૨ | ૧૧ | ૧ | ૧૩ | ૬ | ૧૦ | ૩ | ૩૨ | ૧ | ૫ | ૬૩ |
| અપ્ર૦ | ૫ | ૬ | ૨ | ૯ | ૧/૦ | ૧૫ | ૬ | ૧૦ | ૦ | ૩૧ | ૧ | ૫ | ૫૯/૫૮ |

**પદ્મલેશ્યા માર્ગણામાં બંધસ્વામિત્વ–**

પદ્મલેશ્યામાં ૧ થી ૭ ગુણસ્થાનક હોય છે. ૩જાથી ૫મા સુધીના દેવલોકના દેવોને પણ પદ્મલેશ્યા હોય છે. તે દેવલોકના દેવો એકેન્દ્રિયમાં ઉત્પન્ન થતા નથી. તેથી પદ્મલેશ્યાવાળા જીવો, એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, લબ્ધિ અપર્યાપ્તા તિર્યંચ-મનુષ્ય અને નરકમાં તત્પ્રાયોગ્ય અશુભ અધ્યવસાયના અભાવે ઉત્પન્ન થતા નથી. માટે એકેન્દ્રિયત્રિક, સૂક્ષ્મત્રિક, વિકલેન્દ્રિયત્રિક અને નરકત્રિક એ ૧૨ પ્રકૃતિનો બંધ કરતા નથી. તેથી ઓઘે ૧૦૮ પ્રકૃતિનો બંધ છે. મિથ્યાત્વે-જિનનામ અને આહારકદ્વિકવિના ૧૦૫ પ્રકૃતિનો બંધ છે. તત્પ્રાયોગ્ય સમ્યક્ત્વ અને સંયમના અભાવે આ ૩ પ્રકૃતિનો મિથ્યાત્વ ગુણસ્થાનકે બંધ નથી. સાસ્વાદને નપુંસક ચતુષ્ક વિના ૧૦૧ પ્રકૃતિ બાંધે છે. મિથ્યાત્વના ઉદયથી જ આ ૪ પ્રકૃતિનો બંધ થાય છે. સાસ્વાદને મિથ્યાત્વનો અભાવ હોવાથી આ ૪ પ્રકૃતિનો બંધ થાય નહીં મિશ્રે-૭૪, અવિ૦ સમ્યક્ત્વે-૭૭, દેશવિરતે-૬૭, પ્રમત્તે-૬૩, અપ્રમત્તે-૫૯/૫૮ પ્રકૃતિનો બંધ હોય.

શુક્લ લેશ્યામાં ૧ થી ૧૩ ગુણસ્થાનક હોય છે. ૬ઠ્ઠા આદિ દેવલોકના દેવોને શુક્લલેશ્યા જ હોય છે. શુક્લલેશ્યામાં નરકત્રિકાદિ ૧૨ પ્રકૃતિ અને ઉદ્યોત ચતુષ્ક એમ કુલ ૧૬ પ્રકૃતિ વિના ઓઘે ૧૦૪ પ્રકૃતિનો બંધ છે. મિથ્યાત્વે જિનનામ-આહારકદ્વિક વિના ૧૦૧ છે. સાસ્વાદને, નપુંસક ચતુષ્ક વિના ૯૭ પ્રકૃતિનો બંધ હોય. મિશ્રે-૭૪, સમ્યક્ત્વે-૭૭, દેશવિરતે-૬૭, પ્રમત્તે-૬૩, અપ્રમત્તે-૫૯/૫૮, અપૂર્વકરણે ૫૮-૫૬-૨૬, અનિવૃત્તિકરણે-૨૨-૨૧-૨૦-૧૯-૧૮, સૂક્ષ્મ સંપરાયે ૧૭, ઉપશાંત મોહ-ક્ષીણ મોહ-સયોગી કેવલીએ-૧ પ્રકૃતિનો બંધ શુક્લ લેશ્યાવાળા જીવોને જાણવો. અયોગી ગુણ૦માં યોગ ન હોવાથી લેશ્યા પણ ન હોય. લેશ્યાના પુદ્ગલ યોગમાં અંતર્ગત હોય છે.

**અસંગત–**

અહીં શુક્લ લેશ્યાએ ઓઘે નરકાદિ-૧૨ તથા ઉદ્યોત ચતુષ્ક વિના ૧૦૪નો ઓઘે બંધ કહ્યો છે. પરંતુ ઉદ્યોત ચતુષ્ક સહિત ૧૦૮નો બંધ કહેવો જોઈએ.

કારણકે છઠ્ઠા દેવલોકથી ઉપર બધા દેવલોકમાં શુક્લલેશ્યા છે અને ૬ઠ્ઠાથી ૮મા દેવલોક સુધીનાં શુક્લલેશ્યાવાળા દેવો મરીને તિર્યંચમાં પણ જાય છે અને તિર્યંચ પ્રાયોગ્ય બંધ કરે છે.

જો કે ગ્રંથકારે ૬ થી ૮ દેવલોકમાં મંદ શુક્લલેશ્યા હોય તેમ માની શુક્લલેશ્યાએ બંધની વિવક્ષા કરી નથી તેમ જણાય છે.

## પદ્મલેશ્યામાં બંધસ્વામિત્વયંત્ર

| ગુણ૦ | જ્ઞા૦ | દ૦ | વે૦ | મો૦ | આ૦ | નામકર્મ | | | | | ગો | અં૦ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | પિં. | પ્ર | ત્ર. | સ્થા. | કુલ | | | |
| ઓઘે | ૫ | ૯ | ૨ | ૨૬ | ૩ | ૩૩ | ૭ | ૧૦ | ૬ | ૫૬ | ૨ | ૫ | ૧૦૮ |
| મિથ્યાત્વ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૩ | ૩૧ | ૬ | ૧૦ | ૬ | ૫૩ | ૨ | ૫ | ૧૦૫ |
| સાસ્વા૦ | ૫ | ૯ | ૨ | ૨૪ | ૩ | ૨૯ | ૬ | ૧૦ | ૬ | ૫૧ | ૨ | ૫ | ૧૦૧ |

મિશ્ર ગુણ૦થી ૭મા ગુણ૦સુધી કર્મસ્તવની જેમ બંધ જાણવો.

## શુક્લ લેશ્યામાં બંધ સ્વામિત્વયંત્ર

| ગુણ૦ | જ્ઞા૦ | દ૦ | વે૦ | મો૦ | આ૦ | નામકર્મ | | | | | ગો | અં૦ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | પિં. | પ્ર | ત્ર. | સ્થા. | કુલ | | | |
| ઓઘે | ૫ | ૯ | ૨ | ૨૬ | ૨ | ૩૧ | ૬ | ૧૦ | ૬ | ૫૩ | ૨ | ૫ | ૧૦૪ |
| મિથ્યાત્વ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૨ | ૨૯ | ૫ | ૧૦ | ૬ | ૫૦ | ૨ | ૫ | ૧૦૧ |
| સાસ્વા૦ | ૫ | ૯ | ૨ | ૨૪ | ૨ | ૨૭ | ૫ | ૧૦ | ૬ | ૪૮ | ૨ | ૫ | ૯૭ |

મિશ્રગુણ૦થી સયોગીકેવલી ગુણ૦સુધી કર્મસ્તવની જેમ બંધ જાણવો.

**सव्वगुणभव्वसन्निसु, ओहु अभव्वा असन्निमिच्छिसमा ।**
**सासणि असन्नि सन्निव्व, कम्मणभंगो अणाहारे ॥२४॥**

भव्वसन्निसु = ભવ્ય અને સંજ્ઞીમાં | ओहु = ઓઘબંધ
अणाहारे = અણાહારી માર્ગણામાં | असन्नि = અસંજ્ઞી માર્ગણામાં

**ગાથાર્થ–** હવે ભવ્ય અને સંજ્ઞી માર્ગણામાં બંધસ્વામિત્વ કહે છે. ભવ્ય અને સંજ્ઞી માર્ગણામાં ૧ થી ૧૪ ગુણસ્થાનક જાણવા અને ભવ્ય અને સંજ્ઞી માર્ગણામાં સર્વ ગુણસ્થાનકે ઓઘબંધ જાણવો. અભવ્ય માર્ગણામાં મિથ્યાત્વ માર્ગણાની જેમ બંધસ્વામિત્વ જાણવું. અસંજ્ઞી માર્ગણામાં મિથ્યાત્વ ગુણસ્થાનકે મિથ્યાત્વ માર્ગણાની જેમ બંધસ્વામિત્વ અને સાસ્વાદન ગુણસ્થાનકે સંજ્ઞી પંચે૦ની જેમ બંધસ્વામિત્વ જાણવું અને અણાહારી માર્ગણામાં કાર્મણકાયયોગની જેમ બંધસ્વામિત્વ જાણવું.

**વિવેચન–** ભવ્ય માર્ગણામાં ૧ થી ૧૪ ગુણસ્થાનક હોય છે. ત્યાં કર્મસ્તવની જેમ સર્વ ગુણ૦માં ઓઘબંધ જાણવો.

સંજ્ઞી માર્ગણાવાળા જીવોને પણ કર્મસ્તવની જેમ ઓઘબંધ હોય છે. અને ૧ થી ૧૪ ગુણસ્થાનક હોય છે. એટલે ઓઘે-૧૨૦, મિથ્યાત્વે-૧૧૭ વિગેરે.

જો કે કેવલીને ભાવમન હોય નહીં. તેથી તે સંજ્ઞી કહેવાય નહીં અને દ્રવ્ય મન છે તેથી અસંજ્ઞી પણ કહેવાય નહીં તેથી કેવલીને 'नो सन्नी नो असन्नी' કહ્યા છે. છતાં અહીં સંજ્ઞીને જ કેવલજ્ઞાન થાય તે વિવક્ષાએ ચૌદ ગુણ૦ કહ્યાં છે. [જુઓ ચતુર્થકર્મગ્રંથ ગા.૧૯]

અભવ્ય માર્ગણામાં પહેલું જ ગુણસ્થાનક હોય છે. તે જીવો ઉત્તમચારિત્ર પાળવા છતાં દ્રવ્યચારિત્ર હોવાથી સમ્યક્ત્વ અને સંયમ ન હોવાથી જિનનામ અને આહારકદ્વિક વિના ઓઘે અને મિથ્યાત્વે ૧૧૭ પ્રકૃતિ બાંધે છે. તેઓને એક જ ગુણસ્થાનક હોય છે.

**અસંજ્ઞી માર્ગણામાં બંધસ્વામિત્વ–**

અસંજ્ઞી માર્ગણામાં પહેલું અને બીજું એમ બે જ ગુણસ્થાનક હોય છે. ત્યાં ઓઘે અને પહેલા ગુણસ્થાનકે મિથ્યાત્વ માર્ગણાની જેમ ૧૧૭ પ્રકૃતિનો બંધ થાય છે અને સાસ્વાદન ગુણસ્થાનકે સંજ્ઞી પંચેન્દ્રિયની જેમ ૧૦૧ પ્રકૃતિનો બંધ હોય છે. ૫૦ અસંજ્ઞીતિ૦ પંચે૦માં મનુષ્ય-તિર્યંચ બીજું ગુણ૦ લઈને આવે તે અપેક્ષાએ સંભવે છે એટલે પૂર્વે ૫૦ અસં૦પં૦ તિર્યંચનુ આયુષ્ય બાંધ્યું હોય પછી અંતે ઉપશમ સમ્યક્ત્વ પામે તે મનુષ્ય તિર્યંચ સાસ્વાદન ગુણ૦ સહિત અસંજ્ઞીમાં ઉત્પન્ન થાય તે અપેક્ષાએ જાણવું.

**અસંગત–** અસંજ્ઞી માર્ગણાએ સાસ્વાદન ગુણસ્થાનકે સંજ્ઞીની જેમ ૧૦૧ પ્રકૃતિનો બંધ કહ્યો છે. પરંતુ દેવત્રિક, વૈક્રિયદ્વિક, મનુષ્યાયુઃ, તિર્યંચાયુઃ સાત વિના ૯૪નો બંધ કહેવો જોઈએ.

કારણકે અસંજ્ઞીને સાસ્વાદન ગુણસ્થાનક પૂર્વભવથી લઈને આવેલ અપર્યાપ્ત અવસ્થામાં હોય. અને સાસ્વાદને અપર્યાપ્ત અવસ્થામાં દેવ પ્રાયોગ્ય તથા આયુષ્યનો બંધ ઘટે નહીં. કારણકે સમ્યગ્દૃષ્ટિ મનુષ્ય તિર્યંચ જ અપર્યાપ્ત અવસ્થામાં દેવપ્રાયોગ્ય બંધ કરે. પરંતુ મિથ્યાદૃષ્ટિ અને સાસ્વાદનગુણ૦વાળા ન કરે. તેમજ આયુષ્યનો બંધ શરીર પર્યાપ્તિ પૂર્ણ થયા પછી આયુષ્યના બે ભાગ ગયે છતે થાય. અને તે વખતે સાસ્વાદન ગુણ૦ ન હોય. માટે સાસ્વાદને આયુષ્યનો બંધ ઘટે નહીં.

**અણાહારી માર્ગણામાં બંધસ્વામિત્વ–**

અણાહારી માર્ગણામાં જીવને પહેલું, બીજું, ચોથું તેરમું અને ચૌદમું ગુણઠાણું હોય છે. અહિંયા પણ કાર્મણ-કાયયોગની જેમ બંધ હોય છે અને ૧૪મે ગુણસ્થાનકે કાર્મણ કાયયોગ ન હોય પણ અણાહારી હોય છે. પણ ત્યાં યોગનો અભાવ હોવાથી બંધ હોય નહીં.

એટલે અણાહારી માર્ગણામાં ઓઘે ૧૧૨, મિથ્યાત્વે ૧૦૭, સાસ્વાદને ૯૪ અવિરતે ૭૫ અને સયોગીએ ૧ પ્રકૃતિનો બંધ હોય છે. અને અયોગી ગુણ૦ માં બંધ ન હોય. [જુઓ યંત્ર માટે કાર્મણ કાયયોગ માર્ગણા પૃષ્ઠ નં. ૩૫,૩૬]

**અણાહારી માર્ગણામાં બંધયંત્રક**

| ગુણ૦ | જ્ઞા૦ | દ૦ | વે૦ | મો૦ | આ૦ | નામકર્મ | | | | | ગો | અં૦ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | પિં. | પ્ર | ત્ર. | સ્થા. | કુલ | | | |
| ઓઘે | ૫ | ૯ | ૨ | ૨૬ | ૦ | ૩૫ | ૮ | ૧૦ | ૧૦ | ૬૩ | ૨ | ૫ | ૧૧૨ |
| મિથ્યાત્વ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૦ | ૩૧ | ૭ | ૧૦ | ૧૦ | ૫૮ | ૨ | ૫ | ૧૦૭ |
| સાસ્વા૦ | ૫ | ૯ | ૨ | ૨૪ | ૦ | ૨૫ | ૬ | ૧૦ | ૬ | ૪૭ | ૨ | ૫ | ૯૪ |
| અવિ૦ | ૫ | ૬ | ૨ | ૧૯ | ૦ | ૧૮ | ૬ | ૧૦ | ૩ | ૩૭ | ૧ | ૫ | ૭૫ |
| સયોગી | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ |
| અયોગી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |

**तिसु दुसु सुक्काइ, गुणा, चउ सग तेरत्ति बंधसामित्तं ।**
**देविंदसूरिरइअं नेयं कम्मत्थयं सोउं ॥२५॥**

| | |
|---|---|
| तिसु = ત્રણ લેશ્યામાં | दुसु = બે લેશ્યામાં |
| लिहियं = લખેલું | नेयं = જાણવો |
| कम्मत्थयं = કર્મસ્તવને | सोउं = યાદ કરીને |

**ગાથાર્થ–** પહેલી ત્રણ લેશ્યામાં ૧ થી ૪ ગુણસ્થાનક હોય છે. તેજો અને પદ્મલેશ્યામાં ૧ થી ૭ ગુણસ્થાનક હોય છે. અને શુક્લ લેશ્યામાં ૧

થી ૧૩ ગુણસ્થાનક હોય છે. આ બંધસ્વામિત્વ નામનો ત્રીજો કર્મગ્રંથ પ. પૂ. આચાર્ય ભગવંત શ્રી દેવેન્દ્રસૂરિજીએ લખ્યો છે. અને કર્મસ્તવને યાદ કરીને આ ગ્રંથ ભણવો.

**વિવેચન–** કૃષ્ણાદિ ત્રણ લેશ્યામાં ૧ થી ૪ ગુણસ્થાનક કહ્યાં છે. તે પ્રતિપદ્યમાનની વિવક્ષા કરીને, એટલે દેશવિરતિ અથવા પ્રમત્ત સંયમ ગુણસ્થાનક પામતી વખતે કૃષ્ણાદિ લેશ્યા ન હોય, પરંતુ પાંચમુ અથવા છઠ્ઠું ગુણસ્થાનક પામ્યા પછી કૃષ્ણાદિ લેશ્યા આવી શકે છે.

અર્થાત્ પૂર્વપ્રતિપન્નની વિવક્ષા કરીએ તો આ બે ગુણ૦ આવ્યા પછી ક્વચિત્ અશુભ લેશ્યા પ્રાપ્ત થાય. તે અપેક્ષાએ કૃષ્ણાદિ લેશ્યામાં પમું અને ૬ઠ્ઠું ગુણ૦ જાણવું. તેજો અને પદ્મલેશ્યામાં ૧ થી ૭ ગુણ૦ જાણવાં તેમજ શુક્લલેશ્યામાં ૧ થી ૧૩ ગુણ૦ હોય. આ ત્રણ શુભ લેશ્યા મિથ્યાદૃષ્ટિને પણ હોઈ શકે. કારણકે નવું સમ્યક્ત્વ (ઉપશમ સમ્યક્ત્વ) પ્રાપ્ત કરતી વખતે અંતર્મુહૂર્ત પૂર્વે શુભ-લેશ્યા આવે છે. વળી અલ્પ કષાયી એવા મિથ્યાદ્રષ્ટિને અને આનતથી ઉપરના દેવો મિથ્યાત્વી હોવા છતાં શુક્લલેશ્યાવાળા છે.

વળી સંસારના સુખ, દેવલોકના સુખ પ્રાપ્ત કરવા શુભ ભાવથી ધર્મ કરનારને પણ શુભ લેશ્યાનો સંભવ છે. એક પુદ્‌ગલ પરાવર્ત કરતાં ઓછો સંસાર બાકી હોય તેવા જીવોનો એટલે કે સમ્યક્ત્વ પામ્યા ન હોય તો પણ સ્વર્ગ એ જ મોક્ષ છે તેવું માનતાં સ્વર્ગ મેળવવા ઈશ્વરમાં ભળી જવા શુભભાવથી ખોટા (મિથ્યા) ધર્મને સાચો ધર્મ માની કરતા હોય છે. તેવા મિથ્યાત્વીને પણ શુભ લેશ્યા હોઈ શકે છે. માટે તેજો-પદ્મ અને શુક્લ લેશ્યામાં મિથ્યાત્વ આદિ ગુણસ્થાનક કહ્યાં છે. આ રીતે માર્ગણામાં ગુણસ્થાનકો અને બંધસ્વામિત્વપણું વિસ્તારથી પૂર્ણ થયું.

આ ગ્રંથકર્તા પૂ. આ. ભગવંત દેવેન્દ્રસૂરિ મહારાજ આ ગ્રંથનો અભ્યાસ કરતાં પહેલાં તેમના બનાવેલા 'કર્મસ્તવ' નામના દ્વિતીય કર્મગ્રંથને બરાબર સમજી અભ્યાસ કરી આ ગ્રંથ ભણવા ભણાવવા કહે છે.

કારણકે આ 'બંધસ્વામિત્વ' ગ્રંથમાં 'કર્મસ્તવ' કર્મગ્રંથમાં ગુણસ્થાનક ઉપર બતાવેલ બંધ કરતાં જે અહીં તફાવત હોય તે બતાવવા પૂર્વક માર્ગણાઓમાં ગુણસ્થાનક ઉપર પ્રકૃતિઓનો બંધ કહ્યો છે. તે બંધ હેતુઓનું જ્ઞાન હોય તો આ ગ્રંથ ભણવો સુલભ બને. માટે ગ્રંથકારે કર્મસ્તવગ્રંથ ભણીને યાદ રાખવા ભલામણ કરી છે.

કર્મસ્તવમાં કહેલ બંધઅધિકાર સારી રીતે જાણેલ અભ્યાસકને
આ ગ્રંથ ભણવામાં સરળતા રહેશે.

सुज्ञेषु किं बहुना

•

# ઉદયસ્વામિત્વમાં કેટલીક ઉપયોગી વિચારણા

(૧) ૧ થી ૧૨ ગુણસ્થાનકસુધી દરેક જીવોને જ્ઞાનાવરણીય અને અંતરાયની પાંચે પ્રકૃતિ સાથે અને અવશ્ય ઉદયમાં હોય છે.

(૨) દર્શનાવરણીયની ચક્ષુદર્શનાવરણીય આદિ ચારનો પણ ૧ થી ૧૨ ગુણ૦સુધી દરેક જીવોને અવશ્ય ઉદય હોય છે.

(૩) નિદ્રાદ્વિક વિગ્રહગતિમાં ઉદયમાં ન હોય. અને ૧ થી ૧૨ના દ્વિચરમ સમયસુધી ઉદયમાં હોઈ શકે છે. ચારે ગતિમાં દરેક જીવોને ઉદય હોઈ શકે છે. કર્મપ્રકૃતિકાર ક્ષપકને નિદ્રાનો ઉદય માનતા નથી.

(૪) થિણદ્ધિત્રિકનો ઉદય દેવ-નારકી-યુગ૦મનુષ્ય-તિર્યંચ અને લબ્ધિ ફોરવેલ વૈક્રિય અને આહારક શરીરીને તથા અપ્રમત્તાદિ ગુણ૦વાળાને ન હોય. કેટલાકના મતે લબ્ધિ અપ૦તિર્યંચ-મનુષ્યને પણ ન હોય.

(૫) નિદ્રા-૫, વેદનીય-૨, આયુષ્ય-૪ અને ગોત્ર-૨ એ દરેકની એક એક પ્રકૃતિ જ એક સાથે ઉદયમાં હોય. એટલે નિદ્રા-૫માંથી એક ઉદયમાં હોઈ શકે, વેદનીય, આયુષ્ય અને ગોત્ર કોઈપણ એક જ એક સાથે પોતાના ગુણ૦સુધી ઉદયમાં હોય.

(૬) મોહનીયમાં-એકેન્દ્રિય-વિક્લેન્દ્રિય, અસંજ્ઞી પં. તથા નારકને નપુ૦વેદ જ હોય. દેવોને નપુંસકવેદ ઉદયમાં ન હોય.

(૭) અનં૦ની વિસંયોજના કરી મિથ્યાત્વે આવેલાને એક આવ૦ કાળ સુધી અનં૦નો ઉદય ન હોય.

(૮) ક્ષાયિક અને ઉપશમસમ્યક્ત્વીને સમ્યક્ત્વમોહનીય ઉદયમાં ન હોય.

(૯) તિર્યંચ અને નારકીને નીચગોત્ર જ ઉદયમાં હોય. દેવોને ઉચ્ચગોત્ર જ ઉદયમાં હોય, દેશવિરતિ આદિ ગુણ૦વાળા મનુષ્યોને ઉચ્ચગોત્ર જ ઉદયમાં હોય.

(૧૦) નામકર્મની (૧) તૈજસ (૨) કાર્મણ (૩ થી ૬) વર્ણાદિ (૭) સ્થિર (૮) અસ્થિર (૯) શુભ (૧૦) અશુભ (૧૧) અગુરુલઘુ (૧૨) નિર્માણ-આ બાર ધ્રુવોદયી પ્રકૃતિ ૧ થી ૧૩ ગુણ૦ સુધી સર્વજીવોને ઉદયમાં હોય જ.

(૧૧) એકે૦ બેઈ-તેઈ-ચઉ૦ જાતિનામનો ઉદય તિર્યંચમાં જ હોય. એકે૦ને સંઘયણનો ઉદય ન હોય.

(૧૨) સંઘયણનામકર્મનો દેવો નારકી અને એકે૦ને ઉદય ન હોય.

(૧૩) વિકલેન્દ્રિયને છેલ્લું છેવઢ્ઢ સંઘ૦ જ ઉદયમાં હોય. યુગલિકોને પ્રથમ સંઘયણ જ હોય.

(૧૪) દેવોને સમચતુરસ્ર સંસ્થાન જ હોય, નારકીને હુંડકસંસ્થાન હોય. એકે૦અને વિકલેન્દ્રિયને પણ હુંડક સંસ્થાનનો જ ઉદય હોય. ઉત્તરવૈક્રિય અને આહારકવાળાને સમચતુરસ્ર સંસ્થાન જ હોય.

(૧૫) વિહાયોગતિનામકર્મ શરીર પર્યાપ્તિ પૂર્ણ થયા પછી બેઈન્દ્રિયાદિને હોય. એકે૦ અને લબ્ધિઅપ૦મનુ૦-તિર્યંચને વિહાયોગતિ-નામ૦નો ઉદય ન આવે.

(૧૬) દેવોને શુભ વિહાયોગતિ હોય, નારકી અને વિકલેન્દ્રિય અશુભ વિહાયોગતિ હોય.

(૧૭) સ્થાવર, સૂક્ષ્મ અને સાધારણનો ઉદય એકેન્દ્રિયને જ હોય. અપર્યાપ્ત નામકર્મનો ઉદય તિર્યંચ-મનુષ્યને હોય. દેવ-નારકીને ન હોય.

(૧૮) દેવોને સુસ્વર નામનો ઉદય હોય, નારકીને દુઃસ્વર નામનો જ ઉદય હોય. શેષ વિકલેન્દ્રિયાદિ તિર્યંચ-મનુષ્યને બન્ને સ્વરનો ઉદય હોય. (એક સાથે એક સ્વર હોય)

(૧૯) એકે૦ અને વિકલેન્દ્રિયને દુર્ભગ, અનાદેય જ હોય, પરંતુ યશ-અપયશ હોઈ શકે.

(૨૦) દેવ-નારકીને પરાઘાત અને ઉચ્છ્‌વાસનો ઉદય પર્યાપ્ત થયે અવશ્ય આવે.

(૨૧) લબ્ધિ અપ૦ મનુષ્ય તિર્યંચને પરાઘાત, ઉચ્છ્‌વાસનો ઉદય નઆવે.

(૨૨) અહીં ઉદયસ્વામિત્વમાં ગુણસ્થાનકમાં કુલ ઉદય હોય તેમ જાણવું પરંતુ એક સાથે હોય તેમ ન સમજવું.

**નોંધઃ–** ઉદય સ્વામિત્વ વિચારવામાં દરેક માર્ગણામાં વારંવાર ન કહેવા પડે માટે અહીં ઉપયોગી કેટલાક નિયમો લખ્યા છે. તેનો અભ્યાસ પહેલો કરવાથી ઉદયસ્વામિત્વ સમજવામાં સરળતા રહેશે.

## માર્ગણાને વિશે ઉદયસ્વામિત્વ

**(૧) ગતિમાર્ગણા–** (૧) નરકગતિ- ૧ થી ૪ ગુણ૦ હોય૦. નરકને જ્ઞાના૦૫ દર્શના-૬ હોય. થિણદ્ધિત્રિક ન હોય (જુઓ ઉદીરણાકરણ ગા. ૧૯) વેદનીય બે, મોહનીયની સ્ત્રીવેદ, પુરુષવેદ વિના ૨૬, આયુષ્ય-૧ (નરકાયુઃ) ગોત્ર એક (નીચગોત્ર) કારણકે તિર્યંચ અને નરકને નીચગોત્ર જ ઉદયમાં હોય, અંતરાય-૫ તથા નામકર્મની ૩૦ નરકદ્વિક, પંચે૦જાતિ, વૈક્રિયદ્વિક, તૈજસશ૦, કાર્મણશ૦, હુંડકસંસ્થાન, વર્ણાદિ-૪, અશુભવિહા૦, કુલ-૧૩, ત્રસાદિ-૬, સ્થાવરની અસ્થિરષટ્ક (આતપ-ઉદ્યોપ અને જિનનામ વિના) પ્રત્યેકની ૫ કુલ ૭૬ હોય.

મિથ્યાત્વે સમ્ય૦મોહ૦, મિશ્રમોહ૦વિના ૭૪, સાસ્વાદને મિથ્યાત્વમોહ૦, અને નરકાનુપૂર્વીવિના ૭૨ હોય. (સાસ્વાદ ગુણ૦ લઈને નરકમાં જવાય નહી માટે સાસ્વાદને નરકાનુપૂર્વી ન હોય.)

મિશ્રે અનંઠવિના અને મિશ્રમોહ૦ સહિત ૬૯ અને અવિરતે મિશ્ર૦વિના સમ્યક્ત્વમોહ૦ અને નરકાનુપૂર્વી સહિત ૭૦ હોય.

## નરકગતિ માર્ગણામાં ઉદય યંત્ર

| ગુણ૦ | જ્ઞા૦ | દ૦ | વે૦ | મો૦ | આ૦ | નામકર્મ | | | | | ગો | અં૦ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | પિં. | પ્ર | ત્ર. | સ્થા. | કુલ | | | |
| ઓઘે | ૫ | ૬ | ૨ | ૨૬ | ૧ | ૧૩ | ૫ | ૬ | ૬ | ૩૦ | ૧ | ૫ | ૭૬ |
| મિથ્યાત્વ | ૫ | ૬ | ૨ | ૨૪ | ૧ | ૧૩ | ૫ | ૬ | ૬ | ૩૦ | ૧ | ૫ | ૭૪ |
| સાસ્વા૦ | ૫ | ૬ | ૨ | ૨૩ | ૧ | ૧૨ | ૫ | ૬ | ૬ | ૨૯ | ૧ | ૫ | ૭૨ |
| મિશ્ર૦ | ૫ | ૬ | ૨ | ૨૦ | ૧ | ૧૨ | ૫ | ૬ | ૬ | ૨૯ | ૧ | ૫ | ૬૯ |
| અવિ૦ | ૫ | ૬ | ૨ | ૨૦ | ૧ | ૧૩ | ૫ | ૬ | ૬ | ૩૦ | ૧ | ૫ | ૭૦ |

(૨) **તિર્યંચગતિ**– જ્ઞાન-૫, દર્શ-૯, વેદ-૨, મોહ-૨૮, અંત-૫ એમ પાંચકર્મની બધીપ્રકૃતિ હોય, આયુષ્ય-તિર્યંચનુ, ગોત્ર-નીચગોત્ર, નામકર્મનીવૈક્રિયષટ્ક મનુષ્યદ્વિક, આહારકદ્વિક, અને જિનનામ કુલ-૧૧ વિના ૫૬ હોય-ઓઘે કુલ-૧૦૭ મિથ્યાત્વે સમ્ય૦મોહ૦, મિશ્ર૦મો૦વિના ૧૦૫, સાસ્વાદને મિથ્યા૦, આતપ અને સૂક્ષ્મત્રિકવિના ૧૦૦, મિશ્રે અનં૦૪, જાતિ-૪, સ્થાવર૦ તિર્યંચાનુપૂર્વી વિના અને મિશ્ર૦મોહ૦ સહિત ૯૧ ચોથાગુણ૦માં મિશ્ર મોહ૦ વિના અને સમ્ય૦મોહ૦ તિર્યંચાનુપૂર્વી સહિત ૯૨, અને દેશવિરતિ ગુણ૦માં અપ્ર૦૪ તિર્યંચાનુપૂર્વી દુર્ભગ અનાદેય, અયશ, વિના ૮૪ હોય.

## તિર્યંચગતિમાં ઉદય યંત્ર

| ગુણ૦ | જ્ઞા૦ | દ૦ | વે૦ | મો૦ | આ૦ | નામકર્મ | | | | | ગો | અં૦ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | પિં. | પ્ર | ત્ર. | સ્થા. | કુલ | | | |
| ઓઘે | ૫ | ૯ | ૨ | ૨૮ | ૧ | ૨૯ | ૭ | ૧૦ | ૧૦ | ૫૬ | ૧ | ૫ | ૧૦૭ |
| મિથ્યાત્વ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૧ | ૨૯ | ૭ | ૧૦ | ૧૦ | ૫૬ | ૧ | ૫ | ૧૦૫ |
| સાસ્વા૦ | ૫ | ૯ | ૨ | ૨૫ | ૧ | ૨૯ | ૬ | ૧૦ | ૭ | ૫૨ | ૧ | ૫ | ૧૦૦ |
| મિશ્ર૦ | ૫ | ૯ | ૨ | ૨૨ | ૧ | ૨૪ | ૬ | ૧૦ | ૬ | ૪૬ | ૧ | ૫ | ૯૧ |
| અવિ૦ | ૫ | ૯ | ૨ | ૨૨ | ૧ | ૨૫ | ૬ | ૧૦ | ૬ | ૪૭ | ૧ | ૫ | ૯૨ |
| દેશ૦ | ૫ | ૯ | ૨ | ૧૮ | ૧ | ૨૪ | ૬ | ૧૦ | ૩ | ૪૩ | ૧ | ૫ | ૮૪ |

લબ્ધિ અપ૦તિર્યંચ– એક મિથ્યા૦ગુણ હોય. જ્ઞાના૦વિગેરે યંત્ર પ્રમાણે જાણવી. થિણદ્ધિત્રિકનો ઉદય કેટલાકના મતે ન હોય. મોહ૦માં સમ્ય૦ મિશ્ર૦, પુરુષવેદ-સ્ત્રીવેદ ન હોય, નીચગોત્રનો જ ઉદય હોય, નામકર્મની શરીર પર્યાપ્તા થાય ત્યારે ૨૬ અને વિગ્રહગતિની આનુપૂર્વીસહિત કુલ-૨૭ હોય.

**લબ્ધિ૦ અપ૦તિર્યંચમાં ઉદય યંત્ર**

| ગુણ૦ | જ્ઞા૦ | દ૦ | વે૦ | મો૦ | આ૦ | નામકર્મ | | | | | ગો | અં૦ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | પિં. | પ્ર | ત્ર. | સ્થા. | કુલ | | | |
| ઓઘે | ૫ | ૬ | ૨ | ૨૪ | ૧ | ૧૩ | ૩ | ૫ | ૬ | ૨૭ | ૧ | ૫ | ૭૧ |
| મિથ્યાત્વ | ૫ | ૬ | ૨ | ૨૪ | ૧ | ૧૩ | ૩ | ૫ | ૬ | ૨૭ | ૧ | ૫ | ૭૧ |

**પર્યાપ્તતિર્યંચ પંચેન્દ્રિય**– ૧ થી ૫ ગુણ૦ હોય, જ્ઞાના૦ વિગેરે-૫ કર્મની સર્વપ્રકૃતિ હોય. ગોત્રમાં નીચગોત્ર હોય, આયુષ્યમાં તિર્યંચાયુ: હોય, નામકર્મ-વૈક્રિયષટ્ક-મનુષ્યદ્વિક-આહારકદ્વિક-જાતિચતુષ્ક સ્થાવરચતુષ્ક-આતપ-જિનનામ આ વીશ પ્રકૃતિઓ તિર્યંચને ન હોય તેથી ઓઘે કુલ-૯૮ હોય.

જો કે ઉત્તરવૈક્રિય શરીર બનાવતાં વૈક્રિયદ્વિક હોય. પરંતુ અલ્પકાલિન હોવાથી, ભવપ્રત્યયિક ન હોવાથી વિવક્ષા કરી નથી.

મિથ્યાત્વે સમ્ય૦મિશ્ર મોહ૦, વિના ૯૬ સાસ્વાદને મિથ્યા૦વિના ૯૫, મિશ્રે તિર્યંચાનુપૂર્વી, અનં૦વિના અને મિશ્ર૦સહિત ૯૧, અવિરતે મિશ્ર૦મોહ૦વિના અને સમ્ય૦મોહ૦ અને તિર્યંચાનુપૂર્વી સહિત ૯૨, અને દેશવિરતિગુણ૦માં અપ્રત્યા૦૪, તિર્યંચાનુપૂર્વી, દુર્ભગ અનાદેયદ્વિકવિના ૮૪ હોય.

**લબ્ધિ અપ૦મનુષ્ય**માં ઉદયસ્વામિત્વ લબ્ધિ અપ૦તિર્યંચની જેમ એક મિથ્યાત્વ ગુણ૦ અને કુલ ઉદયમાં ૭૧ પ્રકૃતિ જાણવી. પરંતુ તિર્યંચત્રિકને બદલે મનુષ્યત્રિક જાણવી.

## પર્યાપ્ત પંઠ તિર્યંચમાં ઉદય યંત્ર

| ગુણ૦ | જ્ઞા૦ | દ૦ | વે૦ | મો૦ | આ૦ | ગો | અં૦ | નામકર્મ | | | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | પિં. | પ્ર | ત્ર. | સ્થા. | કુલ | |
| ઓઘે | ૫ | ૯ | ૨ | ૨૮ | ૧ | ૧ | ૫ | ૨૫ | ૬ | ૧૦ | ૬ | ૪૭ | ૯૮ |
| મિથ્યાત્વ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૧ | ૧ | ૫ | ૨૫ | ૬ | ૧૦ | ૬ | ૪૭ | ૯૬ |
| સાસ્વા૦ | ૫ | ૯ | ૨ | ૨૫ | ૧ | ૧ | ૫ | ૨૫ | ૬ | ૧૦ | ૬ | ૪૭ | ૯૫ |
| મિશ્ર૦ | ૫ | ૯ | ૨ | ૨૨ | ૧ | ૧ | ૫ | ૨૪ | ૬ | ૧૦ | ૬ | ૪૬ | ૯૧ |
| અવિ૦ | ૫ | ૯ | ૨ | ૨૨ | ૧ | ૧ | ૫ | ૨૫ | ૬ | ૧૦ | ૬ | ૪૭ | ૯૨ |
| દેશ૦ | ૫ | ૯ | ૨ | ૧૮ | ૧ | ૧ | ૫ | ૨૪ | ૬ | ૧૦ | ૩ | ૪૩ | ૮૪ |

**(૩) મનુષ્યગતિ માર્ગણા–** ૧ થી ૧૪ ગુણ૦હોય. જ્ઞાન૦ દ.વે.મો.ગો. અંત૦ની બધી પ્રકૃતિ ઉદયમાં હોય, આયુષ્ય મનુષ્યનું, હોય નામકર્મમાં વૈક્રિયષટ્ક, તિર્યંચદ્વિક-જાતિચતુષ્ક, સ્થાવર, સૂક્ષ્મ-સાધારણ, આતપ અને ઉદ્યોત ૧૭ વિના ઓઘે આઠ કર્મની ૧૦૨ હોય.

જો કે તિર્યંચની જેમ મનુષ્યો ઉત્તરવૈક્રિય શરીર બનાવે અને તેમાં અને આહા૦શરીરમાં ઉદ્યોતનો ઉદય હોય, પરંતુ અલ્પકાલિન, અને ભવધારણીય ન હોવાથી વિવક્ષા કરી નથી. તે પાંચનો ઉદય ગણીએ તો ૧૦૮ હોય.

મિથ્યાત્વે સમ્ય૦મોહ૦, મિશ્રમોહ૦, આહા૦દ્વિક અને જિનનામ વિના ૯૭ હોય, સાસ્વાદને મિથ્યા૦મોહ૦ અને અપર્યાપ્તનામવિના ૯૫ હોય. મિશ્રે અને અવિ૦ગુણ૦માં તિર્યંચની જેમ જાણવું. આનુ૦મનુષ્યાનુપૂર્વી સમજવી, દેશવિરતિ ગુણ૦માં પણ તિર્યંચની જેમ. પરંતુ અહીં ઉદ્યોત અને નીચગોત્રનો ઉદય ન હોય.

પ્રમત્તગુણ૦થી બધા ગુણ૦મનુષ્યને જ હોય. તેથી કર્મસ્તવની જેમ ઉદય જાણવો.

| ગુણ૦ | જ્ઞા૦ | દ૦ | વે૦ | મો૦ | આ૦ | ગો | અં૦ | નામકર્મ | | | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | પિં. | પ્ર | ત્ર. | સ્થા. | કુલ | |
| ઓઘે | ૫ | ૯ | ૨ | ૨૮ | ૧ | ૨ | ૫ | ૨૭ | ૬ | ૧૦ | ૭ | ૫૦ | ૧૦૨ |
| મિથ્યાત્વ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૧ | ૨ | ૫ | ૨૫ | ૫ | ૧૦ | ૭ | ૪૭ | ૯૭ |
| સાસ્વા૦ | ૫ | ૯ | ૨ | ૨૫ | ૧ | ૨ | ૫ | ૨૫ | ૫ | ૧૦ | ૬ | ૪૬ | ૯૫ |
| મિશ્ર૦ | ૫ | ૯ | ૨ | ૨૨ | ૧ | ૨ | ૫ | ૨૪ | ૫ | ૧૦ | ૬ | ૪૫ | ૯૧ |
| અવિ૦ | ૫ | ૯ | ૨ | ૨૨ | ૧ | ૨ | ૫ | ૨૫ | ૫ | ૧૦ | ૬ | ૪૬ | ૯૨ |
| દેશ૦ | ૫ | ૯ | ૨ | ૧૮ | ૧ | ૧ | ૫ | ૨૪ | ૫ | ૧૦ | ૩ | ૪૨ | ૮૩ |
| પ્રમત | ૫ | ૯ | ૨ | ૧૪ | ૧ | ૧ | ૫ | ૨૬ | ૫ | ૧૦ | ૩ | ૪૪ | ૮૧ |
| અપ્રમત | ૫ | ૬ | ૨ | ૧૪ | ૧ | ૧ | ૫ | ૨૪ | ૫ | ૧૦ | ૩ | ૪૨ | ૭૬ |
| અપૂર્વકરણ | ૫ | ૬ | ૨ | ૧૩ | ૧ | ૧ | ૫ | ૨૧ | ૫ | ૧૦ | ૩ | ૩૯ | ૭૨ |
| અનિવૃત્તિ | ૫ | ૬ | ૨ | ૭ | ૧ | ૧ | ૫ | ૨૧ | ૫ | ૧૦ | ૩ | ૩૯ | ૬૬ |
| સૂક્ષ્મસંપ૦ | ૫ | ૬ | ૨ | ૧ | ૧ | ૧ | ૫ | ૨૧ | ૫ | ૧૦ | ૩ | ૩૯ | ૬૦ |
| ઉપ૦મોહ | ૫ | ૬ | ૨ | ૦ | ૧ | ૧ | ૫ | ૨૧ | ૫ | ૧૦ | ૩ | ૩૯ | ૫૯ |
| ક્ષીણમોહ | ૫ | ૬/૪ | ૨ | ૦ | ૧ | ૧ | ૫ | ૧૯ | ૫ | ૧૦ | ૩ | ૩૭ | ૫૭/૫૫ |
| સયોગી | ૦ | ૦ | ૨ | ૦ | ૧ | ૧ | ૦ | ૧૯ | ૬ | ૧૦ | ૩ | ૩૮ | ૪૨ |
| અયોગી | ૦ | ૦ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૨ | ૧ | ૬ | ૦ | ૯ | ૧૨ |

(૪) **દેવગતિ માર્ગણા**— ૧ થી ૪ ગુણસ્થાનક હોય જ્ઞાના-વેદ-અંત૦ની સર્વ ઉદયમાં હોય. થિણદ્ધિત્રિક વિના દર્શના૦૬, ગોત્રકર્મની ૧ ઉચ્ચગોત્ર, આયુષ્ય-દેવનું, મોહનીયમાં નપુ૦વેદવિના-૨૭ અને નામકર્મની દેવદ્વિક-વૈક્રિયદ્વિક-સમચતુરસ્ર, શુભ વિહાયો૦ ત્રસની દશ (સ્થિર-શુભ ધ્રુવબંધીમાં છે.) દુઃસ્વરવિના અસ્થિરપંચક પ્રત્યેકની જિનનામ અને આતપવિના ૭ પ્રકૃતિ, વર્ણાદિચાર, તૈજસ, કાર્મણ શરીર કુલ-૩૩ સહિત ઓઘે ૮૦ હોય.

મિથ્યાત્વે સમ્ય૦ મિશ્ર મોહ૦વિના ૭૮, સાસ્વાદને મિથ્યાત્વ મોહ૦વિના ૭૭, મિશ્રે દેવાનુપૂર્વી અનંતાનુ૦વિના અને મિશ્ર૦સહિત ૭૩ અને અવિરતે સમ્ય૦મોહ૦ અને દેવાનુપૂર્વી સહિત અને મિશ્ર૦ વિના ૭૪ હોય.

## દેવગતિ માર્ગણામાં ઉદયયંત્ર

| ગુણ૦ | જ્ઞા૦ | દ૦ | વે૦ | મો૦ | આ૦ | ગો | અં૦ | નામકર્મ | | | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | પિં. | પ્ર | ત્ર. | સ્થા. | કુલ | |
| ઓઘે | ૫ | ૬ | ૨ | ૨૭ | ૧ | ૧ | ૫ | ૧૩ | ૫ | ૧૦ | ૫ | ૩૩ | ૮૦ |
| મિથ્યાત્વ | ૫ | ૬ | ૨ | ૨૫ | ૧ | ૧ | ૫ | ૧૩ | ૫ | ૧૦ | ૫ | ૩૩ | ૭૮ |
| સાસ્વા૦ | ૫ | ૬ | ૨ | ૨૪ | ૧ | ૧ | ૫ | ૧૩ | ૫ | ૧૦ | ૫ | ૩૩ | ૭૭ |
| મિશ્ર૦ | ૫ | ૬ | ૨ | ૨૧ | ૧ | ૧ | ૫ | ૧૨ | ૫ | ૧૦ | ૫ | ૩૨ | ૭૩ |
| અવિ૦ | ૫ | ૬ | ૨ | ૨૧ | ૧ | ૧ | ૫ | ૧૩ | ૫ | ૧૦ | ૫ | ૩૩ | ૭૩/૭૪ |

આ ઉદયયંત્ર સૌધર્મ-ઈશાન દેવલોકમાં જાણવું.

ભવનપતિ-વ્યંતર-અને જ્યોતિષમાં ઉપર મુજબ ઉદય સિધ્ધાન્તકારના મતે જાણવો.

કર્મગ્રંથકારો ચોથુગુણ૦ લઈને વૈમાનિકમાં જ જવાય. તેથી ભવનપતિઆદિમાં ચોથા ગુણ૦માં દેવાનુપૂર્વી વિના ૭૩ પ્રકૃતિ જાણવી.

સનત્કુમારાદિ દેવોમાં દેવીઓ ન હોવાથી ઉપર મુજબનો ઉદય સ્ત્રીવેદવિના ઓઘે ૭૯- મિ૦૭૭, સા૦-૭૬, મિશ્ર-૭૨, અવિ૦૭૩ છે અનુત્તરના દેવોને ચોથે સનત્કુમારાદિની જેમ ચોથે-૭૩ ઉદય જાણવો. તેઓને ચોથું એક જ ગુણસ્થાનક હોય.

આ પ્રમાણે દેવગતિમાર્ગણામાં જુદા-જુદા દેવોની વિશેષતા જાણવી.

**જાતિ માર્ગણા (૧) એકેન્દ્રિયજાતિ-** ૧ થી ૨ ગુણસ્થાનક હોય. અહીં જ્ઞા-૫, દર્શ-૯, વેદ-૨, અંત-૫ એમ ચાર કર્મની સર્વપ્રકૃતિઓ હોય. આયુષ્ય તિર્યંચનું, ગોત્રકર્મમાં નીચગોત્ર, મોહનીયમાં સમ્ય૦મોહ, મિશ્રમોહ૦, સ્ત્રીવેદ, પુરુષવેદવિના ૨૪ અને નામકર્મની તિર્યંચદ્વિક-એકે૦જાતિ૦, ઔ૦તૈ૦કા૦શરીર૦ હુંડકસંસ્થાન, વર્ણાદિચાર સ્થાવરની નવ (દુસ્વરવિના) બાદર વિગેરે પાંચ અને યશનામ એમ-ત્રસની ૬ જિનનામ વિના પ્રત્યેકની સાત કુલ-૩૩ સહિત ઓઘે અને મિથ્યાત્વે-૮૦ ઉદયમાં પ્રકૃતિ હોય.

સાસ્વાદને મિથ્યા૦મોહ૦, પરા૦, ઉચ્છ્વાસ, આતપ, ઉદ્યોત, સૂક્ષ્મ અપ૦ સાધા૦વિના ૭૨ હોય. અને કેટલાક આચાર્યના મત પ્રમાણે સર્વ પર્યાપ્તિ પછી જ નિદ્રા-૫ ઉદયમાં આવે તેમ માનીએ તો ૬૭ હોય.

## એકે૦જાતિ માર્ગણામાં ઉદયસ્વામિત્વ

| ગુણ૦ | જ્ઞા૦ | દ૦ | વે૦ | મો૦ | આ૦ | ગો | અં૦ | નામકર્મ | | | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | પિં. | પ્ર | ત્ર. | સ્થા. | કુલ | |
| ઓઘે | ૫ | ૯ | ૨ | ૨૪ | ૧ | ૧ | ૫ | ૧૧ | ૭ | ૬ | ૯ | ૩૩ | ૮૦ |
| મિથ્યાત્વ | ૫ | ૯ | ૨ | ૨૪ | ૧ | ૧ | ૫ | ૧૧ | ૭ | ૬ | ૯ | ૩૩ | ૮૦ |
| સાસ્વા૦ | ૫ | ૯/૪ | ૨ | ૨૩ | ૧ | ૧ | ૫ | ૧૧ | ૩ | ૬ | ૬ | ૨૬ | ૭૨/૬૭ |

**વિક્લેન્દ્રિયજાતિ માર્ગણા–** ગુણ૦ ૧ થી ૨ હોય છે. જ્ઞાનાવરણીય વિગેરેની અનુક્રમે ૫-૯-૨-૨૪-૧-૧-૫ સાત કર્મની ૪૭ તથા નામકર્મની ૩૫ એકેન્દ્રિયજાતિના બદલે પોતાની (બેઈન્દ્રિય આદિ) જાતિ, સ્થાવરના બદલે ત્રસ, તેમજ સૂક્ષ્મ સાધારણ અને આતપ ન હોય અને છેવટ્ઠસંઘયણ, અશુભવિહાયોગતિ, ઔ૦આંગોપાંગ, સુસ્વર અને દુસ્વર એમ પાંચ વધારે હોય તથા સૂક્ષ્મ-સાધારણ ના બદલે બાદર અને પ્રત્યેક જ હોય.

આ રીતે ત્રણ ઓછી થાય અને પાંચ વધવાથી નામ કર્મની ૩૫ સહિત ઓઘે અને મિથ્યાત્વે ૮૨ તથા સાસ્વાદને મિથ્યાત્વ મોહ૦, પાંચનિદ્રા, અશુભવિહા૦, સુસ્વર, દુઃસ્વર, અપર્યા૦, પરાઘાત, ઉચ્છ્વાસ, અને ઉદ્યોતનો ઉદય ન હોવાથી ૧૩ બાદ કરતાં ૬૯ હોય. નિદ્રાનો ઉદય માનીએ તો ૭૪.

## વિક્લેન્દ્રિયજાતિ માર્ગણામાં ઉદય યંત્ર

| ગુણ૦ | જ્ઞા૦ | દ૦ | વે૦ | મો૦ | આ૦ | ગો | અં૦ | નામકર્મ | | | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | પિં. | પ્ર | ત્ર. | સ્થા. | કુલ | |
| ઓઘ-મિથ્યા | ૫ | ૯ | ૨ | ૨૪ | ૧ | ૧ | ૫ | ૧૪ | ૬ | ૮ | ૭ | ૩૫ | ૮૨ |
| સાસ્વા૦ | ૫ | ૯/૪ | ૨ | ૨૩ | ૧ | ૧ | ૫ | ૧૩ | ૩ | ૭ | ૫ | ૨૮ | ૭૪/૬૯ |

**પંચેન્દ્રિયજાતિ** માર્ગણા ૧ થી ૧૪ ગુણસ્થાનક હોય. જ્ઞાનાવરણીય આદિ સાત કર્મ કુલ-૫૫ તથા નામકર્મની ચારજાતિ સ્થાવર, સૂક્ષ્મ, સાધારણ અને આતપ એમ આઠ વિના ૫૯ સહિત આઠકર્મની ઓઘે ૧૧૪ પ્રકૃતિ, તથા મિથ્યાત્વે સમ્ય૦, મિશ્રમોહ૦ અને જિનનામ તથા આહા૦દ્વિક વિના ૧૦૯, સાસ્વાદને મિથ્યા૦ નરકાનુપૂર્વી અને અપ૦નામ કુલ ૩ વિના ૧૦૬, મિશ્રે અનં૦ચાર ત્રણ આનુ૦ કુલ ૭ વિના અને મિશ્ર૦મોહ સહિત ૧૦૦, અવિરત સમ્યગ્૦ગુણમાં ચાર આનુ૦ સહિત ૧૦૪ અને દેશવિરતિ ગુણ૦થી કર્મસ્તવની જેમ જાણવો. જો કે મિશ્રગુણ૦ અને અવિરત સમ્ય૦ગુણ૦માં કર્મસ્તવની જેમ જ ઉદયમાં છે. તો પણ મિશ્રમાં નવી કઈ ઉમેરાઈ તે સમજાય એટલે વર્ણન કર્યું.

## પંચેન્દ્રિય જાતિ માર્ગણામાં ઉદય યંત્ર

| ગુણ૦ | જ્ઞા૦ | દ૦ | વે૦ | મો૦ | આ૦ | ગો | અં૦ | નામકર્મ | | | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | પિં. | પ્ર | ત્ર. | સ્થા. | કુલ | |
| ઓઘે | ૫ | ૯ | ૨ | ૨૮ | ૪ | ૨ | ૫ | ૩૫ | ૭ | ૧૦ | ૭ | ૫૯ | ૧૧૪ |
| મિથ્યાત્વ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૪ | ૨ | ૫ | ૩૩ | ૬ | ૧૦ | ૭ | ૫૬ | ૧૦૯ |
| સાસ્વા૦ | ૫ | ૯ | ૨ | ૨૫ | ૪ | ૨ | ૫ | ૩૨ | ૬ | ૧૦ | ૬ | ૫૪ | ૧૦૬ |
| મિશ્ર | ૫ | ૯ | ૨ | ૨૨ | ૪ | ૨ | ૫ | ૨૯ | ૬ | ૧૦ | ૬ | ૫૧ | ૧૦૦ |
| અવિ૦ | ૫ | ૯ | ૨ | ૨૨ | ૪ | ૨ | ૫ | ૩૩ | ૬ | ૧૦ | ૬ | ૫૫ | ૧૦૪ |
| દેશ૦ | ૫ | ૯ | ૨ | ૧૮ | ૨ | ૨ | ૫ | ૨૫ | ૬ | ૧૦ | ૩ | ૪૪ | ૮૭ |

પ્રમત્તસંયત ગુણ૦થી અયોગી કેવલી સુધી કર્મસ્તવની જેમ ઉદય છે.

**કાયમાર્ગણા– પૃથ્વીકાય માર્ગણા–** ૧ થી ૨ ગુણ૦, એકેન્દ્રિયની જેમ ઉદય પરંતુ સાધારણનામકર્મ વિના જાણવો.

## પૃથ્વીકાય

| ગુણ૦ | જ્ઞા૦ | દ૦ | વે૦ | મો૦ | આ૦ | ગો | અં૦ | નામકર્મ | | | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | પિં. | પ્ર | ત્ર. | સ્થા. | કુલ | |
| ઓઘ | ૫ | ૯ | ૨ | ૨૪ | ૧ | ૧ | ૫ | ૧૧ | ૭ | ૬ | ૮ | ૩૨ | ૭૯ |
| મિથ્યાત્વ | ૫ | ૯ | ૨ | ૨૪ | ૧ | ૧ | ૫ | ૧૧ | ૭ | ૬ | ૮ | ૩૨ | ૭૯ |
| સાસ્વા૦ | ૫ | ૯/૪ | ૨ | ૨૩ | ૧ | ૧ | ૫ | ૧૧ | ૩ | ૬ | ૬ | ૨૬ | ૭૨/૬૭ |

**અપ્‌કાયમાર્ગણામાં**-આતપનામ અને સાધારણ નામકર્મવિના એકે૦ની જેમ જાણવું.

## અપકાય

| ગુણ૦ | જ્ઞા૦ | દ૦ | વે૦ | મો૦ | આ૦ | ગો | અં૦ | નામકર્મ | | | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | પિં. | પ્ર | ત્ર. | સ્થા. | કુલ | |
| ઓઘ | ૫ | ૯ | ૨ | ૨૪ | ૧ | ૧ | ૫ | ૧૧ | ૬ | ૬ | ૮ | ૩૧ | ૭૮ |
| મિથ્યાત્વ | ૫ | ૯ | ૨ | ૨૪ | ૧ | ૧ | ૫ | ૧૧ | ૬ | ૬ | ૮ | ૩૧ | ૭૮ |
| સાસ્વા૦ | ૫ | ૯/૪ | ૨ | ૨૩ | ૧ | ૧ | ૫ | ૧૧ | ૩ | ૬ | ૬ | ૨૬ | ૭૨/૬૭ |

**વનસ્પતિકાય માર્ગણામાં**-આતપનામકર્મ વિના એકે૦ની જેમ

## વનસ્પતિકાય

| ગુણ૦ | જ્ઞા૦ | દ૦ | વે૦ | મો૦ | આ૦ | ગો | અં૦ | નામકર્મ | | | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | પિં. | પ્ર | ત્ર. | સ્થા. | કુલ | |
| ઓઘ | ૫ | ૯ | ૨ | ૨૪ | ૧ | ૧ | ૫ | ૧૧ | ૬ | ૬ | ૯ | ૩૨ | ૭૯ |
| મિથ્યાત્વ | ૫ | ૯ | ૨ | ૨૪ | ૧ | ૧ | ૫ | ૧૧ | ૬ | ૬ | ૯ | ૩૨ | ૭૯ |
| સાસ્વા૦ | ૫ | ૯/૪ | ૨ | ૨૩ | ૧ | ૧ | ૫ | ૧૧ | ૩ | ૬ | ૬ | ૨૬ | ૭૨/૬૭ |

**તેઉકાય અને વાઉકાય**- એક જ ગુણ૦ હોય. તેઓને યશનામ, સાધારણનામ, આતપ અને ઉદ્યોત વિના એકે૦ની જેમ ઉદય જાણવો.

| ગુણ૦ | જ્ઞા૦ | દ૦ | વે૦ | મો૦ | આ૦ | ગો | અં૦ | નામકર્મ | | | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | પિં. | પ્ર | ત્ર. | સ્થા. | કુલ | |
| ઓઘ | ૫ | ૯ | ૨ | ૨૪ | ૧ | ૧ | ૫ | ૧૧ | ૫ | ૫ | ૮ | ૨૯ | ૭૬ |
| મિથ્યાત્વ | ૫ | ૯ | ૨ | ૨૪ | ૧ | ૧ | ૫ | ૧૧ | ૫ | ૫ | ૮ | ૨૯ | ૭૬ |

**ત્રસકાય માર્ગણા–**

સાતકર્મની બધી પ્રકૃતિ ઉદયમાં હોય, ગુણ. ૧ થી ૧૪ હોય. એકે૦જાતિનામ, સ્થાવર, સૂક્ષ્મ, સાધારણ અને આતપનામ૦વિના નામકર્મની ૬૨ અને આઠકર્મની ૧૧૭ ઓઘે જાણવી.

મિથ્યાત્વે સમ્ય૦મોહ મિશ્રમોહ૦, આહા૦દ્વિક, અને જિન નામ૦વિના ૧૧૨, અને સાસ્વાદને મિથ્યા૦મોહ, નરકાનુપૂર્વી, અપ૦નામ વિના ૧૦૯ પ્રકૃતિઓ ઉદયમાં હોય.

| ગુણ૦ | જ્ઞા૦ | દ૦ | વે૦ | મો૦ | આ૦ | ગો | અં૦ | નામકર્મ | | | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | પિં. | પ્ર | ત્ર. | સ્થા. | કુલ | |
| ઓઘ | ૫ | ૯ | ૨ | ૨૮ | ૪ | ૨ | ૫ | ૩૮ | ૭ | ૧૦ | ૭ | ૬૨ | ૧૧૭ |
| મિથ્યાત્વ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૪ | ૨ | ૫ | ૩૬ | ૬ | ૧૦ | ૭ | ૫૯ | ૧૧૨ |
| સાસ્વા૦ | ૫ | ૯ | ૨ | ૨૫ | ૪ | ૨ | ૫ | ૩૫ | ૬ | ૧૦ | ૬ | ૫૭ | ૧૦૯ |

મિશ્ર ગુણ૦થી અયોગીકેવલી ગુણ૦સુધી પંચે૦જાતિમાર્ગણાની જેમ યંત્ર જાણવું.

**યોગમાર્ગણા-મનયોગ–** ૧ થી ૧૩ ગુણસ્થાનક હોય. મનયોગ એકે૦ વિકલેન્દ્રિયને અને અપ૦ અવસ્થામાં સંજ્ઞી પં૦ને પણ ન હોય. તેથી એકે૦જાતિ, વિકલેન્દ્રિયજાતિ, આનુ-૪ સ્થાવર ચતુષ્ક અને આતપનામનો ઉદય મનોયોગીને ન હોય. તેથી ઓઘે ૧૦૯ પ્રકૃતિ હોય.

મિથ્યાત્વે સમ્ય૦મોહ૦ મિશ્રમોહ૦, આહારકદ્વિક અને જિનનામ એ પાંચવિના ૧૦૪ પ્રકૃતિ તથા મિથ્યાત્વમોહ વિના સાસ્વાદને ૧૦૩, મિશ્રગુણ૦માં અનં૦૪ વિના અને મિશ્ર૦ સહિત ૧૦૦, અને અવિરત સમ્ય૦ગુણમાં મિશ્રમોહ૦વિના અને સમ્ય૦ મોહ૦ સહિત ૧૦૦ પ્રકૃતિ ઉદયમાં હોય દેશવિરતિ ગુણ૦થી કર્મસ્તવની જેમ ઉદય જાણવો.

આ ઉદય મનયોગના સત્ય અને અસત્યઅમૃષામાં જાણવો. અસત્ય અનેસત્યાસત્યમાં ૧ થી ૧૨ ગુણ૦ અને ઉપરનો ઉદય જિનનામ વિના જાણવો.

**મનયોગ ઉદયયંત્ર**

| ગુણ૦ | જ્ઞા૦ | દ૦ | વે૦ | મો૦ | આ૦ | ગો | અં૦ | નામકર્મ | | | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | પિં. | પ્ર | ત્ર. | સ્થા. | કુલ | |
| ઓઘ | ૫ | ૯ | ૨ | ૨૮ | ૪ | ૨ | ૫ | ૩૧ | ૭ | ૧૦ | ૬ | ૫૪ | ૧૦૯ |
| મિથ્યાત્વ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૪ | ૨ | ૫ | ૨૯ | ૬ | ૧૦ | ૬ | ૫૧ | ૧૦૪ |
| સાસ્વા૦ | ૫ | ૯ | ૨ | ૨૫ | ૪ | ૨ | ૫ | ૨૯ | ૬ | ૧૦ | ૬ | ૫૧ | ૧૦૩ |
| મિ-અવિ. | ૫ | ૯ | ૨ | ૨૨ | ૪ | ૨ | ૫ | ૨૯ | ૬ | ૧૦ | ૬ | ૫૧ | ૧૦૦ |

**વચનયોગ**– ગુણ૦ ૧ થી ૧૩ હોય. બેઈન્દ્રિયાદિ વિક્લેન્દ્રિયોને પર્યાપ્ત થયા પછી વચનયોગ હોય તેથી ઓઘે અને મિથ્યાત્વે મનયોગ કરતાં ત્રણજાતિનામ વધારે ઉદયમાં હોય. તેથી ઓઘે-૧૧૨, મિથ્યા૦૧૦૭, અને સાસ્વાદનથી મનયોગની જેમ જાણવું.

**વચનયોગ-ઉદયયંત્ર**

| ગુણ૦ | જ્ઞા૦ | દ૦ | વે૦ | મો૦ | આ૦ | ગો | અં૦ | નામકર્મ | | | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | પિં. | પ્ર | ત્ર. | સ્થા. | કુલ | |
| ઓઘ | ૫ | ૯ | ૨ | ૨૮ | ૪ | ૨ | ૫ | ૩૪ | ૭ | ૧૦ | ૬ | ૫૭ | ૧૧૨ |
| મિથ્યાત્વ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૪ | ૨ | ૫ | ૩૨ | ૬ | ૧૦ | ૬ | ૫૪ | ૧૦૭ |
| સાસ્વા૦ | ૫ | ૯ | ૨ | ૨૫ | ૪ | ૨ | ૫ | ૨૯ | ૬ | ૧૦ | ૬ | ૫૧ | ૧૦૩ |

મિશ્રગુણ૦થી સયોગીગુણ૦ સુધી મનયોગીની જેમ જાણવું.

**કાયયોગ**- ૧ થી ૧૩ ગુણ૦ હોય. અને કર્મસ્તવની જેમ ઉદયયંત્ર જાણવું. તેના ઉત્તરભેદમાં આ પ્રમાણે ઉદય હોય.

**ઔદારિકકાયયોગ**– ૧ થી ૧૩ ગુણ૦ હોય. ઔ૦કાય યોગ મનુષ્ય-તિર્યંચને જ હોય. તેથી દેવાયુષ્ય, નરકાયુષ્ય, દેવદ્વિક-નરકદ્વિક-વૈ૦દ્વિક, અપ૦નામકર્મ, મનુષ્યાનુપૂર્વી, તિર્યંચાનુપૂર્વી, અને આહારકદ્વિક કુલ આયુ-૨ અને નામકર્મની ૧૧ વિના આઠકર્મની ૧૦૯ પ્રકૃતિ ઓઘે હોય.

મિથ્યાત્વે સમ્ય૦મોહ૦, મિશ્રમોહ૦, જિનનામ વિના ૧૦૬ પ્રકૃતિ જાણવી, સાસ્વાદને એકે૦ વિગેરે ચાર જાતિ, સ્થાવર, સૂક્ષ્મ, સાધારણ, આતપ અને મિથ્યાત્વ મોહ૦વિના ૯૭ પ્રકૃતિ ઉદયમાં હોય.

મિશ્રગુણ૦માં અનં૦ચાર વિના અને મિશ્ર૦સહિત ૯૪ હોય, અવિરતિ ગુણ૦માં મિશ્રમોહ૦વિના અને સમ્ય૦સહિત ૯૪ હોય દેશવિરતિ ગુણ૦થી કર્મસ્તવની જેમ ઉદય જાણવો. પરંતુ પ્રમત્તે આહા૦દ્વિક વિના ૭૯ ઉદયમાં ઔ૦શરીરવાળા જ સંયમી આહા૦શરીર બનાવે છતાં આહા૦દ્વિકનો ઉદય હોય ત્યારે આહા૦કાયયોગી કહેવાય, ઔ૦કાયયોગી ગણાય નહી. કારણકે તે શરીરનો વ્યાપાર ન હોય. વળી સાસ્વાદને ચાર જાતિ ઉદયમાં હોય, પરંતુ તે વખતે ઔ૦ મિશ્રયોગવાળો હોય, તેથી કાયયોગ વખતે સાસ્વાદન ગુણ૦ ન હોય.

## ઔ૦ કાયયોગ ઉદય યંત્ર

| ગુણ૦ | જ્ઞા૦ | દ૦ | વે૦ | મો૦ | આ૦ | ગો | અં૦ | નામકર્મ | | | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | પિં. | પ્ર | ત્ર. | સ્થા. | કુલ | |
| ઓઘ | ૫ | ૯ | ૨ | ૨૮ | ૨ | ૨ | ૫ | ૨૯ | ૮ | ૧૦ | ૯ | ૫૬ | ૧૦૯ |
| મિથ્યાત્વ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૨ | ૨ | ૫ | ૨૯ | ૭ | ૧૦ | ૯ | ૫૫ | ૧૦૬ |
| સાસ્વા૦ | ૫ | ૯ | ૨ | ૨૫ | ૨ | ૨ | ૫ | ૨૫ | ૬ | ૧૦ | ૬ | ૪૭ | ૯૭ |
| મિશ્ર | ૫ | ૯ | ૨ | ૨૨ | ૨ | ૨ | ૫ | ૨૫ | ૬ | ૧૦ | ૬ | ૪૭ | ૯૪ |
| અવિ૦ | ૫ | ૯ | ૨ | ૨૨ | ૨ | ૨ | ૫ | ૨૫ | ૬ | ૧૦ | ૬ | ૪૭ | ૯૪ |
| દેશ૦ | ૫ | ૯ | ૨ | ૧૮ | ૨ | ૨ | ૫ | ૨૫ | ૬ | ૧૦ | ૩ | ૪૪ | ૮૭ |
| પ્રમત્ત | ૫ | ૯ | ૨ | ૧૪ | ૧ | ૧ | ૫ | ૨૪ | ૫ | ૧૦ | ૩ | ૪૨ | ૭૯* |

*અહીં પ્રમત્ત ગુણ૦માં કર્મસ્તવ કરતાં આહા૦દ્વિક ન હોવાથી બે પ્રકૃતિનો તફાવત છે. અપ્ર૦થી સયોગી સુધી કર્મસ્તવની જેમ.

**ઔદારિક મિશ્રયોગ–** ગુણ૦ ૧, ૨, ૪, ૧૩ એમ ચાર ગુણ૦ હોય.

ઔ૦મિશ્રયોગ મનુષ્ય તિર્યંચને જ અપર્યાપ્ત અવસ્થામાં હોવાથી વૈક્રિય અષ્ટક, આહા૦દ્વિક, મનુષ્યાનુપૂર્વી-તિર્યંચાનુપૂર્વી અને મિશ્રમોહ૦બે સ્વર વિના ૧૦૭ ઓઘે ઉદયમાં હોય.

મિથ્યાત્વે સમ્યOમોહO અને જિનનામ વિના ૧૦૫, સાસ્વાદને સૂક્ષ્મત્રિક, મિથ્યાOમોહO વિના ૧૦૧, અવિOસમ્યOગુણમાં ચાર જાતિ આતપ, સ્થાવરનામ અનંO ૪ કુલ ૧૦ વિના સમ્યOસહિત ૯૨ અને સયોગી ગુણOમાં કર્મસ્તવ માં ૪૨ ઉદયમાં છે તેમાંથી બે સ્વર વિના ૪૦ હોય.

જે ચોથુ ગુણO સહિત મનુષ્ય તિર્યંચમાં પુરુષપણે જ ઉત્પન્ન થાય એમ માનીએ તો ચોથે નપુO, સ્રીવેદનો ઉદય ન હોય.

કેટલાકના મતે ઔOમિશ્રયોગ શરીર પર્યાપ્તિ સુધી જ માનીએ તો ઓઘથી જ પરાO ઉચ્છ્વાસ, આતપ, ઉદ્યોત અને વિહાયોગતિદ્વિક વિના ૧૦૧ પ્રકૃતિ હોય. શેષ ગુણસ્થાનકમાં તે પ્રમાણે વિચારવું.

| ગુણO | જ્ઞાO | દO | વેO | મોO | આO | ગો | અંO | નામકર્મ | | | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | પિં. | પ્ર | ત્ર. | સ્થા. | કુલ | |
| ઓઘ | ૫ | ૯ | ૨ | ૨૭ | ૨ | ૨ | ૫ | ૨૯ | ૮ | ૯ | ૯ | ૫૫ | ૧૦૭ |
| મિથ્યાત્વ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૨ | ૨ | ૫ | ૨૯ | ૭ | ૯ | ૯ | ૫૪ | ૧૦૫ |
| સાસ્વાO | ૫ | ૯ | ૨ | ૨૫ | ૨ | ૨ | ૫ | ૨૯ | ૭ | ૯ | ૬ | ૫૧ | ૧૦૧ |
| અવિO | ૫ | ૯ | ૨ | ૨૨ | ૨ | ૨ | ૫ | ૨૫ | ૬ | ૯ | ૫ | ૪૫ | ૯૨ |
| સયોગી | ૦ | ૦ | ૨ | ૦ | ૧ | ૧ | ૦ | ૧૭/૧૯ | ૪/૬ | ૯ | ૨ | ૩૨ | ૩૬/૪૦ |

**વૈક્રિયકાયયોગ**– ૧ થી ૪ ગુણO હોય, ભવધારણીય શરીરની વિવક્ષા કરીને ઉદય સ્વામિત્વ આ પ્રમાણે-ઓઘે દેવગતિની જેમ ૮૦ પ્રકૃતિમાંથી દેવાનુપૂર્વી વિના અને નરકને વૈક્રિયશરીર હોય તેથી નરકગતિ નરકાયુઃ હુંડકસંસ્થાન, નપુOવેદ, નીચગોત્ર, દુઃસ્વર અને અશુભવિહાયોગતિ સહિત કરવાથી ૮૬ જાણવી.

મિથ્યાત્વે સમ્યOમોહO, અને મિશ્ર મોહOવિના ૮૪, સાસ્વાદને મિથ્યાOવિના ૮૩, મિશ્રે અનંO૪ વિના, અને મિશ્ર મોહOસહિત ૮૦ અને અવિO સમ્યOગુણOમાં મિશ્રમોહOવિના અને સમ્યO સહિત ૮૦ ઉદયમાં હોય છે.

| ગુણ૦ | જ્ઞા૦ | દ૦ | વે૦ | મો૦ | આ૦ | ગો | અં૦ | નામકર્મ | | | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | પિં. | પ્ર | ત્ર. | સ્થા. | કુલ | |
| ઓઘ | ૫ | ૬ | ૨ | ૨૮ | ૨ | ૨ | ૫ | ૧૫ | ૫ | ૧૦ | ૬ | ૩૬ | ૮૬ |
| મિથ્યાત્વ | ૫ | ૬ | ૨ | ૨૬ | ૨ | ૨ | ૫ | ૧૫ | ૫ | ૧૦ | ૬ | ૩૬ | ૮૪ |
| સાસ્વા૦ | ૫ | ૬ | ૨ | ૨૫ | ૨ | ૨ | ૫ | ૧૫ | ૫ | ૧૦ | ૬ | ૩૬ | ૮૩ |
| મિશ્ર | ૫ | ૬ | ૨ | ૨૨ | ૨ | ૨ | ૫ | ૧૫ | ૫ | ૧૦ | ૬ | ૩૬ | ૮૦ |
| અવિ૦ | ૫ | ૬ | ૨ | ૨૨ | ૨ | ૨ | ૫ | ૧૫ | ૫ | ૧૦ | ૬ | ૩૬ | ૮૦ |

**વૈક્રિયમિશ્રયોગ–** અહીં ૧લું-૨જું-૪થું ત્રણ ગુણ૦ હોય. જો કે નરકમાં અપ૦અવસ્થામાં સાસ્વાદ ગુણ૦ ન હોય.

અહીં ઓઘે જ્ઞા. ૫ દ. ૬ (થિણદ્ધિત્રિક વિના) વે. ૨ મો. ૨૭ મિશ્રમોહ૦વિના) આયુ. ૨ નામકર્મ ગતિ-૨ જાતિ-૧ શરીર-૩ આંગો ૧ સમચતુ૦ અને હુંડક બે સંસ્થાન વર્ણાદિ-૪, વિહા-૨ કુલ પિંડ-૧૫, પ્રત્યેક-૫ (આતપ-ઉદ્યોત-જિનનામવિના) ત્રસાદિ-૧૦ સ્થાવર-૬ (અસ્થિરષટ્ક) કુલ-૩૬ ગો. ૨ અને ૫ = આઠકર્મ-૮૫

મિથ્યાત્વે-સમ્ય૦વિના ૮૪, સાસ્વાદને-મિથ્યાત્વ-નરકગતિ, નરકાયુઃ, પરા૦, ઉચ્છ્વાસ, હુંડક વિહા૦૨, સ્વર-૨ નીચગોત્ર, નપુ૦, નિદ્રાદ્વિકવિના ૭૦ અવિ૦સમ્ય૦માં અનં-૪ સ્ત્રીવેદ, વિના અને સમ્ય૦ અને નપુ૦સહિત મોહ-૨૧, નામકર્મ-ઓઘની જેમ-૩૬ નીચગોત્ર સહિત ગોત્રની-બે, નરકાયુષ્ય સહિત કુલ-૭૯.

| ગુણ૦ | જ્ઞા૦ | દ૦ | વે૦ | મો૦ | આ૦ | ગો | અં૦ | નામકર્મ | | | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | પિં. | પ્ર | ત્ર. | સ્થા. | કુલ | |
| ઓઘ | ૫ | ૬ | ૨ | ૨૭ | ૨ | ૨ | ૫ | ૧૫ | ૫ | ૧૦ | ૬ | ૩૬ | *૮૫ |
| મિથ્યાત્વ | ૫ | ૬ | ૨ | ૨૬ | ૨ | ૨ | ૫ | ૧૫ | ૫ | ૧૦ | ૬ | ૩૬ | ૮૪ |
| સાસ્વા૦ | ૫ | ૪ | ૨ | ૨૪ | ૧ | ૧ | ૫ | ૧૧ | ૩ | ૯ | ૫ | ૨૮ | ૭૦ |
| અવિ૦ | ૫ | ૬ | ૨ | ૨૧ | ૨ | ૨ | ૫ | ૧૫ | ૫ | ૧૦ | ૬ | ૩૬ | ૭૯ |

* જો અપ૦ અવસ્થામાં સ્વર ન માનીએ તો ઓઘ મિથ્યા૦અવિ૦માં બે સ્વર વિના જાણવો.

આહારકકાયયોગ– ૬ઠ્ઠ ૭મું ગુણ૦ અહીં કર્મસ્તવમાં છઠ્ઠા ગુણ૦માં ઉદયમાં કહેલ ૮૧માંથી થિણદ્ધિત્રિક, સ્રીવેદ, અને ઔ૦૨, પાંચસંસ્થાન, છ સંઘયણ, દુઃસ્વર, અશુભવિહાયોગતિ, એ ૧૯ વિના ૬૨ પ્રકૃતિ ઓઘે પ્રમત્તે અને અપ્રમત્તે હોય.

| ગુણ૦ | જ્ઞા૦ | દ૦ | વે૦ | મો૦ | આ૦ | ગો | અં૦ | નામકર્મ | | | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | પિં. | પ્ર | ત્ર. | સ્થા. | કુલ | |
| ઓઘ પ્રમત | ૫ | ૬ | ૨ | ૧૩ | ૧ | ૧ | ૫ | ૧૨ | ૫ | ૧૦ | ૨ | ૨૯ | ૬૨ |
| અપ્ર૦ | ૫ | ૬ | ૨ | ૧૩ | ૧ | ૧ | ૫ | ૧૨ | ૫ | ૧૦ | ૨ | ૨૯ | ૬૨ |

**આહારકમિશ્રયોગ**– પ્રમત્તગુણ૦ હોય, પરા૦, ઉચ્છ્વાસ, શુભવિહાયોગતિ, સુસ્વર, અને નિદ્રા-૨ કુલ-૬ વિના ૫૬ હોય-કેટલાકના મતે સર્વપર્યાપ્તિ પૂર્ણ ન થાય ત્યાં સુધી આહા૦મિશ્ર૦ હોય તેમ માનીએ તો આહારકકાય યોગની જેમ-૬૨ પ્રકૃતિ જાણવી.

| ગુણ૦ | જ્ઞા૦ | દ૦ | વે૦ | મો૦ | આ૦ | ગો | અં૦ | નામકર્મ | | | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | પિં. | પ્ર | ત્ર. | સ્થા. | કુલ | |
| ઓઘ | ૫ | ૪ | ૨ | ૧૩ | ૧ | ૧ | ૫ | ૧૧ | ૩ | ૯ | ૨ | ૨૫ | ૫૬ |
| પ્રમત | ૫ | ૪ | ૨ | ૧૩ | ૧ | ૧ | ૫ | ૧૧ | ૩ | ૯ | ૨ | ૨૫ | ૫૬ |

**કાર્મણકાયયોગ**– ગુણ૦-૧લું ૨જું ૪થું ૧૩મું ચાર ગુણ૦ હોય ઓઘે જ્ઞા.૫, દ-૪, વે-૨, મોહ-૨૭ (મિશ્રવિના) આયુ-૪ ગો-૨, અંત-૫, નામકર્મ ગતિ-૪ જાતિ-૫ શરીર-૨ વર્ણાદિ-૪ આનુ-૪, ત્રસાદિ-૮ (પ્રત્યેક અને સુસ્વર વિના) સ્થાવર ૮, (સાધા૦, દુઃસ્વરવિના) પ્રત્યેક-૩ નામકર્મની કુલ-૩૮ સહિત આઠકર્મની ૮૭.

મિથ્યાત્વે સમ્ય૦મોહ૦ અને જિનનામ વિના ૮૫, સાસ્વાદને મિથ્યા૦મોહ૦, નરકાયુઃ અને નરકગતિ, નરકાનુપૂર્વી સૂક્ષ્મ, અપ૦ નામ વિના ૭૯ (સાસ્વાદન ગુણ૦ લઈને નરકમાં જાય નહી માટે) અવિ૦સમ્ય૦માં અનં૦૪ સ્રીવેદ, તથા નામકર્મની જાતિચાર, સ્થાવર કુલ-૧૦ વિના અને

સમ્યoમોહ૦, નરકત્રિક સહિત કરવાથી ૭૩ પ્રકૃતિ હોય-સયોગી કેવલી ગુણ૦માં વેદ-૨, આયુ ૧ ગોત્ર-૧ અને નામકર્મની ૨૧ સહિત ૨૫ ઉદયમાં હોય.

| ગુણ૦ | જ્ઞા૦ | દ૦ | વે૦ | મો૦ | આ૦ | ગો | અં૦ | નામકર્મ | | | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | પિં. | પ્ર | ત્ર. | સ્થા. | કુલ | |
| ઓઘ | ૫ | ૪ | ૨ | ૨૭ | ૪ | ૨ | ૫ | ૧૯ | ૩ | ૮ | ૮ | ૩૮ | ૮૭ |
| મિથ્યાત્વ | ૫ | ૪ | ૨ | ૨૬ | ૪ | ૨ | ૫ | ૧૯ | ૨ | ૮ | ૮ | ૩૭ | ૮૫ |
| સાસ્વા૦ | ૫ | ૪ | ૨ | ૨૫ | ૩ | ૨ | ૫ | ૧૭ | ૨ | ૮ | ૬ | ૩૩ | ૭૯ |
| અવિ૦ | ૫ | ૪ | ૨ | ૨૧ | ૪ | ૨ | ૫ | ૧૫ | ૨ | ૮ | ૫ | ૩૦ | ૭૩ |
| સયોગી | ૦ | ૦ | ૨ | ૦ | ૧ | ૧ | ૦ | ૮ | ૩ | ૮ | ૨ | ૨૧ | ૨૫ |

## વેદમાર્ગણા

**પુરુષવેદ માર્ગણા**– ૧ થી ૯ ગુણ૦ હોય. અહીં ઓઘે જ્ઞાના૦, દર્શના, વેદ, ગોત્ર અને અંત૦ની સર્વ પ્રકૃતિ તથા મોહનીયકર્મની નપુ૦, સ્ત્રીવેદ વિના ૨૬ અને નરકદ્વિક જાતિચતુષ્ક, આતપ, જિન, સ્થાવર ચતુષ્ક કુલ ૧૨ વિના ૫૫ (નરકાયુઃ વિના) ત્રણ આયુષ્ય સહિત-૧૦૭ હોય.

મિથ્યાત્વે સમ્ય૦મિશ્ર, આહા૦દ્વિક એ ચાર વિના ૧૦૩, સાસ્વાદને મિથ્યાત્વ મોહ૦વિના ૧૦૨, મિશ્ર ગુણ૦માં અનં ૪ તથા ત્રણ આનુપૂર્વી કુલ ૭ વિના અને મિશ્ર મોહ૦ સહિત કરવાથી ૯૬, અવિ૦ સમ્ય૦ ગુણ૦માં મિશ્રમોહ૦વિના અને સમ્ય૦મોહ૦ અને ત્રણ આનુ૦ સહિત કરવાથી ૯૯ અને દેશવિરતિ ગુણ૦માં અપ્રત્યા૦૪, દેવાયુ, દેવદ્વિક, વૈક્રિયદ્વિક, મનુષ્યાનુપૂર્વી, તિર્યંચાનુપૂર્વી, દુર્ભગ અને અના૦દ્વિક એ ચૌદ પ્રકૃતિ વિના ૮૫ ઉદયમાં હોય.

પ્રમત્તગુણ૦થી કર્મસ્તવની જેમ જાણવું. પરંતુ નવમા ગુણ૦સુધી સ્ત્રીવેદ, નપુ૦વિના જાણવો.

| ગુણ૦ | જ્ઞા૦ | દ૦ | વે૦ | મો૦ | આ૦ | ગો | અં૦ | નામકર્મ | | | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | પિં. | પ્ર | ત્ર. | સ્થા. | કુલ | |
| ઓઘ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૩ | ૨ | ૫ | ૩૩ | ૬ | ૧૦ | ૬ | ૫૫ | ૧૦૭ |
| મિથ્યાત્વ | ૫ | ૯ | ૨ | ૨૪ | ૩ | ૨ | ૫ | ૩૧ | ૬ | ૧૦ | ૬ | ૫૩ | ૧૦૩ |
| સાસ્વા૦ | ૫ | ૯ | ૨ | ૨૩ | ૩ | ૨ | ૫ | ૩૧ | ૬ | ૧૦ | ૬ | ૫૩ | ૧૦૨ |
| મિશ્ર | ૫ | ૯ | ૨ | ૨૦ | ૩ | ૨ | ૫ | ૨૮ | ૬ | ૧૦ | ૬ | ૫૦ | ૯૬ |
| સમ્યક્ત્વ | ૫ | ૯ | ૨ | ૨૦ | ૩ | ૨ | ૫ | ૩૧ | ૬ | ૧૦ | ૬ | ૫૩ | ૯૯ |
| દેશવિરતિ | ૫ | ૯ | ૨ | ૧૬ | ૨ | ૨ | ૫ | ૨૫ | ૬ | ૧૦ | ૩ | ૪૪ | ૮૫ |

**સ્ત્રીવેદ માર્ગણા**–

આ માર્ગણામાં પુરુષવેદ માર્ગણાની જેમ ઉદય જાણવો. પરંતુ સ્ત્રીઓને આહારકલબ્ધિ ન હોય તેથી ઓઘે ૧૦૫, મિથ્યા૦ ૧૦૩ વિગેરે તથા પ્રમત્તે ૭૭, પ્રકૃતિઓનો ઉદય હોય, અપ્રમત્તે ૭૪, અપૂર્વકરણગુણ૦માં ૭૦, અનિવૃત્તિમાં ૬૪ પ્રકૃતિ હોય.

**નપુંસકવેદમાર્ગણા**-પુરુષવેદ, સ્ત્રીવેદની જેમ અહીં પણ ૧ થી ૯ ગુણ૦ હોય.

અહીં ઓઘે પુરુષવેદ, સ્ત્રીવેદ, દેવાયુ, દેવદ્વિક અને જિનનામ કુલ ૬ વિના ૧૧૬, મિથ્યાત્વે સમ્ય૦મોહ૦, મિશ્રમોહ અને આહા૦દ્વિક વિના ૧૧૨, સાસ્વાદને મિથ્યા૦, સૂક્ષ્મત્રિક, આતપ અને નરકાનુપૂર્વી વિના ૧૦૬, મિશ્રે-અનંત૦૪, જાતિનામ-૪ આતપ, બે આનુ૦ સ્થાવરનામ કુલ ૧૧ વિના અને મિશ્રમોહ૦ સહિત ૯૬, અવિ૦સમ્ય૦માં મિશ્રવિના, નરકાનુપૂર્વી અને સમ્ય૦મોહ સહિત ૯૭ અને દેશવિરતિ ગુણ૦થી અનિવૃત્તિ ગુણ૦સુધી પુરુષવેદની જેમ ઉદય જાણવો. પરંતુ મોહનીયમાં પુરુષવેદના બદલે નપુ૦વેદનો ઉદય જાણવો.

## નપુંસકવેદમાં ઉદયયંત્ર

| ગુણ૦ | જ્ઞા૦ | દ૦ | વે૦ | મો૦ | આ૦ | ગો | અં૦ | નામકર્મ | | | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | પિં. | પ્ર | ત્ર. | સ્થા. | કુલ | |
| ઓઘ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૩ | ૨ | ૫ | ૩૭ | ૭ | ૧૦ | ૧૦ | ૬૪ | ૧૧૬ |
| મિથ્યાત્વ | ૫ | ૯ | ૨ | ૨૪ | ૩ | ૨ | ૫ | ૩૫ | ૭ | ૧૦ | ૧૦ | ૬૨ | ૧૧૨ |
| સાસ્વા૦ | ૫ | ૯ | ૨ | ૨૩ | ૩ | ૨ | ૫ | ૩૪ | ૬ | ૧૦ | ૭ | ૫૭ | ૧૦૬ |
| મિશ્ર | ૫ | ૯ | ૨ | ૨૦ | ૩ | ૨ | ૫ | ૨૮ | ૬ | ૧૦ | ૬ | ૫૦ | ૯૬ |
| સમ્યક્ત્વ | ૫ | ૯ | ૨ | ૨૦ | ૩ | ૨ | ૫ | ૨૯ | ૬ | ૧૦ | ૬ | ૫૧ | ૯૭ |
| દેશવિરતિ | ૫ | ૯ | ૨ | ૧૬ | ૨ | ૨ | ૫ | ૨૫ | ૬ | ૧૦ | ૩ | ૪૪ | ૮૫ |
| પ્રમત | ૫ | ૯ | ૨ | ૧૨ | ૧ | ૧ | ૫ | ૨૬ | ૫ | ૧૦ | ૩ | ૪૪ | ૭૯ |
| અપ્રમત | ૫ | ૬ | ૨ | ૧૨ | ૧ | ૧ | ૫ | ૨૪ | ૫ | ૧૦ | ૩ | ૪૨ | ૭૪ |
| અપૂર્વકરણ | ૫ | ૬ | ૨ | ૧૧ | ૧ | ૧ | ૫ | ૨૧ | ૫ | ૧૦ | ૩ | ૩૯ | ૭૦ |
| અનિવૃતિ | ૫ | ૬ | ૨ | ૫ | ૧ | ૧ | ૫ | ૨૧ | ૫ | ૧૦ | ૩ | ૩૯ | ૬૪ |

**કષાય માર્ગણા-ક્રોધમાર્ગણા–** ૧ થી ૯ ગુણસ્થાનક હોય. અહીં ક્રોધના ઉદયવાળાને તે વખતે માન-માયા અને લોભ ન હોય. તેથી ૧૬ કષાયમાંથી (૪ ક્રોધ વિના) ૧૨ કષાય અને જિન કુલ ૧૩ વિના ઓઘે ૧૦૯, તે પ્રમાણે કર્મસ્તવની અપેક્ષાએ ૧૨ કષાય વિના મિથ્યાત્વે ૧૦૫, સાસ્વાદને ૯૯, મિશ્રે માન-માયા અનેલોભ ત્રણ ત્રણ વિના ૯૧, અવિ૦ગુણ૦ ૯૫, દેશવિરતિ ગુણ૦માં માન-૨, માયા-૨, લોભ-૨ કુલ-૬ વિના ૮૧, પ્રમત્તે-સંજ્વલન માન, માયા અને લોભ એ ત્રણ વિના ૭૮, અપ્રમત્તે ૭૬ના બદલે ૭૩, આ પ્રમાણે નવમા ગુણ૦ સુધી જાણવું.

**માન-માયા-લોભ–**

આ માર્ગણાઓમાં ક્રોધની જેમ જાણવું. ફક્ત માનવાળાને ક્રોધના ઉદયને બદલે માનનો ઉદય. માયાવાળાને ક્રોધના ઉદયને બદલે માયાનો ઉદય. લોભવાળાને ક્રોધના ઉદયને બદલે લોભનો ઉદય સમજવો.

તેમજ લોભમાં ૧થી ૧૦ ગુણ૦ જાણવાં. તેમાં દશમા ગુણ૦માં કર્મસ્તવની જેમ ૬૦ પ્રકૃતિ જાણવી.

## ક્રોધાદિ માર્ગણામાં ઉદયયંત્ર

| ગુણ૦ | જ્ઞા૦ | દ૦ | વે૦ | મો૦ | આ૦ | ગો | અં૦ | નામકર્મ | | | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | પિં. | પ્ર | ત્ર. | સ્થા. | કુલ | |
| ઓઘ | ૫ | ૯ | ૨ | ૧૬ | ૪ | ૨ | ૫ | ૩૯ | ૭ | ૧૦ | ૧૦ | ૬૬ | ૧૦૯ |
| મિથ્યાત્વ | ૫ | ૯ | ૨ | ૧૪ | ૪ | ૨ | ૫ | ૩૭ | ૭ | ૧૦ | ૧૦ | ૬૪ | ૧૦૫ |
| સાસ્વા૦ | ૫ | ૯ | ૨ | ૧૩ | ૪ | ૨ | ૫ | ૩૬ | ૬ | ૧૦ | ૭ | ૫૯ | ૯૯ |
| મિશ્ર | ૫ | ૯ | ૨ | ૧૩ | ૪ | ૨ | ૫ | ૨૯ | ૬ | ૧૦ | ૬ | ૫૧ | ૯૧ |
| સમ્યક્ત્વ | ૫ | ૯ | ૨ | ૧૩ | ૪ | ૨ | ૫ | ૩૩ | ૬ | ૧૦ | ૬ | ૫૫ | ૯૫ |
| દેશવિરતિ | ૫ | ૯ | ૨ | ૧૨ | ૨ | ૨ | ૫ | ૨૫ | ૬ | ૧૦ | ૩ | ૪૪ | ૮૧ |
| પ્રમત | ૫ | ૯ | ૨ | ૧૧ | ૧ | ૧ | ૫ | ૨૬ | ૫ | ૧૦ | ૩ | ૪૪ | ૭૮ |
| અપ્રમત | ૫ | ૬ | ૨ | ૧૧ | ૧ | ૧ | ૫ | ૨૪ | ૫ | ૧૦ | ૩ | ૪૨ | ૭૩ |
| અપૂર્વકરણ | ૫ | ૬ | ૨ | ૧૦ | ૧ | ૧ | ૫ | ૨૧ | ૫ | ૧૦ | ૩ | ૩૯ | ૬૯ |
| અનિવૃત્તિ | ૫ | ૬ | ૨ | ૪ | ૧ | ૧ | ૫ | ૨૧ | ૫ | ૧૦ | ૩ | ૩૯ | ૬૩ |

**જ્ઞાનમાર્ગણા-**

**મતિજ્ઞાન-શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન માર્ગણામાં** ૪ થી ૧૨ ગુણ૦ હોય. ત્યાં ઓઘે આહા૦દ્વિક સહિત કહેવી. એટલે ઓઘે-૧૦૬, અવિ૦ગુણ ૧૦૪ વિગેરે ઓઘ પ્રમાણે કહેવું.

**મનઃપર્યવજ્ઞાન-** ૬ થી ૧૨ ગુણ૦હોય, કર્મસ્તવની જેમ તેથી ઓઘે, ૮૩ પ્રમત્તે ૮૧ વિગેરે ક્ષીણમોહ સુધી ઓઘ ઉદય જાણવો.

**કેવલજ્ઞાનમાર્ગણા-** ૧૩, ૧૪ ગુણ૦ હોય. ઓઘે ૪૨, સયોગી ૪૨, અયોગી-૧૨ જાણવી.

**મતિઅજ્ઞાન-**શ્રુતઅજ્ઞાન- ૧ થી ૩ ગુણસ્થાનક ઓઘે મિશ્રમોહ૦ સહિત ૧૧૮, મિથ્યા-૧૧૭ વિગેરે ઓઘ પ્રમાણે મિશ્ર સુધી ઉદય જાણવો.

**વિભંગજ્ઞાન–** ૧ થી ૩ ગુણ૦ હોય. અહીં ઓઘે (૧) સમ્યકત્વ૦ મોહ૦, વિના મોહનીયની ૨૭, નામકર્મની ૫૩ (આહા૦દ્વિક, આતપ જિનનામ, જાતિચાર, સ્થાવરચતુષ્ક, મનુષ્યાનુપૂર્વી, તિર્યંચાનુપૂર્વી વિના)

કુલ આઠ કર્મની ૧૦૭ પ્રકૃતિ તથા મિથ્યાત્વે મિશ્રમોહ૦વિના ૧૦૬, સાસ્વાદને મિથ્યા૦વિના મોહ૦ની ૨૫, નરકાનુપૂર્વી વિના નામકર્મની ૫૨, કુલ-૧૦૪ મિશ્રે કર્મસ્તવની જેમ ૧૦૦ પ્રકૃતિ ઉદય યોગ્ય જાણવી.

| ગુણ૦ | જ્ઞા૦ | દ૦ | વે૦ | મો૦ | આ૦ | ગો | અં૦ | નામકર્મ | | | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | પિં. | પ્ર | ત્ર. | સ્થા. | કુલ | |
| ઓઘ | ૫ | ૯ | ૨ | ૨૭ | ૪ | ૨ | ૫ | ૩૧ | ૬ | ૧૦ | ૬ | ૫૩ | ૧૦૭ |
| મિથ્યાત્વ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૪ | ૨ | ૫ | ૩૧ | ૬ | ૧૦ | ૬ | ૫૩ | ૧૦૬ |
| સાસ્વા૦ | ૫ | ૯ | ૨ | ૨૫ | ૪ | ૨ | ૫ | ૩૦ | ૬ | ૧૦ | ૬ | ૫૨ | ૧૦૪ |
| મિશ્ર | ૫ | ૯ | ૨ | ૨૨ | ૪ | ૨ | ૫ | ૨૯ | ૬ | ૧૦ | ૬ | ૫૧ | ૧૦૦ |

**સંયમ માર્ગણા**

(૧) સામાયિક (૨) છેદોપસ્થાપનીય- આ બે માર્ગણામાં ૬ થી ૯ ગુણ૦ હોય. કર્મસ્તવની જેમ ઉદય જાણવો. ઓઘે ૮૧+૨ આહારકદ્વિક=૮૩ હોય.

**પરિહાર વિશુદ્ધિ ચારિત્ર–** ૬ઠ્ઠું, ૭મું ગુણ૦ હોય. અહીં ઓઘે-કર્મસ્તવમાં છઠ્ઠે ૮૧ કહેલ છે તેમાંથી સ્ત્રીવેદ, આહારકદ્વિક અને બીજા વિગેરે પાંચ સંઘયણ વિના ૭૩ હોય.

કારણકે સ્ત્રીઓ પરિહારતપ કરી શકે નહી. તેમજ પરિહાર તપ કરનારને કંઈકન્યુન દશપૂર્વનું જ્ઞાન હોય, પરંતુ ચૌદપૂર્વનું જ્ઞાન ન હોય. તેથી આહારક લબ્ધિ ફોરવી શકે નહીં. વળી પ્રથમસંઘયણવાળા જ પરિહાર તપ કરે.

અપ્રમત્તે થિણદ્ધિત્રિક વિના ૭૦ પ્રકૃતિ ઉદયમાં હોય.

| ગુણ૦ | જ્ઞા૦ | દ૦ | વે૦ | મો૦ | આ૦ | ગો | અં૦ | નામકર્મ | | | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | પિં. | પ્ર | ત્ર. | સ્થા. | કુલ | |
| ઓઘ | ૫ | ૯ | ૨ | ૧૩ | ૧ | ૧ | ૫ | ૧૯ | ૫ | ૧૦ | ૩ | ૩૭ | ૭૩ |
| પ્રમત્ત | ૫ | ૯ | ૨ | ૧૩ | ૧ | ૧ | ૫ | ૧૯ | ૫ | ૧૦ | ૩ | ૩૭ | ૭૩ |
| અપ્ર૦ | ૫ | ૬ | ૨ | ૧૩ | ૧ | ૧ | ૫ | ૧૯ | ૫ | ૧૦ | ૩ | ૩૭ | ૭૦ |

**સૂક્ષ્મસંપરાયચારિત્ર–** ૧૦ મું ગુણસ્થાનક હોય. કર્મસ્તવની જેમ ૬૦ પ્રકૃતિ આઠકર્મની ઉદયમાં જાણવી.

**યથાખ્યાતચારિત્ર–** ૧૧ થી ૧૪ ગુણ૦ હોય. કર્મસ્તવની જેમ ૧૧મે **૫૯**, ૧૨મે **૫૭-૫૫**, ૧૩મે **૪૨**, ૧૪મે ૧૨નો ઉદય હોય અહીં ઓઘમાં જિનનામ સહિત ૬૦ જાણવી.

**અવિરતિચારિત્ર–** ૧ થી ૪ગુણ૦ હોય. અહીં ઓઘે ૧૨૨માંથી આહારકદ્વિક, અને જિનનામવિના ૧૧૯ હોય, મિથ્યાત્વથી અવિ૦ગુણ સુધી કર્મસ્તવની જેમ જાણવું.

**દેશવિરતિમાર્ગણા–** અહીં ૫મું ગુણ૦ હોય. કર્મસ્તવની જેમ ૮૭ પ્રકૃતિ ઉદયમાં જાણવી.

**દર્શનમાર્ગણા-ચક્ષુદર્શન–** ૧ થી ૧૨ ગુણ૦ હોય. અહીં ઓઘે-એકે૦વિગેરે ત્રણજાતિનામ, સ્થાવર, સૂક્ષ્મ, સાધા૦ આતપ અને જિનનામ કુલ-૮ વિના ૧૧૪ ઉદયમાં હોય. એકેન્દ્રિયાદિ અને સ્થાવરાદિને ચક્ષુદર્શન હોય નહી માટે.

મિથ્યાત્વે-સમ્ય૦મોહ૦, મિશ્રમોહ૦ અને આહારકદ્વિકવિના ૧૧૦ હોય. સાસ્વાદને મિથ્યાત્વમોહ૦, અપર્યાપ્તનામ અને નરકાનુપૂર્વીવિના ૧૦૭ ઉદયમાં હોય.

મિશ્રથી કર્મસ્તવની જેમ ઉદય જાણવો.

ચક્ષુદર્શન માટે સિદ્ધાન્તકારના મતે લબ્ધિ અપ૦ને પણ ચક્ષુદર્શન હોય તેમ કહેલ છે.

## ચક્ષુદર્શનમાં ઉદયસ્વામિત્વ

| ગુણ૦ | જ્ઞા૦ | દ૦ | વે૦ | મો૦ | આ૦ | ગો | અં૦ | નામકર્મ | | | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | પિં. | પ્ર | ત્ર. | સ્થા. | કુલ | |
| ઓઘ | ૫ | ૯ | ૨ | ૨૮ | ૪ | ૨ | ૫ | ૩૬ | ૬ | ૧૦ | ૭ | ૫૯ | ૧૧૪ |
| મિથ્યા | ૫ | ૯ | ૨ | ૨૬ | ૪ | ૨ | ૫ | ૩૪ | ૬ | ૧૦ | ૭ | ૫૭ | ૧૧૦ |
| સાસ્વા૦ | ૫ | ૯ | ૨ | ૨૫ | ૪ | ૨ | ૫ | ૩૩ | ૬ | ૧૦ | ૬ | ૫૫ | ૧૦૭ |

કેટલાક આચાર્યો ઈન્દ્રિય પર્યાપ્તિ પૂર્ણ થયે ચક્ષુદર્શન હોય તેમ કહે છે. અને કેટલાક આચાર્યો સર્વ પર્યાપ્તિપૂર્ણ થયે ચક્ષુદર્શન માને છે. (જૂઓ પંચસંગ્રહ-ચતુર્થકર્મગ્રંથ ટીકા)

**અચક્ષુદર્શન–** ૧ થી ૧૨ ગુણ૦ હોય. કર્મસ્તવની જેમ ઉદયસ્વામિત્વ જાણવું.

**અવધિદર્શન, કેવલદર્શન–** અવધિજ્ઞાન અને કેવલજ્ઞાનની જેમ ઉદયસ્વામિત્વ જાણવું.

**લેશ્યામાર્ગણા–** કૃષ્ણલેશ્યા-નીલલેશ્યા-કાપોત લેશ્યા

અહીં ૧ થી ૪ ગુણ૦ અથવા ૧ થી ૬ ગુણ૦ હોય. અહીં કર્મગ્રંથકાર અને સિદ્ધાન્તકારના સિદ્ધાન્તો નીચે મુજબ વિચારવા.

**સિદ્ધાન્તના મતે–**

(૧) ક્ષાયો૦સહિત ૧ થી ૬ નરક સુધી જાય. અને તેથી કૃષ્ણાદિ લેશ્યા સહિત સમ્યક્ત્વી નરકમાં છઠ્ઠી સુધી જાય.
(૨) પૂર્વબદ્ધાયુઃ ક્ષાયિક સમ્યક્ત્વી અથવા કૃતકરણ મોહ૦ની ૨૨ની સત્તાવાળો કૃષ્ણાદિ લેશ્યાસહિત યુગ૦માં પણ જાય.
(૩) ક્ષાયો૦સમ્યક્ત્વીકૃષ્ણાદિલેશ્યાવાળોબદ્ધાયુઃભવનપતિઆદિદેવોમાં જાય.
(૪) કૃષ્ણાદિ લેશ્યા સહિત ક્ષાયો૦સમ્યક્ત્વી મનુષ્યમાં આવી શકે.

**કર્મગ્રંથકારના મતે–**

(૧) જે લેશ્યાએ આયુષ્ય બંધાય તે લેશ્યા સહિત ભવાન્તરમાં ઉત્પન્ન થાય. તેથી મનુષ્ય તિર્યંચ સમ્યક્ત્વમાં વૈમાનિકનું જ આયુષ્ય બાંધે અને વૈમાનિકમાં અશુભલેશ્યા નથી. તેથી કૃષ્ણાદિ ત્રણ લેશ્યા સહિત ચોથું ગુણ૦ લઈને વૈમાનિક દેવમાં ન જાય. તેથી કૃષ્ણાદિ ૩માં ૪ થે દેવાનુપૂર્વીનો ઉદય ન ઘટે.

(૨) અશુભલેશ્યાવાળા ૧ થી ૬ નરકના જીવો તથા ભવનપતિ આદિ ૪થા ગુણ૦વાળા દેવો મનુષ્યમાં આવે. કેટલાકના મતે તિર્યંચમાં પણ સમ્યક્ત્વ

સહિત આવે તે મતે ચોથા ગુણ૦માં મનુષ્યાનુપૂર્વી અને તિર્યંચાનુપૂર્વીનો ઉદય ઘટી શકે.

(૩) કાપોતલેશ્યા સહિત ચોથું ગુણ૦ લઈને ક્ષાયિક સમ્યક્ત્વી અથવા કૃતકરણ મોહ૦ની ૨૨ની સત્તાવાળો મનુષ્ય ૧ થી ૩ નરકમાં પણ જાય. તે અપેક્ષાએ ચોથે નરકાનુપૂર્વીનો પણ ઉદય હોય.

(૪) અશુભ લેશ્યાવાળાને આહા૦દ્વિકનો ઉદય પણ હોઈ શકે. ઉપર મુજબ નિયમો પ્રમાણે લખેલ ઉદય સ્વામિત્વમાં ફેરફાર સ્વયં વિચારવો.

(૫) અહીં ઓઘે આહા૦દ્વિક અને જિનનામ વિના ૧૧૯, (૧૨૧) મિથ્યાત્વે-સમ્ય૦મોહ૦, મિશ્રમોહ૦વિના ૧૧૭, કર્મસ્તવની જેમ સાસ્વાદને ૧૧૧, મિશ્રે ૧૦૦ ૪થે કૃષ્ણ-નિલ લેશ્યાવાળાને દેવાનુપૂર્વી નરકાનુપૂર્વી વિના૧૦૨ અને કાપોત લેશ્યાવાળાને દેવાનુપૂર્વી વિના ૧૦૩ સંભવે દેશવિરતિમાં ૮૭ અને પ્રમત્તે આહા૦દ્વિકવિના ૭૯ અને કર્મગ્રંથકારના મતે ૮૧ હોય.

## કૃષ્ણાદિ લેશ્યામાં ઉદયસ્વામિત્વ

| ગુણ૦ | જ્ઞા૦ | દ૦ | વે૦ | મો૦ | આ૦ | ગો | અં૦ | નામકર્મ | | | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | પિં. | પ્ર | ત્ર. | સ્થા. | કુલ | |
| ઓઘ | ૫ | ૯ | ૨ | ૨૮ | ૪ | ૨ | ૫ | ૩૯/૩૭ | ૭ | ૧૦ | ૧૦ | ૬૬/૬૪ | ૧૧૯/૧૨૧ |
| મિથ્યાત્વ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૪ | ૨ | ૫ | ૩૭ | ૭ | ૧૦ | ૧૦ | ૬૪ | ૧૧૭ |
| સાસ્વા૦ | ૫ | ૯ | ૨ | ૨૫ | ૪ | ૨ | ૫ | ૩૬ | ૬ | ૧૦ | ૭ | ૫૯ | ૧૧૧ |
| મિશ્ર | ૫ | ૯ | ૨ | ૨૨ | ૪ | ૨ | ૫ | ૨૯ | ૬ | ૧૦ | ૬ | ૫૧ | ૧૦૦ |
| અવિ૦ | ૫ | ૯ | ૨ | ૨૨ | ૪ | ૨ | ૫ | ૩૩/૩૧ | ૬ | ૧૦ | ૬ | ૫૩/૫૧ | ૧૦૪/૧૦૨ |
| દેશ | ૫ | ૯ | ૨ | ૧૮ | ૨ | ૨ | ૫ | ૨૫ | ૬ | ૧૦ | ૩ | ૪૪ | ૮૭ |
| પ્રમત | ૫ | ૯ | ૨ | ૧૪ | ૧ | ૧ | ૫ | ૨૫/૨૩ | ૬ | ૧૦ | ૩ | ૪૪/૪૨ | ૮૧/૭૯ |

**તેજોલેશ્યા**– ૧ થી ૭ ગુણ૦ હોય તેજોલેશ્યા નરક-સૂક્ષ્માદિ વિક્લેન્દ્રિયજીવોને ન હોય તેથી ઓઘે-નરકાયુષ્યવિના આયુષ્ય-૩ નામકર્મની-

વિ૦જાતિ-સૂક્ષ્મત્રિક, નરકદ્વિક, આતપ-જિનનામવિના ૫૭ સહિત આઠકર્મ-૧૧૧, મિથ્યાત્વે સમ્ય૦, મિશ્ર, આહા૦દ્વિક વિના ૧૦૭, સાસ્વાદને મિથ્યા૦વિના ૧૦૬, મિશ્રે અનં૦૪, એકે૦, આનુ-૩, સ્થાવરવિના અને મિશ્રમોહ૦ સહિત ૯૮, અવિ૦માં મિશ્ર૦વિના અને સમ્ય૦ તથા આનુ-૩ સહિત ૧૦૧, દેશવિરતિમાં ૮૭, પ્રમત્તે ૮૧, અપ્રમત્તે ૭૬ કર્મસ્તવની જેમ જાણવી.

| ગુણ૦ | જ્ઞા૦ | દ૦ | વે૦ | મો૦ | આ૦ | ગો | અં૦ | નામકર્મ | | | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | પિં. | પ્ર | ત્ર. | સ્થા. | કુલ | |
| ઓઘ | ૫ | ૯ | ૨ | ૨૮ | ૩ | ૨ | ૫ | ૩૪ | ૬ | ૧૦ | ૭ | ૫૭ | ૧૧૧ |
| મિથ્યાત્વ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૩ | ૨ | ૫ | ૩૨ | ૬ | ૧૦ | ૭ | ૫૫ | ૧૦૭ |
| સાસ્વા૦ | ૫ | ૯ | ૨ | ૨૫ | ૩ | ૨ | ૫ | ૩૨ | ૬ | ૧૦ | ૭ | ૫૫ | ૧૦૬ |
| મિશ્ર | ૫ | ૯ | ૨ | ૨૨ | ૩ | ૨ | ૫ | ૨૮ | ૬ | ૧૦ | ૬ | ૫૦ | ૯૮ |
| અવિ૦ | ૫ | ૯ | ૨ | ૨૨ | ૩ | ૨ | ૫ | ૩૧ | ૬ | ૧૦ | ૬ | ૫૩ | ૧૦૧ |
| દેશ | ૫ | ૯ | ૨ | ૧૮ | ૨ | ૨ | ૫ | ૨૫ | ૬ | ૧૦ | ૩ | ૪૪ | ૮૭ |
| પ્રમત | ૫ | ૯ | ૨ | ૧૪ | ૧ | ૧ | ૫ | ૨૬ | ૫ | ૧૦ | ૩ | ૪૪ | ૮૧ |
| અપ્રમત | ૫ | ૬ | ૨ | ૧૪ | ૧ | ૧ | ૫ | ૨૪ | ૫ | ૧૦ | ૩ | ૪૨ | ૭૬ |

**પદ્મલેશ્યા**– ૧ થી ૭ ગુણ૦ હોય. પદ્મલેશ્યાવાળા જીવો સ્થાવરમાં ન જાય તેથી તેજોલેશ્યા કરતાં એકે૦જાતિ, અને સ્થાવર નામ બાદ કરતાં ઓઘે ૧૦૯, મિથ્યાત્વે ૧૦૫, સાસ્વાદને ૧૦૪ મિશ્રે-૯૮ અવિ૦ગુણ૦-માં ૧૦૦ (કારણકે તિર્યંચાનુપૂર્વી-યુગ૦માં જાય ત્યારે હોય. યુગ૦માં તેજો લેશ્યા હોય પરંતુ પદ્માદિ લેશ્યા ન હોય.

દેશવિરતિગુણ૦માં ૮૭, પ્રમત્તે ૮૧ અપ્રમત્તે ૭૬ જાણવી.

**શુક્લલેશ્યા**– ૧ થી ૧૩ ગુણ૦ હોય. અહીં ઓઘે પદ્મલેશ્યાની જેમ ૧૦૯ + ૧ જિનનામ સહિત-૧૧૦, જાણવી. મિથ્યાત્વથી અવિ૦ગુણ૦ સુધી પદ્મલેશ્યાની જેમ-૧૦૫, ૧૦૪, ૯૮, અને ૧૦૦ તથા દેશવિરતિથી કર્મસ્તવની જેમ જાણવી.

## શુક્લલેશ્યા

| ગુણ૦ | જ્ઞા૦ | દ૦ | વે૦ | મો૦ | આ૦ | ગો | અં૦ | નામકર્મ | | | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | પિં. | પ્ર | ત્ર. | સ્થા. | કુલ | |
| ઓઘ | ૫ | ૯ | ૨ | ૨૮ | ૩ | ૨ | ૫ | ૩૩ | ૭ | ૧૦ | ૬ | ૫૬ | ૧૧૦ |
| મિથ્યાત્વ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૩ | ૨ | ૫ | ૩૧ | ૬ | ૧૦ | ૬ | ૫૩ | ૧૦૫ |
| સાસ્વા૦ | ૫ | ૯ | ૨ | ૨૫ | ૩ | ૨ | ૫ | ૩૧ | ૬ | ૧૦ | ૬ | ૫૩ | ૧૦૪ |
| મિશ્ર | ૫ | ૯ | ૨ | ૨૨ | ૩ | ૨ | ૫ | ૨૮ | ૬ | ૧૦ | ૬ | ૫૦ | ૯૮ |
| અવિ૦ | ૫ | ૯ | ૨ | ૨૨ | ૩ | ૨ | ૫ | ૩૦ | ૬ | ૧૦ | ૬ | ૫૨ | ૧૦૦ |
| દેશ | ૫ | ૯ | ૨ | ૧૮ | ૨ | ૨ | ૫ | ૨૫ | ૬ | ૧૦ | ૩ | ૪૪ | ૮૭ |
| પ્રમત | ૫ | ૯ | ૨ | ૧૪ | ૧ | ૧ | ૫ | ૨૬ | ૫ | ૧૦ | ૩ | ૪૪ | ૮૧ |
| અપ્રમત | ૫ | ૬ | ૨ | ૧૪ | ૧ | ૧ | ૫ | ૨૪ | ૫ | ૧૦ | ૩ | ૪૨ | ૭૬ |

૮ થી ૧૩ ગુણ૦ સુધી કર્મસ્તવની જેમ-

**સમ્યક્ત્વ માર્ગણા**– ક્ષાયિક સમ્યક્ત્વ ૪ થી ૧૪ ગુણ૦ હોય. અહીં ઓઘે- દર્શનસપ્તક, ચારજાતિ, મધ્ય ચાર સંઘયણ, સ્થાવરચતુષ્ક આતપ એમ વીશ વિના-૧૦૨ જાણવી. કારણકે ક્ષાયિક પ્રથમ સંઘયણવાળા જ પામે, પરંતુ પાંચ ભવ કરનારને છેલ્લુ સંઘયણ સંભવે, તેથી મધ્યનાં ૪ ન હોય.

અવિ૦ ગુણઆદિમાં કર્મસ્તવ કરતાં ચાર સંઘયણ અને સમ્ય૦મોહ૦ વિના ૯૯, દેશવિરતિમાં કર્મસ્તવ કરતાં-તિર્યંચાયુઃ તિર્યંચગતિ, ઉદ્યોતનામ, નીચગોત્ર, મધ્ય ૪ સંઘ૦વિના-૭૮, પ્રમત્તે સમ્ય૦મોહ૦ અને ચાર સંઘ૦વિના, ૭૬, અપ્રમત્તે ૭૧, અપૂર્વકરણાદિમાં બે સંઘ૦વિના-૭૦, અનિ૦માં ૬૪, સૂક્ષ્મ૦ ૫૮, ઉપ૦માં ૫૭ પ્રકૃતિ જાણવી.

અહીં પાંચ ભવ કરનાર પાંચમા આરામાં મોક્ષ વિદ્યમાન ન હોય ત્યારે પ્રાયઃ છેલ્લુ સંઘયણ હોય તે અપેક્ષાએ અહીં પ્રથમ અને છેલ્લુ બે સંઘયણની વિવક્ષા કરી ઉદય લખ્યો છે. મધ્યનાં ચાર સંઘયણના ઉદયનો સંભવ જણાતો નથી.

| ગુણ૦ | જ્ઞા૦ | દ૦ | વે૦ | મો૦ | આ૦ | ગો | અં૦ | નામકર્મ | | | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | પિં. | પ્ર | ત્ર. | સ્થા. | કુલ | |
| ઓઘ | ૫ | ૯ | ૨ | ૨૧ | ૪ | ૨ | ૫ | ૩૧ | ૭ | ૧૦ | ૬ | ૫૪ | ૧૦૨ |
| અવિ૦ | ૫ | ૯ | ૨ | ૨૧ | ૪ | ૨ | ૫ | ૨૯ | ૬ | ૧૦ | ૬ | ૫૧ | ૯૯ |
| દેશ | ૫ | ૯ | ૨ | ૧૭ | ૧ | ૧ | ૫ | ૨૦ | ૫ | ૧૦ | ૩ | ૩૮ | ૭૮ |
| પ્રમત | ૫ | ૯ | ૨ | ૧૩ | ૧ | ૧ | ૫ | ૨૨ | ૫ | ૧૦ | ૩ | ૪૦ | ૭૬ |
| અપ્રમત | ૫ | ૬ | ૨ | ૧૩ | ૧ | ૧ | ૫ | ૨૦ | ૫ | ૧૦ | ૩ | ૩૮ | ૭૧ |
| અપૂ૦ | ૫ | ૬ | ૨ | ૧૩ | ૧ | ૧ | ૫ | ૧૯ | ૫ | ૧૦ | ૩ | ૩૭ | ૭૦ |
| અનિ | ૫ | ૬ | ૨ | ૭ | ૧ | ૧ | ૫ | ૧૯ | ૫ | ૧૦ | ૩ | ૩૭ | ૬૪ |
| સૂ. | ૫ | ૬ | ૨ | ૧ | ૧ | ૧ | ૫ | ૧૯ | ૫ | ૧૦ | ૩ | ૩૭ | ૫૮ |
| ઉપ૦ | ૫ | ૬ | ૨ | ૦ | ૧ | ૧ | ૫ | ૧૯ | ૫ | ૧૦ | ૩ | ૩૭ | ૫૭ |
| ક્ષીણ. | ૫ | ૬/૪ | ૨ | ૦ | ૧ | ૧ | ૫ | ૧૯ | ૫ | ૧૦ | ૩ | ૩૭ | ૫૭/૫૫ |
| સયોગી | ૦ | ૦ | ૨ | ૦ | ૧ | ૧ | ૦ | ૧૯ | ૬ | ૧૦ | ૩ | ૩૮ | ૪૨ |
| અયોગી | ૦ | ૦ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૨ | ૧ | ૬ | ૦ | ૯ | ૧૨ |

**ઉપશમસમ્યક્ત્વ**– ૪ થી ૧૧ સુધીનાં ગુણ૦ હોય. અહીં ઓઘે-મોહનીયની દર્શન સપ્તક તથા નામકર્મની જાતિચતુષ્ક આહા૦દ્વિક, ચાર આનુપૂર્વી, આતપ, જિનનામ સ્થાવર ચતુષ્ક કુલ ૧૬ વિના ૫૧ આઠકર્મની ૯૯ ઉદયમાં જાણવી.

જો કે સિદ્ધાન્તકાર શ્રેણીના ઉપ૦સમ્યક્ત્વમાં મરણ પામી ઉપ૦ સમ્યક્ત્વ લઈ દેવમાં જવાનું માને છે. તેમના મતે દેવાનુપૂર્વી સહિત ઓઘ અને અવિ૦ગુણ૦માં ૧૦૦ પ્રકૃતિ હોય.

અવિ૦સમ્ય૦ગુણમાં ઓઘની જેમ ૯૯, દેશવિરતિ ગુણ૦માં સમ્ય૦મોહ૦વિના કર્મસ્તવની જેમ ૮૬, પ્રમત્તસંયત ગુણ૦માં આહા૦દ્વિક અને સમ્ય૦ મોહ૦વિના કર્મસ્તવની ૮૧ માંથી ત્રણ બાદ ૭૮, અપ્રમત્તે ૭૬માંથી સમ્ય૦વિના ૭૫ અને ૮ થી ૧૧ ગુણ૦માં કર્મસ્તવની જેમ ૭૨-૬૬-૬૦ અને ૫૯ ઉદયમાં હોય.

ઉપ૦ સમ્યક્ત્વમાં શ્રેણીમાં દેવબદ્ધાયુઃ જ મરણ પામે માટે બીજી આનુપૂર્વી ઉદયમાં ન હોય.

| ગુણ૦ | જ્ઞા૦ | દ૦ | વે૦ | મો૦ | આ૦ | ગો | અં૦ | નામકર્મ | | | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | પિં. | પ્ર | ત્ર. | સ્થા. | કુલ | |
| ઓઘ | ૫ | ૯ | ૨ | ૨૧ | ૪ | ૨ | ૫ | ૨૯ | ૬ | ૧૦ | ૬ | ૫૧ | ૯૯ |
| અવિ | ૫ | ૯ | ૨ | ૨૧ | ૪ | ૨ | ૫ | ૨૯ | ૬ | ૧૦ | ૬ | ૫૧ | ૯૯ |
| દેશ | ૫ | ૯ | ૨ | ૧૭ | ૨ | ૨ | ૫ | ૨૫ | ૬ | ૧૦ | ૩ | ૪૪ | ૮૬ |
| પ્રમત | ૫ | ૯ | ૨ | ૧૩ | ૧ | ૧ | ૫ | ૨૪ | ૫ | ૧૦ | ૩ | ૪૨ | ૭૮ |
| અપ્રમત | ૫ | ૬ | ૨ | ૧૩ | ૧ | ૧ | ૫ | ૨૪ | ૫ | ૧૦ | ૩ | ૪૨ | ૭૫ |

શ્રેણીનું ઉપશમ સમ્યક્ત્વ પામનારને પ્રથમનાં ત્રણસંઘયણ જ હોય. નવું (પ્રથમગુણ૦થી) ઉપશમસમ્યકત્વ પામનાર ને છએ સંઘયણ ઉદયમાં હોય. પરંતુ તે સાતમા ગુણ૦થી આગળ જાય નહી. અપૂ૦થી ઉપ૦સુધી કર્મસ્તવની જેમ.

**ક્ષાયોપશમસમ્યક્ત્વ**– ૪ થી ૭ ગુણ૦ હોય.

અહીં કર્મસ્તવની જેમ ઉદય સ્વામિત્વ છે. એટલે ઓઘે આહારકદ્વિક સહિત ૧૦૬, અવિ૦ગુણ૦માં ૧૦૪, દેશવિરતિ-૮૭ પ્રમત્તે ૮૧, અપ્રમત્તે ૭૬ પ્રકૃતિ ઉદયમાં હોય.

**સાસ્વાદન-મિશ્ર, મિથ્યાત્વ** (સમ્યક્ત્વમાર્ગણાના ભેદ)માંપોત પોતાનું ગુણસ્થાનક, અને કર્મસ્તવની જેમ ઉદયસ્વામિત્વ એટલે સાસ્વાદને-૧૧૧, મિશ્રમાર્ગણામાં-૧૦૦, મિથ્યાત્વમાં-૧૧૭.

**સંજ્ઞી માર્ગણા**– ૧ થી ૧૨ ગુણ૦ હોય. જો કેવલીને દ્રવ્ય મનની અપેક્ષાએ સંજ્ઞી ગણીએ તો ૧ થી ૧૪ ગુણ૦ હોય. અહીં ઓઘે-ચારજાતિ, સ્થાવર, સૂક્ષ્મ, સાધારણ, આતપ એ આઠ વિના ૧૧૪ હોય. મિથ્યાત્વે સમ્ય૦મોહ૦, મિશ્ર૦, આહા૦દ્વિક, અને જિનનામ વિના ૧૦૯ હોય. સાસ્વાદને નરકાનુપૂર્વી, મિથ્યા૦ અપર્યાપ્તનામ એ ત્રણ વિના ૧૦૬ હોય

| ગુણ૦ | જ્ઞા૦ | દ૦ | વે૦ | મો૦ | આ૦ | ગો | અં૦ | નામકર્મ | | | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | પિં. | પ્ર | ત્ર. | સ્થા. | કુલ | |
| ઓઘ | ૫ | ૯ | ૨ | ૨૮ | ૪ | ૨ | ૫ | ૩૫ | ૭ | ૧૦ | ૭ | ૫૯ | ૧૧૪ |
| મિથ્યાત્વ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૪ | ૨ | ૫ | ૩૩ | ૬ | ૧૦ | ૭ | ૫૬ | ૧૦૯ |
| સાસ્વા૦ | ૫ | ૯ | ૨ | ૨૫ | ૪ | ૨ | ૫ | ૩૨ | ૬ | ૧૦ | ૬ | ૫૪ | ૧૦૬ |

મિશ્રગુણ૦થી અયોગી સુધી કર્મસ્તવની જેમ જાણવું.

**અસંજ્ઞીમાર્ગણા–** ૧ થી ૨ ગુણ૦ હોય. અહીં ઓઘે સમ્ય૦ મોહ૦, મિશ્ર૦મોહ૦, દેવાયુ:, નરકાયુ:, વૈક્રિયષટ્ક, આહા૦દ્વિક, જિનનામ અને ઉચ્ચગોત્ર કુલ-૧૪ વિના ૧૦૮ પ્રકૃતિ ઉદયમાં હોય.

મિથ્યાત્વે ઓઘની જેમ ૧૦૮ પ્રકૃતિ ઉદયમાં હોય. સાસ્વાદને નિદ્રા-૫, મનુષ્યાયુ:, મનુષ્યદ્વિક, વિહાયોગતિદ્વિક, આતપ, ઉદ્યોત, પરાઘાત ઉચ્છ્વાસ, સુસ્વર, દુસ્વર, સૂક્ષ્મત્રિક, મિથ્યાત્વમોહ૦ વિના ૮૮ પ્રકૃતિ ઉદયમાં હોય.

| ગુણ૦ | જ્ઞા૦ | દ૦ | વે૦ | મો૦ | આ૦ | ગો | અં૦ | નામકર્મ | | | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | પિં. | પ્ર | ત્ર. | સ્થા. | કુલ | |
| ઓઘ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૨ | ૧ | ૫ | ૩૧ | ૭ | ૧૦ | ૧૦ | ૫૮ | ૧૦૮ |
| મિથ્યાત્વ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૨ | ૧ | ૫ | ૩૧ | ૭ | ૧૦ | ૧૦ | ૫૮ | ૧૦૮ |
| સાસ્વા૦ | ૫ | ૪ | ૨ | ૨૫ | ૧ | ૧ | ૫ | ૨૭ | ૩ | ૯ | ૬ | ૪૫ | ૮૮ |

**આહારી માર્ગણા–** ૧ થી ૧૩ ગુણ૦ હોય. અહીં ૪ આનુપૂર્વી વિના ઓઘે ૧૧૮, મિથ્યાત્વાદિ ગુણસ્થાનકમાં કર્મસ્તવની જેમ જાણવું પરંતુ આનુપૂર્વી જ્યાં જેટલી હોય ત્યાં તેટલી બાદ કરવી. કારણકે આનુ૦નો ઉદય વિગ્રહગતિમાં હોય. તે વખતે અણાહારીપણું હોય.

એટલે મિથ્યાત્વે-૧૧૭ના બદલે ૧૧૩ સાસ્વાદને ૧૧૧ના બદલે ૧૦૮, મિશ્રે ૧૦૦, અવિ૦ગુણ૦ ૧૦૪ના બદલે ૧૦૦, દેશવિરતિ આદિ ગુણ૦માં કર્મસ્તવની જેમ બંધ જાણવો.

| ગુણ૦ | જ્ઞા૦ | દ૦ | વે૦ | મો૦ | આ૦ | ગો | અં૦ | નામકર્મ | | | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | પિં. | પ્ર | ત્ર. | સ્થા. | કુલ | |
| ઓઘ | ૫ | ૯ | ૨ | ૨૮ | ૪ | ૨ | ૫ | ૩૫ | ૮ | ૧૦ | ૧૦ | ૬૩ | ૧૧૮ |
| મિથ્યાત્વ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૪ | ૨ | ૫ | ૩૩ | ૭ | ૧૦ | ૧૦ | ૬૦ | ૧૧૩ |
| સાસ્વા૦ | ૫ | ૯ | ૨ | ૨૫ | ૪ | ૨ | ૫ | ૩૩ | ૬ | ૧૦ | ૭ | ૫૬ | ૧૦૮ |
| મિશ્ર | ૫ | ૯ | ૨ | ૨૨ | ૪ | ૨ | ૫ | ૨૯ | ૬ | ૧૦ | ૬ | ૫૧ | ૧૦૦ |
| અવિ૦ | ૫ | ૯ | ૨ | ૨૨ | ૪ | ૨ | ૫ | ૨૯ | ૬ | ૧૦ | ૬ | ૫૧ | ૧૦૦ |

દેશવિરતિ ગુણ૦થી સયોગીસુધી કર્મસ્તવની જેમ જાણવું.

**અણાહારીમાર્ગણા**– ૧, ૨, ૪, ૧૩, ૧૪, આ પાંચ ગુણ૦ હોય. અહીં ઓઘે-નિદ્રા-૫, મિશ્રમોહ૦, ઔ૦૨, વૈ૦૨, આહા૦૨, છ સંઘયણ, છ સંસ્થાન, વિહા૦દ્વિક, પરા૦, ઉશ્વાસ, આતપ, ઉદ્યોત, ઉપઘાત, પ્રત્યેક સાધારણ, સુસ્વર-દુસ્વર, એ ૩૫ વિના ઓઘે ૮૭ પ્રકૃતિ ઉદયમાં હોય. મિથ્યાત્વે સમ્ય૦મોહ૦, જિનનામ વિના ૮૫, સાસ્વાદને-મિથ્યા૦, અપ૦, સૂક્ષ્મ, નરકત્રિક, એ છ વિના ૭૯, અવિ૦સમ્ય૦ ગુણ૦માં અનં-૪, સ્ત્રીવેદ, સ્થાવર, જાતિચતુષ્ક, એ નવ વિના અને સમ્ય૦ તથા નરકત્રિક સહિત ૭૪ ઉદયમાં હોય. સયોગી ગુણ૦ માં કેવલિ સમુ૦માં ૩-૪-૫માં કાર્મણ કાયયોગ વખતે અણાહારી પણું હોય તે વખતે નામકર્મની ધ્રુવોદયી ૧૨, મનુષ્યગતિ, પંચે૦જાતિ, ત્રસ. બાદર, પર્યાપ્ત, સુભગ, આદેય, યશ અને જિનનામ ૨૧ અને વેદનીય-૨, મનુષ્યાયુ, ઉચ્ચગોત્ર કુલ-૨૫ ઉદયમાં હોય, અને અયોગીમાં ૧૩ પ્રકૃતિ એક જીવની અપેક્ષાએ ૧૨, હોય.

| ગુણ૦ | જ્ઞા૦ | દ૦ | વે૦ | મો૦ | આ૦ | ગો | અં૦ | નામકર્મ | | | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | પિં. | પ્ર | ત્ર. | સ્થા. | કુલ | |
| ઓઘ | ૫ | ૪ | ૨ | ૨૭ | ૪ | ૨ | ૫ | ૧૯ | ૩ | ૮ | ૮ | ૩૮ | ૮૭ |
| મિથ્યાત્વ | ૫ | ૪ | ૨ | ૨૬ | ૪ | ૨ | ૫ | ૧૯ | ૨ | ૮ | ૮ | ૩૭ | ૮૫ |
| સાસ્વા૦ | ૫ | ૪ | ૨ | ૨૫ | ૩ | ૨ | ૫ | ૧૭ | ૨ | ૮ | ૬ | ૩૩ | ૭૯ |
| અવિ૦ | ૫ | ૪ | ૨ | ૨૧ | ૪ | ૨ | ૫ | ૧૫ | ૨ | ૮ | ૫ | ૩૦ | ૭૩ |
| સયોગી | ૦ | ૦ | ૨ | ૦ | ૧ | ૧ | ૦ | ૮ | ૩ | ૮ | ૨ | ૨૧ | ૨૫ |
| અયો૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૨ | ૧ | ૬ | ૦ | ૯ | ૧૨ |

આ ઉદયસ્વામિત્વમાં કર્મગ્રંથકાર, સિદ્ધાન્તકાર અને અન્ય આચાર્યોના મતે કેટલીક જગ્યાએ ઉદયમાં મતાન્તર છે. તેમના કેટલાક મતની જ અહીં વિવક્ષા કરી છે.

વિશેષાર્થીએ અન્ય મતાન્તરો સ્વયં વિચારવા.

**ઉદીરણાસ્વામિત્વ–**

ઉદય કરતાં ઉદીરણામાં જ્યાં તફાવત છે. તે દ્વિતીયકર્મગ્રંથમાં આવેલ છે. તે મુજબ દરેક માર્ગણામાં તફાવત ન્યુન કરી ઉદીરણા અંગે સ્વયં વિચારવું. અહીં ઉદયની પ્રકૃતિઓની સંખ્યા અને યંત્રો આપેલ છે. તેથી જે પ્રકૃતિની જ્યાં ઉદય હોય છતાં ઉદીરણા ન હોય તે મુજબ ઉદયના યંત્રમાંથી બાદ કરી ઉદીરણા સમજવી.

*ઉદય-ઉદીરણા સ્વામિત્વ સમાપ્ત*

❁

# સત્તાસ્વામિત્વ

સત્તાસ્વામિત્વ– અનેક જીવ આશ્રયી અહીં વિચારવામાં આવશે. તેમાંથી એક જીવ આશ્રયી તથા ગુણસ્થાનકમાં ઉદ્‌વલના કરી છે કે નહી વિગેરે વિચારવાથી અનેક રીતે સત્તા ઘટે. જે આગળના ગ્રંથોના અભ્યાસથી ખ્યાલ આપશે. અહીં નીચેની હકીકતો ધ્યાનમાં રાખવી.

(૧) જિનનામની સત્તા મનુષ્ય, વૈમાનિકદેવ અને ૧ થી ૩ નારકના જીવોને જ હોય. તેમજ ૨જા, ૩જા ગુણ૦માં હોય નહીં. મિથ્યાત્વે અંતર્મુહૂર્ત સુધી મનુષ્ય અને નારકીને જ હોય.

(૨) આહારકસપ્તકની સત્તા અભવ્ય સિવાય બધી માર્ગણામાં હોઈ શકે. કારણકે આહારકદ્વિક બાંધી મનુષ્ય કોઈપણ ગતિમાં જઈ શકે છે.

(૩) સમ્યક્‌ત્વમોહ૦, અને મિશ્રમોહ૦ની સત્તા અભવ્ય-ક્ષાયિક સમ્યક્‌ત્વી-કેવલજ્ઞાન-કેંવલદર્શનએ ચાર માર્ગણામાં હોય નહી. બાકીની માર્ગણાઓમાં ઉપશમ સમ્યક્ત્વ પામી સમ્ય૦ની ઉદ્‌વલના નહી કરેલા મિશ્રદષ્ટિ અને મિથ્યાદ્રષ્ટિમાં જ્યાં સુધી ઉદ્‌વલના ન કરે ત્યાં સુધી હોય અથવા ક્ષાયિક પામતાં ક્ષય ન કરે ત્યાં સુધી હોય.

(૪) ચાર આયુષ્યની સત્તા સાથે હોય નહી. ભવાન્તરનું આયુષ્ય ન બાંધ્યું હોય ત્યાં સુધી પોતાનું ભોગવાતું એક આયુષ્ય જ સત્તામાં હોય. અને ભવાન્તરનું આયુષ્ય બંધાયા પછી બે આયુષ્ય હોય.

(૫) દેવોને નારકના આયુષ્યની સત્તા ન આવે, નરકને દેવાયુષ્યની સત્તા ન આવે, એકે૦ વિકલેન્દ્રિયજીવોને દેવાયુષ્ય અને નરકાયુષ્યની સત્તા ન આવે. તેઉ-વાયુ અને સાતમી નારકીને મનુષ્યાયુષ્યની સત્તા ન આવે. યુગલિકોને પોતાનું અને બાંધ્યા પછી દેવનું આયુષ્ય સત્તામાં હોઈ શકે કેવલજ્ઞાન, કેવલદર્શન માર્ગણામાં એક મનુષ્યાયુષ્યની જ સત્તા હોય.

(૬) ઉચ્ચગોત્રની મનુષ્યાદ્વિકની સત્તા તેઉ-વાયુના ભવમાં ઉદ્વલનાકર્યા પછી તિર્યંચમાં ગયેલાને શરીર પર્યાપ્તિસુધી તેમજ તેઉ-વાયુને ન હોય. જો કે-ઉદ્વલના ન કરી હોય ત્યાં સુધી હોય–

(૭) વૈક્રિય એકાદશ (વૈ૦૭, દેવદ્વિક, નરકદ્વિક,)ની એકે૦ના ભવમાં ઉદ્વલના કર્યા પછી જ્યાં તિર્યંચ કે મનુષ્યમાં જાય અને પર્યાપ્ત સંજ્ઞી-અસંજ્ઞીના ભવમાં પર્યાપ્ત થયા પછી અંત૦ પછી જ સત્તામાં આવે.

(૧) **નરકગતિમાર્ગણા**- અહીં ઓઘે મિથ્યાત્વે અવિ૦ગુણ૦ દેવાયુષ્યવિના ૧૪૭ની અનેકજીવ આશ્રયી સત્તા હોય સાસ્વાદને અને મિશ્રે જિનનામ-દેવાયુષ્યવિના ૧૪૬, અવિરતિસમ્ય૦માં ક્ષાયિક પામેલાને દર્શનસપ્તક અને તિર્યંચાયુષ્યવિના ૧૩૯ની સત્તા હોય.

(૨) **તિર્યંચગતિ**- અહીં ઓઘ અને ૧ થી ૫ ગુણ૦માં જિનનામવિના ૧૪૭ની અનેકજીવ આશ્રયી સત્તા હોય. યુગ૦તિર્યંચને ૧ થી ૪ ગુણ૦ હોય ત્યાં ક્ષાયિક સમ્યક્ત્વીને અવિ૦ગુણ૦માં-નરકાયુષ્ય-દર્શનસપ્તક-જિનનામ વિના ૧૩૯ની સત્તા સંભવે. યુગ૦ તિર્યંચને ઓઘ મિથ્યાત્વ-સાસ્વા૦મિશ્રે-જિનનામ અને નરકાયુષ્ય વિના ૧૪૬ સંભવે.

(૩) **મનુષ્યગતિ**- ઓઘ-મિથ્યાત્વથી (બીજા-ત્રીજા વિના) અગ્યારગુણ૦ સુધી ૧૪૮ અને તિર્યંચાયુઃ અને નરકાયુઃની સંભવસત્તા ન વિવક્ષીએ તો ૧૪૬ સત્તા હોય. ૧૨-૧૩-૧૪ ગુણ૦માં કર્મસ્તવમાં કહ્યા પ્રમાણે સત્તા હોય. સાસ્વાદન ગુણ૦માં જિનનામવિના ૧૪૭ની સત્તા, મનુષ્યને ૧ થી ૧૪ ગુણ૦માં સત્તાસ્થાનો કર્મસ્તવમાં બનાવેલ યંત્રો પ્રમાણે સંભવે.

(૪) **દેવગતિમાર્ગણા**- અહીં અનેકજીવ આશ્રયી નરકાયુષ્ય વિના ઓઘે ૧૪૭ની સત્તા હોય. મિથ્યાત્વે-જિનનામ પણ ન હોય તેથી ૧ થી ૩ ગુણ૦માં ૧૪૬ની સત્તા હોય. અવિરત ગુણ૦માં ૧૪૭ની સત્તા હોય.

(૫-૮)**એકે૦વિકલેન્દ્રજાતિ**- અહીં જિનનામ-દેવાયુ:, નરકાયુ: વિના ઓઘે-મિથ્યાત્વે ૧૪૫ અને સાસ્વાદને મનુષ્યાયુષ્યવિના ૧૪૪ સત્તા હોય.

(૯) **પંચેન્દ્રિયજાતિ માર્ગણા**- મનુષ્યની જેમ સત્તા સમજવી.

(૧૦-૧૨) **પૃથ્વીકાય-અપકાય-વનસ્પતિકાય**- અહીં એકેન્દ્રિય માર્ગણાની જેમ ઓઘે-મિથ્યાત્વે-૧૪૫, સાસ્વાદને મનુષ્યાયુ: વિના ૧૪૪ હોય.

(૧૩-૧૪) **તેઉકાય-વાયુકાય**- અહીં જિનનામ-દેવાયુ:, નરકાયુ:, મનુષ્યાયુ: વિના ૧૪૪ની સત્તા અનેકજીવો આશ્રયી સમજવી. પહેલું ગુણ૦ હોય.

(૧૫)**ત્રસકાય**- મનુષ્યની જેમ સત્તા સમજવી.ગુણ૦ ૧ થી ૧૪ જાણવા.

(૧૬-૧૮) **મનયોગ-વચનયોગ-કાયયોગ**- ૧ થી ૧૩ ગુણ૦ હોય- કર્મસ્તવની જેમ.

(૧૯-૨૧) **પુરુષવેદ, સ્ત્રીવેદ, નપુ૦વેદ**- ૧ થી ૯ ગુણ૦ હોય- કર્મસ્તવની જેમ સત્તા જાણવી.

(૨૨-૨૪) **ક્રોધ-માન-માયા** ૧ થી ૯ ગુણ૦ હોય. કર્મસ્તવની જેમ સત્તા જાણવી.

(૨૫)**લોભ માર્ગણા**- ૧ થી ૧૦ ગુણ૦, કર્મસ્તવની જેમ સત્તા જાણવી.

(૨૬-૨૯) **મતિજ્ઞાન-શ્રુતજ્ઞાન**-અવધિદ્વિક ૪ થી ૧૨ ગુણ૦ હોય. અહીં કર્મસ્તવની જેમ પોતાના ગુણ૦માં બતાવેલ સત્તાસ્થાનો હોય. અહીં ૮૫-૮૪-૮૧-૮૦-૧૩-૧૨-૧૧ આ સત્તાસ્થાનો ન હોય.

(૩૦) **મન:પર્યવજ્ઞાન**- ૬ થી ૧૨ ગુણ૦ હોય. અહીં તિર્યંચાયુ: અને નરકાયુ:ની સત્તા ન હોય. એટલે તે બે આયુષ્યની સત્તાવાળાં સત્તાસ્થાનો ન હોય. શેષ પોતાના ગુણ૦માં કર્મસ્તવમાં બતાવેલાં સર્વ સત્તાસ્થાનો હોય. મતિજ્ઞાનાદિની જેમ ૮૫ વિગેરે સત્તાસ્થાનો ન હોય.

(૩૧-૩૨) **કેવલજ્ઞાન-કેવલદર્શન**- અહીં ૧૩-૧૪ ગુણ૦ હોય અને ત્યાં ૮૫-૮૪-૮૧-૮૦-૧૩-૧૨-૧૧ એ સત્તાસ્થાનો હોય.

(૩૩-૩૪) મતિઅજ્ઞાન શ્રુત અજ્ઞાન ૧ થી ૨ અથવા ૩ ગુણ૦ હોય. અહીં મિથ્યાત્વ અને સાસ્વાદનમાં કર્મસ્તવમાં જણાવેલ ૧૨૭ વિગેરે ૧૪૮ સુધીનાં સત્તાસ્થાનો સંભવે.

(૩૫) **વિભંગજ્ઞાન-** અહીં ગુણ૦ ૧ થી ૩ હોય. અહીં નામકર્મ ૮૮ થી ઓછી સત્તા ન હોય. ઉચ્ચગોત્ર અવશ્ય હોય. મોહ૦ની ૨૬, ૨૭, ૨૮ની સત્તા હોય. તે અપેક્ષાએ ૧૩૮, ૧૩૯ થી ઉપરનાં બધાં સત્તાસ્થાનો સંભવે.

(૩૬-૩૭) **સામાયિક-છેદોપસ્થાપનીય-** અહીં ૬ થી ૯ ગુણસ્થાનક હોય. તે ગુણસ્થાનકોમાં કર્મસ્તવમાં બતાવ્યા પ્રમાણે સત્તાસ્થાનો જાણવાં.

(૩૮) **પરિહારવિશુદ્ધિ-** અહીં ૬ઠ્ઠું-૭મું ગુણસ્થાનક હોય. અહીં તિર્યંચ-નરકાયુષ્યની સત્તા ન હોય. તે બે આયુષ્યવિનાનાં-પોતાના ગુણ૦નાં સત્તાસ્થાનો હોય.

(૩૯) **સૂક્ષ્મસંપરાય-** અહીં દશમું ગુણ૦ અને તે ગુણસ્થાનકનાં ઉપશમશ્રેણી અને ક્ષપકશ્રેણીનાં સત્તાસ્થાનો હોય.

(૪૦) **યથાખ્યાત-** ૧૧ થી ૧૪ ગુણ૦ અને કર્મસ્તવની જેમ તે ગુણ૦નાં સત્તાસ્થાન જાણવાં.

(૪૧) **દેશવિરતિ-** અહીં કર્મસ્તવની જેમ પાંચમા ગુણ૦માં સંભવતાં સત્તાસ્થાનો હોય.

(૪૨) **અવિરતિ-** ૧ થી ૪ ગુણ૦ હોય. અને ૧૨૭ વિગેરે ૧૪૮ સુધીનાં સત્તા હોય.

(૪૩) **ચક્ષુદર્શન-** ૧ થી ૧૨ ગુણ૦ હોય. અહીં મનુષ્યદ્વિક અને ઉચ્ચગોત્રની સત્તા અવશ્ય હોય, તેથી ૧૨૭, ૧૨૯, ૧૩૦ આ સત્તાસ્થાનો ન હોય બાકીનાં ૧ થી ૧૨ ગુણ૦માં સંભવતાં બધા સત્તાસ્થાનો હોય.

(૪૪) **અચક્ષુદર્શન-** ૧ થી ૧૨ ગુણ૦ અને કર્મસ્તવ પ્રમાણે ક્ષીણ મોહગુણ૦ સુધીનાં સર્વ સત્તાસ્થાનો હોય.

(૪૫-૪૬) **કૃષ્ણાદિ ત્રણ લેશ્યા**- અહીં ૧ થી ૬ ગુણ૦ હોય. દેવ નારકીને ભાવથી છએ લેશ્યા માનીએ તે મતે જિનનામની પણ સત્તા હોય તેથી ૧ થી ૬ ગુણ૦માં કર્મસ્તવમાં કહ્યા પ્રમાણે સત્તાસ્થાનો જાણવાં

(૪૮-૫૦) **તેજો આદિ ત્રણશુભલેશ્યા**- અહીં મનુષ્યદ્વિક અને ઉચ્ચગોત્રની ઉદ્વલના પછીનાં સત્તાસ્થાનો ન સંભવે તેથી ૧૨૭, ૧૨૯, ૧૩૦ ન હોય શેષ ૧ થી ૭ ગુણ૦ના કર્મસ્તવ પ્રમાણેનાં જાણવાં.

(૫૧)**ભવ્ય** ૧ થી ૧૪ ગુણ૦- અને કર્મસ્તવ પ્રમાણે સર્વસત્તાસ્થાનો હોય.

(૫૨) **અભવ્ય**- મિથ્યાત્વ ગુણ૦ હોય. અહીં જિનનામ, આહારક ચતુષ્ક, સમ્ય૦મોહ૦ મિશ્રમોહ૦, આ દશ પ્રકૃતિની સત્તા ન હોય. શેષ મિથ્યાત્વગુણ૦માં ઘટતાં સત્તાસ્થાનો જાણવો.

(૫૩) **ક્ષાયિકસમ્યક્ત્વ**- અહીં ૪ થી ૧૪ ગુણ૦ હોય. અને અનેકજીવની અપેક્ષાએ ૧૪૧ વિગેરે ૧૧ સુધીનાં સત્તાસ્થાનો સંભવે.

(૫૪) **ઉપશમસમ્યક્ત્વ**- ૪ થી ૧૧ ગુણ૦ હોય. અહીં નામકર્મની ૮૮ થી ઓછી સત્તા ન હોય તેમજ મોહનીયની ૨૧ થી ઓછી સત્તા ન હોય, તેથી આઠ કર્મનાં ૧૩૩-૧૩૪-૧૩૫-૧૩૭ અને ૧૩૮ થી ૧૪૪ સુધીનાં સંભવતાં સત્તાસ્થાનો જાણવાં.

(૫૫) **ક્ષાયોપશમસમ્યક્ત્વ**- ૪ થી ૭ ગુણસ્થાનક હોય. અહીં સમ્યક્ત્વમોહનીય હોય તેથી મોહ૦ની ૨૨ની સત્તાથી ઓછી સત્તા ન હોય. તેમજ નામકર્મની ૮૮-૮૯-૯૨-૯૩ સત્તા હોય તેથી ૧૩૪ થી ૧૪૮ સુધીનાં સત્તાસ્થાનો સંભવે.

(૫૬-૫૭) **મિશ્ર-સાસ્વાદન**- અહીં કર્મસ્તવમાં કહ્યા પ્રમાણે સત્તાસ્થાનો હોય. અહીં જિનનામની સત્તા ન હોય. અહીં મોહનીયની ૨૬ની સત્તા ન હોય તેમજ સાસ્વા૦માં ૨૮ અને મિશ્રે ૨૮, ૨૭, ૨૪ એ ત્રણ સત્તાસ્થાનો જાણવાં. બાકીના કર્મની બધી પ્રકૃતિઓ હોય.

(૫૮) **મિથ્યાત્વ-** અહીં કર્મસ્તવમાં કહ્યા મુજબ સત્તાસ્થાનો જાણવા. જિનનામ અને આહારકદ્વિકની સત્તા સાથે ન હોય. અહીં મોહનીયનાં ૨૮-૨૭-૨૬એ ત્રણ સત્તાસ્થાનો હોય.

(૫૯) **સંજ્ઞી-** ૧ થી ૧૪ ગુણસ્થાનક હોય. જો કે કેવલીને ભાવમન હોય નહી પરંતુ દ્રવ્યમન હોય તેમજ સંજ્ઞી જ કેવલજ્ઞાન પામે માટે કેવલીને પણ સંજ્ઞી ગણ્યા છે. કર્મસ્તવની જેમ સત્તાસ્થાનો બધા સંભવે.

(૬૦) **અસંજ્ઞી-** ૧ થી ૨ ગુણ૦ હોય. અહીં જિનનામની સત્તા ન હોય. શેષ બધા કર્મની સત્તા ઘટે તેથી મિથ્યાત્વે ૧૪૭ અને સાસ્વાદને આહારક ચતુષ્ક- જિનનામ અને ત્રણ આયુષ્ય (તિર્યંચાયુ-હોય) એ આઠ પ્રકૃતિ વિના ૧૪૦ની સત્તા હોય.

(૬૧) **આહારી-** ૧ થી ૧૩ ગુણ૦ હોય અને કર્મસ્તવની જેમ સત્તા સ્થાનો જાણવાં.

(૬૨) **અણાહારી-** ૧લું, ૨જું, ૪થું, ૧૩મું અને ૧૪મું ગુણ૦ હોય. તે ગુણસ્થાનકોમાં કર્મસ્તવની જેમ સત્તાસ્થાનો જાણવાં.

આ માર્ગણાઓમાં સત્તાસ્થાનોનું વર્ણન સંક્ષેપથી કરેલ છે. કારણકે આ પુસ્તકમાં કર્મસ્તવ કર્મગ્રંથમાં ગુણસ્થાનકવાર સત્તાસ્થાનો જણાવેલ છે. તેથી તે ઉપરથી પણ કઈ માર્ગણામાં ક્યાં સત્તાસ્થાનો ઘટે તે ખ્યાલ આવી શકશે.

છદ્મસ્થતાથી અથવા દ્રષ્ટિદોષથી કંઈ પણ વીતરાગની આજ્ઞા વિરુદ્ધ લખાયું હોય. તો સુધારી વાંચવા વિનંતિ છે. મિચ્છામિ દુક્કડં સાથે સંપાદકનું ધ્યાન દોરવા વિનંતિ છે. ''सुज्ञेषु किं बहुना''

સમાપ્ત સમાપ્ત

# ચિત્ર પરિચય (પાછળનું ટાઈટલ પૃષ્ટ) આરોહ

પાછળના ટાઈટલ પૃષ્ટ ઉપર આપેલ ચિત્રમાં આરોહ (ચડવા)નો ક્રમ બતાવેલ છે તે આ પ્રમાણે...

(૧) ૧ લા ગુણસ્થાનકથી ઉપશમસમ્યક્ત્વ પામી સીધો ૪થું, ૫મું, ૬ઠ્ઠું અથવા ૭મું ગુણસ્થાનક પામી શકે છે તે **કાળી લીટીથી** બતાવેલ છે.

(૨) ૧ લા ગુણસ્થાનકથી મોહનીયની ૨૮ અથવા ૨૭ પ્રકૃતિની સત્તાવાળો ૩જું ગુણસ્થાનક પામે તે પણ **કાળી લીટીથી** બતાવેલ છે.

(૩) ૧ લા ગુણસ્થાનકથી મોહ. ૨૮ની સત્તાવાળો ક્ષાયોપશમ સમ્યક્ત્વ પામી ૪થું ગુણસ્થાનક પામી શકે છે. પછી ૪થા ગુણસ્થાનકથી અનુક્રમે અને સીધો ૫મું, ૬ઠ્ઠું અને ૭મું ગુણસ્થાનક પામે તે **લાલ લીટીથી** બતાવેલ છે.

(૪) ૩જા ગુણસ્થાનકથી મોહનીયની ૨૮ની સત્તાવાળો ૪થું ગુણસ્થાન પામી શકે છે તે **બ્લુ લીટીથી** બતાવેલ છે.

(૫) ૫મા ગુણ. થી સીધો ૭મું પામે તે કાળીલીટીથી બતાવેલ છે.

(૬) સાતમા ગુણસ્થાનકથી ઉપશમશ્રેણિ અને ક્ષપકશ્રેણિવાલો અનુક્રમે ૮મું, ૯મું અને ૧૦મું ગુણસ્થાનક પામે. તે **લાલ લીટીથી** બતાવેલ છે.

(૭) ૧૦મા ગુણસ્થાનકથી ઉપશમશ્રેણિવાલો ૧૧મું ગુણસ્થાનક પામે તે **બ્લુ લીટીથી** બતાવેલ છે.

(૮) ૧૦મા ગુણસ્થાનકથી ક્ષપકશ્રેણિવાળો અનુક્રમે ૧૨-૧૩-૧૪મું ગુણસ્થાનક પામી મોક્ષ પામે તે **લાલ લીટીથી** બતાવેલ છે.

# ચિત્ર પરિચય (પાછળનું પૃષ્ટ) અવરોહ

(૧) ૧૨-૧૩-૧૪મા ગુણસ્થાનકથી પડે નહી તેથી ચિત્રમાં અવરોહની લીટી બતાવેલ નથી.

(૨) ૧૧મા ગુણસ્થાનકથી કાળક્ષયે પડીને અનુક્રમે ૧૦મે-૯મે-૮મે અને ૭મે અને ૬ઠ્ઠે ગુણસ્થાનકે આવે છે. અને પતિત પરિણામી હોય તો ૫મે અને ૪થે ગુણસ્થાનકે આવે છે. તે **લાલ લીટીથી** બતાવેલ છે.


(૩) જો ભવક્ષયે પડે તો ૧૧-૧૦-૯-૮-૭-૬માંના કોઈપણ ગુણ૦ થી પડી સીધો ૪થું ગુણસ્થાનક દેવલોકમાં પામે છે તે **કાળી લીટીથી** બતાવેલ છે.

(૪) ઉપશમસમ્યક્ત્વી ૪ થા ગુણસ્થાનકથી ૨ જે આવી શકે છે તે **કાળી લીટીથી** બતાવેલ છે.


(૫) ૪થા ગુણસ્થાનકથી સીધો ઉપ. કે ક્ષાયો. સમ્ય૦થી ૧લું ગુણસ્થાનક પણ પામી શકે છે તે પણ **કાળી લીટીથી** બતાવેલ છે. ૩જા ગુણ૦ થી ૧ લે પણ આવી શકે છે તે કાળી લીટીથી બતાવેલ છે.

(૬) ૪થા ગુણસ્થાનકથી ૩જે આવી શકે છે તે **બ્લુ લીટીથી** બતાવેલ છે.

(૭) ૬ઠ્ઠા-૫મા-૪થા તથા ૨જા ગુણસ્થાનક થી ૧ લા ગુણસ્થાનકને સીધો પામે છે. તે **બ્લુ લીટીથી** બતાવેલ છે.



# ગુણસ્થાનકે આરોહાવરોહ




BHARAT GRAPHICS
Ph. : 079-22134176, 2124723